
પૂર્વાર્ધ

# સમન્વયાત્મક સમાજ માટે વિચાર-ક્રાંતિ

હું એવા નિર્ણય પર આવ્યો છું કે આ યુગ ગાંધીનો યુગ આજનું સમગ્ર વાતાવરણ એક રીતે એમની સત્તાથી ભરેલું છે...છતાં જે વિચાર રજૂ કરું તેને ગાંધી-વિચાર કે ગાંધીતર વિચાર ન માનશો. વિચાર અપૌરુષેય હોય છે. શબ્દ જેમ આકાશનો તેમ વિચાર મનુષ્યનો ગુણ છે. વિચારોમાં જ્યારે સાઠમારી થવા માંડે ત્યારે વિચાર 'વાદ'માં ફેરવાઈ જાય છે. ગાંધીએ કહેલું 'કોઈ નવા વાદનો ઉપદ્રવ કરવા હું નથી આવ્યો.' આવી આગ્રહરહિત બુદ્ધિનિષ્ઠાથી વિચારીએ.

મનુષ્યને એકલા ગમતું નથી અને બીજાથી બીક લાગે છે. કારણ બીજો 'પરાયો' છે. આ પરાયાપણાનો ઉપાય હૃદયપરિવર્તનથી થશે. તેથી સર્વોદયનું સાધ્ય છે અદ્વૈત, સાધન છે સમન્વય અને ક્રાંતિ સૂત્ર છે. 'જિવાડવા માટે જીવો.' પ્રેમ અને અહિંસા એ જ માનવને પશુથી જુદો બનાવનારું એના સ્વભાવનું લક્ષણ છે. સંઘર્ષ અને વિરોધનું તો આપણે નિરાકરણ કરવા મથીએ છીએ માટે તે આપણો સ્વભાવ નથી. જેનું નિરાકરણ થઈ ન શકે તે સ્વભાવ છે. આમ પ્રેમ માનવ-જીવનનું શાશ્વત્ ને નિરપેક્ષ મૂલ્ય છે.

વિજ્ઞાન આવાં મૂલ્યની સ્થાપના નથી કરી શકતું, કારણ એ તટસ્થ છે. વિજ્ઞાન 'શું? ક્યારે? ક્યાં?' નો જવાબ આપી શકે છે, પણ 'શા માટે?' નો જવાબ નથી આપી શકતું. ધર્મ એ જવાબ આપે પણ આજે વિજ્ઞાન સાર્વભૌમ છે જ્યારે ધર્મ સાંપ્રદાયિક છે. સંપ્રદાયમુક્ત ધર્મ અને સાર્વભૌમ વિજ્ઞાન એ બેની યુતિમાંથી 'વૈજ્ઞાનિક ધર્મ' જન્મશે. વિજ્ઞાન અને યંત્ર એક નથી. માટે યંત્રનિષ્ઠા અને ઉપકરણવાદ માનવનિષ્ઠાનું સ્થાન ન લઈ લે તે સાચવીએ. યંત્રવિજ્ઞાનથી બાહ્ય સમાનતાની સ્થાપના થઇ છે પણ તેની સાથે સાથે મનુષ્ય મનુષ્યની નિકટ ન આવે ત્યાં સુધી આ સમાનતા પૂર્ણ નહીં થઈ શકે. માટે વૈજ્ઞાનિક ઉત્પાદનની પદ્ધતિનું સ્વરૂપ હવે એવું બનવું જોઈએ કે જેનાથી માનવની કલા અને સંસ્કૃતિનો વિકાસ થાય, કાળે કરીને વિજ્ઞાન અને ધર્મ એકરૂપ થઈ જાય અને કેન્દ્રીકરણના દોષોથી માનવના વ્યક્તિત્વનો તથા સત્ત્વનો હ્રાસ થઈને આજે માનવસમાજ એકાંગી ને વ્યવસાયનિષ્ઠ બને છે તેને બદલે તેનો સર્વાંગીણ વિકાસ થાય અને એક વર્ણમુક્ત સમન્વયાત્મક સમાજ રચાય...

(પ્રથમ ખંડનું સારદોહન) —દાદા ધર્માધિકારી

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# વિચાર-ક્રાંતિ

## પૂર્વાર્ધ

( પ્રથમ અને દ્વિતીય ખંડ )

[ સાબરમતી વિચાર-શિબિરનાં નવ પ્રવચનો ]

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન : ભૂમિપુત્ર : હુઝરાતપાગા, વડોદરા

**પ્રથમ ખંડ**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦ પ્રત બાંધી – માર્ચ ૧૯૫૭

,, – ૧૨૫૦ પ્રત બાંધી – એપ્રિલ ૧૯૫૭

,, – ૧૦૦૦ પ્રત બાંધી – મે ૧૯૫૮

☆

**દ્વિતીય ખંડ**

પ્રથમ આવૃત્તિ – ૩૨૫૦ પ્રત બાંધી – મે ૧૯૫૮

☆

**પૂર્વાર્ધ ( પ્રથમ–દ્વિતીય ખંડ ) એકત્ર**

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦ પ્રત : સપ્ટેમ્બર ૧૯૫૮

પુનર્મુદ્રણ : ૪૦૦૦ પ્રત : ડિસેમ્બર ૧૯૬૧

**બંને ખંડની ભેગી કીમત**

**બે રૂપિયા**

યજ્ઞ પ્રકાશન વતી કેશન ત્રિવેદીએ યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા વડોદરાથી
છાપીને પ્રકટ કર્યું.

# પ્રકાશકીય

ઑગસ્ટ ૧૯૫૫માં પૂજ્ય દાદા ધર્માધિકારીનાં આ પ્રવચનો સાબરમતી આશ્રમમાં ભરાયેલા 'વિચાર–શિબિર'માં અપાયાં હતાં. આ 'વિચાર–શિબિર' અનેક રીતે અનોખો હતો. પૂજ્ય દાદાએ પણ પોતાના સમસ્ત સર્વોદય–દર્શન વિશે આવાં સળંગસૂત્ર પ્રવચનો આ પહેલાં ભાગ્યે જ આપ્યાં હોય. જેમ વક્તા માટે તેમ શ્રોતાઓ માટે પણ પ્રસંગ અપૂર્વ હતો. શ્રોતાઓમાં પૂજ્ય રવિશંકર મહારાજ, જુગતરામભાઈ, પરીક્ષિતભાઈ, બબલભાઈ, મનુભાઈ પંચોળી વગેરે ગૂજરાત–સૌરાષ્ટ્રના આદરણીય રચનાત્મક કાર્યકરો હતા, તેમ જ પૂજ્ય પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, અને પં. બેચરદાસજી જેવા પ્રખર તત્ત્વમીમાંસકો અને ઉમાશંકર, સ્નેહરશ્મિ જેવા સાહિત્યિકો પણ હતા. ઉપરાંત ગૂજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈના અનેક ઉત્સાહી ભૂદાન–કાર્યકર્તાઓ અને વિભિન્ન રાજકીય રંગવાળા મિત્રો પણ હતા.

શિબિરનું ઉદ્‌ઘાટન પૂજ્ય રવિશંકર મહારાજે કર્યું હતું અને સમારોપ વખતે શ્રી. મોરારજીભાઈના પ્રવચનનો શિબિરને લાભ મળેલો. શિબિર દરમ્યાન પંડિત સુખલાલજી, શ્રી. બબલભાઈ, શ્રી. મનુભાઈ પંચોળી, શ્રી. દિનકર મહેતા, શ્રી. જી. જી. મહેતા વગેરેએ પ્રસંગોપાત્ત ચર્ચા કરી હતી.

આ બધાની વચ્ચે પૂજ્ય દાદાનાં લગભગ ૨૦ કલાકનાં પ્રવચનો થયાં. દાદાની વાણીની અસાધારણતાએ આશ્રમને આંગણે અમદાવાદને ઉમટાવ્યું.

હિંદીમાં 'સર્વોદય દર્શન'ને–નામે આ પ્રવચનોનો સંક્ષેપ અને બીજાં કેટલાંક પ્રવચનો સર્વ સેવા સંઘ તરફથી પ્રકટ થઈ ચૂક્યાં છે. ગૂજરાતીમાં આ પ્રવચનો ટુંકાવ્યા સિવાય પૂરેપૂરાં જ ઉતારવાનું અમે ઠરાવ્યું. એની પાછળ જે દૃષ્ટિ રહી છે તે વાચકોને વિદિત કરવી જોઈએ.

દાદા એક મૌલિક ચિંતક છે. એમનું ચિંતન કલમ મારફતે ઊતરી આવે છે ત્યારે ઠીક ઠીક માથું ખપાવવાની ફરજ પાડે તેવું હોય છે. પણ દાદાને જે સાંભળે છે તે એમને કદી ભૂલી શકતું નથી. દાદાનો રસમય આત્મા એમની વાણીમાં વસે છે.

એમનાં પ્રવચનોની શૈલી કંઈક અનોખી જ છે. દાખલા ને દલીલો, ઉદાહરણો અને ઉક્તિઓ એમાં કમાલનાં ભળે છે. દાદાના મુખથી સરસરાટ વહી આવતો વાક્પ્રવાહ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે છે. દાદાના લેખ અને દાદાનાં ભાષણોનો વિષય એક જ હોય તોપણ અભિવ્યક્તિનું રસાત્મક બળ ભાષણોમાં વિશેષ જોવા મળે છે. દાદાને એક સળંગસૂત્ર વ્યાખ્યાનમાળા દ્વારા પોતાનું સમસ્ત દર્શન નિરૂપી દેવા માટે અમે જ્યારે સાબરમતી નોંતર્યા ત્યારે તેની પાછળ એ દૃષ્ટિ પણ ખરી જ કે દાદાની શૈલીની મધુરતા પણ ઝીલી લેવા મથવું અને એમની સુમધુર વ્યાખ્યાનશૈલીમાં જ એમનાં વક્તવ્યને ગૂજરાતને ચરણે ધરવું. અને તેથી તો હાથની નોંધ ઉપરાંત ટેઈપ રેકોર્ડર ઉપર દાદાની વાણી સંઘરી લીધી.

આ દૃષ્ટિએ દાદાનાં પ્રવચનોને ટૂંકાવ્યાં નથી અને વધુમાં જ્યાં વાતોચીતોની કે પ્રશ્નોત્તરીની શૈલી આવી છે ત્યાં નવલકથાની જેમ છાપતી વખતે અવતરણ ચિહ્નો અને પરિચ્છેદોનો ઉપયોગ કર્યો છે.

દાદાએ અનુગ્રહપૂર્વક ગૂજરાતી ભાષાંતરમાં સંપાદનની પૂરેપૂરી છૂટ આપી છે, અને તેનો ઉપયોગ મૂળ વિષયને અને રસને વધુ પોષક બને તે રીતે ક્યાંક ક્યાંક કરવામાં આવ્યો છે.


આ ગ્રંથના પ્રથમ બે ખંડો ( નવ પ્રવચનો ) છૂટા છૂટા આ પહેલાં પ્રસિદ્ધ થયા હતા. એ જ બે ખંડો ગ્રંથના પૂર્વાર્ધ રૂપે એક સાથે પ્રગટ કરીએ છીએ. આનો ઉત્તરાર્ધ પણ પ્રસિદ્ધ થઈ ચૂક્યો છે.

આશા છે કે ગૂજરાતના વાચકો દાદાની આ રસમય ક્રાંતિ-વાણી હોંશથી ઝીલશે.

—પ્રકાશક

## મોરનાં ઈંડાં

આ પ્રવચનોનો કેટલોક હિસ્સો સાંભળીને પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી લખે છે, " મને આ નિરૂપણ એટલું સ્પષ્ટ, સર્વાંગી અને દાર્શનિક લાગે છે કે તે વિશે મારા જેવાએ વિવેચન કરવું એ તો મયૂરાંડનું ચિત્રણ કરવા બરાબર છે."



# દાદા ધર્માધિકારી

શંકર ત્ર્યંબક ધર્માધિકારી ( જન્મ : ૧૮ જૂન, ૧૮૯૯, મૂલતાપી, મ. પ્ર. ) પિતા : ત્ર્યંબક ધૂંડિરાજ ધર્માધિકારી મહાકોશલ-હિંદી મધ્યપ્રદેશ-માં મુન્સફ, જિલ્લા માજિસ્ટ્રેટ. વિશાળ જમીનદારી અને રૂઢિચુસ્ત કુટુંબ. કાકાઃ નીલકંઠ શાસ્ત્રી રૂઢિચુસ્ત છતાં તર્કનિષ્ઠ શાંકર વેદાંતી. વિચારના મૂળમાં ઊતરવાની ટેવ એમણે દાદાને આપી.

વકતૃત્વની તેજસ્વિતા ને વિચારની સ્પષ્ટતાથી દાદા પ્રાંતભરના અગ્રગણ્ય વિદ્યાર્થીનેતા બન્યા હતા. ૧૯૨૦માં ગાંધીજીની હાકલ થતાં ઈંટરમાંથી કૉલેજ છોડી. મહાત્મા ભગવાનદીનજી ને પં. સુંદરલાલજીની પ્રેરણાથી શરૂ થયેલી નાગપુર રાષ્ટ્રીય શાળામાં જોડાયા. પિતાના પ્રયત્નોથી લંડન યુનિવર્સિટીની ડૉકટરેટ માટે શિક્ષણ પર થીસિસ લખ્યો. જમનાલાલજી એ જોઈ ને પૂછે : " તમે વિનોબાજીનાં લખાણ વાંચ્યાં છે ને ? " " ના. " " તો આ તમે કયાંથી લખ્યું ? એક રાજાજી ને બીજા વિનોબાજી સિવાય ત્રીજા કોઈને આવી વાતો કહેતું નથી સાંભળ્યું. " વિનોબાને તે પછી મળ્યા. થીસિસ ટાઈપિસ્ટે ખોઈ નાંખ્યો તેથી ડૉકટર થતાં બચ્યા.

તાપીમૂળમાં કાકા પાસે ભારતીય સંસ્કૃતિનાં મૂળ જોવા-જાણવા પરંપરાગત આશ્રમજીવન ગાળ્યું. દાદાના શબ્દોમાં " એ દોઢ વર્ષ જેલ જેવું ગયું. " દરમ્યાન વિનોબા ટકોરતા રહ્યા, "ભલે ઘણું શીખો, પણ જીવન નજરમાં રાખજો." કાકાએ સમાવર્તન સંસ્કાર કરતાં ત્રણ વ્રતો આપ્યાં: એક નીતિમય જીવન, બીજું બાર વરસ સુધી જ્ઞાનેશ્વરી વાંચીને જ જમવું, સંધ્યા કરવી. દાદાએ સ્વરાજ્ય–આંદોલન માટે ગામડે ગામડે ભટકતાં ભટકતાં પણ એકનિષ્ઠાથી આ વ્રતો પાળ્યાં. પણ ભારતીય સંસ્કૃતિએ કાકાને મુખે ચોથું એક વિશિષ્ટ બીજ દાદા દ્વારા સર્વોદયની નવી ખેડાતી ભૂમિ પર વાવ્યું. પ્રાચીન પરિભાષામાં કાકાએ કહ્યું : " પૂર્વે દેહાત્મવાદીઓ—દેહને આત્મા માનનારાઓ—હતા, તમે સમાજાત્મવાદી બનશો તો વધુમાં વધુ હિરણ્યગર્ભ—દિવ્ય વિરાટ શરીરભાવ—સુધી જ પહોંચશો; અશરીર પરબ્રહ્મ સુધી નહીં જવાય. વ્યાપક થવું એક વસ્તુ છે, દેહભાવને ફેલાવવો એ બીજી વસ્તુ છે. માટે સમાજસેવામાંથી અહં છોડવો પડશે. તે માટે સેવામાંથી કીર્તિ, સત્તા ને પદનો વ્રતપૂર્વક ત્યાગ કર. લોકૈષણામાંથી મુક્તિ મેળવ. " શાંકર વેદાંતમાંથી નિરપેક્ષ લોકક્રાંતિની પ્રેરણાની એક ગંગોત્રી આમ પ્રગટી.

દાદા જાહેર જીવનમાં પડયા, ગુપ્તવાસ સ્વીકારીને

અને વકતૃત્વને એમણે રાખથી આગ્નિ ઢાંકે તેમ ઢાંકયાં. રાષ્ટ્રીય શાળામાં આચાર્ય-પદ પણ ન સ્વીકાર્યું. ૧૯૩૦માં અમદાવાદ રાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં હૈયું હલાવતી વાણીથી તમામ શ્રોતાઓને રડાવ્યા. ગદ્‌ગદ્‌ દાદાસાહેબ માવલંકરે ઘેર નોંતરી જમાડીને હાથમાં દક્ષિણા મૂકી ! દાદાસાહેબ છેવટ સુધી જ્યારે મળે ત્યારે એ જ કિસ્સો યાદ કરતા. રાજાજીના દુભાષિયા તરીકે કામ કર્યું. રાજાજી કહેતાઃ "નાગપુર-વર્ધામાં એક જવાન છે. એ મારી ભાષાને તો ઠીક, શૈલીને પણ અનુવાદમાં ઉતારે છે." સેવામાં અજ્ઞાતવાસ દાદાના રકતમાં ઘોળાઈ ગયો. કાકાસાહેબના કારકુન અને ઘોત્રેજીના મદદનીશ તરીકે, ગાંધી સેવા સંઘની અદ્યાપિ અલ્પપ્રસિદ્ધ મૂલ્યવાન નોંધો ટપકાવી. સર્વોદય માસિકમાં દાદા સહસંપાદક બન્યા ત્યારે જ વિનોબાએ સંપાદક થવું કબૂલ્યું.

સ્વરાજ્ય પછી બાપુ ને વિનોબાએ ધારાસભામાં જવા દબાણ કર્યું. બાપુની નજરમાં જરૂર પડયે વડાપ્રધાનનું પદ પણ ખરું. દાદાએ કહ્યું, "એક શરતે આજ્ઞા શિરે ચડાવું છું,—કોઈ હોદ્દો નહીં લઉં." ધારાસભામાં ગયા, પક્ષના આગેવાન બન્યા, પણ હોદ્દે ન બેઠા. બંધારણ સભામાં ગયા. બંધારણ ઘડાઈ રહ્યે, રાજદ્વાર કાયમ માટે ત્યાગ્યું ને...વિનોબા ભૂદાનયજ્ઞને પ્રગટાવી તેલંગણાથી વળતાં મધ્ય પ્રદેશમાં પ્રવેશતા હતા. પેણગંગાના તટ પર દાદા જઈને દહીં ખાતા ક્ષીણકાય વિનોબાને જીવનમાં પહેલી વાર પગે લાગ્યા : "આપ તો દધીચિ બની ગયા છો, ઋષિપદ પામ્યા છો." મર્મભર્યા એ વાકયમાં નર્મ હતો અને ધર્મ પણ હતો. ને તે દિવસથી દાદાના પગમાં વિનોબાનું ધર્મચક્ર ચોંટયું.

સર્વોદયી ક્રાંતિને મુખરિત કરતાં દાદા આજદિન સુધી દેશભરમાં કાર્ય-કર્તાઓમાં તર્કશુદ્ધ ને જીવનનિષ્ઠ 'વિચારક્રાંતિ' ફેલાવતા ઘૂમે છે.

ઢંકાયેલા અંગારાએ ભલભલાને છેતર્યા. નાશિકમાં બે વર્ષ પર બુદ્ધિશીલ મહારાષ્ટ્રના પરાક્રમી કાર્યકર્તાઓનો શિબિર થયો. દાદાનાં સળંગસૂત્ર પ્રવચનો પહેલી જ વાર સાંભળ્યા પછી શંકરરાવ દેવે ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું: "દાદાના સ્તર પરથી હું નહીં બોલી શકું."

દાદાના કીર્તિ-સંન્યાસમાં પણ એક ક્ષતિ રહી જતી હતી. દાદાએ આ સંન્યાસ 'લીધો' હતો, અજ્ઞાતવાસ સભાન હતો, શુદ્ધ વિચારને આચાર અંગેની ગ્રંથિ પીડતી હતી. હવે તેય છૂટી ગઈ જણાય છે. દાદા હવે એમ કહેતા કે "શુદ્ધ વિચાર, જે જ્ઞાપક છે, કારક નથી, તે ભલે ફેલાઓ ! મારા તેને ન બાંધો ! એની સાથે જ્યાં કયાંય, જ્યારે કયારેય શુદ્ધ ત્યારે ત્યાં એ મંત્રત્વને પ્રાપ્ત થશે, કર્મપ્રેરક બનશે."

સર્વોદયના વિચારશાસનના વહનમાં દાદા હવે આ સમર્પણયોગને સિદ્ધ કરી વાહન માત્ર બનતા જાય છે અને તેટલી જ તેમના દ્વારા થતી વિચારક્રાંતિની સૂક્ષ્મ ગતિ વેગ પકડતી જાય છે.

દાદાએ સામાન્ય જીવનમાં સિદ્ધ કરેલા પ્રેમયોગ અને ભક્તિયોગની કથા આજે તો અણુકથી જ રહી શકે. પણ દાદાના તર્કવજ્રની વચ્ચે જે હૃદયપદ્મ વિલસે છે, તેની ભરીભરી સુવાસ અને મૂંઝવી દેતી મૃદુતા જેણે જાણી છે, માણી છે, તેણે દાદાને ' પૂજ્ય મિત્ર ' કહી આંખો છલકાવી છે.

આ પુસ્તકના પ્રકાશનની વિગતો અંગે વાત કરવા જતાં હજી થોડા જ દિવસ પર દાદા બોલી પડયા, :" મને શું કામ પૂછે છે ? જો ને, આજ સુધી હું મારા પ્રકાશનને રૂંધતો, હવે પ્રકાશનને સહી લઉં છું તેટલી જ ગનીમત નથી ? મને મળ્યું તે મેં કહી નાંખ્યું. એટલે એ સહુનું છે. એનું જેમ ઠીક લાગે તેમ કરો. "

☆

## નૈવેદ્ય

[ આ. દાદા ધર્માધિકારીને ૧૯૫૧થી વિનોબાનું ધર્મચક્ર પગે ચોંટયું અને ત્યારથી તેઓ દેશભરમાં સતત ફરતા રહ્યા છે, પણ એમના જીવનનો તાંતણો તો ૩૦ વર્ષ પહેલાં જ વિનોબા સાથે સંધાઇ ગયો હતો. દાદાના આ અપૂર્વ શ્રદ્ધાયુક્ત નૈવેદ્યમાંથી આપણે દાદાના ભાવરૂપ જીવનનો એક અંતરંગ પરિચય મેળવીએ. —સં. ]

તા. ૨૯–૭–'૫૦

પૂજ્ય વિનોબાની સેવામાં,

આજે ગુરુપૂર્ણિમા છે. સહજ રીતે જ તમને પત્ર લખવાનું મન થયું. ખાસ કારણ કાંઈ નથી. આજ સુધી ગુરુપૂર્ણિમાએ મેં તમને કદી પત્ર લખ્યો નથી. પણ આજે વિના કારણ લખવાની ઇચ્છા થઈ. વિમલા અનાયાસે હાથવગી છે. તે ફક્ત લહિયો નથી. મારી ભાવનામાં એની ભાવના મેળવી દેનારી છે. તેથી લખવા બેઠો.

મેં જીવનમાં જ્યારે જ્યારે સ્થિત્યંતરકારી નિર્ણય કર્યા ત્યારે ત્યારે મારા પુણ્યશ્લોક પિતાશ્રી, પરમપૂજ્ય ભાઉસાહેબ* અને તમે, એમ ત્રણ જણને પત્ર લખ્યા છે. ૧૯૨૧માં જ્યારે મને નવો જન્મ લાધ્યો× ત્યારે તમારી ને મારી ઓળખાણ જ નહોતી. પણ ત્યાર બાદ જ્યારે તમારી ને મારી પહેલી મુલાકાત થઈ તે વખતે મારા મન પર તમારી કદી ન ભુંસાય તેવી છાપ પડી. તે પ્રસંગ હજુય મને

* દાદાએ જેમની પાસે પ્રસ્થાનત્રયીનું શિક્ષણ લીધું તે દાદાના કાકા.

× ગાંધીજી પાસે આગમન.

સાંભરે છે. તમારા આશ્રમવાસી સાથીઓ પૈકી પરાંજપે કે ગોપાળરાવ કાળે કે એવા કોઈનું ઑપરેશન થયું હતું. ડૉકટર પરાંજપેના 'સમર્થ રુગ્ણાલય'માં તમે દરદી પાસે રહેવા આવ્યા હતા. મેં રાષ્ટ્રીય શિક્ષણ પર અંગ્રેજીમાં એક નિવેદન તૈયાર કર્યું હતું. તેને અંગે ચર્ચા કરવા તમારી પાસે આવેલો. તમારી ભેદક દૃષ્ટિનું તેજ તમારા પેલા પથરા જેવા જાડા ચશ્માના કાચમાંથી પણ મારા અંતઃકરણનું માપ કાઢતું હતું. મેં કહ્યું, "વિનોબા, ઔદ્યોગિક અને બૌદ્ધિક શિક્ષણનો સમુચ્ચય કરીને તેમાં હૃદયના વિકાસનું શિક્ષણ મેળવવું, એનું પ્રતિપાદન આ નિબંધમાં કર્યું છે." તમે તરત જ બોલ્યા, "તમે જેને 'બૌદ્ધિક' શિક્ષણ કહો છો તેને હું 'શાબ્દિક' શિક્ષણ કહું છું. એનાથી બુદ્ધિનો વિકાસ થાય છે એ નર્યો ભ્રમ છે." ત્યારથી શાબ્દિક અને બૌદ્ધિક એ બે વચ્ચેનો ભેદ મારા મન પર બિંબિત થયો. અને એ બોધની મારા જીવન પર અસર થઈ. તે પછી આપણો પરિચય ખૂબ વધતો ગયો અને મારા તરફે તેનું પર્યવસાન શ્રદ્ધાયુકત સ્નેહમાં થયું અને તમારા તરફે કૃપાપૂર્ણ વાત્સલ્યમાં થયું.

૧૯૨૫–૨૬માં જ્યારે હું પ્રસ્થાનત્રયીનો અભ્યાસ કરવા સારુ સાર્વજનિક સેવાનું ક્ષેત્ર છોડીને ભાઉસાહેબના ચરણોમાં જઈ ને બેઠો, ત્યારે પણ મેં તમને એક પત્ર લખ્યો. એ પત્ર પછી હું મૂલતાપી હતો ત્યારે વચ્ચે વચ્ચે તમારા પત્રો આવતા. તેમાં તમે લખતા કે 'મને વગર કારણે તમારી યાદ આવે છે.' એ પત્રોમાં તમે વારંવાર એક જ વાત મને સૂચવતા : 'બધાં તત્ત્વજ્ઞાનનો વિચાર જીવનની દૃષ્ટિએ કરો, પાંડિત્યની દૃષ્ટિએ અભ્યાસ કરવામાં લાભ નથી.' ફરી મને શાબ્દિક શિક્ષણ અને બૌદ્ધિક શિક્ષણના તમે કરેલા પૃથક્કરણની યાદ આવી. પ. પૂ. ભાઉસાહેબે મને બુદ્ધિનિષ્ઠાની દીક્ષા દીધી. તમે જીવનનિષ્ઠાનું વરદાન દીધું.

૧૯૩૦માં ફરી મારા જીવનમાં સ્થિતિ-ફેરનો કાળ આવ્યો ત્યારે ફરી તમને પત્ર લખ્યો. '૩૦થી '૩૩ દરમ્યાનનો ઠીક ઠીક કાળ જેલમાં ગયો. ત્યાર પછી તમારા સાન્નિધ્ય અને સહવાસનો પણ વધુ પ્રમાણમાં લાભ મળ્યો અને એક પ્રકારનો અનિર્દેશ્ય (જેનો નિર્દેશ ન થઈ શકે તેવો અકથ્ય) સંબંધ બંધાયો. અનિર્દેશ્ય કહેવાનું કારણ: એની ઉત્કટતા અને પવિત્રતા ભાષામાં સમાય તેવી નથી.

૧૯૪૨ થી '૪૫ના જેલવાસમાં તમારી અતિઉત્કટ ઈશ્વરનિષ્ઠાનો સંસર્ગ મને થવા લાગ્યો, મારી ઈશ્વરનિષ્ઠા વધુ અંતર્મુખ અને ઉત્કટ થઈ. આર્તતાને ઠેકાણે ઉમળકો લાગવા માંડયો ને તાલાવેલીની સાથે જ એક જાતનું આશ્વાસન પણ મળવા માંડયું. તેનાથી સાવ અજાણતાં મારી ઈશ્વરનિષ્ઠામાં બળ સિંચાયું. જીવનનાં સર્વ ક્ષેત્રોમાં અભેદનો પ્રયોગ કરવાની મારામાં હિમ્મત આવી. તેથી ગુરુપૂર્ણિમાએ

સહજ રીતે જ તમારી યાદ આવી. તમારા આશીર્વાદ છે જ, પણ તે અમસ્તા અમસ્તાયે માગવાનું મન થાય છે, એનાથી વધુ કાંઈ નહીં.

સ્નેહાંકિત,
દાદા

તા. ૬, –

એક બીજી વાત લખવાનું મન થાય છે. વાચાળતા માટે હું પ્રસિદ્ધ છું. અજાણતાં મેં કેટલીક વાર લોકોને શબ્દથી ઘાયલ કર્યા છે. તમે મને મારા જીવનની દૃષ્ટિએ અત્યંત ઉપયોગી એવું સૂત્ર શીખવ્યું કે માણસ વાચા-શુદ્ધ થાય એટલે એ વાચા-સિદ્ધ થાય જ છે. મેં કદી ઉપવાસ કર્યા નથી. મૌન વ્રત આચર્યું નથી. પણ જરૂર પડે ત્યારે ચૂપ રહેવું એ તમારા આ શુદ્ધિ અને સિદ્ધિના સંબંધ બતાવનાર સૂત્ર પરથી શીખ્યો.

આવી કેટલીય વાતો કેવળ વચ્ચે વચ્ચે અને મર્યાદિત અંતરથી મળેલા તમારા સત્સંગ-લાભથી મારા જીવનમાં ઊતરી અને પચી. એક જાતના આનુવંશિક સંસ્કારથી મળેલી ભાવુકતા નાનપણથી હતી જ. સમજુ થયો ત્યારે તેની જગા નાનપણના સંશયવાદે લીધી. આગળ જતાં વિજ્ઞાનવાદી નાસ્તિકતા આવી. ત્યાર બાદ ભાઉસાહેબના પ્રભાવે અધ્યાત્મ વિષે અને ઈશ્વર વિષે બૌદ્ધિક વિશ્વાસ આવવા લાગ્યો, પણ એ વિશ્વાસનો નિષ્ઠામાં પરિપાક તમારી ભક્તિ-પીયૂષપૂર્ણ જ્ઞાનયુક્ત ઈશ્વરાધનાથી થયો. બાપુના કાળ પહેલાં અમારે મન દેશ એ જ દેવ અને માતૃભૂમિ એ જ જગન્માતા હતી. ત્યાર બાદ બન્ને ઈશ્વરની વિભૂતિ છે, ભગવાન બેયમાં ઓતપ્રોત છે, અને છતાંય તે એક વેંત શેષ પણ છે, એ બાપુએ ચિત્ત પર ઠસાવ્યું અને જીવનમાં ઉતાર્યું ને ત્યારથી જીવનને ભગવાનનો આધાર મળ્યો. તમારી પાસેથી મેં જે મેળવ્યું તેનો તમને ખ્યાલ હોય એ શકય નથી. તમને એની જાણ કરાવવા માટે પણ આ લખ્યું નથી. આજે આ ગુરુપૂર્ણિમાના પ્રસંગે સાવ અણધારી રીતે મનમાં આ ભાવનાઓ ઊભરાઈ આવી તે લખી કાઢી એટલું જ.

★

# વિચાર-ક્રાંતિ : પૂર્વાર્ધ

## અનુક્રમણિકા

★

### પ્રથમ ખંડ


| | | |
|---|---|---|
| આદિવચન | રવિશંકર મહારાજ | ૧૫–૧૬ |
| ૧. ગાંધીયુગ | | ૧ – ૨૬ |
| ૨. સર્વોદય-સિદ્ધાંત | | ૨૭– ૫૦ |
| ૩. ધર્મ-વિજ્ઞાન | | ૫૧– ૭૪ |
| ૪. ચાર પ્રશ્નો | | ૭૫–૧૧૦ |


*

### દ્વિતીય ખંડ


| | |
|---|---|
| ૫. ક્રાંતિ-વિજ્ઞાન | ૧૧૩–૧૫૩ |
| ૬. ક્રાંતિ-સામ્ય | ૧૫૫–૧૬૭ |
| ૭. સામ્યવાદ અને સર્વોદય | ૧૬૯–૧૮૩ |
| ૮. સામ્ય-વ્રત | ૧૮૫–૨૧૮ |
| ૯. પાંચ પ્રશ્નો | ૨૧૯–૨૪૦ |


*

### ઉત્તરાર્ધનાં પ્રકરણો


૧૦. રાજનીતિ વિચાર
૧૧. રાજનીતિ વિચાર–૨
૧૨. સ્ત્રીનું સહનાગરિકત્વ
૧૩. સંસ્થા અને અહિંસક સંગઠન
૧૪. વ્રત-વિચાર
૧૫. રાષ્ટ્રીય આંદોલનનો ઇતિહાસ
૧૬. ભૂદાન અને વિતરણ
૧૭. ઉપસંહાર

# આદિવચન

શહેરમાં અને ગામડાંમાં આપણે ફરીએ છીએ. જેને ગરીબ કહેવામાં આવે છે તેમની વચ્ચે ફરીએ છીએ—પણ હું એમને ગરીબ નથી કહેતો. ભગવાને જેને હાથપગ જેવી સંપત આપી હોય તે ગરીબ શેનાં? રોટલો ખાય છે કે રોટલી ખાય છે તે પરથી ગરીબ–અમીર નક્કી ન કરી શકાય—પણ આ કહેવાતા ગરીબોની વચ્ચે ફરીએ છીએ ત્યારે એમનો પ્રેમ જોઈને છાતી ગજગજ ફૂલે છે. એ આપણી પાસેથી ઘણી ઘણી આશાઓ રાખે છે. એમને શું આપીએ? આપણી પાસે મૂડી થોડી છે. આપણે એ મૂડી વધારવાની છે. તે ખાતર આ શિબિરમાં એક અઠવાડિયું રહીને ભાતું ભેગું કરવાનું છે.

## ક્રાંતિનાં બે વાહન: વિચાર અને આચાર

ગામડાંમાં ઘણાં પૂછે છે કે, “૩૬ કરોડની વસ્તીવાળો આવડો મોટો દેશ ક્યારે સમજી લેશે? ૧૯૫૭ પહેલાં તમે બધાંને સમજાવી શકશો?” મોટા મોટા આંકડાશાસ્ત્રીઓને ગભરાવી મૂકે એવો સવાલ છે, ત્યાં આપણે તે કોણ? પણ હું તો ગામડાંમાં રહેલો છું તેથી ગામડાંનું એક દૃષ્ટાંત આપીશ. ગામડાંમાં દસઅગિયાર વાગે ઢોરાં છોડવાનો સાદ પડે છે. એ સાદ કંઈ દરેક જણ સાંભળતું નથી. જે થોડાં સાંભળે છે તે છોડવા માંડે છે ને એમનું જોઈ જોઈને બીજાં બધાંય પોતપોતાનાં ઢોરાં છોડી મૂકે છે. એમાં જેમ થોડાંને સાદ સંભળાય છે ને બાકીનાં એમનાં આચરણને અનુસરે છે, તેમ જો થોડાં લોકો સંતપુરુષની વાતો સાંભળી સમજી જાય ને પછી આચારમાં ઉતારે તો બાકીનાં લોકો તો એમની પાછળ પાછળ આવવાનાં. ગામડાંમાં ભાષણ કરીએ ત્યારે લોક એ બધું સમજે કે નયે સમજે, પણ એટલો તત્ત્વ–સાર ગ્રહણ કરી લે છે કે ભૂદાનવાળા જમીન લઈને વહેંચી આપવા આવ્યા છે. એમને શી રીતે સમજાવવાં? એમને આચારથી જ સમજાવી શકાય.

## યજ્ઞનો અર્થ

લોકો આપવા ને ઘસાવા તૈયાર હોય છે. તોય બુદ્ધિશાળીઓ દલીલ કરે છે કે, “બધાં સ્વાર્થી છે ને કાંઇ પ્રયત્ન પણ કરે છે તે સ્વાર્થ માટે જ કરે છે.” એમને મારો જવાબ છે કે સામાન્ય માણસ સ્વાર્થી પણ નથી, કે નિઃસ્વાર્થી પણ નથી. એ તો સંજોગોને આધીન થાય છે. જે દેખાય છે તે સ્વાર્થ એનો સ્વભાવ નથી, પણ

વિકૃતિ છે. એનો મૂળ સ્વભાવ દુષ્ટ નથી. હું એમને લોઢાનો દાખલો આપું છું. ગામડાંમાં લોકોને પૂછીએ કે "લોઢાનો રંગ કેવો?" તો કદાપિ કોઈ કહેશે કે "કાળો", પણ જે ખેડૂત હશે, હળ વતી ખેડનારો હશે તે તો કહેશે કે "લોઢાનો રંગ તો ચાંદી જેવો ધોળો હોય છે." જેને કાળો રંગ કહે છે તે તો વિકૃતિ છે, મૂળ રંગ પર ચડેલો કાટ છે. કાટ ઘસાઈ જાય છે ત્યારે લોઢું ચાંદી જેવું ચમકે છે. ઘસાતું લોઢું માત્ર ચાંદી જેવું ઊજળું જ નથી હોતું, રેશમ જેવું સુંવાળું પણ હોય છે. પણ જે ઘસાતું નથી તે કાળું હોય છે, ખરબચડું હોય છે, અને એના ઉપરથી કાટની પોપડીઓ ઊખડે છે. ઘસાઈને નહીં તો પોપડી ઊખડીને, એ ઓછો તો થવાનો જ. પણ ઘસાઈને ઓછો થાય ત્યારે યજ્ઞ કહેવાય છે. મને તો સંસ્કૃત આવડતું નથી. મારા યજમાનોનેય (ગામડિયાઓનેય) આવડે નહીં. એટલે સંસ્કૃતમાં યજ્ઞની શી ખબર શી વ્યાખ્યા હશે તે તો, પણ હું તો કહું છું કે યજ્ઞ એટલે ઘસાઈ છૂટવું.

## પહેલા પુરુષ એકવચનથી શરૂ થાય

આપણે બીજા માટે કઈ રીતે ઘસાઈ છૂટીએ ને ઘસાઈને ઊજળા થઈએ, તે શીખવા માટે આપણે અહીં આઠ દહાડા રહીશું. આપણને તે માટે યોગ્ય આચાર્ય મળ્યા છે. માટે શાંતિથી સાંભળજો. ભગવાને બે કાન આપ્યા છે તે એક કાનેથી સાંભળીને બીજા કાને કાઢી નાંખવા માટે નથી આપ્યા. બેય કાને સાંભળીને સોંસરું પેટમાં ઉતારવા માટે ભગવાને બે કાન આપ્યા છે. તો આ આઠ દહાડામાં ભાતું બાંધી લઈએ ને પછી સમાજમાં નીકળીએ. આજે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જો સમાજમાં ફેરફાર નહીં કરીએ તો હિંદનો અંત આવશે. પહેલો ફેરફાર પોતામાં કરવો રહ્યો. શરૂઆત તો પહેલા પુરુષ એકવચનથી જ કરવાની હોય.

—રવિશંકર મહારાજ

સાબરમતી, ૨૧-૮-'૫૫. વિચાર-શિબિરના ઉદ્ઘાટન પ્રવચનમાંથી.

ગાંદ

૧. ગાંધીયુગે ગાંધી-વિચારનું અનુષ્ઠાન
૨. 'ગાંધી' વ્યક્તિ નહિ, વિભૂતિ; 'વિચાર' વ્યક્તિગત નહિ, અપૌરુષેય
૩. વિચાર-યુગની વાદ-સમસ્યા : ઉકેલ બૌદ્ધિક અનાગ્રહ
૪. "કોઈ નવા વાદનો ઉપદ્રવ કરવા હું નથી આવ્યો"—ગાંધી
૫. બુદ્ધિનિષ્ઠાનાં બે લક્ષણો
૬. બુદ્ધિનિષ્ઠાના અભાવે વિજ્ઞાનની સફળતાના યુગમાં સંસ્કૃતિની નિષ્ફળતા
૭. યુગ-સમસ્યાનું મૂળ કારણ : પરાયાપણાની ભાવનામાંથી જન્મતો ભય
૮. પરાયાપણાની ભાવનાનો ઉપાય : હૃદય-પરિવર્તન
૯. હૃદય-પરિવર્તન માટે ગાંધી-પ્રણીત સત્યાગ્રહ
૧૦. ક્રાંતિની આંખથી સત્યાગ્રહને યુગના પદચિહ્ન રૂપે ઓળખીએ
૧૧. પુનરાવર્તન, પૂર્તિ અને પૂર્વભૂમિકા

.હારાજની ઉપનિષદ્ જેવી પ્રસાદયુક્ત વાણી આપણે લોકોએ
:ભળી. એમણે ઊભા થઈને આપણને એ વાતો કહેવાનું યોગ્ય
જ્યારે હું તમારી સાથે બેઠાં બેઠાં જ વાત કરવા મંડયો છું.
..નું કારણ એ છે કે એમના ઊભા થવામાં જે સ્વાભાવિકતા છે તે મારા ઊભા થવામાં નથી. રાજકારણનો થોડોઘણો સ્પર્શ મને થયો છે, અને તમે જાણો છો કે રાજકીય ક્ષેત્રમાં જે ઊભો રહે છે તે અહંકારી થઈ જાય છે. તેથી બધી ઔપચારિકતાને ટાળવા માટે હું તમારી સૌની સાથે બેઠાં બેઠાં વાત કરું એ જ મને ઉચિત લાગ્યું.

નારાયણ દેસાઈ અને એના સાથીઓએ ખૂબ આગ્રહપૂર્વક ગૂજરાતમાં આવવા માટે મને નિમંત્રણ આપ્યું. આમ તો હું ઘણો જ સાવધ માણસ છું; સહેલાઈથી કોઈના પંજામાં આવું તેવો નથી! પરંતુ મોહવશ આ છોકરાઓની જાળમાં આવી ગયો અને એટલે ગૂજરાત આવી પહોંચ્યો! હવે તમે જ વિચાર કરો, આથી વધુ બીજો શો અવિવેક હોઈ શકે?!

## ૧. ગાંધીયુગે ગાંધી-વિચારનું અનુષ્ઠાન

તેમ છતાં, એક વાત એ લોકોએ કહી છે કે આ '**વિચાર શિબિર**' છે. અને વિચારનું પ્રધાન લક્ષણ એ છે કે એમાં આગ્રહ અને અહંતાને ખાસ મોકો રહેતો નથી. શિબિર અંગે છાપેલી જે પત્રિકાઓ મારી પાસે મોકલી એ વાંચીને પહેલાં તો હું કાંઈક ચોંકી ગયો, પણ પછી વિચાર કરતાં ગડ બેઠી. એમાં લખ્યું હતું કે એક જ વ્યક્તિની પ્રતિભાનો આપણે લાભ લેવા માંગીએ છીએ. પ્રતિ-ભામાં 'પ્રતિ' શબ્દ મારે માટે ભારે સંરક્ષક છે. જે Self-effulgent–સ્વયંપ્રકાશી–હોય છે, તે કેવળ પ્રકાશે, ભાસે છે, એ **પ્રતિ**–ભાસતો નથી, અર્થાત્ સ્વયંપ્રકાશી સૂર્ય પોતે પ્રકાશે છે, ચંદ્રની જેમ વળતું પ્રકાશતો નથી. 'પ્રતિ-ભા'માં થોડેઘણે અંશે 'પ્રતિબિંબ'નો અર્થ પણ આવે છે. બીજા પાસેથી મળેલા પ્રકાશથી જેની બુદ્ધિમાં થોડીઘણી રોશની આવી ગઈ હોય, એવો એક નમ્રતા-સૂચક ખ્યાલ પ્રતિ-ભામાં છે.

તમારી સેવામાં હું જે કાંઈ રજૂ કરીશ, તે વિચાર હશે ને તેથી એ મારા નથી. એ વિચારમાં કાંઈ દોષ કે ઊણપો આવી જાય તો તે

મારા વ્યક્તિત્વને કારણે હશે. મારા જીવનમાં જે ત્રુટિઓ હશે, દોષ હશે, એની પણ કંઈક છાયા એ વિચારો પર જરૂર પડશે; પણ એ વિચારોમાં જે કાંઈ શુદ્ધતા હશે–અને હું વધુમાં વધુ શુદ્ધ વિચાર તમારી સેવામાં સાદર કરવાનો પ્રયત્ન કરીશ–તે બધી શુદ્ધતા મારી પોતીકી નથી, પણ એ મહાન વિભૂતિની છે, જેની ચરણરજથી પુનિત ભૂમિ પર આજે આપણે બેઠાં છીએ.

હું એવા નિર્ણય પર આવ્યો છું કે આ યુગ ગાંધીનો યુગ છે. તેથી આજનું સમગ્ર વાતાવરણ, સમગ્ર પૃથ્વી, એક રીતે એમની સત્તાથી* ભરેલાં છે. આજે આપણે આપણી નજર સામે જેટલી સમસ્યાઓ ખડી થયેલી જોઇએ છીએ, તે તમામેતમામ સમસ્યાઓ ગાંધીના આ દુનિયામાં આવ્યા પછીની સમસ્યાઓ છે. તેથી અગાઉ સમસ્યાઓ જે સ્વરૂપ ધારણ કરીને આપણી સામે આવતી હતી, તેનાથી બિલકુલ અલગ રૂપ લઇને આજે સમસ્યાઓ ખડી થાય છે. એ સમસ્યાઓ આંતરરાષ્ટ્રીય હોય કે રાષ્ટ્રીય હોય, રાજનૈતિક હોય કે આર્થિક હોય,–સમસ્યાઓનું સ્વરૂપ જ ગાંધી પછી બિલકુલ બદલાઈ ગયું છે. પરિસ્થિતિમાં આપણા પુરુષાર્થને માટે જે આહ્વાન છે, જે પડકાર છે, તે પણ બિલકુલ જુદા જ સ્વરૂપનો થઈ ગયો છે. તેથી મેં શરૂઆતમાં તમારી સમક્ષ નિવેદન કર્યું કે આપણે લોકો આજે જે યુગમાં જીવીએ છીએ, તે ગાંધી–યુગ છે.

### ૨. 'ગાંધી' વ્યક્તિ નહીં, વિભૂતિ : વિચાર 'વ્યક્તિગત' નહીં, અપૌરુષેય

અને ગાંધીને તમામ વ્યક્તિગત સંબંધોથી તેમ જ દેશ, ધર્મ અને સામાજિક મર્યાદાઓથી ઉપર મૂકીને જોવા છે માટે તમે મારે મોંએ ઘણુંખરું એમનું નામ એકવચનમાં વપરાતું સાંભળશો. મારે માટે એ નામ એક દર્શન(તત્ત્વજ્ઞાન)નું પ્રતીક બની ગયું છે. ઐતિહાસિક નામો અંગે આપણે લૌકિક મર્યાદાઓનું પાલન નથી કરતા. 'બાપુ' કહું છું ત્યારે તેઓ આપણા કુટુંબીજન બની જાય છે. જેમ પિતાજીનો ઉલ્લેખ કરીએ, તેમ જ આપણે એમનો ઉલ્લેખ કરવા માંડીએ છીએ. પણ જ્યારે ઐતિહાસિક કે અવતારી મહાપુરુષોનો, વિભૂતિઓનો, આપણે ઉલ્લેખ કરીએ છીએ ત્યારે બધાં લૌકિક ઉપપદ (બિરુદ) એમને માટે નાહકનાં બની જાય છે. આપણે એ વાપરતાં નથી. લિંગ–વચનનો ભેદ પણ લગભગ સમાપ્ત થઈ જાય છે. રામચંદ્રજી વિશે કહીએ છીએ :

* 'સત્તા' એટલે અસરકારક અસ્તિત્વ.

"મા પણ તમે છો, બાપ પણ તમે છો." હિંદીવાળા 'રામચંદ્રજી' પણ કહી નાંખે છે અને 'રામ' પણ કહી નાંખે છે. 'રામચંદ્રજી હતા' પણ કહે છે, અને 'રામ હતો' પણ કહે છે. નારાયણ દેસાઈને વિશે કહેવું હોય તો તો હું 'શ્રી નારાયણ દેસાઈ,' 'શ્રીયુત નારાયણ દેસાઈ,' 'શ્રીમાન્ નારાયણ દેસાઈ,' એ રીતે ઉલ્લેખ કરું છું. પણ આજ સુધી કોઈએ "શ્રીયુત કૃષ્ણ," "શ્રીયુત રામચંદ્ર" એવો ઉલ્લેખ કદી નહીં કર્યો હોય, કેમકે આવા મહાપુરુષો તો સાર્વભૌમ થઈ જાય છે, મનુષ્ય માત્રમાં વિલીન થઈ જાય છે. આ અર્થમાં હું વિભૂતિયોગને માનું છું.

આજનો યુગ ગાંધીનો યુગ છે. તેમ છતાં હું જ્યારે તમારી સમક્ષ વિચારની રજૂઆત કરું, ત્યારે તમે વિચારને ગાંધી–વિચાર અને ગાંધીતર* વિચાર એ દૃષ્ટિએ ન જોતા. વિચાર વિચાર છે. વિચાર અપૌરુષેય હોય છે. વિચાર નથી ગાંધીનો કે નથી માર્કસનો, વિચાર નથી સમાજવાદી કે નથી સર્વોદયવાદી, વિચાર કેવળ વિચાર છે. શબ્દ જેટલો આકાશનો ગુણ છે, તેટલો જ વિચાર મનુષ્યની બુદ્ધિનું લક્ષણ છે. વિચાર માનવવ્યાપી હોય છે. તેથી વિચારને વ્યક્ત કરનાર ગમે તે હોય તોપણ, જેટલો શુદ્ધ વિચાર છે તેને તમે અપૌરુષેય ગણજો.

આપણે ત્યાં અપૌરુષેય વિચારની એક પરંપરાગત મર્યાદા છે. લોકોએ એના તરેહવાર અર્થ ઘટાવ્યા છે, પરંતુ એનો અર્થ એવો કાંઈ નથી. વેદ વિશે એક એવી ધારણા બંધાઈ ગઈ છે કે વેદ ઈશ્વર–પ્રણીત છે. 'ઈશ્વર–પ્રણીત છે' એવી ધારણા તો જાણે ચાલી, પણ ત્યારે સવાલ થાય છે કે ઈશ્વરને શું પ્રયોજન પડ્યું? શું એણે સ્વયં વેદોને લોકોની સામે ગાયા, વાંચ્યા કે ચીંધ્યા? બુદ્ધિવાદીઓના મુકુટમણિ ભગવાન શંકરાચાર્યે ગીતા પર ભાષ્ય લખ્યું છે. એના પંદરમા અધ્યાયમાં એ શબ્દ આવે છે: **'वेदांतकृत् वेदविदेव चाहम्'** (૧૫–૧૫). **'वेदांतकृत्** હું છું.' એના ઉપર શંકરાચાર્યે ભાષ્ય કર્યું કે **वेदांतकृत्**નો અર્થ એટલો જ છે કે વેદાંતના અર્થનો પ્રથમ પ્રવક્તા હું છું. જ્ઞાનને મેં અભિવ્યક્ત કર્યું હું એનો નિર્માતા નથી.

આ એક ઘણી જબરી વસ્તુ છે. તે એ કે જ્ઞાનનો કોઈ નિર્માતા

---

* ગાંધી + ઇતર = ગાંધીતર; ગાંધીનો નહીં તેવો બાકીનો.

નથી હોતો. જ્ઞાન વસ્તુતંત્ર*હોય છે. કોઈની બુદ્ધિમાં એ અભિવ્યક્ત થાય છે અને કોઈની વાણી વાટે એ પ્રકટ થાય છે.

### ૩. વિચાર–યુગની વાદ–સમસ્યા : ઉકેલ–બૌદ્ધિક અનાગ્રહ

સર્વોદયમાં સૌથી મોટી આવશ્યકતા બૌદ્ધિક અનાગ્રહની છે. વિચારને આપણે આકાશવ્યાપી માનીએ. ગાંધીના વિચાર અંગે પણ જ્યારે આપણે બોલવું કે વિચારવું હોય, ત્યારે એને આકાશવાણી જ માનીએ. આમાં હું ગાંધીને મનુષ્ય–કોટિથી ઊંચે નથી ચડાવી દેતો, અથવા એમની કોઇ આગવી કે વિશિષ્ટ પૂજા પણ નથી કરતો. વિચારનું જે મુખ્ય લક્ષણ છે, તેને જ ફક્ત તમારી સામે રજૂ કરું છું. અને તે એટલા માટે કરું છું કે દુનિયામાં આજે જે સમસ્યા છે, તે વૈચારિક સમસ્યા છે.

આધુનિક આધ્યાત્મિક વિચાર કરનારાઓમાં દેશમાં બેત્રણ મહાપુરુષોનાં નામ ગણાવવામાં આવે છે. હું તો ગાંધી, વિનોબા વગેરેને પણ યથાર્થ આધ્યાત્મિક પુરુષ માનું છું, પરંતુ આ દેશમાં એવી કંઈક પરંપરા પડી ગઈ છે કે અમુક ખાસ પુરુષોને જ આધ્યાત્મિક ક્ષેત્રમાં અધિકારી પુરુષ માનવામાં આવે છે. રમણ મહર્ષિ, શ્રી અરવિંદ અને ત્રીજા આજકાલ કૃષ્ણમૂર્તિ–આ ત્રણેયે એક બાબતમાં એક જ મત વ્યક્ત કર્યો છે કે આ યુગની જે સમસ્યા છે, તે જેટલી વૈચારિક છે તેટલી આર્થિક કે રાજકીય નથી.

#### સંમતિ–સંપત્તિ : વિમતિ–વિપત્તિ

—અને અહીં એક વાત તમારી સામે નિવેદન કરી દેવા માંગું છું. જેને વિશે લોકોની સંમતિ હોય છે, તે ઘણુંખરું સદ્‌વિચાર હોય છે. Agreement–સંમતિ ઘણેખરે વખતે સદ્‌વિચાર કે યથાર્થ વિચારની દ્યોતક રહી છે. બધાના 'વોટ' એક થઈ જવા એ આનાથી જુદી વાત છે. હું અત્યારે 'વોટ'ની વાત નથી કરતો. બધાની મતિ એક થઈ જાય, જ્યાં agreement–સંમતિ પ્રવર્તે, સઘળા મત એક થઈ જાય, ત્યાં પછી એ વાત કોઈ એક જણની નથી રહેતી, બલ્કે એ ભગવાનનો વિચાર થઈ જાય છે. હમણાં રામાયણમાંથી કેટલીક ચોપાઈઓનો પાઠ થયો હતો. એમાં કહેવાયું હતુ કે સુમતિ અને કુમતિ બધાનાં ઉરમાં

*સ્વ-તંત્ર=પોતા પર આધાર રાખનારું, પર-તંત્ર=બીજા પર આધાર રાખનારું, તેમ વસ્તુ–તંત્ર=વસ્તુ પર, જે હસ્તી ધરાવે છે તેના પર, આધાર રાખનારું objective.

હોય છે.* હું હંમેશાં એનો અર્થ એવો કરતો આવ્યો છું કે સુમતિનું પારખું સંમતિ છે અને કુમતિનું પારખું વિમતિ ( અ-સંમતિ ) છે. જ્યાં મારો મત 'મારો' હોય અને તમારો મત 'તમારો' હોય છે, ત્યાં 'મત' પ્રધાન નથી હોતો, પણ 'મારો' 'તારો' પ્રધાન થઈ જાય છે, ત્યાં વિશેષણ મુખ્ય થઈ જાય છે અને વિશેષ્ય ગૌણ બની જાય છે. 'મારો મત'માં વજન 'મારો' પર છે અને 'તારો મત'માં વજન 'તારો' પર છે. 'મારો' અને 'તારો' જ્યાં ખતમ થઈ જાય છે અને 'મત'જ ફક્ત રહી જાય છે, ત્યાં સમન્વય થાય છે. એને સંમતિ કહે છે. **जहां सुमति तहां संपति नाना** એમ રામાયણમાં કહ્યું છે. મેં એ **संपति** ઉપરથી જ **संमति** શબ્દ લીધો છે. **संपत्ति**માં પણ અર્થ એ જ છે કે જ્યાં બધી ચીજો સમ્યગ્ રૂપે સર્વને ઉપલબ્ધ થાય છે તે સંપત્તિ છે.+સંપત્તિનો અર્થ એવો નથી કે અમને ઘણું બધું મળી જાય અને તમને કશુંય ન મળે. સંપત્તિનો એવો અર્થ નથી. સંપત્તિનો અર્થ તો એ છે કે સર્વને સર્વ વસ્તુ સરખી રીતે મળે છે. આવો અર્થ કેમ તારવ્યો ? કારણ કે એથી આગળ **विपति** શબ્દ આવે છે. જ્યાં વિવિધ ઉપલબ્ધિ છે, જુદી જુદી જાતનું મળતર છે, વિપ્રતિપત્તિ છે, વિરોધ છે, ત્યાં, એ કહે છે કે, દુઃખ હોય છે. એવી સ્થિતિમાં સંકટ હોય છે, જ્યાં સંપત્તિ ( સમાન મળતર ) હોય છે ત્યાં સંમતિ હોય છે; જ્યાં વિપત્તિ ( અસમાન મળતર ) હોય છે ત્યાં વિમતિ ( મતભેદ ) હોય છે.

આજની દુનિયામાં સમસ્યા, જેને આર્થિક કે સાંપત્તિક કહો છો તે નથી. આજની દુનિયાની સૌથી મોટી સમસ્યા, પ્રધાન પ્રશ્ન, વિચારનો પ્રશ્ન છે, જેને લોકોએ 'વાદની સમસ્યા' એવું નામ આપ્યું છે.

વિચારમાં જ્યારે આગ્રહ આવી જાય છે, ત્યારે એ સંપ્રદાયમાં પરિણત થઈ જાય છે. અને સંપ્રદાયમાં જ્યારે આવેશ અને ઉન્માદ આવી જાય છે, ત્યારે એ વાદમાં પરિણમે છે.

તમે કદી કદી સાંભળ્યું હશે કે "વિચારોનો સંઘર્ષ ચાલી રહ્યો છે." હવે, આ 'વિચારોનો સંઘર્ષ' એ એક Contradiction in terms –વદતોવ્યાઘાત–અવળસવળ વાત છે. 'વિચાર' પણ હોય અને 'સંઘર્ષ' પણ હોય, એવું બને નહીં.

---

*सुमति कुमति सबके उर बसहि...जहां कुमति तहां विपति निदाना ॥

+सम्+पत् ઉપરથી संपत्ति. જે સમાન રીતે ભાગે પડતી આવે તેવી આવક–income with equitable incidence.

—જ્યારે પહેલ-વહેલા અંગ્રેજોના રાજ્યમાં કંઈક રાજકીય સુધારા દાખલ થયા, ત્યારે અમારે ત્યાં નાગપુર પ્રાંતમાં પહેલા ગવર્નર તરીકે એક અંગ્રેજ સજ્જન આવ્યા હતા. એમનું નામ ભારે વિચિત્ર હતું—Franksly ફ્રેંકસ્લાય. લોકો કહેતા કે આ સાહેબ frank (નિખાલસ) પણ છે અને sly (લુચ્ચા) પણ છે. આવું બને કઈ રીતે? કાં તો કહો કે 'ફ્રેંક' છે અને કાં કહો કે 'સ્લાય' છે. આવું તો ન બને!

એમ જ, 'વિચાર' પણ છે અને 'સંઘર્ષ' પણ છે! એવું બને કઈ રીતે? વિચારોમાં જ્યારે સાઠમારી થવા માંડે છે ત્યારે તમામ વિચારો 'વાદ'માં ફેરવાઈ જાય છે.

**વિચારનો આગ્રહ નહીં, નિષ્ઠા**

તેથી સૌથી પહેલી વિનંતી તમારા સહુના ચરણોમાં મારી એ છે કે જો આ વિચારનો શિબિર હોય, તો આપણાં મનમાં કોઈ વાતે કોઈ જાતનો આગ્રહ ન રહે. હા, નિષ્ઠા હોઈ શકે. નિષ્ઠા જુદી વસ્તુ છે. આગ્રહ બિલકુલ જુદી વસ્તુ છે. નિષ્ઠામાં વિચારોની સાઠમારી નથી થતી. વિચારોની સાઠમારી કે સંઘર્ષ જ્યાં હોય છે, ત્યાં એક વિચાર બીજા વિચારની સામે પેંતરો લઈને ઊભો થઈ જાય છે અને પછી એક વિચારનો જય અને બીજા વિચારનો પરાજય, એટલો જ આપણો ઉદ્દેશ થઈ પડે છે. એમાં તત્ત્વનિર્ણય અથવા સત્ય સુધી પહોંચવાની કોઇની પણ ઇચ્છા નથી રહેતી. મારો વિચાર 'મારો' છે અને એ 'તમારા વિચાર'ની વિરુદ્ધ ઊભો છે. એમાંથી કોનો વિચાર જીત્યો, એ જ આપણી સામેનો પ્રશ્ન બની જાય છે, મૂળ પ્રશ્ન વીસરાઈ જાય છે.

એમાંથી બીજી બૂરાઈ એ પેદા થાય છે કે આપણે મનમાં જવાબ ઘડી કાઢવામાં જ બધો સમય ગાળી નાંખીએ છીએ. તમારો સવાલ છે, મારો જવાબ છે. સવાલ પણ ખડો છે અને જવાબ પણ ખડો છે. જવાબની ઘડભાંજમાં જ મારો બધો વખત વીતી જાય છે તેથી સમસ્યા પર ધ્યાન દેવાની તો કોઈને ફુરસદ જ મળતી નથી અને એ વણઊકલી જ પડી રહે છે. જીવન બાજુ પર રહી ગયું, સમસ્યા ખોરંબે પડી અને તમારા સવાલ અને મારા જવાબની વાદાવાદીમાં જ બધો સમય વેડફાઈ ગયો. ભગવદ્‌ગીતામાં આવા લોકોને **वेदवादरताः** (૨:૪૨) કહ્યા છે. એ બધા વેદવાદી ઉર્ફે વેદિયા છે. એ વેદાંતી નથી. એમને સિદ્ધાંતની કાંઈ પડી હોતી નથી.

તેથી આપણે જો કયારેક કોઈના પ્રશ્નથી નિરુત્તર થઈ જઈએ તો નમ્રતાપૂર્વક કબૂલ કરીએ કે અમારી પાસે ઉત્તર તો નથી, પરંતુ અમારી બુદ્ધિને તમારી વાત હજી ગળે પણ નથી ઊતરી, સમાધાન થયું નથી. એક દલીલથી બીજી દલીલને કાપી નાંખવી એ એક વાત છે, પણ બૌદ્ધિક સમાધાન conviction એ એનાથી તદ્દન જુદી જ વસ્તુ છે. કોઈને નિરુત્તર કરી દેવું એ તો એક જાતની સાઠમારી છે. એમાં તો જેને વધુ દાવપેચ આવડે, જે વધુ તર્કકુશળ હોય એ બીજાને ચૂપ કરી દઈ શકે.

આ શિબિરમાં તમે જે બધા કાર્યકર્તાઓ એકઠા થયા છો, તે વિચાર તો અવશ્ય કરો, પણ તેમ કરવામાં બીજાની સામે જે પ્રશ્ન ઊભા થાય છે એને પહેલાં પોતાના પ્રશ્ન બનાવી લેવાની દૃષ્ટિ રાખો. " આ પ્રશ્ન મારા પ્રશ્ન છે, હવે મારે મારી બુદ્ધિનું એ પ્રશ્નો અંગે સમાધાન કરવું છે. તો હું કઈ રીતે એ પ્રશ્નોની વિચારણા કરું, એમાં બીજાની મદદ કેવા પ્રકારે લઉં ?" આ રીતે તમે વિચાર કરજો.

–અને હું અહીં જોઉં છું કે તપસ્યામાં, જ્ઞાનમાં, અનુભવમાં અને પુરુષાર્થમાં મારા કરતાં ઘણી વધારે શ્રેષ્ઠ વ્યક્તિઓ મારી આસપાસ બેઠેલી છે, અને તેમ છતાં હું આ રીતે અવિનયપૂર્વક બોલ્યે જાઉં છું ! આનું મુખ્ય કારણ એ છે કે હું આવ્યો છું તે માત્ર વિચાર આપવા નથી આવ્યો, વિચાર લેવા પણ આવ્યો છું. આ શિબિરમાં હું તમારી સહુની પાસેથી બીજું કશું દાન લઈને નથી જવાનો, પણ બુદ્ધિનું દાન લઈને જઈશ. હું જ્યાં જાઉં છું ત્યાં લોકો કહે છે કે "તમારા આવ્યાથી અમે બહુ સમૃદ્ધ બન્યા," ત્યારે હું એમને કહું છું: " તો શું, હું પણ કાંઈ દરિદ્ર બનીને જાઉં છું ? તો તો એનો અર્થ એવો થાય કે તમે ભારે ચતુર અને બુદ્ધિશાળી નીકળ્યા અને હું એવો બેવકૂફ છું કે જ્યાં જાઉં છું ત્યાં કંઈ ને કંઈ ગુમાવતો જ જાઉં છું, અને મેળવતો કાંઈ નથી !" એટલે મારા મનમાં તો એમ છે કે હું જ્યાં જઈશ ત્યાંથી કંઈક મેળવીને જ જઈશ. તેમાંયે ગૂજરાત પાસેથી તો હું મારું ખાલી પાત્ર ભરીને જઈશ અને અન્યત્ર જઈને, ઝારી વડે માળી છોડને પાય છે તેમ, એમાંથી થોડું થોડું છાંટીશ. ગૂજરાત આવ્યો છું તે આવા ખ્યાલથી આવ્યો છું. તેથી તમને મારાં આ ભાષણોમાં જો એક જાતનો અવિનય લાગે, તો તે અવિનય નથી. હું આવ્યો છું તે એ ખ્યાલથી કે ચાલો ગૂજરાતમાં જ જવાનું છે ને ! એથી રૂડું બીજું શું ? ગૂજરાત જવું એ તો આ વિચારની ગંગોત્રીની યાત્રાએ જવા બરાબર ગણાય. એટલે મેં

વિચાર્યું કે એ ગંગોત્રીએ જઈને મારું આ ખાલી ઠામ ભરી લાવીશ અને પછી એ વિચારનું ગંગાજળ બીજે છાંટતો ફરીશ.

### ૪. "કોઇ નવા વાદનો ઉપદ્રવ કરવા હું નથી આવ્યો"–ગાંધી

સૌથી પહેલી આ વાત એટલા માટે માંડી કે આજે આ શિબિરમાં જો આપણે આપણી મનોભૂમિકા શિબિરના ઉદ્દેશને અનુકૂળ બનાવવી હોય, તો સૌથી પહેલી ચીજ આપણે એ વિચારી લેવી છે કે આજની દુનિયાની સમસ્યા વિચારની સમસ્યા છે, અને વિચારને જો દુનિયામાં પ્રસ્થાપિત કરવો હોય, તો સંપ્રદાય અને વાદનું નિરાકરણ કરવું પડશે. અને હમણાં જેમ મહારાજે કહ્યું તેમ આરંભ પ્રથમ પુરુષથી–આપણી જાતથી–કરવો પડશે. હિંદી ભાષામાં આપણે જેને પ્રથમ પુરુષ કહીએ છીએ તેને જ 'ઉત્તમ પુરુષ' કહે છે! હિંદીવાળા વળી આપણાથી વધારે અચૂક (accurate) થઈ ગયા એટલે એમણે કહી દીધું કે પ્રથમ પુરુષ–હું–એ જ 'ઉત્તમ પુરુષ' છે! ભગવદ્‌ગીતાના અર્થમાં કહે છે! **उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः।** (૧૫ : ૧૭). અર્થાત્ પેલા ક્ષર–અક્ષર નહીં આ પરમ આત્મા જ ઉત્તમ પુરુષ છે. આ વાત ખરી પણ પડે છે. પણ તે ક્યારે? પ્રથમ પુરુષ જ્યારે નમ્ર થઇને પોતાથી જ આરંભ કરે છે, ત્યારે એ જ ઉત્તમ પુરુષ બની જાય છે.

આપણે વિચારનો આરંભ યાને બૌદ્ધિ અનાગ્રહ અને બૌદ્ધિક નિષ્ઠાનો આરંભ આપણી જાતથી કરીએ. દુનિયામાં જે મુખ્ય મુખ્ય વાદો આપણી નજર સામે ખડા છે, તે વાદોનું આપણે નિરાકરણ નથી કરવું; એ વાદોનો સત્કાર કરવો છે.

ગૂજરાતમાં અગાઉ બે વાર હું આવી ગયો. તે વખતે મેં એક વાત વારંવાર કહી હતી. તે એ છે કે બીજી બધી મીમાંસાઓમાંથી જે જ્ઞાન મળ્યું, તે જ્ઞાનનો સંગ્રહ કરીને પછી આપણે આ મીમાંસા કરીએ છીએ. ઉત્તરમીમાંસા એટલે પાછળની મીમાંસા, કોઇને જવાબ આપવા કરાયેલી મીમાંસા નહીં.

ગાંધીજીએ આપણને જે વિચાર આપ્યો એની સૌથી મોટી વિશેષતા એ છે કે એમની વૈચારિક ભૂમિકામાં પણ અહિંસા છે. બીજાના વિચારોનું નિરાકરણ કરવું છે, બીજા વિચારોને દુનિયામાં શિકસ્ત આપવી છે અને વળતી આપણા વિચારની પ્રસ્થાપના કરવી છે, એવી ભૂમિકા ગાંધીએ કદી સ્વીકારી નથી.

સાવલી ( મધ્ય પ્રદેશ )માં ગાંધી–સેવા–સંઘનું સંમેલન મળ્યું તેમાં એક વાત એવી આવી કે ગાંધીજીના વિચારોનો પ્રચાર કરવા માટે, 'ગાંધીવાદ'ના પ્રચાર માટે, કંઈક યોજના ઘડવી જોઇએ. ત્યારે કાકાસાહેબને એ કામ સોંપવામાં આવ્યું. કાકાસાહેબે બાપુને કહ્યું કે આપના વિચારો તો હું સમજું છું, એ વિચારોનું પ્રતિપાદન પણ કરી શકું, પણ શબ્દ–વલ્ગના ( જીભાજોડી ! ) હું ઝાઝી કરી શકું નહીં. એને માટે આ દાદા ઠીક છે ! ત્યારે ગાંધીજીએ એક વાત અમને લોકોને કહી, જે છેવટ સુધી અમારા કાનમાં ગુંજતી રહેશે. એમણે કહ્યું, " ગાંધીવાદ જેવી કોઈ ચીજ ઓછામાં–ઓછું મારા મગજમાં તો નથી. કોઈ નવા વાદની કે સંપ્રદાયની સ્થાપના કરવા માટે હું દુનિયામાં નથી આવ્યો. મેં એવો કોઈ ઉપદ્રવ નથી કર્યો ! "

એમણે આ એક વાત એવી કહી પાડી કે જેને દુનિયાના તમામ બુદ્ધિવાદીઓએ અત્યંત નમ્રતાપૂર્વક અપનાવી લેવી જોઇએ.

## ૫. બુદ્ધિનિષ્ઠાનાં બે લક્ષણો

અહીં તમારામાંથી ઘણાખરા બુદ્ધિમાન લોકો છે. એમની સમક્ષ હું એક બીજી અરજ કરવા માગું છું. હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં પ્રોફેસરો, વકીલો, ડોકટરો, પત્રકારો, સંસ્કૃતના પંડિતો વગેરે બુદ્ધિમાન લોકો મને કહે છે કે, " તમે જો તમારી વાત બુદ્ધિથી, વિચારથી અમને સમજાવી દો તો અમે માનીએ. બીજી કોઈ રીતે અમે નહીં માનીએ." એક બુદ્ધિમાન, વિચારશીલ મિત્રે તો વાતવાતમાં મને એક દિવસ એટલે સુધી સંભળાવી દીધું હતું કે, " વિચારના ક્ષેત્રમાં આ તમારા ગાંધીનું તો untrained mind–બિનકેળવાયલું અણઘડ ભેજું કહેવાય, અર્થાત્ એ દીક્ષિત નથી, આધુનિક–વિદ્યા–સંપન્ન નથી. એની પ્રજ્ઞા અશાસ્ત્રીય છે. એટલે તમે જો બુદ્ધિયુક્ત રીતે ગાંધીની વાત અમને સમજાવી શકો તો વળી અમે માનીએ ! "

ત્યારે મેં એમને કહ્યું, " આપ આ કહો છો તેને વળગી રહેશો ? બુદ્ધિથી જ સમજશો ને કે પછી પાછા બદલાઈ જશો ? "

કહે, " ના. અમે આ વાતને વળગી રહીશું."

" તો, " મેં કહ્યું, " વાત થઈ શકે. સાવ સહેલું છે. કાં તો આપ મને સમજાવી દેશો, કાં હું આપને સમજાવી દઈશ. અને પછી જે સમજી જશે તે દુનિયાના બીજા લોકોને સમજાવવા લાગશે, કેમ ખરું ને ?

તો કહે, " ના, એ ન બને ! દુનિયાની આમજનતા સમજાવી સમજે નહીં ! "

મેં કહ્યું, "લો ! તમે તો બુદ્ધિનો આધાર એટલામાં જ પડતો મૂક્યો ! તમને તો બુદ્ધિ પર ભરોસો જ નથી !"

એ મને સમજાવવા મંડ્યો, "તમે હજાર વાનાં કરો, પણ આ સત્તાધારીઓ અને સંપત્તિધારીઓ સમજાવ્યા સમજે તેમ નથી."

"તો," મેં કહ્યું, "શું કરવું પડશે ?"

કહેવા લાગ્યા, "એમને તો ડંડાથી દુરસ્ત કરવા પડશે !"

"ત્યારે તો," મેં કહ્યું, "આરંભ આપનાથી જ કરવો જોઈએ ! પછી આપ એમ કેમ કહો છો કે મને બુદ્ધિથી સમજાવો ? આપ આપને માટે તો કહો છો કે મને સમજાવવું જોઈએ; અને બીજાને માટે કહો છો કે એમને તો સમજાવ્યે કામ નહીં સરે ! એમનાં તો માથાં જ ફોડવાં પડશે !"

બુદ્ધિનિષ્ઠાનું પ્રથમ લક્ષણ એ છે કે મનુષ્યને પોતાની બુદ્ધિમાં જેટલો ભરોસો હોય એટલો જ બીજાની બુદ્ધિમાં (સમજશક્તિમાં) પણ ભરોસો હોવો જોઈએ. નહીં તો આપણે એવા મનુષ્યને બુદ્ધિનિષ્ઠ કેમ કરીને માનીએ ? જેને ફક્ત પોતાની બુદ્ધિમાં ભરોસો છે, અને બીજાની સમજશક્તિ વિષે અણભરોસો છે, એને બુદ્ધિમાં ભરોસો જ નથી. એ બુદ્ધિવાદી છે, બુદ્ધિ–યોગી નથી. **ददामि बुद्धियोगं तम् !** (૧૦–૧૦) 'હું તને બુદ્ધિયોગ આપું છું,' ભગવદ્ગીતામાં ભગવાને કહ્યું. 'બુદ્ધિવાદ આપું છું,' એમ ન કહ્યું.

બુદ્ધિનિષ્ઠાનું બીજું લક્ષણ હું તમને બતાવું :

અમે એકવાર એક મિત્રની મોટરમાં દિલ્હી જતા હતા. ત્યાં અધવચ એક સ્ટેશનેથી એ મોટર અમારે માલગાડીમાં ચડાવવા વારો આવ્યો ! થયું એવું કે રસ્તે નદીમાં ભારે પૂર આવ્યું હતું. અમે નિસાસો મૂકીને બેઠા. એક દોસ્તને સ્ટેશને મોકલ્યો. એ આવીને કહેવા લાગ્યો કે, "એ તો કંઈ વેગન આપતો નથી ને કહે છે કે આટલું જલદી વેગન ન મળે ! તમે ત્યાં પહોંચો તેની સાથે જ મોટર પણ પહોંચી જાય એવું ન બને !"

ત્યાં બીજા એક સજ્જન બેઠા હતા એ કહે, "તમે એને કહ્યું શું ?"

"મેં બહુએ સમજાવ્યો કે અમારે તરત ગયા વિના છૂટકો નથી, નદીમાં પૂર છે. અમે કરીએ શું ? ત્યાં પાર્લામેન્ટમાં જવાનું છે ! તોય એ કાંઈ માનતો નથી."

એટલે પેલા સજ્જન કહે, "એક લીલી નોટ સેરવી દેવી'તી ને ! તો તરત માની જાત !"

"સો રૂપિયાની નોટથી કઈ રીતે માની જાત ?" મેં પૂછ્યું. "એની

પાસે હમણાં વેગન હાથ પર છે જ નહીં તે કાંઈ સો રૂપિયાની નોટમાંથી ઊગવાનું હતું ?"

ત્યારે એ સજ્જન કહે છે, "સો રૂપિયાની નોટ લઈને પણ માને નહીં એવો કોઇ માડીજાયો દુનિયામાં પાકયો જ નથી !"

એ ધનવાન હતો. ધનવાનને ધન પર આટલો વિશ્વાસ !

બીજા એક ભાઈ હતા તે કહેવા મંડ્યા, "મને લઈ જવો'તોને સાથે ! જરા આંખ લાલ કરત અને ડંડો દેખાડત કે ચપ કરતુંને વેગન ધરી દેત !"

જેની પાસે ડંડો છે એને ડંડામાં આટલો વિશ્વાસ !

અને જેની પાસે બુદ્ધિ છે તેને ? કૉલેજનો પ્રોફેસર હોય કે ચાહે તે બીજી જાતનો બુદ્ધિવાદી આદમી હોય, એને એ જ વાતમાં વિશ્વાસ છે. કોઈવાર કહે છે, "દામ વિના કામ નહીં થાય," તો કોઈવાર વળી કહે છે, "તલવાર વગર શકરવાર નહીં." પૂછો કે "સમજાવટથી, બુદ્ધિથી ?" તો કહેશે, "સમજાવટથી કે બુદ્ધિથી તો કદાપિ કંઈ ન વળે !"

હવે કહો, આવું હોય તો 'વિચાર-શિબિર'થી શું વળે ? જે માણસને બુદ્ધિ સિવાયની જ બધી સત્તાઓ પર ભરોસો હોય એ વિચાર શું ધૂળ કરે ? વિચારને માટે સૌથી જરૂરી વાત જો કોઈ હોય, તો તે એ છે કે આપણને આપણી બુદ્ધિમાં ભરોસો હોય તેમ જ મનુષ્ય માત્રની બુદ્ધિમાં પણ ભરોસો હોય. બુદ્ધિને જ જો આપણે મનુષ્યના લક્ષણ તરીકે સ્વીકારી હોય, તો આપણે એ વાત પણ કબૂલી લેવી પડશે કે મનુષ્યની સફળ શક્તિ એની બુદ્ધિમાં છે:

**૬. બુદ્ધિનિષ્ઠાને અભાવે, વિજ્ઞાનની સફળતાના યુગમાં સંસ્કૃતિની નિષ્ફળતા**

આજે દુનિયાની એક મોટી સમસ્યા એ છે કે યુગ તો વિજ્ઞાનનો છે, પણ સત્તા વિજ્ઞાનની નથી. વિજ્ઞાનની યુગમાં બુદ્ધિની પણ સત્તા નથી અને વિજ્ઞાનની પણ સત્તા નથી. આ સમસ્યાનું સમાધાન શી રીતે થાય ? હું એવા નિર્ણય પર આવ્યો છું કે ગાંધીજીની જે પ્રક્રિયા હતી, જેને આપણે ટેકનિક કહીએ છીએ, તેના સિવાય બીજો કોઈ જ રસ્તો નથી.

ઉપનિષદ્‌માં વાકય આવે છે: **बलं वाव विज्ञानाद् भूयः**-બળ વિજ્ઞાનથી મોટું છે. અને પછી કહે છે કે સેંકડો વિજ્ઞાનવાનોને એક બળવાન **आकंपयते**-કંપાવે છે ! આઈન્સ્ટીનને એવો જ અનુભવ થયો ! દુનિયાના બીજા વૈજ્ઞાનિકોને પણ એ જ અનુભવ થયો. છેવટે એ લોકોએ લખી નાંખ્યું, "We have policed our Scientists.-આપણે વૈજ્ઞાનિકોને પણ પોલીસને હવાલે કરી દીધા છે !" સત્તા પોલીસની છે, વિજ્ઞાનની નથી.

સત્તા સેનાની છે, વિજ્ઞાનની નથી. અને હવે દુનિયાના સઘળા રાજ્ય-નેતાઓ એવા નિર્ણય પર આવી પહોંચ્યા છે કે શસ્ત્રની સત્તાનો યુગ આથમી રહ્યો છે. પરિણામ એ આવ્યું છે કે વિજ્ઞાન તો સાર્વભૌમ* થઇ ગયું, પણ મનુષ્યની સંસ્કૃતિ એની સાથે કદમ મેળવી શકતી નથી. પેલા કૅન્ટરબરીના ડીન હ્યુલેટ જહોનસને લખ્યું છે, "This is the age of the frustration of Science—આ વિજ્ઞાનની વિફલતાનો યુગ છે" તમે મને માફ કરો તો હું નમ્રતાપૂર્વક કહેવા મંગું છું કે આ વિજ્ઞાનની સફળતાનો યુગ છે અને સસ્કૃતિની વિફલતાનો યુગ છે. આપણી સંસ્કૃતિઓ અને સભ્યતાઓ—હું ચાહીને બહુવચન કહું છું—વિજ્ઞાનની સાથે ડગ ભરી શકી નથી.

આ સમસ્યા આજે આપણા સહુની સામે પ્રધાન સમસ્યા છે, જેનો ઉકેલ આ શિબિરમાં તમારી સાથે બેસીને શોધવાનો પ્રયત્ન હું કરીશ. આપણે જેટલે સુધી જઇ શકીશું તેટલે સુધી જઇશું. જ્યાં નહીં પહોંચી શકીએ ત્યાં કહીશું કે નથી પહોંચી શકયા.

**૭. યુગસમસ્યાનું મૂળ કારણ : પરાયાપણાની ભાવનામાંથી જન્મતો ભય**

આ સમસ્યાને થોડી વધારે અચૂક ચોક્કસ ભાષામાં તમારી સમક્ષ મૂકી દેવા માંગું છું–ઉપનિષદ્‌માંથી બે વાકયો લઇને.

ઉપનિષદ્‌માં વર્ણન આવે છે કે પહેલાં આત્મા પેદા થયો....પેદા તો શેનો થયો ? આત્મા હતો. 'હતો' એમ લખ્યું છે. હવે, એ હતો-એકલો. એની ભારે મઝાની વાત લખી છે. એવી કે મને, તમને, સહુને એનો અનુભવ થાય છે. **एकाकी न रमते** । એને કાંઇ ગોઠતું નહોતું, કેમકે એકલો હતો. 'એકલો એકલો શું કરું ?' એકલવાયાપણું કાંઇ ગમતું નથી.

આજ દિન સુધી મનુષ્યનો આ સ્વભાવ છે. જેલમાં અમને મોટામાં મોટી ધાકધમકી આપવી હોય ત્યારે સુપ્રિન્ટેન્ડન્ટ કહેતો, "solitary cellમાં –એકાંત કોટડીમાં–પૂરી દઇશ !" બીજા શબ્દોમાં, "તને એકલો પાડીશ.

---

* સાર્વભૌમ–Paramount–દેશ, અને સ્થિતિના ભેદોથી પર. દા. ત. અણુનો વિસ્ફોટ થઈ શકે છે એ અમેરિકન વૈજ્ઞાનિકે કરી બતાવ્યું, પણ અણુવિસ્ફોટ અમેરિકામાં પણ થઇ શકે અને ભારતમાં પણ થઇ શકે. વિજ્ઞાનની હાલત આવી છે. જ્યારે સંસ્કૃતિની ? અણુશકિતનો ઉપયોગ અમેરિકા પોતાના દેશમાં કલ્યાણ માટે જ કરે, પણ બીજા દેશના વિનાશ માટે પણ કરે, કારણ કલ્યાણ-ભાવના સાર્વભૌમ નથી બની.—**સં.**

ત્યાં તું કોઈને મળી શકીશ નહીં." એ વાતથી બહુ બીક લાગતી. પેટમાં ધ્રાસ્કો પડતો કે ક્યાંક એકાંતમાં રહેવું પડયું તો શું થશે ? અર્થાત્ એકલી પોતાની જાત સાથે રહીએ તો શું થશે ? માણસને મોટી બીક એ છે કે હું મારી જાત સાથે એકલો પડીશ તો મરી જઈશ ! સોબતની ઈચ્છા એ એની એક ઘણી જ મોટી અપેક્ષા છે.

**एकाकी न रमते** । એકલાં એકલાં ગોઠતું નથી. બીજાની જરૂર છે. બીજું કોઈ ન હોય ત્યાં સુધી આપણને કંઈ ચેન પડતું નથી. આને મનુષ્યની સામાજિકતા કહે છે. ઉપનિષદે પોતાની ભાષામાં લખ્યું, સમાજશાસ્ત્રી પોતાની ભાષામાં લખે છે. પરંતુ મૂળે વાત એટલી જ છે કે આ મનુષ્યનો સ્વભાવ છે: એને એકલું ગમતું નથી; બીજાની જરૂર વરતાય છે. અને બીજાની સોબતની આ આકાંક્ષામાંથી મનુષ્યનું ચારિત્ર્ય, મનુષ્યની સભ્યતા અને મનુષ્યની સામાજિકતાનો આરંભ થાય છે.

બીજું વાકય પણ ઉપનિષદનું જ છે. વાકય શરૂ આ રીતે જ થાય છે કે આત્મા પહેલાં એકલો હતો એટલે બેચેન હતો. પણ હવે એને શેનો ડર લાગે છે ? "હું એકલો જ છું ને ? ક્યાંક કોઇ બીજું તો અહીં નથી ને ?" કેમ એમ ? **द्वितीयाद् वै भयं भवति**–બીજું હોય તો બીક લાગે છે !

છોકરાને કહ્યું, "અંધારામાં એકલો જા !"

કહે છે, "એકલો નહીં જાઉં."

"કેમ વારુ ?"

તો કહે છે, "ત્યાં કોઈ હોય તો ?"

હવે એને ડર એ વાતનો છે કે ત્યાં બીજું કોઇ હશે ! પહેલાં તો બીજું કોઇ નહોતું, એકલો હતો, માટે જીવ ગોઠતો નહોતો અને હવે એટલા માટે બીએ છે કે કદાચ બીજું કોઈ હોય તો ! બે જાતની પ્રવૃત્તિ મનુષ્યના મનમાં છે; પહેલી આકાંક્ષા કે "બીજું કોઇ હોય, એકલો હોઉં એ ઠીક નહીં," બીજી એ બીક કે "બીજું કોઈ હશે તો શું થશે, ભગવાન ?"

### હથિયારબંધ કાયરતાઃ ગદાધારી અહિંસા

આજે જે આંતરરાષ્ટ્રીય સમસ્યા છે, તે આ બીજા પ્રકારની છે. એનું વર્ણન આપણે ત્યાંના દાર્શનિક રાષ્ટ્ર-ઉપાધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણને કર્યું છે. એમણે એમ કહ્યું છે કે આજનો જમાનો હથિયારબંધ કાયરતાનો જમાનો છે. કાયરતાના હાથમાં હથિયાર છે. કાયરતા નખશિખ હથિયારથી લદાયલી છે !

એક આશ્રમ છે. એમાં સત્ય અને અહિંસાની મૂર્તિઓ જોડાજોડ

"અરે, ફોજ જ ન રાખતો હોત અને હથિયાર ન ઉગામત, તો તો તમે કહેત કે એમાં શું, એ તો તારી લાચારી છે! મારી પાસે ફોજ છે, મારી પાસે હથિયાર છે, અને તેમ છતાં હું હથિયાર નથી ઉગામતો, ત્યારે હું લાચારીની દશાથી ઊંચે ચઢું છું. તમે મને બેવકૂફ કહી શકો પણ કાયર નહીં કહી શકો! હા, હું જો એમ કહેત કે હું અમેરિકાની સામે હથિયાર નથી ઉગામતો, હું રશિયાની સામે હથિયાર નથી ઉગામતો, તો તમે કહેત કે ઉગામી જ નથી શકતો એટલે એમ કહે છે, making virtue of a necessity-નું તો લાચારીને સદ્‌ગુણ તરીકે ખપાવે છે. લાચારી એ કાંઈ તારી શક્તિ ન કહેવાય. એમની સામે બીજું તું કરી શું શકે તેમ છે જ તે?" પણ હું તો આ ગોવા વિશે કહું છું."

તો, હું એમ માનું છું કે હાથમાં સત્તા હોય, રાજ્યનેતાનું પદ હોય, આટલું સામર્થ્ય ધરાવતો હોય, છતાં પણ જેણે હથિયાર ઉપાડવાનો ઈન્કાર કર્યો હોય, એવો દાખલો તો હું માનું છું કે અશોક પછી આ જ એક જોવા મળ્યો! ઈતિહાસમાં બીજા આવા દાખલા તો સાધુ સંતોના જોયા છે. ભીષ્મનું ઉદાહરણ છે, પણ એની ભૂમિકા બિલકુલ ભિન્ન છે. આજના આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં, તમે જો આ વસ્તુને મૂકીને જોશો, તો તમે મારી સાથે એ વિશે સહમત થઈ જશો કે આવી એક આકાંક્ષા આજના યુગમાં જ છે.

બીજી બાજુ ગોવામાં આપણા કેટલાક ભાઈ, જેમની વીરતા, ત્યાગ અને દેશભક્તિને જોઈ ને તમે, હું, બધા જરૂર મસ્તક જ નમાવીએ, એ લોકો સત્યાગ્રહ કરી રહ્યા છે. સત્યાગ્રહનું શાસ્ત્ર શું છે, સત્યાગ્રહનું તંત્ર શું છે, સત્યાગ્રહની વૃત્તિ કેવી હોય, એ બધી બાબતો આજે મારે ચર્ચવી નથી; હું તમારા બધાં વતી મારી શ્રદ્ધાંજલિ અને આદરાંજલિ એ લોકોના ચરણે ચડાવું છું.

## ૧૦. ક્રાંતિની આંખથી સત્યાગ્રહને યુગના પદચિહ્ન રૂપે ઓળખીએ

પરંતુ સવાલ એ છે કે છેવટે, આ બધાને રહી રહીને એક માત્ર સત્યાગ્રહનો રસ્તો જ કેમ સૂઝ્યો? કેમ ફોર્મોસામાં કોઈ સત્યાગ્રહ કરવા ન ગયું? કેમ કોરિયામાં કોઈએ સત્યાગ્રહનું નામ ન લીધું? કારણ એ છે કે ત્યાંની હવામાં અને ત્યાંની માટીમાં જ સત્યાગ્રહ નહોતો. હવે આ સત્યાગ્રહ સેળભેળ સત્યાગ્રહ છે કે શુદ્ધ સત્યાગ્રહ છે, એવા બધા વિચાર થોડી વાર માટે તમે એક કોરાણે મૂકી દો અને તટસ્થ વૃત્તિથી વિચારો; objectively—વસ્તુસ્થિતિનો વિચાર કરો. તો તમારે કબૂલ કરવું પડશે

કે આ દેશમાં જ્યારે પણ અંતિમ ઉપાય લેવાનો ખ્યાલ મનુષ્યના મનમાં આવે છે ત્યારે એના મનમાં સત્યાગ્રહનો વિચાર આવે છે.

તેથી મેં તમને કહ્યું કે આ યુગમાં હું જ્યાં જોઉં છું ત્યાં, તમામ સમસ્યાઓમાંથી, મને ગાંધીની વિભૂતિનાં જ દર્શન થાય છે. દરેક સ્થળે એમની સત્તાનું ભાન થાય છે. સમસ્યાઓ કેમ જાણે એક અવનવે સ્વરૂપે આપણી સામે રજૂ થાય છે.

આજે, તમે વિચારો તો ખરા, સત્યાગ્રહની વૈચારિક પકડ આ દેશ પર કેટલી બધી જામી ગઈ છે! આપણે જ્યાં શસ્ત્રનો ઉપયોગ કરી શકીએ તેમ છીએ, ત્યાં પણ શસ્ત્રનો ઉપયોગ નથી કરતા! ત્યાં શસ્ત્રનો ઉપયોગ થાય છે તે પણ નિઃશસ્ત્ર પ્રતિકારીઓની સામે (પોર્ટુગીઝો દ્વારા) થઈ રહ્યો છે. શાંતિમય શૌર્ય દાખવનારા લોકો પર આસુરી અત્યાચાર થાય છે, એવું દૃશ્ય દુનિયાની સામે ઉપસ્થિત થયું છે.

બે અલગ અલગ ઉદાહરણો આપણે જોયાં. એક તો થયું, ફોર્મોસાનું, જ્યાં જવાહરલાલની શાંતિ અને સમજૂતીથી કામ લેવાની વાત સ્વીકારી લેવાઈ. બીજું અહીં ગોવાના મામલાએ આ જાતનું સ્વરૂપ ધારણ કર્યું. તો, જવાહરલાલનો આમાં આશય શો?

દુનિયામાં આજે આકાંક્ષા એ છે કે યુદ્ધથી આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનું સમાધાન શોધવામાં ન આવે, સમાધાન માટે શસ્ત્રપ્રયોગ કરવામાં ન આવે, પણ વિવેકથી અને એકમેકને મનાવી–સમજાવીને જ સમસ્યાઓનું સમાધાન સાધવાનો પ્રયત્ન કરવામાં આવે. આ ભૂમિકા પર આંતરરાષ્ટ્રીય રાજપુરુષો આરૂઢ થઈ ચૂકયા છે. બીજી બાજુ, જે લોકોને શસ્ત્ર ઉપર જ વિશ્વાસ હતો, ગાંધી ઉપર કદીયે નહોતો, ગાંધીની સત્યાગ્રહની નીતિ વિશે જેમને કદી પણ શ્રદ્ધા નહોતી, એવા લોકોને પણ આજે સત્યાગ્રહ સિવાય, પ્રતીકારને માટે બીજા એકેય તંત્રનો, ખ્યાલ સુધ્ધાં નથી આવતો!

મારે–તમારે માટે જીવનની તેમ જ સમસ્યાઓની દૃષ્ટિએ આ એક વિચારણીય વિષય છે. આવા તમામ વિષયોમાં મારી પોતાની દૃષ્ટિ કાયમ વિધાયક (રચનાત્મક) રહી છે. દોષ તો જેમ પોતાના જોઈ શકીએ, તેમ પારકાના પણ ખુશીથી જોઈ શકીએ. પણ આપણા સૌના દિમાગમાં પરિસ્થિતિનું વિધાયક દર્શન થવું જોઇએ, પરિસ્થિતિનો વિધાયક વિચાર ઉત્પન્ન થવો જોઇએ, એવી દૃષ્ટિથી આ સમસ્યાઓનો મેં હમણાં ઉલ્લેખ માત્ર કર્યો છે.

—અગાઉ બે-ચારવાર મેં એક ઉદાહરણ કહ્યું હતું. મુંબઈમાં દારુના એક પીઠામાં બેઠો બેઠો અમારો એક ખાદીધારી ભાઈ દારુ પીતો હતો.

હવે મારા એક મિત્ર ખાદી-વિરોધી હતા. હંમેશાં કહેતા : "ખાદીમાં શું બળ્યું છે ?" ખાદીની વિરુદ્ધ જે બધી stock arguments, ચવાઈ ચવાઈને કૂચો થઈ ગયેલી દલીલો કાયમ થયા કરતી તે જ તેઓ પણ કરતા. અધૂરામાં પૂરું એમણે ખાદીધારીને દારુ પીતો જોયો, એટલે એમને તો મજબૂત પુરાવો મળી ગયો ! મને કહેવા માંડયા : "જો, આ તારો ખાદીવાળો ! દારુ ઢીંચે છે ને !"

મેં કહ્યું, "હા....ખાદી તો પહેરી છે. અને દારુ પણ પીએ છે, એટલું તો કબૂલ કરું જ છું."

એ મિત્ર કહે, "હવે, શેનો કબૂલ ન કરે ? આના કરતાં તો અમે સારા ને, ખાદી નહીં પહેરનારા ? ઓછામાં ઓછું દારુ તો નથી ઢીંચતા ?"

મેં કહ્યું, "દારુ નથી પીતા એ તો યોગ્ય કરો છો, પણ તેથી ખાદી નથી પહેરતા એ કઈ રીતે સારું થઈ ગયું ?"

કહે, "અરે, આ ખાદીવાળો દારુ ઢીંચે છે, તોય તું આમ કહે છે ?"

મેં એમને જવાબ આપ્યો, "તમારી દૃષ્ટિ ક્રાંતિકારીની દૃષ્ટિ નથી. મેં આ દૃષ્ટિ ગાંધી પાસેથી ઉધાર લીધેલી નથી. તમે એને ગાંધીની દૃષ્ટિ જરાયે ન માનતા. હું એક ક્રાંતિકારીની દૃષ્ટિએ જ જોવાનો પ્રયત્ન કરું છું. આ ખાદીધારી દારુ નથી પીતો, આ તો દારુડિયો ખાદી પહેરવા મંડયો છે !.... તમારી અને મારી દૃષ્ટિમાં આ ફેર છે. ખાદીનાં કપડાંને જે સામાજિક પ્રતિષ્ઠા સાંપડી છે, તેનો એ ફાયદો લેવા માંગે છે.

એટલે એમણે બીજું ચલાવ્યું, "ખરું ને ! એ ખાદીને exploit કરે છે–ખાદીનો દુરુપયોગ કરે છે !"

મેં કહ્યું, "હા, દુનિયામાં સારી વસ્તુનો જ દુરુપયોગ (exploitation) થાય છે. ખરાબ વસ્તુનો કદી દુરુપયોગ નથી થતો !"

દુર્ગુણનો કદી દુરુપયોગ થયો છે ? અરે ભાઈ ! ભગવાનના નામનો દુરુપયોગ થાય છે કે શેતાનના નામનો ? કદી કોઈએ સ્વાર્થ માટે શેતાનનું નામ વટાવ્યું જાણ્યું છે ? તમે કહો છો કે "તમારા ભગવાનનું નામ વટાવાય છે તેથી ભગવાન જ ન જોઈએ !" આ તે કયાંની વાત ? દુનિયામાં જેટલી સારી ચીજો હોય છે, જેટલાં પ્રગતિશીલ અને ઉન્નતિકારી તત્ત્વો હોય છે, એમનું જ નામ વટાવાય છે, એમનો જ દુરુપયોગ થઈ શકે છે. અંગ્રેજીમાં કહે છે ને કે, "Hypocrisy is the tribute that Vice pays to Virtue" દુર્ગુણને જયારે સદ્‌ગુણનું બહુમાન

કરવું હોય છે, ત્યારે દુર્ગુણ સદ્ગુણનો સ્વાંગ ધારણ કરે છે! દંભ, ઢોંગ એ દુર્ગુણની સદ્ગુણને ચરણે વ્યક્ત કરાયેલી નિષ્ઠા છે.

એટલે જ જ્યારે લોકો એમ કહે છે કે, 'આ તો જૂઠો સત્યાગ્રહ છે, દંભ છે....' ઇત્યાદિ, ત્યારે હું એની ઝાઝી ચર્ચામાં નથી પડતો. હું એક લક્ષણ પકડીને તપાસી લઉં છું. અને એ આ યુગનું લક્ષણ છે, યુગનું એ પદચિહ્ન છે. તે એ કે આજે સત્યાગ્રહની નીતિ સમાજમાં સુપ્રતિષ્ઠિત થઈ ગઇ છે અને ક્રાંતિની પ્રક્રિયામાં એનું સ્થાન હવે અવિચળ થઇ ગયું છે. હવે પછી જે ક્રાંતિની પ્રક્રિયા આવશે તે સત્યાગ્રહને અનુરૂપ હશે. જો એ સત્યાગ્રહની જ પ્રક્રિયા હશે તો જ એ સૌથી ઉત્તમ હશે. આજના જમાનાનો આ ઇશારો છે, યુગનો આ સંકેત છે.

## ૧૧. પુનરાવર્તન, પૂર્તિ અને પૂર્વભૂમિકા

મેં આજના પ્રારંભિક ભાષણમાં તમારી સામે જગતની સમસ્યાનું સ્વરૂપ, વૈચારિક ભૂમિકાએથી, રજૂ કરી દીધું છે.

આજની આખીયે સમસ્યા વૈચારિક સમસ્યા શા માટે છે? વાદ અને વિચાર વચ્ચે અંતર ક્યાં પડે છે? વાદ, વિચાર અને સંપ્રદાયમાં શો ભેદ છે?

વિચાર નિત્ય પ્રવાહશીલ હોય છે, ઝરણાની જેમ. વહેતું ઝરણું જેમ પ્રવાહશીલ હોય છે, તેમ વિચારમાં નિત્ય પ્રવાહ હોય છે.

ગાંધીએ કહ્યું : "મારો વાદ કે સંપ્રદાય રચી જ ન શકાય, મારો તો પ્રવાહ છે."

વિચારમાં પ્રવાહ હોય છે તેમ એમાં વિકાસ પણ હોય છે. પાણી જેમ જામી જઈને કઠોર બરફ બને છે, તેમ વિચાર પણ જ્યારે જામી જાય છે ત્યારે એ સંપ્રદાય અને વાદ બની જાય છે અને એમ એમાં કઠોરતા આવી જાય છે. બરફના ગાંગડાની જેમ પાણીને ફેંકીને મારી શકાતું નથી. બરફ ફેંકીએ તો વાગે, ઘાયલ કરે.

તેથી અહીં આપણે જે વિચાર કરીશું તે નમ્રતાપૂર્વક, કોઇ પણ પ્રકારનો આગ્રહ રાખ્યા વિના કરીશું વિચારમાં પહેલાં આગ્રહ આવે છે અને આગ્રહને પગલેપગલે આક્રમણ આવે છે. આક્રમણમાં હાર અને જીતની, જય-પરાજયની, મનોવૃત્તિ હોય છે. આપણે કોઈનાય વિચારનો પરાજય નથી કરવો, તેમ જ આપણા વિચારની સ્થાપના પણ નથી કરવી. આપણે તો સત્ય સુધી પહોંચવું છે. માનવીય જીવનનું જે સત્ય હોઈ શકે

ત્યાં સુધી આપણે પહોંચવું છે. આપણે નમ્રતાપૂર્વક બુદ્ધિથી કામ કાઢી લઈશું.

બુદ્ધિથી કામ કાઢવામાં ' વાદનો બાધ ' અટકાયત કરે છે.

વળી મેં તમને કહ્યું કે બીજી નડતર આપણા માર્ગમાં એ છે કે મનુષ્યને બુદ્ધિનું અભિમાન છે અને અભિમાન પાછું એટલું બધું છે કે એ બુદ્ધિને કામે લગાડવા જ નથી માંગતો ! ભગનાને મનુષ્યને બુદ્ધિ આપી છે અને મનુષ્યને ભગવાન સામે ફરિયાદ જ એ છે કે " તેં અમને બુદ્ધિ આપી શા માટે ? હવે અમે એનું વેર વાળીશું. એનો ઉપયોગ જ અમે કદી નહીં કરીએ ! " આમ એ ભગવાનની સામો પડયો છે, બુદ્ધિની વિરુદ્ધ બળવો કરવા માટે !

હું જ્યાં જ્યાં બુદ્ધિવાદીઓની વચ્ચે જાઉં છું, ત્યાં ત્યાં જોઉં છું કે બુદ્ધિશાળીઓને કાં તો સત્તામાં ભરોસો છે, કાં શસ્ત્રોમાં છે, કાં સંપત્તિમાં છે; પણ બુદ્ધિવાદીઓને બુદ્ધિનો ભરોસો જરાયે નથી પડતો ! તેથી કહે છે કે અમને તો બુદ્ધિથી સમજાવો, પણ દુનિયાને તો મારીઠોકીને જ સમજાવવી પડે !

આ કાંઈ વાસ્તવિક અને યથાર્થ બુદ્ધિનિષ્ઠા ન કહેવાય. આ તો બૌદ્ધિકતામાં ઉત્પન્ન થયેલો એક આંતરવિરોધ છે.

આપણા વ્યક્તિત્વમાં આ જ આંતરવિરોધ એક બીજે સ્વરૂપે પણ દેખા દે છે : બે આકાંક્ષાઓને સ્વરૂપે. એક તો **एकाकी न रमते** અને બીજી **द्वितीयाद्वै भयं भवति** । આની છાયા સામાજિક પરિસ્થિતિ ઉપર મનુષ્યોના પરસ્પરના અવિશ્વાસ અને હિતવિરોધને સ્વરૂપે પડી છે. વળી એ જ છાયા આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં હથિયારબંધ કાયરતાને રૂપે જોવા મળે છે.

પરિણામે વિજ્ઞાન તો સાર્વભૌમ આંતરરાષ્ટ્રીય થઈ ગયું છે, પણ મનુષ્યોની સભ્યતાઓ અને સંસ્કૃતિઓ એની સાથે કદમ મિલાવી શકતી નથી.

સંસ્કૃતિઓ અને સભ્યતાઓને મનુષ્યના આપસના સંબંધો સાથે લાગેવળગે છે. મનુષ્યોના આપસના સંબંધોના બે આધાર છે :—(૧) પરિસ્થિતિ, અને (૨) મનુષ્યોની વૃત્તિઓ.

તેથી ક્રાંતિનું કાર્ય દ્વિવિધ થઇ પડે છે. એક તરફથી પરિસ્થિતિનું પરિવર્તન અને બીજી તરફથી આપણી મનોવૃત્તિનું પરિવર્તન. આવું દ્વિવિધ પરિવર્તન કરવા માટે જે લોકો બહાર પડે છે એમને જ ક્રાંતિકારી કહે છે.

એમનું પોતાનું મન:પરિવર્તન જો નહીં થયું હોય, તો એમનામાં પરિસ્થિતિનું પરિવર્તન કરવાની યોગ્યતા અને કાર્યક્ષમતા નહીં આવે.

તેથી આરંભ હૃદયપરિવર્તનથી થાય છે. હૃદયપરિવર્તનની પ્રક્રિયા જ પ્રધાન પ્રક્રિયા છે. આ હૃદયપરિવર્તન એ ગાંધીજીએ ક્રાંતિની પ્રક્રિયાને આપેલી એક મહાન ભેટ છે.

તેથી મેં કહ્યું કે હવે જે જમાનો આવી રહ્યો છે, તેમાં સમસ્યાઓનું નિરાકરણ ગાંધીની રીત સિવાય નહીં થઈ શકે. કોઈ કહે છે કે એ જમાનો એક વરસમાં આવી જશે, તો કોઈ કહે છે કે બે વરસમાં આવી જશે. મહારાજને લોકો પૂછે છે કે સત્તાવન સુધીમાં આ કામ થઈ જશે? ગાંધીને પણ એ લોકો એમ પૂછ્યા કરતા કે શું એક-બે વરસમાં થઈ જશે? તો આ કંઈ ટાઈમટેબલ નથી કે કોઈ ફળજ્યોતિષનો વર્તારો નથી. આ તો ગણિત-જ્યોતિષ છે. એમાં તારીખ છે તે વર્તારાની તારીખ જેવી નથી. એનો અર્થ તો એટલો જ છે કે જમાનાની રુખ હવે આ તરફ છે. સમસ્યાઓનું સમાધાન હવે ગાંધીની પ્રક્રિયા સિવાય બીજી કોઈ પ્રક્રિયાથી થવાનું નથી.

આ અર્થમાં મેં એમ કહ્યું કે આ યુગની વિભૂતિ ગાંધી છે અને આ ગાંધીનો યુગ છે.

**શસ્ત્ર, રાજ્ય ને ધનની સત્તાઓને સ્થાને કોઈ માનવીય શક્તિની જરૂર વરતાય છે**

ગાંધી આપણા દેશનો હતો, આપણો પિતા હતો, ગાંધી આપણો સગો-વહાલો હતો, એવું વિશેષ પ્રેમને કારણે લાગે; પણ આપણે જ્યારે એમ કહીએ છીએ કે "ગાંધી જ આ યુગનો યુગપુરુષ હતો, ગાંધી પછી સમસ્યાઓનું સ્વરૂપ પણ કંઈક નવા જ રંગઢંગથી આપણી સામે ખડું થાય છે, ત્યારે કહેવાનો આશય એટલો જ છે કે હવે મનુષ્ય શસ્ત્રસત્તા, રાજ્યસત્તા અને ધનસત્તા—આ ત્રણેય સત્તાઓથી થોડોક ઊંચે ચઢી ગયો છે.

મનુષ્ય રાજ્યસત્તાથી કેમ ઉપર ગયો છે? સાત દિવસ દરમ્યાન જ્યારે એ વાત સૂઝશે ત્યારે તમારી સમક્ષ મૂકીશ, પણ અત્યારે આટલું કહી દઉં:

લોકોએ એવો સવાલ પૂછ્યો હતો: Why has the League of Nations failed? Why has the United Nations Organisation

failed ?" ( લીગ ઑફ નેશન્સ અને યુનો કેમ નિષ્ફળ ગયાં છે ? ) ત્યારે એ લોકોએ શો જવાબ આપ્યો હતો ? "Because they are not a Government." કારણ કે એ સરકારો નથી. એ કેવળ સંસ્થાઓ છે. એ જો સરકારો બની ગઈ હોત તો એ નિષ્ફળ ન જાત. સવાલ એ પેદા થયો કે "એમને સરકારો બનાવવા માટે શું કરવું જોઇએ ?" તો કહેવામાં આવ્યું કે "એમને ફોજ આપવી જોઈએ." "ફોજ કોણ આપશે ?" "અમેરિકા અને રશિયા."

તો આ તો ઘટોત્કચનાં હાંડકાં થયાં ! આ તરફથી ભીમ ધમકાવે અને પેલી તરફથી શકુનિ ચાલબાજી કરે. એ લોકો આમ ને આમ પાસા અવળસવળ કર્યા કરશે !

તેથી જવાહરલાલજીએ ત્યાં કહ્યું કે શસ્ત્રશક્તિ હવે આપણી વ્યવહારનીતિ થઈ જ ન શકે. It is obsolete as a matter of policy–હવે એ નીતિ વ્યવહારનીતિ થવા માટે બહુ જરીપુરાણી થઈ ગઇ કહેવાય.

શસ્ત્રશક્તિ, રાજ્યશક્તિ અને ધનશક્તિમાં જે લોકોને ભરોસો હતો, એ તમામ લોકો હવે કોઈ બીજી માનવીય શક્તિની શોધમાં છે, કારણ કે હવે માનવીય મૂલ્યોની સ્થાપના કરવી છે.

માનવીય મૂલ્યોની સ્થાપનાનું માધ્યમ પણ અવાંતર (માનવીય નહીં તેવું) ન હોઇ શકે. મનુષ્યની અંદર જે ન હોય તેનાથી માનવીય મૂલ્ય સ્થાપી શકાય નહીં.

આ દૃષ્ટિએ મેં તમારી સૌની સેવામાં આ આખી સમસ્યાની માંડણી કરી દીધી છે.

હવે આના પછી, 'સર્વોદયનું સ્વરૂપ શું છે ?' 'એને સમસ્ત સમાજને માટે કઇ રીતે લાગુ પાડી શકાય તેમ છે ?' 'વિજ્ઞાનની સાથે આપણી સંસ્કૃતિનો મેળ પડી શકે તેવી સાર્વભૌમ નીતિ સર્વોદય જ કઈ રીતે બની શકે તેમ છે ?'–આ બધી બાબતોનો વિચાર, આપણે લોકો જેમ જેમ સાથે બેસતાં જઇશું, તેમ તેમ તમારી સેવામાં રજૂ કરતો જઇશ, અને તમે લોકો જે વિચાર આપશો તે ગાંઠે બાંધતો જઇશ.

★

વાચકના સ્વાધ્યાય-ટિપ્પણ માટે :

२

# સર્વોદય-સિદ્ધાંત

★


૧૨. સર્વનો ઉદય કેવળ આદર્શ નથી, વ્યવહાર પણ છે

૧૩. આદર્શ પૂર્ણ જ હોઈ શકે, તેથી સર્વનો ઉદય

૧૪. સભ્ય વ્યવહારે સર્વોદયનું સાર્વભૌમત્વ સ્વીકારેલું જ છે

૧૫. સર્વોદયનું સાધ્ય છે અદ્વૈત : સાધન છે સમન્વય

૧૬. વસ્તુનિષ્ઠ ડાર્વિનવાદનો મત્સ્યન્યાય; સમાજનિષ્ઠ હક્સલેનો અધૂરો સુધારો: "જીવો અને જીવવા દો", માનવનિષ્ઠ સર્વોદયનું ક્રાંતિસૂત્ર "જિવાડવા માટે જીવો"

૧૭. માનવનિષ્ઠાનો વૈજ્ઞાનિક આધાર

૧૮. માનવનિષ્ઠ સર્વોદય સમાજમાં અસમર્થોને સમર્થ બનાવી વ્યક્તિ પોતાની સમર્થતાનો વિકાસ કરશે.

૧૯. સર્વોદય સમાજનું મહામૂલ્ય પ્રેમ અથવા અહિંસા, એ પણ માનવનો સ્વભાવ જ છે

૨૦. સર્વોદયનું પ્રથમ પ્રમેય : "માનવસ્વભાવ પ્રેમમૂલક છે. સંઘર્ષમૂલક નથી" —એનાં પ્રમાણો

૨૧. પ્રેમ શાશ્વત નિરપેક્ષ મૂલ્ય છે–શાશ્વત મૂલ્યનાં લક્ષણો

૨૨. નિષ્કર્ષ અને 'ધર્મ–વિજ્ઞાન'ની પૂર્વભૂમિકા

સવારે ( પહેલા પ્રવચનમાં ) જે મુદ્દાઓ રજૂ કર્યા હતા તે બધામાં સૌથી મહત્ત્વનો મુદ્દો એ હતો કે આજે આખા જમાનામાં જે આકાંક્ષા છે તેનાથી સર્વોદયના સિદ્ધાંતને માટે અનુકૂળ વાતાવરણ પેદા થયું છે. આપણો હેતુ આપણા સિદ્ધાંતની સ્થાપના કરવાને બદલે પરિસ્થિતિનું નિરપેક્ષ ભાવે અધ્યયન કરવાનો અને સમસ્યાનું સમાધાન કઈ રીતે થાય એ શોધવાનો હોવો જોઈએ. આજના યુગની આકાંક્ષાની પૂર્તિને માટે સર્વોદયના સિદ્ધાંત અને નીતિ સિવાય બીજો કશો ઉપાય નથી રહ્યો.

## ૧૨. સર્વનો ઉદય કેવળ આદર્શ નથી, વ્યવહાર પણ છે

તો સર્વોદયનું દર્શન સમગ્ર જીવનને માટે હોવું જોઈએ, સાર્વભૌમ હોવું જોઈએ, જેને દેશ–કાળની મર્યાદાઓ નડે નહીં એવું જોઈએ. લોકો Chronology–કાલક્રમ અને ઇતિહાસના સિદ્ધાંતોમાં માને છે, પણ હું કાલક્રમ અને ઇતિહાસની વાત નથી કરતો. કાલાતીત સિદ્ધાંતનો અર્થ એ છે કે સિદ્ધાંતનો વિનિયોગ–ઉપયોગ–બદલાતો રહેશે, એને લાગુ પાડવાની પદ્ધતિમાં ફેરફાર થતા રહેશે, પરંતુ સિદ્ધાંત નહીં બદલાય. પ્રાચીન ભાષામાં કહું તો સિદ્ધાંત પારમાર્થિક હોવો જોઈએ, આર્થિક નહીં. સમાજનાં મૂલ્ય આર્થિક ન હોવાં જોઈએ. આ વિજ્ઞાનના યુગમાં આ વાત કાંઈક અટપટી લાગશે. વિજ્ઞાન પ્રયોગો કરે છે, શોધખોળો થતી રહે છે, પણ એમાંથી અંતિમ સિદ્ધાંત નથી મળતા. તેથી સમાજનાં મૂલ્ય આર્થિકની જેમ વૈજ્ઞાનિક પણ ન હોવાં જોઈએ, બલ્કે પારમાર્થિક હોવાં જોઈએ.

બર્ટ્રાન્ડ રસેલ આજના એક મોટા વિચારક છે. વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ અને બુદ્ધિવાદીઓના અગ્રણી છે. રાજશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર અંગે તેઓએ એક પુસ્તક લખ્યું છે. નામ તો મને યાદ નથી, પણ એને બધા વખાણી વખાણીને વાંચે છે. એના છેલ્લા પ્રકરણમાં એમણે એવું પ્રતિપાદન કર્યું છે કે આજની દુનિયાની બધી સમસ્યાઓનો ઉકેલ કરવાને માટે ભારતવર્ષે જ આગળ આવવું જોઈએ. પુસ્તકમાં એમણે જે વિવેચન કર્યું છે એમાં એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે આદર્શ અને ઉદ્દેશ નૈતિક હોવા જોઈએ. બર્ટ્રાન્ડ રસેલ જેને **'નૈતિક'** કહે છે, એને જ આપણે ત્યાંનાં શાસ્ત્રોએ **પારમાર્થિક** કહ્યા છે.

શંકરાચાર્યે **પરમાર્થ**ની વ્યાખ્યા કરી છે, એનાં પદાર્થ–લક્ષણ

બતાવ્યાં છે: एकरूपेण अवस्थितः यः अर्थः स परमार्थः । અર્થ કહેતાં પ્રાપ્તવ્ય-જે મેળવવું છે તે. પુરુષાર્થ એટલે કે પુરુષને માટે જે પ્રાપ્તવ્ય છે તે–objective. परम अर्थ એટલે એવી પ્રાપ્ય વસ્તુ જે એક રૂપમાં અવસ્થિત રહે છે, જેમાં પરિવર્તન નથી થતું. (અર્થાત્ પરમાર્થ એટલે મેળવવાની એવી વસ્તુ જે ગમે ત્યારે ગમે ત્યાં મેળવવાની જ રહે. આજે અહીં મેળવવા જેવી લાગે, કાલે ત્યાં ન લાગે, એને પરમાર્થ ન કહેવાય-સં)

વાદોમાં જકડાયેલા સિદ્ધાંતોની વાત જવા દો, પ્રત્યક્ષ સમાજના સિદ્ધાંતો ત્રિકાલ બાધિત, સાર્વભૌમ અને સાર્વકાલિક (બધા સ્થળ અને બધા કાળ માટેના) હોય છે, તેથી પારમાર્થિક જ હોય છે.

'સર્વોદય' એ નામ ભલે નવું હોય, પણ એનો અર્થ બધાંનું જીવન સંપન્ન થાય એટલો જ છે. અને જીવનનો અર્થ જ એ છે કે વિકાસ થાય, અભ્યુદય થાય, ઉન્નતિ થાય. વિકાસ કરવો છે માટે તો સર્વનો ઉદય કહ્યો છે. પુરાણા કાળમાં 'અભ્યુદય' શબ્દનો પ્રયોગ 'ઐહિક વૈભવ' એટલા જ અર્થ પૂરતો મર્યાદિત હતો. તેથી ગાંધીજીએ કેવળ 'ઉદય' શબ્દનો પ્રયોગ કર્યો. એકીસાથે સમાનરૂપે સર્વનો ઉદય થાય એ જ સર્વોદયનો ઉદ્દેશ છે.

બધા લોકો જીવે અને તે પણ એકબીજાની સાથે જીવે. શાસ્ત્રીય પરિભાષામાં કહું તો જીવનનો વિકાસ અને જીવનનો અધિકતમ વિસ્તાર. આપણે જીવનને પરમ મૂલ્ય Supreme Value માન્યું છે. એ વિશે કોઇને વાંધો નથી. ગમે તે વાદ હોય, આ એનું પરમ મૂલ્ય છે. નાસ્તિક હોય કે આસ્તિક હોય, અર્થવાદી હોય, વિજ્ઞાનવાદી હોય કે પછી ભલે રાજનીતિજ્ઞ હોય, કોઈને પણ 'દુનિયામાં જીવનનો વિકાસ અને વિસ્તાર કરવો છે' એ સામે કશો વાંધો નહીં હોય. બધા એ વાત માનશે.

હવે, આપણે એવું કરવા માંગીએ છીએ કે બધાંનું જીવન સંપન્ન થાય, સોએ સો ટકા લોકોનું જીવન સંપન્ન થાય. અત્યાર સુધીના સિદ્ધાંતવાદીઓ અને સર્વોદયના વિચાર વચ્ચે અહીં મૂળભૂત અંતર પડશે. બીજા સિદ્ધાંતવાદીઓ કહે છે કે સો ટકાનું ભલું થવું તો જોઈએ, પણ એ વહેવારમાં બને તેમ નથી. તેથી તમારો સર્વોદય ઇચ્છા કે આકાંક્ષા તરીકે ઠીક છે, પણ વ્યવહારમાં એનો અમલ કરવો અશક્ય છે.

હવે, આપણો એવો દાવો છે કે સર્વોદય કેવળ જીવનનું એક દર્શન કે વૃત્તિ માત્ર નથી, પણ એ વ્યવહારની એક નીતિ પણ છે. Outlook

on life તો એ છે જ, પણ સાથે સાથે એ કેવળ રાજકીય નીતિ કે આર્થિક સિદ્ધાંત માત્ર નથી; પરંતુ એ એક દર્શન છે, મનોવૃત્તિ છે અને વ્યવહારની નીતિ પણ છે.

તેથી જ્યારે એવો આક્ષેપ કરવામાં આવે છે કે સૌનું સમાનભાવે સુખી થવું એ અશક્ય છે, ત્યારે એનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઇએ.

## ૧૩. આદર્શ પૂર્ણ જ હોઇ શકે, તેથી સર્વનો ઉદય

અહીં હું એટલું નિવેદન કરી દેવા માંગું છું કે મનુષ્યના આદર્શ અંગેનો સંકલ્પ સૌને માટે સમાન હોવો જોઈએ, સર્વ–સામાન્ય હોવો જોઈએ. સંકલ્પ આંશિક કે નાનો ન હોઈ શકે, સમગ્ર જ હોઈ શકે. સૌનું કલ્યાણ થાવ; ૧૦૦ માંથી ૯૯ કે ૯૮ નું નહીં; **सर्वेऽत्र सुखिनः सन्तु**—સંકલ્પ તો આવો જ હોવો જોઈએ. આને જ આદર્શ કહ્યો છે.

મનુષ્યનો આદર્શ એની પહોંચમાં હોય છે, એની પકડમાં નહીં. આમાં જ પ્રગતિ માટેની તક રહેલી છે.

આ શિબિરમાં તમે જે વિવિધ ટુકડીઓ પાડી નાંખી છે, તેમાં એકનું નામ 'સોક્રેટિસ પથક' પાડયું છે. આ સોક્રેટિસ કોઈ પણ શબ્દનો પ્રયોગ સમજ્યા વિના કદી પણ કરતો નહીં. આજે આપણને એના કરતાં જુદી જ આદત પડી ગઈ છે. કેટલાક શબ્દો જીવનમાં એટલા સામાન્ય થઈ પડ્યા છે, સેળભેળ થઇ ગયા છે કે એમના અર્થ વિશે આપણને કાંઈ વિચારવાપણું જ નથી લાગતું. કહે છે, "સાચું બોલો." બધા જ હંમેશાં આમ કહે છે. ત્યારે હું પૂછું છું કે, "સાચું એટલે શું?" આવું પૂછું છું ત્યારે એમને લાગે છે કે આ તો ભારે અટપટી વાત કરે છે, અને કહે છે, "સાચું એટલે સાચું; બીજું શું વળી?"

લોકો તો આવું કહી દે છે, પણ આપણે 'તો સોક્રેટિસ પથક' વાળા છીએ ને? એટલે આપણે તો શબ્દો સમજીને વાપરવા રહ્યા. આપણે સાધારણ રીતે શબ્દો વિશે વિચાર કરતા નથી, તેથી મેં શબ્દોના અર્થ વિશે આટલું ભારપૂર્વક કહ્યું.

આખરે 'પ્રગતિ' એ શું છે? કેવળ ગતિ, motion, એ કાંઈ પ્રગતિ નથી. અમુક ચોક્કસ દિશામાં પગલાં ભરવાં, આપણા મુકામ તરફ આગળ વધે જવું, એનું નામ પ્રગતિ. જવું હોય સ્ટેશન તરફ અને ડગલાં દઇએ જેલ ભણી, તો એને પ્રગતિ નહીં કહેવાય. વ્યવહારનું આદર્શ

પ્રત્યે આગળ વધવું, એનું નામ પ્રગતિ. આદર્શથી વિરુદ્ધ ગતિ થાય છે ત્યારે એને પ્રતિગતિ કહે છે. Radical અને Reactionary એ શબ્દો વારંવાર આવશે. તેથી પ્રગતિશીલ અને પ્રતિગામી એ શું છે તે સમજી લો.

આપણે પૂછીએ છીએ કે 'પ્રગતિશીલ' તો કહી દીધું, પણ એની પરીક્ષા શી ? તો દરેક વાદવાળા કહે છે કે અમારા ગ્રંથોમાં જે લખ્યું છે એને જે અનુકૂલ હોય તે પ્રગતિશીલ અને એને જે પ્રતિકૂલ હોય તે પ્રતિગામી. "Orthodoxy is my doxy, heterodoxy is another man's doxy–હું કહું તે ધર્મ અને બીજો કહે તે ધતિંગ !"

તો ભાષામાંથી **अस्मत्–युष्मत्** (અમે–તમે) શબ્દો કાઢી નાંખો. મેં આ શબ્દો શંકરાચાર્યના ભાષ્યમાંથી લીધા છે. એમણે લખ્યું છે કે, "આ **अस्मत्–युष्मत्** પ્રત્યય જ પરમાર્થ ભાવને ખતમ કરી નાંખે છે. તેથી હું એને મારી ભાષામાંથી કાઢી નાખું છું."

આદર્શ શું છે ?–કે દુઃખી કોઈ નહીં હોય, સૌ સુખી થાય ! આ વસ્તુ અશકય નથી, અસાધ્ય નથી; પણ પ્રયત્નસાધ્ય છે, અર્થાત્ પ્રયત્નથી સિદ્ધ થઈ શકે તેવી છે. એ પ્રયત્નસાધ્ય છે તેથી તો આચરણની જરૂર છે. એવો પ્રયત્ન તે જ સદાચાર છે. સ્વર્ગ–નરક, પુણ્ય–પાપ એ બધું નેવે મૂકીને એનો વિચાર કરીએ. કેવળ એટલું જ ધ્યાનમાં રાખીએ કે મનુષ્યમાત્રને સુખી બનાવવાનો આપણો સંકલ્પ છે. જે નિયમ એ દિશામાં લઈ જાય છે તે સદાચાર છે અને જે એની વિરુદ્ધ લઈ જાય છે તે દુરાચાર છે.

આદર્શ વિશે આગળ કહ્યું તેમ "It will be within our reach but not within our grasp–એ આપણી પહોંચમાં હશે, પકડમાં નહીં." આદર્શની આવી ઊંચાઈ છે તેથી તો પ્રગતિને માટે નિરંતર અવસર રહે છે. મનુષ્યનો આદર્શ એટલો ઊંચો હોવો જોઈએ કે જેથી એનું આખું જીવન પ્રગતિમય જ રહે.

—ગાંધીને કોઈએ પૂછ્યું કે તમારી અહિંસાની વ્યાખ્યા શું ? હવે ગાંધી તો બિચારો કાંઈ શબ્દો અને પરિભાષાઓનો સ્વામી નહોતો. એટલે એણે કહ્યું કે, "હું વ્યાખ્યા તો ન કરી શકું, પણ સરખામણી કરી શકું. અહિંસા યુકિલડની ભૂમિતિના બિન્દુ જેવી છે. બિન્દુને સ્થિતિ હોય છે, પણ લંબાઈ કે પહોળાઈ નથી હોતાં. વ્યાખ્યા પ્રમાણેનું બિન્દુ તો કોઈ બનાવી શકે નહીં, પણ વ્યાખ્યા વિના તો બિન્દુ જ ન બનત."

—ગાંધીએ આવું કહ્યું ત્યારે લોકોએ મને કહ્યું કે આ વાતને જરા ચોકખી કરીને સમજાવો. હવે, સમજાવવાની દરેકની પોતપોતાની રીત હોય છે. તો હું પણ મારી મતિ મુજબ સમજાવવાનો પ્રયત્ન કરીશ. વિનોબા કહે છે કે જે છોકરો નિશાળમાં સાવ 'ઢ' હોય છે તે પાછળથી સારો શિક્ષક થઈ શકે છે. કારણ કે એને પોતાને સમજતાં વાર લાગેલી, એટલે સૌથી ઓછી સમજશક્તિવાળા વિદ્યાર્થીને પણ સમજ પડે એ રીતે એ શીખવતો હોય છે.

—એક વાર માસ્તરે એક છોકરાને કહ્યું કે ઓછામાં ઓછી લંબાઈ–પહોળાઈવાળું બિન્દુ બનાવ. એટલે એણે તો ચાકથી ટપકું કર્યું. માસ્તર સાહેબ કહે, "આવું કેમ બનાવ્યું? આ તો લાંબુ પણ છે અને પહોળું પણ છે!" એમ કહીને એમણે હાથમાંની આંકણીના છેડાથી ડાઘો પાડયો. એ જોઈને પેલો છોકરો કહે, "આના કરતાં તો મારુ સારું હતું." એટલે માસ્તર કહે, "જોતો નથી? મારા હાથમાં આંકણી છે તોયે મારી સામું બોલે છે?!" એટલામાં બીજા એકે કહ્યું, "મારી પેન્સીલની અણી ચાક કરતાં બારીક છે." ત્યાં ત્રીજો એક કહે, "સોયથી કરો સોયથી!" તોયે લંબાઈ–પહોળાઈ થોડીક તો રહી જ!

આમ જેની જેવી ભૂમિકા હશે, જેનું જેવું સાધન હશે, તેવું તેનું બિન્દુ બનશે. પણ વ્યાખ્યા કરતી વખતે તો પૂર્ણ વાત જ કરવી પડશે; એમાં ઓછામાં ઓછું આટલું લાંબુ ને આટલું પહોળું એમ નહીં કહેવાય. વ્યાખ્યામાં અધૂરું ન કહેવાય. પૂરું જ કહેવું પડે.

તેથી સર્વોદયનો સંકલ્પ અલ્પ નહીં, મહાન છે; કેવળ મહાન જ નથી, સમગ્ર છે.

જે કાંઈ જીવન છે તે સમસ્ત ઈશ્વરથી ભરેલું છે. **ईशावास्यं इदं सर्वम्।** તેથી જે કાંઈ જીવન છે તે સમસ્ત જીવનને સંપન્ન કરવું એ આપણું મુખ્ય કાર્ય થઇ પડશે.

આ મેં દાર્શનિક દષ્ટિએ, ફિલસૂફની દષ્ટિએ કહ્યું. આદર્શ અપ્રાપ્ય નથી, અપ્રાપ્ત છે. અર્થાત્ મળે નહીં તેવો નથી; પણ હા, મળેલ નથી. અપ્રાપ્ત શા માટે? કારણ કે એનાથી નિરંતર પ્રગતિ થાય છે. એ એટલો ઉચ્ચ છે કે સૌને સમાન રીતે લાગુ પડી શકે છે

## ૧૪. અન્ય વ્યવહારે સર્વોદયનું સાર્વભૌમત્વ સ્વીકારેલું જ છે

હવે જરા બીજી રીતે વિચારીએ.

અમુક સમાજ સંસ્કારી છે કે અસંસ્કારી એની કસોટી શી? આપણો દેશ છે માટે પક્ષપાત કરું છું એવું નથી, પરંતુ એક ઉદાહરણ તરીકે ટાંકું છું. હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં જે રાજ્ય–વ્યવસ્થાઓ છે તે સારી છે કે ખોટી એ કઈ કસોટીથી નક્કી થઈ શકે? હિંદુઓ સાથે કેવું વર્તન કરવામાં આવે છે એના પરથી પાકિસ્તાનનું પારખું થશે અને મુસલમાનો સાથે કેવું વર્તન કરવામાં આવે છે, તેના પરથી હિંદુસ્તાનનું પારખું થશે એટલે કે સારી રાજ્યવ્યવસ્થાની એક કસોટી તમે એ ઠરાવી કે જે રાજ્યવ્યવસ્થામાં લઘુમતી સુખી હોય તે રાજ્યવ્યવસ્થા સારી. જેમાંથી બહુ–સંખ્યાવાદ અને અધિકતમ–સંખ્યાવાદ પણ ગયો હોય તે સમાજવ્યવસ્થા ઉત્તમ.

સો ઘરનું એક ગામ છે. એમાં ૯૮ ઘર ઉજળિયાતનાં છે અને બે હરિજનોનાં. હવે કહો, એ ગામને માટે સભ્યતા–અસભ્યતાની શી કસોટી? એક જ, અને તે એ કે પેલાં બે હરિજન ઘર સુખી, સુરક્ષિત અને સ્વતંત્ર રહી શકે છે કે નહીં. બે દુઃખી રહે અને ૯૮ સુખી રહેતાં હોય તો વાંધો શો છે? એવા સુખમાં બહુસંખ્યા તો છે, પણ વ્યાપકતા નથી.

વ્યાપકતા અને વિશાળતામાં ફેર છે. વિશાળતાનો અર્થ પ્રચંડતા છે. કેવળ પ્રચંડતા અને અજસતા (યંત્રવત્ સતત એકધારું ચાલવું તે) mass scaleનાં લક્ષણો છે. પણ આકારની વિશાળતા એ જુદી વસ્તુ છે અને વ્યાપકતા એ જુદી વસ્તુ છે. સર્વોદયમાં વ્યાપકતાને સ્થાન છે. સૌનો ઉદય થવો જોઈએ. સૌનું કરવાથી વ્યાપકતાનો ભાવ આવે છે. વ્યાપકતાનો અર્થ જ એ છે કે એમાં સૌનો સમાવેશ હોય, માત્ર બહુસંખ્યા–બહુમતી–નો નહીં.

ત્રીજી કસોટી : આપણે ઘણીવાર પૂછીએ છીએ કે ફલાણા સમાજમાં સ્ત્રીઓ અને બાળકો અંગે કેવી વ્યવસ્થા છે?–(આમ કહેવામાં પરંપરા પણ કંઈક અંશે કારણભૂત છે. હું તો ઇચ્છું છું કે સ્ત્રીઓ વિશે આજે આવો સવાલ પૂછવાપણું જ ન રહેવું જોઈએ. આપણે તો એવો જમાનો માંગીએ છીએ. પણ સ્ત્રી પરંપરાથી કમજોર મનાતી આવી છે અને એને માટે ખાસ વ્યવસ્થા કરવાની જરૂર મનાય છે. તેથી સ્ત્રી–બાળક એમ કહ્યું, ભગવદ્ગીતાએ પણ स्त्री–वैश्य–शूद्रનો એક વર્ગ માન્યો છે અને ભાષ્યકારો તો એક કદમ એથીયે આગળ જઈને કહે છે "स्त्री–पशु–शूद्रादिकानाम्"!) હવે સ્ત્રી–

બાળકોની વ્યવસ્થાની વાત પૂછીએ છીએ એમાં સ્ત્રીની સંખ્યા કેટલી એ વિચાર નથી કરતા. સર્વોદય શબ્દને ભૂલી જાવ. ગમે તે વાદવાળો હોય તોયે એ એવું કદી નહીં વિચારે કે બાળકોની સંખ્યા ઓછી છે માટે એમનો વિચાર કરવો જરૂરી નથી. બાળકોનું કલ્યાણ એ સંસ્કૃતિનું એક સર્વસાધારણ લક્ષણ છે.

હું તમારી સમક્ષ સર્વોદય-વિચાર આપણા સભ્ય વ્યવહારમાં કેટલો સાર્વભૌમ છે એની સાબિતીઓ રજૂ કરી રહ્યો છું.

સૌનું કલ્યાણ શા માટે ? સો ટકાનું ભલું કરવું એ અવહેવારુ વાત છે એવું તમને કહેવામાં આવે છે ને ? તો હું તમને કહું છું કે તમે એમ કહેનારાઓને પૂછો કે,

૧. હરિજનોનું પણ ભલું થવું જોઈએ એવું તમે નથી માનતા ?

૨. બાળકોની સંખ્યા ઓછી હોય છતાં સભ્ય સમાજમાં એમનો ખાસ ખ્યાલ રાખવો પડે છે કે નહીં ?

અને ૩. એમને એ ચીંધી બતાવો કે સમાજમાં આટઆટલાં દવાખાનાં છે, વિદ્યાલયો છે ! અપરાધીઓની સાથે કેવું વર્તન કરવામાં આવે છે ? જો તમારે ફક્ત બહુમતીનો જ ખ્યાલ રાખવો છે તો બીમારોનો તો વિચાર જ ન કરવો જોઈએ ને ! એમની સંખ્યા તો સાવ ઓછી હોય છે. તો પછી શા માટે દવાખાનાં ખોલો છો ? નિશાળો કેમ ઉઘાડો છો ? અભણને ભણાવવા માટે ને ? તે શું અભણ બાળકોની બહુમતી છે ? ગુનેગારોની સંખ્યા તો સૌથી ઓછી હોય છે. તો પછી એમની સુધારણા વિશે કેમ આટલી કાળજી લ્યો છો ?

કારણ કે સભ્ય સમાજનું એ એક લક્ષણ છે કે એ અસમર્થને સમર્થ બનાવવાની યોજના કરતો હોય. આ થઈ ત્રીજી કસોટી.

ત્રીજીમાંથી જ પેદા થનારી એક ચોથી કસોટી પણ છે. સભ્યતાની પરીક્ષા કરતાં કરતાં તમે પૂછો છો કે આ સમાજમાં આંધળા, બહેરા અને મૂંગાને માટે કશી સગવડ છે કે નહીં ? હવે, આ લોકોની સંખ્યા શી હોય છે ? એમની વ્યવસ્થા કરવાની શી જરૂર ?

કહો, આ બધા પ્રશ્નો પૂછ્યા તેમાંથી એકેય પ્રશ્ન આર્થિક છે ? તમામ પ્રશ્ન પારમાર્થિક છે. પરમાર્થનું નામ લઈએ, ન લઈએ એ વળી જુદી વાત થઈ; પણ એટલું નક્કી કે આપણે જ્યારે સમાજમાં માનવીય મૂલ્યોની સ્થાપના કરવાની વાતો કરીએ છીએ, ત્યારે ગાંધી-વિનોબા જેવા

કોઈ એમ કહે કે અમારે પારમાર્થિક મૂલ્યોની સ્થાપના કરવી છે, તો એમની સાથે તકરાર ન કરવી જોઈએ.

## ૧૫. સર્વોદયનું સાધ્ય છે અદ્વૈત, સાધન છે સમન્વય

આ જ સર્વમાન્ય મૂલ્યોની સ્થાપના માટે સર્વોદય છે. આપણા પ્રાચીન લોકોએ કહ્યું હતું, તેમ જો એક જ શબ્દમાં કહેવું હોય તો કહેવાય કે અદ્વૈતની સ્થાપના એ આપણો ઉદ્દેશ છે. અદ્વૈત એ આપણો આદર્શ છે. સમન્વય એ આપણી નીતિ છે. સમન્વય સાધન છે અને અદ્વૈત સાધ્ય છે.

### સમન્વયનો અર્થ : વિરોધોનો પરિહાર

સમન્વયનો અર્થ કરવામાં આવ્યો છે—વિરોધોનો પરિહાર, વિરોધોનું નિરાકરણ. અવિરોધ અર્થાત્ અદ્વૈતની સ્થાપના એ પોતે કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. વિરોધનાં કારણોનું નિરાકરણ, વિરોધ–પરિહાર, એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. આંતરવિરોધોનું નિરાકરણ, કરવું એ જ ક્રાંતિ કહેવાય છે. સમાજમાં પ્રવર્તનારા વિરોધોને દૂર કરવા એ જ ક્રાંતિનો ઉદ્દેશ છે. ભગવદ્ગીતાએ અવિરોધની સ્થાપનાને સમત્વયોગ કહ્યો છે અને એને જ વિનોબાએ 'સામ્યયોગ' એવું નામ આપ્યું છે. બંનેનો અર્થ છે : Science and Art of Equanimity. આ જેમ એક વિજ્ઞાન છે, તેમ જ એ દિશામાં જવાની એક વિદ્યા પણ છે, અને યોગ પણ છે.

તો આજની પરિભાષામાં સમાજમાં જેટલા contradictions–આંતરવિરોધ–હોય એનું નિરાકરણ કરવું એને ક્રાંતિ કહે છે. અને તે પછી સર્વોદયની સ્થાપના થાય છે.

તો મેં ત્રણ વાતો કહી : તે એ કે (૧) સંકલ્પ આપણો સમગ્ર છે. આપણે સૌનો સમાવેશ કરીએ છીએ, કોઈને બાકાત રાખતા નથી. બહુસંખ્યા–અલ્પસંખ્યા એવા ભેદ પણ પાડતા નથી. આપણી વાતમાં સંખ્યાનો વિચાર જ નથી. સંકલ્પ વ્યાપક છે. (૨) તે એ કારણે કે આદર્શ ઊંચો છે; અપ્રાપ્ત છે પણ પ્રયત્નસાધ્ય છે, અસાધ્ય નથી. અને (૩) આ જ હકીકત આપણે માટે નિરંતર પ્રગતિની તક પૂરી પાડે છે. આદર્શ પ્રત્યે વ્યવહાર આગળ વધે એ જ પ્રગતિ છે.

આ કેવી રીતે ? તો સમજાવ્યું કે સભ્યતાની પણ ત્રણ કસોટીઓ મનાય છે :—

૧. રાજકીય લઘુમતીઓનો દરજ્જો કેવો છે ? જ્યાં લઘુમતી સુખી છે તે સમાજ સભ્ય છે.

૨. પરંપરાથી કમજોર ગણાતાં સ્ત્રી–બાળકોનું સ્થાન સમાજમાં કેવું છે?

૩. સમાજમાં જે અસમર્થ, બીમાર અને અપરાધી છે એમને માટે કેવી વ્યવસ્થા છે? અસમર્થમાં અપંગોનો અને અનાથોનો પણ સમાવેશ થઈ ગયો.

આનો અર્થ એ કે આપણે મનુષ્યકૃત વિષમતાઓનું નિરાકરણ કરીશું અને પ્રાકૃતિક વિષમતાની ઉગ્રતાને બને તેટલી ઘટાડી નાખીશું આને જ વિરોધ–પરિહાર કહે છે.

### ૧૬. વસ્તુનિષ્ઠ ડાર્વિનવાદનો મત્સ્યન્યાયઃ સમાજનિષ્ઠ હક્સ્લેનો અધૂરો સુધારોઃ "જીવો ને જીવવા દો!" માનવનિષ્ઠ સર્વોદયનું ક્રાંતિસૂત્ર : "જિવાડવા માટે જીવો."

હવે એ જોઈએ કે આમાં મનુષ્ય ક્યાં આવે છે?

ડાર્વિન બિચારો પુષ્કળ બદનામ થયો છે. એણે એવું કહ્યું હતું કે નહીં તે તો ખબર નથી, પણ લોકો કહે છે કે એણે એવું કહ્યું છે. મેં તો એની ચોપડી વાંચી, પણ એવું કશું મારી નજરે ચઢ્યું નહીં. લોકોએ મને કહ્યું કે, "એ તો તને એમાં સમજ ન પડે!" એટલે મેં કબૂલ કરી લીધું કે, "ચાલો ભાઈ, કબૂલ! એણે એમ કહ્યું છે."

"શું કહ્યું છે ડાર્વિને?"

તો કહે છે, "Survival of the fittest. જે જીવવા માટે સૌથી વધારે લાયક હશે તે જ જીવશે. અને Fittest–લાયકમાં લાયક—તે કહેવાય જે સૌથી તગડો હોય."

આને જ મત્સ્યન્યાય કહેવામાં આવે છે. આપણે ત્યાં ઉદાહરણો આપી આપીને કહેવામાં આવ્યું છે કે જુઓ, નાની માછલીને મોટી માછલી ખાઈ જાય છે.

હવે આપણે અહીં જરા સમજી લઈએ કે Fact અને Principle –વસ્તુસ્થિતિ અને સિદ્ધાંતની વચ્ચે ફરક હોય છે. વસ્તુસ્થિતિ જીવનનો સિદ્ધાંત નથી બની શકતી. વસ્તુસ્થિતિ સિદ્ધાંતની દિશામાં પ્રગતિ કરે એ જ સંસ્કૃતિ છે.

તો ડાર્વિનને દાદા ધર્માધિકારી નમ્રતાથી પ્રશ્ન પૂછે છે, "જો સૌથી તગડું હોય તે જ જીવી શકે, તો તો હાથી જ જીવે. જીવવા માટે મનુષ્ય કરતાં વધુ નાલાયક પ્રાણી બીજું કયું છે?"

—પશુઓમાં એકવાર મનુષ્યને માટે અનુકંપા પ્રગટ કરવા માટે એક સભા ભરાઈ. 'પશુનગરની માનવ–દયા–મંડળી'ની સભા !

વાઘે કહ્યું, "નથી બિચારા પાસે નખ કે નથી ધારદાર દાંતવાળું જડબું ! ભગવાને બિચારાને તદ્દન હથિયારવિહોણો બનાવ્યો છે !"

પક્ષીએ કહ્યું, "ચાંચે નથી અને પાંખે નથી. ઊડી પણ નથી શકતો !"

હરણે કહ્યું, "મારા જેવાં સુંદર શિંગડા એને ક્યાં છે ? તેમ જ ઝડપી પગ પણ નથી ! શી ખબર ભગવાને એને છેક આવો કેમ ઘડયો હશે ? બીજાં પ્રાણીઓને ઘડવામાં તો ભગવાને એમની કળાનો પરચો દેખાડયો છે, પણ માણસને તો તદ્દન જ લાપરવાઈથી ઘડી નાંખ્યો લાગે છે ! વેઠ જ ઉતારી લાગે છે !"

મનુષ્ય કોઈ પણ જાતનું નૈસર્ગિક સાધન ધરાવતો નથી. છતાં મનુષ્ય હાથી પર સવારી કરે છે, હાથી મનુષ્ય પર સવારી નથી કરતો. હાથીને માથે મનુષ્ય બેસે છે ત્યારે તો તમે કહો છો કે, "હા, એમાં શું ? સ્વાભાવિક છે. જે થાય છે તે બરાબર જ છે." અને જો એથી ઊલટું થયું તો બૂમાબૂમ થઈ જાય છે કે, "ભયંકર અકસ્માત થયો. હાથીએ માણસને ઝૂંદી નાખ્યો !"

પહેલી વાત સ્વાભાવિક છે, બીજી ગમખ્વાર ઘટના છે.

એ જ રીતે સમાજમાં જો મનુષ્ય એમ કહે કે જીવવા માટે–સૌથી ઉપર ચડવા માટે–એ જ લાયક છે જે સૌથી તગડો હોય, તો એને એની બુદ્ધિની બલિહારી નહીં તો બીજું શું કહેશો ?

પછી આવ્યો ટોમસ હક્સલે. એને ડાર્વિનની વાત કંઈક અટપટી લાગી. એટલે એણે એક ડગલું આગળ ભર્યું. એણે કહ્યું, "મનુષ્યનો તો સમાજ બંધાય છે, તેથી માત્ર જે તગડો હોય તે જ જીવે છે એવું નથી, પરંતુ જે બીજાને જીવવા દે છે તે જ જીવે છે."

આમ બે સિદ્ધાંતો નીકળ્યા–

૧. બીજાને ખાઈને જીવો–Live on others.

૨. જીવો અને જીવવા દો–Live and let live. Coexistence સહ-અસ્તિત્વનો સિદ્ધાંત !

—એક હૉસ્પિટલમાં એક માને બાળક અવતર્યું. એ રડતું હતું. મા એના તરફ પીંઠ કરીને સૂઈ ગઈ હતી. નર્સે આવીને પૂછયું, "કેમ આમ ?"

ત્યારે એ મા કહે છે, "હું સમાજશાસ્ત્ર ભણી છું. જીવું છું અને જીવવા દઉં છું! એના જીવવા આડે જરાયે વાંધો ઊભો કરું છું?"

એટલે નર્સે એને કહ્યું, "અરે એ ન ચાલે તું એને જિવાડવા માટે જીવ!"

"જીવો અને જીવવા દો!" એ સિદ્ધાંત ભાવરૂપ (positive) નથી, તેથી એ સમાજની ધારણાનો સિદ્ધાંત (ધર્મ) હરગિજ ન બની શકે.

એટલે ત્રીજો સિદ્ધાંત આવ્યો, "જિવાડવા માટે જીવો!"

હું જ્યારે નારાયણને જિવાડવા માટે જીવું અને નારાયણ જ્યારે દાદાને જિવાડવા માટે જીવે, ત્યારે બંનેનું જીવન શકય બને અને સંપન્ન બને. અને જ્યારે તમામ દુનિયામાં એમ થશે ત્યારે Live to let live ચરિતાર્થ થશે.

એ જ સર્વોદય છે.

## ૧૭. માનવનિષ્ઠાનો વૈજ્ઞાનિક આધાર

'બીજા જીવે તે કાજે તું જીવ!' એ વાતથી સામાજિકતાનો આરંભ થાય છે. ત્યારે લોકોએ કહ્યું કે આ તો વિજ્ઞાનથી વિરુદ્ધ વાત છે—unscientific છે.

આજકાલ વિજ્ઞાન ઢાલ બની ગયું છે તો! જ્યાં ત્યાં અડાવવાની એ ચીજ થઈ પડી છે!

સારું ભાઈ! ચાલો, વિજ્ઞાન શું કહે છે જોઇએ?

જૂલિયન હક્સ્લેએ એની Man in the Modern world નામની ચોપડીમાં લખ્યું છે,....હું તો layman, રસ્તે ચાલતો સાધારણ માણસ, તરીકે વાંચું છું. વિજ્ઞાનની કડાકૂટવાળી પરિભાષા—jargon—જોઉં છું તો વાંચતો જ નથી, કેમકે એમાં આપણને કાંઈ ગતાગમ પડતી નથી! હા, તમારી લોકોની સામે થોડાક મોટા મોટા શબ્દો વાપરીને મારી બુદ્ધિ વધારી લઉં છું ખરો! પણ સાચું પૂછો તો વૈજ્ઞાનિક પરિભાષામાં મને બહુ સમજ પડતી નથી. પણ આ તો પેલા જૂલિયન હક્સ્લેએ સાધારણ માણસ સમજી શકે એવી થોડીક યાદગાર વાતો એ ચોપડીમાં લખી નાંખી છે....એણે લખ્યું છે: "કેવળ મનુષ્યનો જ એક એવો સમાજ હોય છે, જેમાં બુઢ્ઢો નેતા બની શકે છે. સિંહ, ભેંસ વગેરે કોઈ પ્રાણીના ટોળામાં બુઢ્ઢું જનાવર નેતા બની શકતું નથી. પણ મનુષ્યનો સમાજ એક નવી નવાઈનો છે!"

૮૦ વરસનો ચર્ચિલ, લંગડો લૂલો રૂઝવેલ્ટ,–એ નેતા થઈ શકે છે! ગાંધી, વિનોબા અને નેહરુ નેતા બની શકે છે! શું એ લોકો કિંગકોંગ જેવા તગડા છે? એમને જીવવાનોય હક છે ખરો? તો હક્સ્લેએ કહ્યું, "આ મનુષ્યની biological–જીવશાસ્ત્રીય–વિશેષતા છે કે એમાં ઘરડા નેતા બની શકે છે." મનુષ્યની વિશેષતા બુદ્ધિ છે અને મનુષ્યની શક્તિનો સ્રોત પણ એની બુદ્ધિ જ છે. बुद्धिर्यस्य बलं तस्य।

આને આત્મશક્તિ કહો, મનોબળ કહો કે પછી Soul Force કહો, વસ્તુતઃ એક જ ચીજ છે. શરીરશક્તિથી ભિન્ન, બાહુબળથી ભિન્ન, એવી અસીમ–અમર્યાદ એક શક્તિ છે, જે શરીરની સાથે સાથે ક્ષીણ થતી નથી.

આ હું કોઈ 'દેહનશ્વરવાદ'ના સિદ્ધાંતની માંડણી કરવા નથી બેઠો. પ્રાણીશાસ્ત્રની દષ્ટિથી જે વાત સિદ્ધ થયેલી છે તે જ રજૂ કરું છું.

હા, સુંદર સુડોળ શરીરની જરૂર છે, એનું મહત્ત્વ છે; કેમકે શરીર શક્તિનું આયતન (રહેઠાણ) છે. પણ શરીર એ શક્તિનું અધિષ્ઠાન (આધાર) નથી. આ તો શક્તિને રહેવાનું ઘર છે, પણ એ પોતે જ શક્તિ છે એવું નથી.

વિજ્ઞાને આપણને આટલે સુધી આણી દીધા છે. હવે જરા આગળના વિજ્ઞાનને જોઈ લો,

—એક મહાન નેતા, ગાંધીજીના સાથી, એમના એક સલાહકાર, જે આજે હયાત નથી, એમણે એકવાર અમને કહ્યું, "તમે અહિંસાની વાતો કરતી વખતે વિજ્ઞાન તરફ આંખ આડા કાન કરો છો! અહિંસામાં વીરવૃત્તિને કશો અવકાશ જ નથી રહેતો. કારણ કે તમે યુદ્ધનો નિષેધ કરો છો એટલું જ નહીં, લશ્કરી તાલીમનો પણ નિષેધ કરો છો! પણ બહાદુરીને અવકાશ ક્યાં રહ્યો?"

ત્યારે મેં નમ્રતાથી એમને પૂછ્યું, "આ વિજ્ઞાનના યુગમાં વીરતાને આમેય અવકાશ રહ્યો છે જ ક્યાં? હવે તો આકાશમાંથી બોમ્બ પડે છે. એટલે હું, દાદા ધર્માધિકારી, પણ શિવાજી અને રાણા પ્રતાપ જેટલો જ શહીદ અને વીર બની જઈ શકું છું, મારી ઘરડી મા, ગમે તે બીમાર બચ્ચું, ક્ષયરોગી, એ સઘળાં યુદ્ધમાં અનાયાસ વીરગતિને પ્રાપ્ત થઈ જશે!"

ત્યારે તેઓશ્રી કહે, "તને કદી એ વાતનો પણ ખ્યાલ આવે છે ખરો કે દસ હજાર ફૂટની ઉંચાઈ પર વિમાન ભાંગી પડે છે ત્યારે વિમાનીને છત્રી પીઠે બાંધીને ભૂસકો મારવો પડે છે એમાં કેટલી વીરતા છે?"

મેં કહ્યું, "હા, તે હું એની ના ક્યાં પાડું જ છું તે? એ જ તો અહિંસક વીરતા છે! હું તો વિજ્ઞાનનો પાડ માનું છું એણે હિંસક વીરતાને માટે અવકાશ જ નથી રહેવા દીધો. આજે તો એક છોકરડી પણ કોબાલ્ટ બે.મ્બ ફેંકીને લાખોને મારી નાંખી શકે છે. આ વિજ્ઞાનના જમાનામાં મારવામાં વીરતા રહી જ શકે એમ નથી. રહી શકે એમ છે, માત્ર ક્રુરતા! મશીનથી અને સ્વયંસંચાલિત શસ્ત્રોથી મારવામાં શી બહાદુરી બળી છે? આજે તો તેનસિંગ એવરેસ્ટ પર ચડી જાય એમાં જ વીરતાને અવકાશ રહ્યો છે. સમુદ્રના અંતરાળમાં ઊતરનારા, આગ ઓલવનારા વગેરે સાહસિકો જે વીરતા દાખવે છે તેથી વધારે વીરતાને માટે આજે હવે અવકાશ નથી રહ્યો. વિજ્ઞાનને કારણે, ભગવાનની કૃપાથી, અહિંસક વીરતા સિવાયની બીજા કોઈ પ્રકારની વીરતાની તક જ નથી રહી. વૈજ્ઞાનિક વીરતા અહિંસક વીરતા હશે."

તો વિજ્ઞાનવાદી જુલિયન હક્સ્લેએ કહ્યું કે પ્રાણીવિજ્ઞાન પ્રમાણે મનુષ્યની વિશિષ્ટ શક્તિ શરીરથી નિરાળી છે, અને તે છે એની બુદ્ધિ.

### ૧૮. માનવનિષ્ઠ સર્વોદય સમાજમાં અસમર્થોને સમર્થ બનાવી વ્યક્તિ પોતાની સમર્થતાનો વિકાસ કરશે.

આમ survival of the fittest–શ્રેષ્ઠતમ જીવે–ગયું, live and let live–જીવો અને જીવવા દો–ગયું, અને live to let live–'જિવાડવા માટે જીવો' એ સૂત્ર આવ્યું.

સમાજમાં આ સૂત્રનું સ્વરૂપ કેવું હશે? તો કહ્યું, "Fitting the unfit to survive–જે અક્ષમ હોય એને સમક્ષ બનાવવા—અસમર્થને સમર્થ બનાવવા."

ભગવાને સૃષ્ટિમાં એવી એક વિશેષતા રાખી છે કે કોઇને એણે દરેક રીતે સમર્થ નથી બનાવ્યું. કોઈ માણસ એક બાબતમાં સમર્થ હોય છે તો બીજી બાબતમાં નથી હોતો.

—એક પંડિતજી હતા. દશગ્રંથી, ષટ્શાસ્ત્ર-સંપન્ન વિદ્વાન હતા. નદીમાં રેલ આવી હતી. કાંઠે આવીને તેઓશ્રી માછીઓ સાથે વાતો કરવા મંડયા, "કેમ છો? ક્યાં રહો છો? શું કરો છો? કોઈ કોઈવાર આપણે ઘેર આવવું. એમાં શું? કહો તો સરનામું લખી આપું."

માછી કહે, "તમે તો ઘણેય લખી આપો, મહારાજ, પણ હું વાંચું શી રીતે? મને ઓછું જ વાંચતાં લખતાં આવડે છે?"

એટલે પંડિતજી બોલ્યા, "અરે રે! આટલાં વરસ શું પાણીમાં જ નાંખ્યાં? એક સરનામું'ય ઉકેલતાં ન શીખ્યો?"

પછી પંડિતજી નાવમાં ચડ્યા. માછી પંડિતજીને નદી પાર કરાવવા મંડ્યો. ઘુમરિયાળાં પાણીમાં નાવડી હાલમડોલમ થવા લાગી. પંડિતજી ગભરાયા અને માછીને કહેવા લાગ્યા, "ભઈલા, જરા સંભાળીને લે જે! આ વો જાનનું જોખમ કહેવાય!"

એટલે માછી કહે છે, "અરે પંડિતજી મહારાજ; ડૂબશે તો નાવડી ડૂબશે, એમાં આપણે માથે શું જોખમ છે? બે હાથ મારીને સામે કાંઠે નીકળી જઈશું"

પંડિતજી કહે, "ના, ભાઈ ના, મને તરતાં આવડતું નથી."

એટલે માછી હવે કહે છે, "પંડિતજી, આખી જિંદગી ગાળીને આટઆટલી વિદ્યાઓ ભણ્યા, તોયે તમે તમારો જીવ બચાવવાની વિદ્યા ન શીખ્યા?"

હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે કે સૌથી પહેલી પોતાનો જીવ બચાવાની વિદ્યા શીખી લેવી જોઈએ. એણે એને Art of direct self preservation કહી છે, યુદ્ધકળા શીખવાની વાત એણે ન કરી. એણે કહ્યું, "પાણીમાં ડૂબી મરવું ન પડે માટે તરતાં શીખો, અને ભૂખે ન મરવું પડે તે માટે હાથે રાંધી લેતાં શીખો."

તો સમર્થતા અને અસમર્થતા બંને બધાંયમાં વહેંચાયેલી છે. બીજાની અસમર્થતાનું નિરાકરણ કરવું અને પોતાની સમર્થતાનો વિકાસ કરવો, એ સર્વોદયની પ્રક્રિયા આમાંથી ફલિત થાય છે.

આપણે કહ્યું, "આપણું પરમ મૂલ્ય જીવન છે." જીવનને સંપન્ન બનાવવું છે. તો આપણી નીતિ શી હોવી જોઈએ? એ જ કે એકમેકનુ જીવન સંપન્ન કરીએ. આપણું કર્તવ્ય શું થઈ પડશે? તમારું જીવન હું સંપન્ન કરું અને મારું જીવન તમે સંપન્ન કરો. જીવન સંપન્ન કરવા માટે શું જરૂરી છે? તમારી અસમર્થતાનું નિવારણ અને મારી ક્ષમતાનો વિકાસ કરવી જરૂરી છે. મારી ક્ષમતાનો વિકાસ શેમાં છે? તમારી અસમર્થતાનું નિરાકરણ કરવામાં. સામાજિકતા આમાં જ છે, જ્યાં સુધી તમારી અસમર્થતાના નિવારણ માટે હું પ્રયત્ન ન કરું ત્યાં સુધી મારી સમર્થતાનો વિકાસ ન થઈ શકે.

આ સિદ્ધાંતને આર્થિક ક્ષેત્રમાં ઉત્પાદનને લાગુ કરવાનો છે પણ એ આપણે પછી જોઈશું. અહીં તો એનો ઉલ્લેખ માત્ર કરી લીધો.

મારી ક્ષમતાનો વિકાસ એ જ તમારી અક્ષમતાનું નિરાકરણ છે. તેમાંથી જ આપણને સર્વોદયની સમાજરચનાનાં બીજાં કેટલાંક મૂળભૂત મૂલ્યો મળે છે.

**૧૯. સર્વોદય સમાજનું મહામૂલ્ય પ્રેમ અર્થાત્ અહિંસા, એ પણ માનવનો સ્વભાવ જ છે.**

સવારે મેં તમને કહ્યું હતું કે " **द्वितीयाद् वै भयं भवति** ". આ ભયનું નિરાકરણ કઈ રીતે થાય ? બીજાની-પરાયાની બીક ક્યારે ન રહે ? જ્યારે પારકો પોતીકો બને ત્યારે. ગીતાંજલિના આરંભનાં કાવ્યો પૈકી જ એકમાં ગુરુદેવે તો કહ્યું હતું : " **दुरके करिले निकट बंधु, परके करिले भाई**-દૂરનાં કીધાં નિકટ બંધુ, પારકાં કીધાં ભાઈ."

સભ્યતાની આ જ રીત છે, બીજાંને નિજનાં બનાવવાં, અભેદની અદ્વૈતની સ્થાપના કરવી, એ જ સર્વોદયનો, સમાજશાસ્ત્રનો સિદ્ધાંત છે. સર્વોદયનો એટલે સૌનો; તમારો અને મારો જ નહીં પણ બધાયનો, જે જે લોકો પ્રગતિ અને સંસ્કૃતિ વાંચ્છે, તે સૌનો આ જ સિદ્ધાંત છે. બીજો કોઈ સિદ્ધાંત એમને માટે હોઇ જ ન શકે.

પરમ મૂલ્ય જીવન છે. એમાંથી બીજાં મૂલ્યો ફલિત થાય છે. આપણે પરસ્પર ભયરહિત થવું છે, તેથી એક મૂળભૂત મૂલ્ય થઈ પડે છે-પ્રેમ.

અહિંસા શબ્દ અભાવાત્મક ( નકારાત્મક ) છે, તો આપણે ભાવાત્મક શબ્દ શા માટે નથી વાપરતા, એમ કદી કદી પુછાય છે. આની પાછળ પણ વિચારની એક સૂક્ષ્મતા છે. આચરણના જેટલા નિયમ છે તેમાં નિષેધાત્મક શબ્દોનો પ્રયોગ જ વધારે થાય છે. આમાં ' સત્ય ' અપવાદ સ્વરૂપ છે. સત્ય જ એક ભાવરૂપ પારમાર્થિક અંતિમ મૂલ્ય છે.

કોઈએ ગાંધીને પૂછ્યું કે "સત્ય અને અહિંસા વચ્ચે પસંદગી કરવાનો પ્રસંગ આવે તો તમે શું કરો ? "

હવે આને શું કહેવું ? ગાંધીજીએ કહ્યું, " હું સત્યનો પૂજારી છું અને એની જ ઉપાસના કરતાં કરતાં મને અહિંસા જડી છે. અહિંસા વિના સત્યનું પાલન થઈ જ નથી શકતું, એમ મેં જોયું છે."

સત્યના પાલનનો અર્થ અહીં ઉપલબ્ધિ એવો છે. સત્યનું બીજા વ્રતનિયમોની જેમ પાલન કરવાનું નથી હોતું. એતો અંતિમ વસ્તુસ્થિતિ છે, અહિંસા વગેરેના પાલનથી સત્યની ઉપલબ્ધિ થાય છે. સત્ય જ અંતિમ મૂલ્ય છે. એનું પાલન અહિંસાથી શરૂ થાય છે.

હવે એક બીજી વસ્તુ વિચારી લેવા જેવી છે. હિંસાને માટે કારણની જરૂર પડે છે. અહિંસા માટે કારણની જરૂર નથી પડતી. અહિંસા અને પ્રેમ મનુષ્યના સ્વભાવ છે.

—આપણે બધાં અહીં બેઠાં છીએ અને ધારો કે બહાર કંઈક ધાંધલ થયું. નારાયણ જઈને જુએ છે કે શું થયું ? બધા કહે છે કે "ફલાણાએ ઢીંકણાને એક તમાચો ચોઢી દીધો !" એટલે નારાયણ ફલાણાને પૂછે છે : "ભાઈ, તેં તમાચો શું કામ માર્યો ?" એટલે ફલાણો પછી કારણ કહે છે : "એ છેક મારા કાન પાસે આવીને ગંદી ગાળો બોલતો'તો !" ઇત્યાદિ.

—હવે બીજો કિસ્સો લો. આપણે અહીં બેઠાં બેઠાં શાંતિથી આપણું કામ કરીએ છીએ. આપણને અહીં આવીને કોઇ એવું પૂછે છે ખરું કે તમે એકબીજાને તમાચા કેમ નથી મારતા ? એવું તો કોઇ ન પૂછે.

કોઇ તમાચો મારે છે ત્યારે મારવાનું કારણ બધા પૂછે છે ! કોઈ તમાચો નથી મારતું, ત્યારે ન મારવાનું કારણ કોઈ નથી પૂછતું. અર્થાત્ હિંસાને માટે કારણ જોઈએ છે, ખુલાસો કરવો પડે છે, જ્યારે અહિંસાને માટે કોઈ કારણ કે કેફિયત આપવાં પડતાં નથી. અહિંસા અને પ્રેમ મનુષ્યનો સ્વભાવ છે. સ્વાભાવિક વસ્તુનું કારણ આપવું પડતું નથી; અસ્વાભાવિક વસ્તુનું કારણ આપવું પડે છે. માણસને માટે અહિંસા અને પ્રેમ સ્વાભાવિક છે, જ્યારે હિંસા અને દ્વેષ અસ્વાભાવિક છે.

તો જે વર્તનને માટે કારણ આપવાં પડે તેને માટે નિયમો ઘડયા છે. કારણ આપવાં પડે તેવા વિકારોનું નિરાકરણ થઈ જાય છે ત્યારે પ્રેમ પ્રકાશી ઊઠે છે, કેમકે પ્રેમ એ સ્વભાવ છે, મૂળ સ્વરૂપ છે, અને વિકારો એની ઉપર લાગેલા ડાઘા છે. ડાઘા માંજી નાંખો કે મૂળ સ્વરૂપ ઝળકી ઊઠે છે. વિકારો એ ધોઈ કાઢવાની ચીજો છે તેથી એમને માટે નિષેધાત્મક શબ્દો ઘડાયા છે, જેમકે અ-ભય, અ-હિંસા, અ-સંગ્રહ, અ-સ્તેય, વગેરે.

પ્રેમ જેમ સ્વાભાવિક છે અને એને માટે 'કેમ ?' એવો પ્રશ્ન નથી પૂછવો પડતો, તેવું જ સંન્યાસને વિશે પણ કહેવાયું છે. શંકરાચાર્યને પૂછવામાં આવ્યું કે, "સંન્યાસ શું છે ? અમે શા માટે સંન્યાસ લઈએ ?"

ત્યારે શંકરાચાર્યે કહ્યું, "સંન્યાસ તો આપણો સ્વભાવ છે. એ લેવો નથી પડતો. લેવો પડત તો તો એ પોતે જ કર્મ થઈ જાત. સંન્યાસ એ તો સ્વ-રૂપ-અવસ્થાન છે. ભલું-બૂરું એકેય કામ કરવાની વાસના ન રહે, એને સંન્યાસ કહે છે. એ જ અવિકારી પ્રેમનું સ્વરૂપ છે."

ત્યારે લોકોએ કહ્યું, "પણ સારાં કામ શીદને છોડીએ ? સારાં કામ તો એટલા માટે કરીએ છીએ કે ખોટાં કામ તરફ મન વળે નહીં."

આચાર્યે કહ્યું, "ઠીક છે. પણ સારાંનીયે વાસના છોડીએ, પછી જે બચે છે તે આપણું અસલ સ્વરૂપ છે. અને તે સંન્યાસ છે."

શંકરાચાર્યે એમના ઉપનિષદ્-ભાષ્યમાં સંન્યાસની આવી વ્યાખ્યા કરી છે.

સ્વરૂપ તે છે જેને માટે નિમિત્ત અનાવશ્યક છે. હિંસાને માટે નિમિત્ત આવશ્યક છે. જે નિત્ય છે તે સ્વરૂપ છે. જે નૈમિત્તક છે તે સ્વરૂપ નથી. એ વિકાર છે. આપણે સમાજમાંથી હિંસાનાં કારણોનું નિરાકરણ કરવું છે, અને મનુષ્યના મનમાંથી હિંસાનું નિરાકરણ કરવું છે. તેથી અહિંસા ( હિંસા નહી તે ) એવો અભાવાત્મક–નિષેધાત્મક–શબ્દ વપરાયો છે, ભાવરૂપ શબ્દ નથી વપરાયો.

## ૨૦. સર્વોદયનું પ્રથમ પ્રમેય : "માનવ-સ્વભાવ પ્રેમમૂલક છે, સંઘર્ષમૂલક નથી"–એનાં પ્રમાણો

ત્યારે સવાલ પેદા થાય છે કે મનુષ્યનો સ્વભાવ શું છે ? :એનાં મૂલ્ય કેવાંક છે ? આ જોઈ લઇએ, કેમકે ઘણીવાર કહેવામાં આવે છે કે તમે **સર્વોદયવાળાઓ મનુષ્ય-સ્વભાવની વિરુદ્ધ વાતો કરો છો**–Sarvodaya is against human nature !

હમણાં મુંબઈ ધારાસભામાં નવો ગણોતધારા ખરડો આવ્યો છે; આપણા મહારાજ અને નરહરિભાઈ પરીખે એમાં અમુક સુધારા સૂચવ્યા છે. એ વાંચીને એક જમીનમાલિક દલીલ કરે છે કે, "આ મહારાજ, નરહરિભાઈ વગેરે તો સાધુસંતો છે, એમને વહેવારની શી ગતાગમ ? સાધુસંતો વેદના વારાથી ઉપદેશ કરી કરીને થાકયા કે બ્રહ્મચર્યનું પાલન કરો. કેટલાં માણસે કર્યું ? કોણ કરે ? કારણ એમની વાતો જ માણસના સ્વભાવથી વિરુદ્ધ હોય છે. કાયદો ઘડવો હોય તો તે મહારાજના સ્વભાવને માફક આવે તેવો નહીં, પણ મનુષ્ય-સ્વભાવને અનુકૂળ હોય તેવો ઘડવો જોઇએ."

આમ 'મનુષ્ય-સ્વભાવને પ્રતિકૂળ છે' એ દલીલ ઘણીવાર કરવામાં આવે છે. તો આપણે જરા સમજી લઇએ કે આ 'સ્વભાવ' છે શું ? કાલે આપણે કહ્યું હતું ને કે શબ્દને વિષે આપણે ચોકસાઈ જાળવીશું. એટલે એક પણ મહત્ત્વનો શબ્દ ટકોરો વગાડી તપાસ્યા વગર પસાર ન થઈ જાય. એની બનતી કાળજી રાખીશું. તો આપણે વિચારી લઇએ કે સ્વભાવ શું છે ?

જે નિત્ય હોય છે, નિરપવાદ હોય છે, તે સ્વભાવ છે. સૂર્યનો સ્વભાવ પ્રકાશ છે. અગ્નિનો સ્વભાવ ઉષ્ણતા છે. ઉષ્ણતાની નિવૃત્તિ થતાં બરાબર અગ્નિ નષ્ટ થાય છે. પ્રકાશનું નિરાકરણ થતાં બરાબર સૂર્ય નષ્ટ થાય છે. એટલે સ્વભાવ એવી ચીજ છે જેનું વસ્તુના રહેવા છતાં નિરાકરણ નથી થઈ શકતું.

**ઇતિહાસ વિશે માર્ક્સની ભૌતિક દ્રષ્ટિ, સર્વોદયની માનવીય દૃષ્ટિ**

હવે એમણે 'સ્વભાવ'ની સાથે 'મનુષ્ય'ને સાંકળી લીધો અને કહ્યું, 'મનુષ્ય સ્વભાવ'. તમે જાણો છો કે નામની સાથે જ્યારે વિશેષણ જોડાય છે ત્યારે નામનો અર્થ મર્યાદિત થઈ જાય છે માત્ર 'સ્વભાવ' કહેતાં ,પત્થર, વનસ્પતિ આદિથી માંડીને મનુષ્ય સુધીની સકળ જડ-ચેતન સૃષ્ટિનો સ્વભાવ. 'પ્રાણી–સ્વભાવ' કહેતાં પશુ–પંખી મનુષ્યાદિનો સ્વભાવ. 'મનુષ્ય–સ્વભાવ' કહેતાં આ વિવિધ પ્રાણીઓ પૈકી મનુષ્ય નામના અમુક જ પ્રાણીનો વિશિષ્ટ સ્વભાવ, અર્થાત્ બીજાં બધાં પ્રાણીઓથી એને જુદો પાડનારું લક્ષણ–Distinctive Characteristic, મનુષ્યની વિશિષ્ટતા, એની આગવી ખાસિયત. असाधारणो धर्मो लक्षणम्–લક્ષણ એટલે અસાધારણ ધર્મ. એને મનુષ્યનું differentia (વ્યાવર્તક લક્ષણ) કહે છે.

તમે જ કહો, પશુથી મનુષ્યને જુદો કરાવનારી વસ્તુ કઈ છે—હિંસા કે અહિંસા ? દ્વેષ કે પ્રેમ ?

સ્વભાવ અ–નિરાકરણીય છે, અર્થાત્ આપણે એનું નિરાકરણ કરવા ઇચ્છતા નથી. હવે કહો, હિંસાનું નિરાકરણ ઇચ્છો છો કે નહીં ? માર્ક્સનો Dialectical Materialism દ્વંદ્વાત્મક ભૌતિકવાદ કહે છે કે સંઘર્ષ એ મનુષ્યનો સ્વભાવ છે. તો માર્ક્સને આપણે સવાલ પૂછીએ છીએ, જેમ ડાર્વિનને પૂછ્યો હતો તેમ. આપણે તો શિષ્યભાવે બધાને પ્રશ્ન પૂછે જઈશું. માર્ક્સને આપણે સવાલ પૂછીએ છીએ કે, "આપના કથન પ્રમાણે મનુષ્યના સ્વભાવમાં જ સંઘર્ષ છે, ઇતિહાસ એ પણ વર્ગસંઘર્ષની જ કથા છે, તો અમારો સવાલ એ છે કે જો આ નિયમ હોય તો પછી આપ સંઘર્ષનું નિરાકરણ શા માટે કરવા માંગો છે ? વળી જે સ્વભાવ જ છે તેને વિશે આટલું કુતૂહલ શીદને ?"

ધારો કે છાપાંવાળાઓએ છાપી માર્યું કે "આજે અમદાવાદમાં એક પણ ચોરી નથી થઈ." તો લોકો કહેશે કે "એમાં તમે શું છાપ્યું ? ચોરી નથી થઈ તો પછી છાપું એને વિશે ખબર વળી શેની છાપે છે ?"

ચોરી થઈ તો એને સમાચાર ગણી શકાય, પણ ચોરી ન થઈ તો એ કંઈ સમાચાર કહેવાય ?

જો લડાઈ-સંઘર્ષ-એ મનુષ્યનો સ્વભાવ હોય તો યુદ્ધની વાર્તામાં કશું રમ્ય* કે રસિક ન રહેત. કૂવે બૈરાં લડે તો બધાં કૌતુકના માર્યા જોવા જાય છે, પણ નારાયણ અને હું લડતા નથી એનું કોઈને કૌતુક નથી થતું. લડીએ તો લોકો દોડી આવે અને ઝઘડો શમાવવનો પ્રયત્ન કરે. "ઝઘડો કેમ છે ?" તો કહે છે, "શમાવવા માટે." હવે જે શમાવવાની ચીજ છે એને જ કોઈ 'સ્વભાવ' કહી પાડે તો એને આપણે શું કહીએ ? મનુષ્ય સંઘર્ષને મિટાવી નાંખવા માંગે છે તેથી સંઘર્ષ એ મનુષ્યનો સ્વભાવ નથી. માનવઇતિહાસ જો સંઘર્ષમય હોય તો એ મનુષ્યના સ્વભાવનો ઇતિહાસ નથી, પણ એના દોષોનો ઇતિહાસ છે, સ્વભાવની આડે આવતી નડતરોનો ઇતિહાસ છે. કોઈ પૂછે "મનુષ્યે એનો સ્વભાવ ક્યારે ક્યારે છોડ્યો ?" તો કહેશે, "ઇતિહાસ ઉઘાડીને જુઓ."

તો જેમ માર્ક્સનું 'Materialistic Interpretation of History 'ઇતિહાસ વિશેની ભૌતિક દૃષ્ટિ' છે તેમ આપણી ઇતિહાસને જોવાની માનવીય દૃષ્ટિ Humanistic Interpretation સમજો. મનુષ્યનું જ્યારે સ્વભાવમાંથી સ્ખલન થાય છે, એ પડે છે, ત્યારે સંઘર્ષ થાય છે. સંઘર્ષનો ઇતિહાસ એ મનુષ્ય સ્વભાવનો ઇતિહાસ નથી.

### બધા સંપર્કને સંઘર્ષ ન કહેવાય

બીજા કેટલાક લોકોએ કહ્યું કે સંઘર્ષ એ સૃષ્ટિનો નિયમ છે, પત્થર અફળાયા અને અગ્નિ પ્રગટ્યો, તો આ લોકો કહે છે, "જુઓ, આ પત્થરોનો સંઘર્ષ થયો !"

આપણે જો આ રીતે બધી જાતના મેળાપને-સંપર્કને-સંઘર્ષ કહ્યે જઇશું તો ભારે થઈ પડશે ! આ બધી મંછા ( મનીષા ) ભૂત ને શંકા ડાકણ જેવી વાત છે, સૃષ્ટિ ઉપર આપણા મનોભાવોનું આરોપણ છે ! વિનોબાએ મજાકમાં કહ્યું છે, "અરે આજે મેં એક જબરો સંઘર્ષ જોયો ! બાળકના હોઠ અને માતાના સ્તન વચ્ચે સંઘર્ષ ચાલતો હતો !" જેટલી નૈસર્ગિક ઘટનાઓ હોય એ તમામને જો આપણે 'સંઘર્ષ' કહેવા મંડીએ, અને પાછા એને જ objectivity-વાસ્તવિક દૃષ્ટિ, કહીએ તો એ બરાબર નથી. બે વસ્તુના મિલનથી ત્રીજી નીકળે તો એને મિલન કહીએ, સંઘર્ષ

---

*સંસ્કૃતમાં કહેવત છે, युद्धस्य वार्ता रम्या—લડાઇની વાત સાંભળવી ગમે છે તેનો અહીં ઉલ્લેખ છે.

શા માટે કહીએ ! આ તો એક વાકયપ્રયોગ થયો, કહેવાની એક રીત થઈ. એ કાંઈ નિયમ ન ગણાય.

## ૨૧. પ્રેમ શાશ્વત નિરપેક્ષ મૂલ્ય છે—શાશ્વત મૂલ્યનાં લક્ષણો

વિજ્ઞાને આપણુને સ્વભાવની કસોટી શીખવી છે કે જેનું નિર કરણ ન થઈ શકે તે સ્વભાવ છે. હવે આ કસોટી આપણે મૂલ્યને લાગુ પાડી જોઈએ.

જેનું નિરાકરણ કરવા માંગીએ છીએ તે અશાશ્વત મૂલ્ય છે, સાપેક્ષ મૂલ્ય (Relative Value) છે. જેનું નિરાકરણ કરવા માંગતા નથી તે શાશ્વત અને નિરપેક્ષ (absolute) મૂલ્ય છે. અહિંસાનું અધિષ્ઠાન શાશ્વત મૂલ્યોમાં છે. તેથી આપણે કહ્યું કે અમારે માનવીય મૂલ્યોની સ્થાપના કરવી છે. આના ઉપરથી આપણે માનવ સ્વભાવની ચર્ચાએ ચડી ગયા અને જોયું કે મનુષ્યનો સ્વભાવ પ્રેમ છે. મનુષ્ય દ્વેષને નિર્મૂળ કરવા ઝંખે છે. એમ પણ બને કે એ વેરીને મારીને વેરને નિર્મૂળ કરવા ઝંખે, કાં એમ પણ હોય કે એ વેરને ભૂંસીને એને નિર્મૂળ કરવા તાકે. (Love માં L ને capital લખજો તો અરવિંદ, રમણ, કૃષ્ણમૂર્તિ બધા તમારી સાથે છે; l નાનો લખ્યો તો એ કૉલેજ–સિનેમાવાળો ખેલ થઈ જશે.)

અને જવાહરલાલ નેહરુએ શું કહ્યું ? એમણે કહ્યું કે આપણે સહ-જીવનની વાત નથી કરી શકતા, તો ખેર, સહમરણની વાત કરીએ ! સહ-મરણ એટલે એકી સાથે લડીને બધાં મરી જાય એ નહીં. એ તો અકસ્માત થયો. સહ-મરણમાં સાથે મરવાનો સંકલ્પ હોય કે 'અમે મરીશું તો સાથે જ મરીશું.' એક વાર આવો સંકલ્પ થયો તો અંતે એ સહ-જીવનમાં જ પરિણમવાનો.

—અમારા નાગપુરમાં એક તળાવ છે. એને પ્રેમીઓનું તળાવ કહે છે. પ્રેમમાં નિરાશ થયેલા યુવક–યુવતીઓ સાથે મરવાનો સંકલ્પ કરીને એમાં કૂદે છે. એમનો સંકલ્પ હોય છે જીવશું તો સાથે જીવશું અને મરશું તો સાથે મરશું. આ તો નાના 'l' વાળા love ની (આસક્તિની) વાત થઇ. પણ મોટા 'L' વાળો–Love અર્થાત્ સખ્યભકિત–Comradeship ! પણ comradeship માં પણ કંઈક ન્યૂનતા છે. તેથી સખ્યભકિત શબ્દ વાપર્યો.

આ જે પ્રેમ છે તે મનુષ્યના સ્વરૂપનું નિરપેક્ષ મૂલ્ય છે. ગાંધીજીની અહિંસાને આ અર્થમાં પ્રેમદર્શન કહી શકાય. પ્રેમ આપણો સ્વભાવ છે,

કેમકે પ્રેમમાં આનંદ છે, દ્વેષમાં બેચેની છે. પ્રેમનું નિરાકરણ નથી ઇચ્છતા દ્વેષનું ઇચ્છીએ છીએ. પ્રેમને માટે કોઈ નિમિત્ત ન જોઇએ. દ્વેષને માટે નિમિત્ત જોઇએ. પ્રેમમાં ખુલાસો નથી કરવો પડતો કે કેમ પ્રેમ કર્યો ? દ્વેષમાં ખુલાસો કરવો પડે છે, બચાવ કરવો પડે છે. શ્વાસ લઈએ છીએ એનો બચાવ નથી કરવો પડતો. જેનો બચાવ કરવો પડે, જેનું સમર્થન કરવું પડે, તે સ્વભાવ નથી. જેનું સમર્થન ન કરવું પડે તે સ્વભાવ છે.

—એક વાર કોલેજના એક છોકરાએ પૂછયું કે "તમારા જીવનનું ધ્યેય શું છે ? તમે શા માટે જીવો છો ?" મેં કહ્યું, "અરે ભાઇ, આ તે કંઇ સવાલ છે ? પેદા થયો છું એટલે જીવું છું. હા, હું જો આપઘાત કરવા જતો હોઉં ને તમે પૂછો તો તે બરાબર ગણાય કે તારે મરવું શા માટે છે. પણ જીવવા માટે શું એટલુંજ કારણ પૂરતું નથી કે હું જન્મ્યો છું ?"

તો, જીવન મનુષ્યનો સ્વભાવ છે, મૃત્યુ મનુષ્યનો સ્વભાવ નથી. તેથી મનુષ્ય જીવવા ઇચ્છે છે અને તે પણ પ્રેમપૂર્વક જીવવા ઇચ્છે છે. ભગવાને મનુષ્યને યોજનાપૂર્વક પ્રેમપૂર્વક પ્રેમસ્વરૂપ ઘડયો છે. હેતુ એ છે કે આપણે બીજાની સાથે જીવીએ અને બીજાને જિવાડવા માટે જીવીએ. આમાં કશો પરાર્થ (પરોપકાર–altruism) નથી. મારે જીવવું હોય તો એક જ શરત છે. કે બીજાને જિવાડવા માટે જીવું. આને માટેની પ્રેરણા મારા સ્વભાવમાંથી જ સ્ફુરે છે, કારણ કે હું પ્રેમસ્વરૂપ છું. સહજીવનની સકળ પ્રેરણા પ્રેમમાંથી ઉત્પન થાય છે.

તો, આપણે બે લક્ષણ જોયાં. હવે ત્રીજું જોઈએ.

જે પોતાના નામથી ચાલે તે નિરપેક્ષ મૂલ્ય છે, જે પારકા નામથી ચાલે તે સાપેક્ષ મૂલ્ય છે. બજારની ભાષામાં બોલું તો આને અસલી મૂલ્ય અને નકલી મૂલ્ય કહેવાય. નકલી સિક્કો પોતાને નામે નથી ચાલતો. એને અસલ સિક્કાનો વેશ ભજવવો પડે છે.

આપણે રશિયાને પૂછીએ કે તમે શા માટે હાઇડ્રોજની બોમ્બ બનાવો છો, તો કહે છે, "શું કરીએ ન બનાવીએ તો ? અમેરિકા અમને રહેંસી જ નાંખે તો !" અમેરિકાને પૂછીએ તો કહે છે, "રશિયા લડાઈ ન કરે, વિશ્વશાંતિ કાયમ રહે એટલા માટે, બનાવવો પડે છે !" આમ આ બેય જણ એકમેકનું નામ લઈને બનાવે છે અને પોતે તો શાંતિપ્રિય હોવાનો જ દાવો કરે છે, 'લાઠી કેમ ઊછળી ?' તો કહે 'શાંતિની સ્થાપના માટે !' યુદ્ધ પણ શાંતિને માટે જ થાય છે !

દુનિયામાં જે હિંસા કદી પોતાને નામે નથી ચાલી, એવી હિંસાની આબરૂ શી? જે લોકો આજ દિન સુધી એમ માનતા આવ્યા છે કે અહિંસક ગાંધી સમાજશાસ્ત્રી નહોતો, એમને આપણે પૂછીએ કે ભલા, જીવનનું એવું તે કોઈ મૂલ્ય હોઈ શકે ખરું જેને પોતાના નામની જ શરમ આવતી હોય? બીજાનું નામ લેનારાં હિંસા આદિ નકલી મૂલ્યો સાપેક્ષ મૂલ્યો છે. અસલી મૂલ્યો જે પોતાના નામથી ચાલે છે તે નિરપેક્ષ છે.

હવે ચોથી પરીક્ષા: જે મૂલ્ય સાર્વત્રિક ન થઈ શકે તે મિથ્યા મૂલ્ય છે, સમાજનું વાસ્તવિક મૂલ્ય નથી.

પ્રબોધભાઈએ પ્રશ્ન પૂછ્યો કે "તમે સવારે જ્યારે એમ કહ્યું કે સર્વસંમતિ હોય છે ત્યાં મોટે ભાગે સન્મતિ હોય છે. આમાં તમે 'મોટે ભાગે' શા માટે કહ્યું?" એટલા માટે એમ કહ્યું કે એ નિયમ પણ અપવાદ વિનાનો નહોતો. ધારો કે સંમતિ એક કોઈ એક ટોળીની છે અને એ ટોળી બીજા દસની વિરુદ્ધ હોય તો તેવી સંમતિ ષડ્યંત્રમાં ખપશે.

જે બધાને સમાન ભાવે લાગુ ન પડે તે શાશ્વત નથી, મિથ્યા છે, દુર્ગુણ છે, વિમતિ છે. ૧૦૦ માંથી સોએ સોને માટે જે હોય તે શાશ્વત છે, સદ્‌ગુણ છે, સન્મતિ છે અહીં આપણને સદ્‌ગુણ–દુર્ગુણની કસોટી પણ જડી ગઈ. જે સર્વને સમાન રીતે લાગુ પડી શકે તે સદ્‌ગુણ, ન લાગુ પડી શકે તે દુર્ગુણ.

—ચોરોનું એક ગામ હતું એમાં ચોર જ ચોર રહેતા હતા. તો શું એ ગામમાં કદી ચોરી થઈ હશે? ચોરો પોતાના જ ગામમાં તો ચોરી ન કરી શકે. ચોર પણ જો સાથે રહેવા માંડે તો અંદરોઅંદર ચોરી નહીં કરે, બીજા ગામમાં જઈને ખાતર પાડશે. જો પોતાના જ ગામમાં ચોરી કરે, બધા એકમેકનાં ઘરમાં ખાતર પાડે, તો તો પછી એમાં ચોરી જેવુ રહ્યું જ શું? તમે મારે ત્યાંથી લઈ જાવ, હું તમારે ત્યાંથી ઉપાડી જઉં.

ચોરી, લોભ આદિ સ્વભાવ નથી. જે વ્યાપક નથી, તે શાશ્વત ન હોઈ શકે.

## ૨૨. નિષ્કર્ષ અને 'ધર્મ–વિજ્ઞાન'ની પૂર્વભૂમિકા

તો સર્વોદય સમાજ નિરપેક્ષ, શાશ્વત અને વ્યાપક મૂલ્યોની સ્થાપના કરવા માંગે છે, અને બાધક મૂલ્યોનું નિરાકરણ કરવા માગે છે. સૌને માટે સમાન રૂપે જે નથી તે અશાશ્વત છે. તમામ દુનિયાના

ક્રાંતિકારી લોકો આ વાત સાથે સહમત છે. આ–તે મૂલ્યોનું નામ પાડે કે ન પાડે એ તદ્દન જુદી વાત છે. જેટલાં મૂલ્ય નિરપેક્ષ છે તે પરમાર્થિક છે, આર્થિક અને રાજનૈતિક નથી.

તો, આજે આપણે એવો નિષ્કર્ષ કાઢયો કે વિજ્ઞાન અને સત્તા મૂલ્યની સ્થાપના નથી કરી શકતાં. શસ્ત્ર, યુદ્ધ, હિંસા વગેરેનાં નામ તો હું લેતો નથી, કેમકે હવે એ વાત તો બધાએ સ્વીકારી જ લીધી છે કે એ સાધનોથી કશું વળતું નથી. વિજ્ઞાન તો એ કારણે જ અસમર્થ છે કે વૈજ્ઞાનિકો જાતે જ કહે છે કે એ neutral છે, તટસ્થ છે. વિજ્ઞાન ફક્ત શોધ કરે છે, આવિષ્કાર કરે છે. ત્યારે એક એવો સવાલ પેદા થાય છે કે શું વિજ્ઞાનનો મૂલ્યની સ્થાપનામાં કશો ઉપયોગ નથી ? ઉપયોગ જરૂર થઈ શકે, પરંતુ એણે પોતે મૂલ્યોની સ્થાપના આજસુધી કદી નથી કરી કે નથી કરવાનું. આ જ વિજ્ઞાનની અપૂર્ણતા છે અને એ જ એનો ગુણ પણ છે, વિશેષતા પણ છે. એક વૈજ્ઞાનિકે ભારે અભિમાનથી કહ્યું છે કે "તમો એવો દાખલો ટાંકી શકો છો કે આજ સુધીમાં કદી પણ વિજ્ઞાનને કાજે યુદ્ધ થયું હોય ?" આપણે તો સત્યવાદી છીએ એટલે કબૂલ કરવું પડશે કે "હા, વિજ્ઞાનને નામે યુદ્ધ નથી થયું. ધર્મ જાતિ, સંસ્કૃતિ અને ઈશ્વરને નામે યુદ્ધ થયાં છે. પણ વિજ્ઞાન એક એવું સાર્વભૌમ આંતર-રાષ્ટ્રીય તત્ત્વ છે કે જેને નામે કદી યુદ્ધ નથી થયું." પરંતુ આમાંથી જ બીજી પણ એક વાત ફલિત થાય છે અને તે એ કે એકલા વિજ્ઞાનથી મૂલ્યની સ્થાપના નથી થઈ શકતી. હા, એ સાધન બની શકે ખરું. વિજ્ઞાન સાર્વભૌમ છે અને રહેશે. વીજળી અને અણુની શક્તિઓ સાર્વભૌમ છે અને રહેશે. પણ રાષ્ટ્રનીતિ, રાજનીતિ અને અર્થનીતિ રાષ્ટ્રીય જ બની શકી છે. આ વિરોધ (તફાવત) ઝાઝા દિવસ નહીં ચાલી શકે, અને તેથી જ અસાંપ્રદાયિક ઈતિહાસવેત્તા એચ. જી. વેલ્સે પોતાના ઇતિહાસના છેવટના–ઉપસંહારના–પ્રકરણમાં લખ્યું છે કે કોઈ પણ રાષ્ટ્ર હવે પોતાની રાષ્ટ્રીય સત્તાને જોરે જીવી શકશે નહીં. Second Communist Internationale, સામ્યવાદીઓની બીજી આંતરરાષ્ટ્રીય પરિષદે, એવું જાહેર કર્યું હતું કે આ રાષ્ટ્રોની સીમાઓને પાર કરી જશે, રાજ્યોની સરહદોને ભૂંસી નાંખશે. પરંતુ હવે માત્ર નકશા પરથી નહીં, મનુષ્યના હૃદયમાંથી પણ સીમાઓને ભૂંસી નાંખવી પડશે. અને એને માટે વિજ્ઞાને અનુકૂળ પરિસ્થિતિ આપણી સામે ખડી કરી દીધી છે.

★

3

# ધર્મ-વિજ્ઞાન

★


૨૩. ધર્મ એટલે શું? નિત્યધર્મ વ્યક્તિગત ફળ નથી આપતો, પણ તેનાથી સમાજનું ધારણ-પોષણ થાય છે

૨૪. નિત્યધર્મ અર્થાત્ નાગરિકનો સમાજધર્મ નિષ્કામ હોય છે-નિષ્કામતા એટલે વ્યાપક કામના

૨૫. ધર્મ અને 'ધર્મ'ને નામે ચાલતી સંકુચિત સાંપ્રદાયિકતા

૨૬. ગાંધીથી એક કદમ આગળ વધીને સંપ્રદાયના નિરાકરણનો સંકલ્પ કરીએ

૨૭. ધર્માંતરને ગેરકાયદેસર કરી નાંખીએ

૨૮. સંપ્રદાયમુક્ત ધર્મ અર્થાત્ આત્મજ્ઞાન તથા સાર્વભૌમ વિજ્ઞાનની યુતિમાંથી 'વૈજ્ઞાનિક ધર્મ' જન્મે

૨૯. ધર્મ-વિજ્ઞાનના સમન્વય માટે કાવ્ય અને જ્ઞાન વચ્ચેના વિરોધનું અધ્યયન

૩૦. કાવ્યના મૂળ સમું સૃષ્ટિ સાથેનું જીવનવિકાસક તાદાત્મ્ય અવૈજ્ઞાનિક નથી-તેના સેવનથી વિજ્ઞાન શાસન અને શોષણની પકડમાંથી છૂટે

૩૧. યંત્ર-વિજ્ઞાનની પ્રગતિ અને મૂડીવાદી ઔદ્યોગિક ક્રાંતિ એ બે એક નથી

૩૨. વિજ્ઞાન અને યંત્ર પણ એક નથી-યંત્રનિષ્ઠા અને ઉપકરણવાદ માનવનિષ્ઠાનું સ્થાન ન લઈ લે તે સાચવીએ

૩૩. પૂર્તિ, ઉપસંહાર અને 'ક્રાંતિ-વિચાર'ની પૂર્વભૂમિકા-યાંત્રીકરણનાં સહચારી લક્ષણો: સમાનીકરણ અને વિશિષ્ટીકરણ-બાહ્ય સમાનતાની સાથે સાથે જાગતી આંતરિક સમાનતાની આકાંક્ષા

**આ** પણી સામે અલગ અલગ વિષયો મૂકવામાં આવ્યા છે. પણ એક વાત સમજી લેશો કે મારા મગજમાં જુદા જુદા વિષયો નથી. આખા જીવનને મારું મગજ એક જ વિષય તરીકે જુએ છે. ના જીવનની જે જે બાબતોને સમજી લેવી જરૂરી લાગે છે તેને તેને હું સમજી લઉં છું ખરો. ધર્મને પણ મેં એ જ રીતે સમજવાની કોશિશ કરી છે.

## ૨૩. ધર્મ એટલે શું? નિત્યધર્મ વ્યક્તિગત ફળ નથી આપતો, પણ તેનાથી સમાજનું ધારણ-પોષણ થાય છે

ધર્મ શું છે? તેની શું જરૂર? મનુષ્ય કહે છે કે જો અમુક વસ્તુ મારી અંદરની આકાંક્ષાને અનુરૂપ હોય તો તે મારે માટે સારી છે અને ન હોય તો તે મારે માટે કશા કામની નથી. મનુષ્યની બુદ્ધિનું આ એક લક્ષણ છે.

તૈત્તિરીય ઉપનિષદ પરના શાંકર ભાષ્યમાં શરૂઆતમાં જ શાસ્ત્રના એક વાકયનો ઉલ્લેખ આવે છે. શાસ્ત્રની આજ્ઞા છે કે **सततं संध्यामुपासीत । अकरणे प्रत्यवायः ।** રોજ સંધ્યા કરવી, નહીં તો પાપ લાગશે. હવે, આચાર્યની એ કાયમની આદત હતી કે 'કેમ?' એવો પ્રશ્ન દરેક બાબતમાં કરવો.

વિજ્ઞાનની એક મર્યાદા છે. 'શું, ક્યારે,? ક્યાં?' વગેરેનો જવાબ તો વિજ્ઞાન આપી શકે, પણ 'કેમ?' 'શા માટે?' એવો પ્રશ્ન કરતાંવેંત વિજ્ઞાન કુંઠિત થઈ જાય છે. એની શક્તિ પરવારી જાય છે. એના જવાબ આપવાનું એનું ગજું નથી. જ્યાં 'કેમ?'નો આરંભ થયો ત્યાં પદાર્થ-વિજ્ઞાનની સરહદ પૂરી થઈ અને પદાર્થેતર વિજ્ઞાન (Metaphysics)–તત્ત્વજ્ઞાનનો આરંભ થયો, એવું લોકોનું કહેવું છે. મારું એમ કહેવું નથી, કારણ હું તો ક્યાંય પણ આરંભ કે અંત જોતો નથી.

તો આચાર્ય પૂછે છે કે 'સંધ્યા-હોમ રોજેરોજ શા માટે કરું? મને એનાથી શું મળશે?' ત્યારે જવાબ મળે છે, 'કાંઈ નહીં મળે. કરીશ તો પુણ્ય નહીં મળે અને નહીં કરશે તો પાપ લાગશે.' ત્યારે આચાર્ય કહે છે, આવું તે કાંઈ હોય? આ તો જબરી શિરજોરી! એવો તે કાંઈ ધર્મ હોતો હશે કે ન કરું તો પાપ લાગે ને કરું તો કાંઈ ન મળે? સાક્ષાત્ પરમેશ્વર પણ જો આવો નિરંકુશ સત્તાવાદી અને અત્યાચારી બને તો હું તેના તરફની પણ આવી નિરંકુશ જોહુકમી સાંખી

લેવા તૈયાર નથી.' તે કાળના બુદ્ધિવાદીઓને માટે ગહન ગંભીર સવાલ શંકરાચાર્યે ખડો કરી દીધો હતો.

નિત્યકર્મથી પુણ્ય નથી મળતું, પણ ન કરે તો પાપ લાગે છે. નિત્યધર્મનું આ જ લક્ષણ છે. પણ આવું શાથી? તો શંકરાચાર્યે જાતે જ એનો સરસ જવાબ આપ્યો છે: "નિત્યકર્મથી ફળ નથી મળતું છતાં એ વ્યર્થ પણ નથી જતું. નિત્યકર્મ નિષ્ફળ નથી હોતું. એનાથી નવું પુણ્ય નથી મળતું, છતાં એ નિષ્ફળ નથી અર્થાત્ ફલરહિત કર્મ નથી." ત્યારે એ કર્મનું શું ફળ મળે છે? જે લોકોએ સંધ્યા–પૂજા વગેરે કર્યાં હશે તેઓને હું એક વાકયની યાદ આપું **ममोपात्त–दुरित–क्षय द्वारा** રોજનાં કર્મ કેમ? તો કહે છે કે પાપ થઈ ચૂકયાં છે, જેનું મને કદાચ ધ્યાન પણ ન રહ્યું હોય, એવાં પાપોને ક્ષીણ કરવા માટે સમાજમાં નિત્યધર્મનું પાલન કરું છું.

એ જ રીતે નાગરિક સમાજધર્મનું પાલન કરે છે. એનાથી એને પ્રત્યક્ષ લાભ નથી થતો, પણ એનાથી સમાજનું સ્વાસ્થ્ય ટકી રહે છે, સમાજ–ધારણા થાય છે. **धारणाद् धर्म इत्याहुः । धर्मो धारयते प्रजाः ।** સમાજની ધારણાનું જે તત્ત્વ છે એને જ ધર્મ કહે છે. સમાજમાં કેટલાક મૂળભૂત સિદ્ધાંતો હોય છે, આધારભૂત મૂલ્યો હોય છે. એ જ સમાજની ધારણાના સિદ્ધાંતો કહેવાય છે. જે મૂલ્યોથી સમાજનું ધારણ–પોષણ થાય છે, સમાજ ટકે છે, તેમને જ ધર્મ માનવા જોઈએ. બાકી બધાં સંપ્રદાય કે પંથ છે.

## ૨૪. નિત્યધર્મ અર્થાત્ નાગરિકનો સમાજધર્મ નિષ્કામ હોય છે— નિષ્કામતા એટલે વ્યાપક કામના

આ તો મેં સિદ્ધાંતની વાત કહી. હવે એને સરળ–સુલભ કરવા માટે થોડાં ઉદાહરણ ને દૃષ્ટાંત આપીશ.

—મેં કદી ચોરી નથી કરી, શરાબ નથી પીધો, હંમેશાં સુધબુધ ઠેકાણે રાખી છે. પણ તે કારણે કોઈ મને માન નથી આપતું, સત્કાર–સમારંભ નથી ગોઠવતું કે હારતોરા એનાયત નથી કરતું. પણ થોડીવાર માટે ધારી લો કે હું પૂર્વાશ્રમમાં એક પ્રસિદ્ધ ડાકુ હતો. કોઈ કાળે છાપામાં મારુ નામ રોજ છપાતું હતું અને મને પકડવાને માટે સરકારે હજારોનાં ઈનામ કાઢયાં હતાં. એવો હું જો બહાર આવીને જાહેર કરત કે આજથી મેં ડાકુગીરીને છેલ્લા રામરામ કર્યા છે, મારું હૃદયપરિવર્તન થયું છે, તો સભાઓ ભરાત અને મારા પર માનપત્રોનો વરસાદ વરસત. લોકો

કહેત કે કેવો ભલો માણસ! આજથી હવે લૂંટફાટ નહીં કરે! ત્યારે આ નારાયણ દેસાઈ માથું ખંજવાળત કે મારું બેટું! મેં કદી ચોરી કરી નથી, પણ મારો તો કોઈ ભાવેય નથી પૂછતું! દારૂડિયો દારૂ છોડવાની પ્રતિજ્ઞા લે છે તો એ છાપામાં આવે છે. એમને જાહેરમાં મોટા માણસો શાબાશીના બે શબ્દો કહે છે! પણ જેણે કદી દારૂ દીઠો જ નથી એમના પર તો કોઈ ધ્યાન જ નથી આપતું!

અહીં માનપાન મેળવવા માટે ડાકુ થવાની કે દારૂડિયા થવાની હિમાયત નથી! કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સમાજમાં નિત્યકર્મ હોય છે એનું પાલન નાગરિકનું સ્વાભાવિક કર્તવ્ય મનાય છે. એને માટે પ્રતિફલ, પુરસ્કાર કે પારિતોષિકની આશા રાખવામાં આવતી નથી. એમાં બદલાની ભાવના સેવાતી નથી. તેથી નાગરિક ધર્મને વિશે, સમાજધર્મને વિશે, એમ કહેવામાં આવે છે કે એ નિષ્કામ હોવાં જોઇએ. એમાં ફળની ઇચ્છા ન રહેવી જોઈએ,

તો શું નિષ્કામ કોઈ કામ થઈ શકે ખરું? મનમાં કશો ઉદ્દેશ જ ન હોય અને કામ કરીએ તેને ઉન્મત્ત ચેષ્ટા કહેશે. દારૂડિયાના ચેનચાળા કે ઊંઘમાં કરેલા બબડાટ જેટલી જ એની કીંમત મનાશે! એ શું એવી involuntary action અચેત ચેષ્ટાઓ છે કે જેની પાછળ આપણી કશી જ ઇચ્છા કે ચેતનાનો સંચાર જ નથી? એમ હોય તો તો આખો સમાજ જ ખતમ થઈ જાય.

વગર ઇચ્છીએ કદી કોઈ માણસ કશું પણ કરે છે ખરો? **प्रयोजनम् अनुद्दिश्य न मंदोऽपि प्रवर्तते।** કશા પ્રયોજન વિના તો મૂર્ખ મનુષ્ય પણ કશું કરતો નથી. ત્યારે લોકો આપણને કહે છે કે આ જે તમે પ્રયોજનરહિત, ફળની કામના વિના જ, કાર્ય કરવાનું કહો છો તે અત્યંત મૂર્ખતાપૂર્ણ ધર્મ છે!

હવે આવી વાતનો જવાબ શો હોય, નિષ્કામ કર્મનો અર્થ શો એ હું તમારી સામે થોડાંક ઉદાહરણોથી સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશ.

કદી કદી આપણે કહીએ છીએ કે આ મનુષ્ય નિઃસ્વાર્થી થઈ ગયો છે, એણે સ્વાર્થનો ત્યાગ કર્યો છે. એનો અર્થ શો થતો હોય છે? એ માણસ જો કુટુંબમાં રહેનારો હોય અને એનો સ્વાર્થ કુટુંબવ્યાપી બની ગયો હોય તો આપણે એને નિસ્વાર્થ કહીએ છીએ. કુટુંબમાં માતા સૌથી વધારે નિઃસ્વાર્થ હોય છે એમ કહેવાય છે. અર્થાત્ માતાનો સ્વાર્થ કુટુંબવ્યાપી હોય છે. માત્ર પોતાના સાડાત્રણ હાથના શરીરના કલ્યાણમાંથી

એનો સ્વાર્થ કોચલું તોડીને બહાર નીકળેલો હોય છે અને એણે કુટુંબ સુધી પોતાની પાંખો પસારી હોય છે. તેથી એને નિઃસ્વાર્થ કહે છે.

જેનો સ્વાર્થ વ્યાપક છે તે નિઃસ્વાર્થ છે. જેનો સ્વાર્થ ક્ષિતિજવ્યાપી હોય છે તે અત્યંત નિઃસ્વાર્થ છે. કુટુંબવ્યાપી સ્વાર્થવાળો કુટુંબમાં નિઃસ્વાર્થ છે, ગ્રામવ્યાપી સ્વાર્થવાળો ગ્રામમાં નિઃસ્વાર્થ છે; દેશવ્યાપી સ્વાર્થવાળો દેશમાં નિઃસ્વાર્થ છે, વિશ્વવ્યાપી સ્વાર્થ હોય તો વિશ્વમાં નિઃસ્વાર્થ છે; અને સ્વાર્થ આકાશવ્યાપી હોય તો એ પરમ નિઃસ્વાર્થ છે. સ્વાર્થમાં વ્યાપકતા આવે છે ત્યારે સ્વાર્થ સ્વાર્થ મટી જાય છે. આ સ્વાર્થના નિરાકરણની પ્રક્રિયા છે.

આ બધું આપણે એટલા માટે જોઈ ગયા કે સ્વાર્થના નિરાકરણની પદ્ધતિની આપણે ચર્ચા કરવી છે, આપણે વિરોધોનું નિરાકરણ ઇચ્છીએ છીએ, Conflict of interests નો આપણે અંત આણવો છે. તેથી આ વાત કાંઈક સ્પષ્ટતાપૂર્વક મૂકી દીધી.

તો, જેની કામના વ્યાપક બની છે તે નિષ્કામ છે. જેની કામના ક્ષિતિજવ્યાપી છે તે અત્યંત નિષ્કામ છે. કાલના વ્યાખ્યાનમાં કહેલું કે આપણે ૧૦૦માંથી ૧૦૦ જણનું ભલું ઇચ્છીએ છીએ. જે ૧૦૦માંથી ૧૦૦નું ભલું ચાહે છે, તે અત્યંત નિષ્કામ–અત્યંત નિઃસ્વાર્થી–થયો ગણાય.

સમાજમાં જે સામાન્ય નિત્યધર્મ છે તે બધાના ધર્મ છે, નિષ્કામ ધર્મ છે. એનાં જે ફળ આવે છે તે બધાનાં હોય છે. એ પોતાનાં આગવાં નથી હોતાં. આપણે ફળ આપણી જાતને માટે ઇચ્છીશું નહીં અને છતાં આપણાં કર્તવ્યો કર્યે જઈશું, આમ નિષ્કામ કર્મમાં એવું હોય છે કે કર્તવ્ય મારું અને ફળ બધાનું, મારા એકલાનું નહીં.

ગમે તે દેશ, કાળ કે પરિસ્થિતિમાં સામાજિક કર્તવ્યો વિશે આ જે કહ્યું તેમાં મતભેદ પડવાનો સંભવ નથી.

### ૨૫. ધર્મ અને 'ધર્મ'ને નામે ચાલતી સંકુચિત સાંપ્રદાયિકતા

હવે અહીંથી આગળ જૂનવાણી અર્થશાસ્ત્રીઓ અને ધર્મશાસ્ત્રીઓ સાથે આપણા રસ્તા ફંટાય છે. કાલે કહેલું તેમ વિજ્ઞાનવેત્તા કહે છે કે વિજ્ઞાનને નામે કદી લડાઈ થઈ નથી, ધર્મ અને ઈશ્વરને નામે તો કંઈ કેટલાય જંગ ખેલાઈ ચૂક્યા છે. બે પહેલવાન કુસ્તી કરે છે ત્યારે પણ 'બજરંગ બલી કી જય' બોલીને બજરંગને નામે કુસ્તી કરે છે! મનુષ્યની લડાઈઓ ભગવાનને નામે જ થતી હોય છે!

—એક દૂરબીન છે. એમાં બે છેડે બે જાતના કાચ બેસાડેલા છે. એક જણ એક છેડેના કાચથી જુએ છે ને બીજો જણ બીજે છેડેના કાચ પર આંખ માંડે છે. પહેલાને પૂછીએ કે શું જોયું ? તો કહે છે, "ભગવાન વૈકુંઠલોકમાં બિરાજમાન છે અને પોતાની આકૃતિ મુજબ જ મનુષ્યની આકૃતિ ઘડી રહ્યા છે." બીજાને પૂછીએ તો કહે છે, "મેં તો એવું જોયું કે ઠેર ઠેર મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, અગિયારીઓ અને દેવળોમાં મનુષ્યો બેઠાં છે અને પોતાના આકારના ઢાળામાં ભગવાનને ઢાળી રહ્યાં છે." પહેલાને પૂછો કે કેટલા ભગવાન છે, તો કહે 'એક જ. મનુષ્ય બહુ છે; આકૃતિઓ બહુ છે પણ બનાવનારો એક જ છે." બીજાને પૂછો તો કહે છે, "મનુષ્ય ભાતભાતના છે, અનેક છે, અને દરેક પોતપોતાનો ભગવાન ઘડે છે. દરેકનો જાતે બનાવેલો ભગવાન એના પોતાના જેવો હોય છે, તેથી જેટલા ઘડનારા છે તેટલા જ ભગવાન છે." એના કહેવાનો સારાંશ એ છે કે જેમ "ટેઇલર્સ ઍન્ડ આઉટફિટર્સ" દરેક માણસના માપનાં કપડાં સીવે છે તે જ રીતે દરેક માણસ પોતાનાં માપ અને ફાવટ મુજબ પોતપોતાનો ભગવાન વેતરી લે છે. અને પછી એ ભગવાનો અંદરોઅંદર ઝઘડા કરે છે. આમ ધર્મોનું કુરુક્ષેત્ર મંડાયું છે, Cockpit ખોદાયું છે. આ દુનિયા અનેકવિધ ધર્મોને કારણે Cockpit ઉર્ફે કુરુક્ષેત્ર બનેલી છે.

—સને ૧૯૨૩-૨૪ના દિવસો હતા. હું આજ લગી એ વાત ભૂલી શકયો નથી. એક મહાન મુસ્લિમ નેતાએ ગાંધીને વિશે એક મસ્જિદમાં ભાષણ કરતાં કહ્યું કે મનુષ્યની દૃષ્ટિએ જોતાં તો ગાંધી મહાન છે, પણ ધર્મની દૃષ્ટિએ જોતાં ગાંધી કોઈ પણ મામૂલીમાં મામૂલી મુસલમાન કરતાં પણ નાનો છે. હવે જરા જોઈએ, પેલા બે કાચમાંથી શું દેખાય છે ? હવે આપણે સવાલો પૂછવા માંડીએ, અલબત્ત પહેલાં પ્રણામ કરીને પછી! **तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।** એટલે પ્રણામ કરીને જ પ્રશ્ન પૂછવાનો આપણો ક્રમ છે. પ્રશ્ન પૂછીએ છીએ કે ગાંધી કરતાં મામૂલી મુસલમાન કઈ રીતે શ્રેષ્ઠ છે ? શું એ ગાંધીથી વધુ ઈશ્વર-પરાયણ છે ? ના. શું વધુ માનવનિષ્ઠ છે ? ના. શું વધુ સાચો છે ? તો કહે છે કે ના. શું વધુ દયાશીલ, કરુણાવાન છે. તે પણ પણ ના !

હવે તમે જ કહો કે આવી પરિસ્થિતિમાં જો ગાંધી એમ કહે કે હું અનેક મુસલમાનો કરતાં વધુ સારો મુસલમાન છું તો એમાં કઈ મોટી ખોટી વાત એણે કરી નાંખી ?

ધર્મ જ્યારે વ્યાવર્તક-exclusive-બની જાય છે ત્યારે એ અધર્મ

બની જાય છે, સંપ્રદાય બની જાય છે. વ્યાવર્તક કહેતાં અલગપણાવાળો, 'આટલાં અમારાં ને બાકીનાં પારકાં' એવી વાતો થાય છે ત્યારે ધર્મ અધર્મ બની જાય છે.

—વિનોબાએ એકવાર ભારે મજાની વાત કહી નાંખી હતી. કોઈ કે એમને પૂછ્યું કે તમે મહારાષ્ટ્રીય બ્રાહ્મણ છો ? એમ ? તો શું કોંકણસ્થ છો કે દેશસ્થ છો ? ત્યારે વિનોબાએ કહ્યું, " હું દેશમાં રહું છું માટે દેશસ્થ છું, શરીરમાં રહું છું માટે કાયસ્થ છું અને સૌથી છેલ્લે સ્વસ્થ છું માટે બધું જ છું." મતલબ કે આવો સવાલ જ તમે મને કેમ પૂછો છો ? હું હિંદુ છું માટે મુસલમાન નથી એવું જરાયે નથી. હું હિંદુસ્તાનમાં રહું છું માટે તુર્કસ્તાન મારું નથી એમ નથી માનતો. હરિજન આશ્રમમાં છું તેથી હું અમદાવાદમાં નથી અને ગૂજરાતમાં નથી એવું જરાયે નથી.

ધર્મમાં વૃત્તિ વ્યાપક હોય છે. ધર્મ વ્યાપક હોય છે, સંપ્રદાય સંકીર્ણ હોય છે. શરૂઆતમાં આપણે જોયું હતું કે વિચારો જામી જાય છે ત્યારે સંપ્રદાય રૂપી ચોસલું જામે છે ને ધર્મમાં સંકીર્ણતા આવે છે. સંપ્રદાયોની વચ્ચે સંઘર્ષ થાય છે. ધર્મ સંઘર્ષ માટે નથી, ધર્મ તો મનુષ્યને મનુષ્યની સાથે મેળવવા માટે હોય છે. મનુષ્યને મનુષ્યથી અલગ કરનારો રસ્તો અધર્મ છે.

ત્યારે એવો સવાલ ઊઠશે કે અધર્મ કેમ ધર્મને રૂપે આવે છે ? વાત દીવા જેવી ચોકખી છે. શેતાન આવે છે ત્યારે ભગવાનને નામે જ આવે છે. શેતાન પોતે એટલો કદરૂપો ને બેડોળ છે કે એને ભગવાનનું જ નામ ને રૂપ ધારણ કરવાં પડે છે. તેથી દુનિયામાં જેટલા ધર્મ એવા છે જેને કારણે વિરોધો ઊભા થાય છે, સખ્ય સધાતું નથી, તે બધા ધર્મ નથી પણ તમામે-તમામ અધર્મ છે.

અને તમે બધાં અહીં સર્વોદયનો વિચાર કરવા એકઠા થયા છો તો એક સંકલ્પ કરી લો કે અમે જેમ વર્ગ–નિરાકરણ ઇચ્છીએ છીએ, જાતિ–નિરાકરણ ઇચ્છીએ છીએ તેવી જ રીતે અમારે સંપ્રદાય–નિરાકરણ પણ કરવાનું છે.

## ૨૬. ગાંધીથી એક કદમ આગળ વધીને સંપ્રદાય–નિરાકરણનો સંકલ્પ કરીએ

આ વિષયમાં હવે આપણે એક કદમ આગળ જવાનું છે. ગાંધી સર્વ-ધર્મ-સમભાવ સુધી આવ્યા. આપણે હવે આગળ વધવાનું છે. બાપ કરતાં બેટો આગળ ન વધે તો સમજુ બાપ નારાજ થશે. કોઈ કહે કે મારો

બાપ મોટો છે તો એને કહીએ છીએ કે બહુ સારું, પણ તું એનાથી આગળ વધ. કોઈ મને આવીને કહે કે તમારો બેટો અદલ તમારા જેવો જ છે, તો મને દુઃખ થશે. કહે કે જાણે તમારી જ શિકલ જોઇ લ્યો! ત્યારે મને તો થાય છે કે હે ભગવાન્! મને કેમ આવો કદરૂપો દીકરો આપ્યો? અને જો એમ કહે કે તમારા દીકરાની બુદ્ધિ બરાબર તમારા જેવી જ છે, ત્યારે તો બસ ખલાસ! હવે, એથી વધુ ભૂંડું બીજું શું હોઈ શકે? દરેક બાપ એવી આકાંક્ષા સેવે છે કે મારો બેટો મારાથી સવાયો નીવડે ને મને ટપી જાય.

હું ઘણીવાર માર્ક્સવાદીઓને કહું છું કે તમારા કરતાં માર્ક્સનો હું વધારે ભક્ત છું. તમે કહો છો કે માર્ક્સથી આગળ કોઈ કાંઈ કહે તો એ પ્રત્યાઘાતી છે. હું કહું છું કે આટલા મોટા માણસને પગલે પગલે જન્મ્યા તોય આપણે એનાથી આગળ ન જઈ શક્યા તો તો આપણે નર્યા ઠોઠ જ ઠર્યા ને! તો તો બધી પ્રગતિ જ રૂંધાઇ ગઇ એમ કહેવું પડે.

ગાંધીએ આપણને એક મોટા મુકામ સુધી આણીને છોડયા. એમણે શીખવ્યું કે બધા ધર્મોને સમાન માનો. પણ લોકોએ અર્થ કાઢયો કે બધા ધર્મો સમાન છે, માટે ગમે તે ધર્મમાં જાવ એ સરખું જ છે. ત્યારે મેં કહેલું કે આ તો સ્થૂળ અર્થ થયો.

—આ વાત બંધારણ સભામાં મૂળભૂત હકોની ચર્ચા વખતે નીકળી હતી. દરેકને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવાનો fundamental right એનાયત થઈ રહ્યો હતો. ત્યારે એક ખ્રિસ્તી સજ્જન ઊભા થયા અને કહેવા લાગ્યા, "દરેકને પોતપોતાના ધર્મનો પ્રચાર કરવાનો પણ હક આપવામાં આવે."

ત્યારે મેં કહ્યું કે "આ તો અધાર્મિક વાત થઈ." હું સભામાં કે પક્ષની બેઠકમાં તો કવચિત જ બોલતો એટલે એમને અંગત રીતે મળ્યો અને કહ્યું, "તમે આવી કેવી વાત કરી? બધાને પોતાનો ધર્મ પાળવાનો સરખો અધિકાર હોય ત્યાં સુધીની વાત બરાબર છે પણ એનો પ્રચાર કરવાની વાત તો ખોટી છે."

એમણે મારી વાત સ્વીકારી, પણ ત્યાં તો મારા હિંદુ મિત્રો મારી સામે ખડા થઇ ગયા ને કહેવા લાગ્યા, "આ તો તમે ઘાણ વળ્યો. તમે તો એવી વાત કરો છો કે જે હિંદુને બળજબરીથી મુસલમાન કે ખ્રિસ્તી બનાવી દવામાં આવ્યા છે એમને હિંદુ ધર્મમાં પાછા લાવી જ ન શકાય!"

મેં એમને કહ્યું, "પણ એ તો ખોટું કહેવાય. ધર્મની બાબતમાં સંખ્યાની વાતને શો સંબંધ? ચૂંટણી કે પ્રતિનિધિત્વની દૃષ્ટિએ તમે વાત

કરતાં હો એમ લાગે છે. પણ એ કાંઇ ધર્મની વાત ન થઈ! જો બધા ધર્મો સમાન હોય તો બીજા ધર્મમાં જવાની જરૂર જ ક્યાં રહી? બીજા ધર્મમાં જવાનાં બે કારણુ હોઇ શકે: લોભ અને મુમુક્ષા. કાં તો હું એમ માનતો હોઉં કે બીજો ધર્મ મને ભગવાન પ્રત્યે લઇ જવા માટે વધુ સારો છે, કાં તો પછી એમ હોય કે દુનિયાદારી સગવડો મેળવવાને માટે બીજો ધર્મ વધુ સારો છે એમ હું માનતો હોઉં. સગવડ–અગવડની વાત તો ધર્મ–અધર્મની વાત કહેવાય નહીં. સગવડિયો ધર્મ એ કાંઈ ધર્મ નથી. અને જો ઈશ્વર‌ભક્તિની (મુમુક્ષાની) વાત કરતા હો ને કહેતા હો કે ઈશ્વરને તો અમુક ધર્મમાં જ બરાબર ભજી શકાય, મોક્ષ તો અમુક ધર્મમાં જ મળે, તો તો પછી 'બધા ધર્મ સમાન છે' એમ તમે કહો છો એમાં કશી સચ્ચાઇ જ રહેતી નથી."

ત્યારે મેં 'ગાંધીથી એક કદમ આગળ' એમ કેમ કહ્યું?

—જગન્નાથપુરીની ઘટના વિશે તમે સાંભળ્યું હશે. ડેલાંગમાં ગાંધી સેવાસંઘના સંમેલન પછી આ નારાયણ દેસાઇના મા (દુર્ગાબહેન) અને કસ્તુરબા પુરી જઈ આવ્યાં, દર્શનને માટે! ત્યારે પેલા બુઢ્ઢાએ જબરો ક્રોધ કર્યો. કેમ જાણે આભ તૂટી પડયું! પણ મોટાનો ક્રોધ પણ **वरेण तुल्यः** હોય છે, આશીર્વાદ સમાન હોય છે. પેલું કહ્યું છે ને **विकारोऽपि श्लाघ्यो भुवन-भयभंगव्यसनिनः**...વિકાર પણ શ્લાઘ્ય હોય છે. કોનો? જે આખી દુનિયાના દોષોનું નિવારણ કરવા માટે આવે છે તેમનો. ત્યારે એમણે ભારે કોપ કરીને પૂછયું, "જે મંદિરમાં હરિજનો નથી જઇ શકતા તેમાં એ કેમ ગઇ? આ મારા વિરુદ્ધ થયું તેનું મને દુ:ખ નથી થતું. પણ આ કેવળ આપણે માટે જ શરમભર્યું નથી, પરંતુ એનાથી તો માનવતાનું અપમાન થયું છે. તેથી હું દુ:ખી છું."

—એ એક પ્રસંગ થયો. બીજો પ્રસંગ જગન્નાથપુરીમાં જ હમણાં થયો. વિનોબાએ કહ્યું કે મારી સાથેની આ ફ્રેંચ બહેન ન જઈ શકે તો હું પણ મંદિરમાં જઈ ન શકું. ગાંધીજીએ એટલે સુધી કહ્યું કે મંદિરોમાં હિંદુ માત્રને પ્રવેશ મળે. વિનોબા હવે એમ કહી રહ્યા છે કે કોઈ ઉપાસનાક્ષેત્ર કે તીર્થસ્થળ હવે સાંપ્રદાયિક ન રહે. બધાં ઉપાસનાક્ષેત્ર માનવમાત્રને માટે ખુલ્લાં થઇ જાય.

## ૨૭. ધર્માંતરને ગેરકાયદેસર કરી નાંખીએ

પહેલા કાચથી જોયો તે હતો ધર્મ; બીજા કાચથી જોયા તે છે સંપ્રદાયો. churchianity–સંપ્રદાયમાં અદલાબદલી થાય છે, વટાળ

અને જબરદસ્તી કે લાલચથી ખેંચાખેંચ ચાલે છે, ધર્માંતર થાય છે; (conversion અને proselytisation થાય છે;) ધર્મમાં ધર્માંતર જેવી ચીજ જ નથી સંભવતી.

હું જે કાંઇ કહું છું તેનો લોકસત્તા સાથે અનુબંધ કરું છું. તમે જો ખરેખર લોકસત્તાની સ્થાપના ઇચ્છતા હો, તો ધર્માંતરને ખેર અધાર્મિક નહીં, તો ગેરકાયદેસર તો કરી જ નાંખો! ધર્મ–પરિવર્તન એ સામાજિક વિધાનને પ્રતિકૂળ છે એવો વિચાર લોકશાસનમાં દાખલ કરવો પડશે, તેમ જ ધર્માંતર ઈશ્વરના વિધાનને પ્રતિકૂળ છે એવી ભાવના જનતામાં નિર્માણ કરવી પડશે. જે લોકો શાસન, વિધાન, કાનૂન વગેરેમાં માને છે, એમ ને ઘડે છે, એ લોકોને માટે મેં આ વાત સૂચવી દીધી.

શાસનમુક્તિમાં માનવાવાળા મેં એમને આ કે તે સૂચવ્યું શા માટે? તમે એટલું સમજી લેજો કે આપણે શાસનના વિરોધી નથી પણ શાસન-નિરપેક્ષ છીએ. આપણને કાનૂનનો વિરોધ નથી પણ કાનૂન પર આપણો મદાર નથી આપણે એમ મ નીએ છીએ કે સમાજ કાનૂનને ભરોસે રચી શકાતો નથી. દુનિયામાં બધા બંધારણશાસ્ત્રીઓ તમને કહેશે કે સમાજનું ઘડતર કરવું એ એમનું કામ નથી. એમનું તો ક્ષેત્ર જ બીજું છે. એ ક્ષેત્રની આ એક મર્યાદા છે. છતાં મેં તમને કહ્યું તેમ કાયદા સાથે આપણી દુશ્મનાવટ નથી. તેથી બંધારણ ઘડનારાઓને આપણી એવી વિનંતિ છે કે બંધારણમાં પણ ધર્માંતરનો નિષેધ દાખલ થવો જોઈએ, જેથી બંધારણ પોતાના સર્વ-ધર્મ-સમભાવના સિદ્ધાંતને વધુ સુસંગત રહી શકે.

ધર્મપરિવર્તન ગેરકાયદેસર ગણાવું જોઈએ, કારણ કે જો તમે બધા ધર્મોને સમાન માનતા હો તો એકમાંથી બીજા ધર્મમાં જવાની જરૂર જ નથી. મહંમદમાં આસ્થા બેસતી હોય, તો ખુશીથી ઘેરબેઠાં કે મસ્જિદમાં જઇને તમે એની રીતે ઉપાસના કરો કે કુરાનનો પાઠ કરો. પણ લોકો શું કરે છે? કહે છે કે કુરાનનો પાઠ કરવો હોય તો તે અરબીમાં જ થાય. ગૂજરાતીમાં કુરાન પઢવાનું શા માટે નિષિદ્ધ માનવું જોઇએ? તો કહે છે કે ધર્મગ્રંથ ધર્મની ભાષામાં જ હોવો જોઇએ. સંસ્કૃતને ગીર્વાણ, દેવભાષા, કહેતા હતા! ત્યારે જ્ઞાનેશ્વરે પૂછ્યું: 'સંસ્કૃત ભગવાનની ભાષા છે તો શું મરાઠી ચોરની ભાષા છે?—**मराठी काय चोरानीं केली?**' ભાષા બધી ભગવાનની હોય છે. ત્યારે પેલા કહે છે કે ના, કુરાન તો અરબીમાં જ રહેશે, ગ્રંથસાહેબ ગુરુમુખીમાં જ રહેશે, ઇત્યાદિ. આમ ઝઘડો સંપ્રદાયમાંથી ભાષામાં આયાત થયો. કલિપ્રવેશ

થયો ! નળરાજાના શરીરમાં કલિનો પ્રવેશ થયો હતો ને ? એક છિદ્રમાંથી પ્રવેશ થયો પછી આખા શરીરમાં રોમેરોમે કલિ કલિ થઈ ગયો. તેવું જ આ સાંપ્રદાયિક ઝઘડાઓનું છે. कलि શબ્દનો અર્થ જ છે : કલહ. ભાંડારકરની પહેલી ચોપડીમાં જ આવે છે : कलि એટલે કલહ. ધર્મમાં અસહિષ્ણુતા આવી જાય છે ત્યારે કલહનો પ્રવેશ થાય છે ને ટંટો ઘર કરી જાય છે. અને પછી એ પ્રવૃત્તિ Conversion અને proselytisationમાં યેનકેન-પ્રકારેણ ધર્માંતર કરાવવામાં પરિણમે છે.

આ એક બાજુ થઈ. હવે બીજી બાજુ જોઈ લઈએ.

## ૨૮. સંપ્રદાયમુક્ત ધર્મ અર્થાત્ આત્મજ્ઞાન તથા સાર્વભૌમ વિજ્ઞાન એ બેની યુતિમાંથી ‘વૈજ્ઞાનિક ધર્મ’ જન્મે

આજે બીજો પણ એક વિરોધ જોવા મળે છે, જે મેં ગઈ કાલે તમારી સામે મૂક્યો હતો. એક તરફ વિજ્ઞાન છે. બીજી તરફ ધર્મ છે. વિજ્ઞાન આંતરરાષ્ટ્રીય છે. જ્યારે ધર્મ સાંપ્રદાયિક છે. હા, વિજ્ઞાન આજકાલ થોડું થોડું સાંપ્રદાયિક થઈ રહ્યું છે ખરું. પણ એમાં વાંક વિજ્ઞાનનો નથી, સત્તાધારીઓનો છે. છતાં ઘણે મોટે અંશે વિજ્ઞાનનું સ્વરૂપ આંતરરાષ્ટ્રીય જ રહ્યું છે. હજી એવું નથી થયું કે અમેરિકાનું વિજ્ઞાન એક અને રશિયાનું વિજ્ઞાન બીજું.

—ગેલિલિયોએ કહ્યું કે સૂર્ય પૃથ્વીની પ્રદક્ષિણા નથી કરતો, પણ પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે. પછી લોકોએ એને ખૂબ સતાવ્યો ત્યારે એણે થાકીને કહ્યું કે તમે લોકો મને મારો છો તો લ્યો ભાઈ, તમે કહો છો તેમ કહું. ચાલો પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા નથી કરતી એ જ સહી !...પણ મારા કહેવા છતાં એ તો પ્રદક્ષિણા કરતી જ રહે છે તેને હું કેવી રીતે રોકીશ ? ત્યાં મારો કશો ઉપાય નહીં ચાલે; તમારો પણ નહીં ચાલે !

વિજ્ઞાન વસ્તુનિષ્ઠ હોય છે. એનો સંબંધ વસ્તુસ્થિતિની સાથે જ હોય છે. તેથી વિજ્ઞાનનો પોતાનો કશો દોષ નથી હોતો. પરંતુ સત્તાધારીઓ અને સંપત્તિધારીઓએ વિજ્ઞાનને પોતાનું અનુચર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. એ પૂરો પાધરો સફળ નથી થયો. એવા પ્રયત્નો છતાં વિજ્ઞાન સાર્વભૌમ રહ્યું છે. પરંતુ ધર્મ તો એકેએક સાંપ્રદાયિક બની ગયો છે.

અને હવે ધર્મ અને વિજ્ઞાન સામસામાં આવી ગયાં છે. સંઘર્ષપ્રિય લોકો બંને વચ્ચે વિગ્રહ કલ્પે છે. પણ વિનોબા કહે છે કે આ જ શુભ ઘડી છે, સુમુહૂર્ત છે, સાવધાન ! અત્યારે જ વિજ્ઞાન અને અહિંસાનાં ઘડિયાં

લગન લઈ લો! અને એનું ગોરપદું ભારતે કરવાનું છે. ભારતે વિવાહનો મંત્રપાઠ કરવાનો છે અને મંગલાષ્ટક ઉચ્ચારવાનું છે. કદી કદી તેઓ આ વાત એ રીતે પણ કહે છે કે હવે વેદાંત અને વિજ્ઞાન એક થઇ જવાં જોઈએ, અધ્યાત્મવિદ્યા અને ભૌતિકવિદ્યા બંને હવે એકરૂપ બની જાય.

મનુષ્યનાં હૃદય અને બુદ્ધિની વચ્ચે પણ ઝઘડો જામ્યો છે. ધર્મ હૃદયને એક તરફ ખેંચે છે, વિજ્ઞાન બુદ્ધિને બીજી તરફ ખેંચે છે. એટલે આજે આપણે જોઇએ છીએ કે મનુષ્યનું વ્યક્તિત્વ વિદીર્ણ થઇ રહ્યું છે, વિદારાઇ રહ્યું છે, પીંખાઇ રહ્યું છે. આવું કેમ? કારણ કે મનુષ્યની ધર્માકાંક્ષા અને વિજ્ઞાનની વચ્ચે મેળ નથી. એમની ખેંચાતાણ થઇ રહી છે અને વચ્ચે મનુષ્યનો ખોડો નીકળી રહ્યો છે.

ત્યારે આપણે કઇ વાતની આવશ્યકતા છે? We want a religious Science and a scientific Religion—આપણને ધાર્મિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિક ધર્મની આવશ્યકતા છે. આજે વિજ્ઞાન સાર્વભૌમ છે, એટલે જે વૈજ્ઞાનિક ધર્મ હશે તે પણ સાર્વભૌમ હશે. સાર્વભૌમનો અર્થ એ નહીં કે એ 'યુનિફોર્મ' હશે. વૈજ્ઞાનિક ધર્મના આવિષ્કારમાં—એ જે બાહ્ય સ્વરૂપ ધારણ કરશે તેમાં—સ્થળ, કાળ તથા વ્યક્તિના ભેદો અનુસાર ફરક રહી શકે છે.

—અમે શરૂશરૂમાં રાષ્ટ્રીય શાળાઓ ખોલી. અમને આદેશ મળેલો કે કોલેજો છોડો. એટલે અમે છોડીને નીકળી આવેલા. અને પછી ત્યાં સુધી જેવું ભણતા તેવું ને તેવું જ અમે બીજાને ભણાવવા માંડેલું અને પછી કહી દીધેલું કે "આનું નામ જ રાષ્ટ્રીય શિક્ષણ!"

ત્યારે એક જણે પૂછ્યું કે "આ તમારું રાષ્ટ્રીય શિક્ષણ વળી નવી નવાઇનું શું છે?"

અમે કહ્યું કે "એ તો ગાંધી જાણે! અમને શી ખબર?"

ત્યારે એ પાછો પૂછે છે, "બીજી નિશાળોમાં તો ૨+૨ = ચાર થાય છે. તમારી રાષ્ટ્રીય નિશાળમાં ૨+૨ = સવાચાર થાય છે ખરા કે?"

હવે ગણિત અને વિજ્ઞાનમાં 'રાષ્ટ્રીય' શું ને 'અ-રાષ્ટ્રીય' શું? પણ અમે તો 'રાષ્ટ્રીય' શિક્ષણ લઇ બેઠા હતા તો! ત્યારે એણે અમને એક સમજવા જેવી વાત કહી:

પહેલાં આપણે જે ચોપડીમાંથી ગણિત શીખતા તે અંગ્રેજી ચોપડી હતી. એમાં એવા દાખલા આવતા, કે એક પૈસાનાં બે ઈંડાં તો ચાર પૈસાનાં કેટલાં? હવે ગણિતનું તો જાણે સમજ્યા, પણ ઈંડાંનું

શું ? આપણે વળી ઈંડાં સાથે શું નહાવાનીચોવવાનું ? આપણે કદી ખાવા માટે ઈંડાં ખરીદવા થોડા જ નીકળીએ છીએ ? તો રાષ્ટ્રીય શિક્ષણના ગણિતમાં એવો દાખલો આવશે કે એક પૈસાની બે કેરી તો ચાર પૈસાની કેટલી ? હવે, કેરી કહેતાં જ એકદમ આપણી સામે કેરીની આકૃતિ ખડી થઈ જાય છે અને જીભમાં પાણી પણ છૂટે છે. એટલે કે એનો આપણા જીવન સાથે અનુબંધ હોય છે. શિક્ષણ આપણા વિશિષ્ટ સંસ્કારોને અનુરૂપ હોવું જોઈએ, આપણા ધાર્મિક સંસ્કારોને અનુરૂપ હોવું જોઈએ.

ગણિત અને વિજ્ઞાન સાર્વભૌમ છે, પણ એમને સારીનરસી ગમે તે રીતે વાપરી શકાય છે. શું ધર્મ એને માનવના હિતાર્થે વાપરી શકશે ? શું ધર્મ એટલો વ્યાપક અને સાર્વભૌમ થઈ શકશે ?

સંપ્રદાયો સંકુચિત હોય છે, પણ ધર્મ અંતતોગત્વા સાર્વભૌમ હોય છે. વૈજ્ઞાનિક ધર્મ હશે તે ગણિત અને પદાર્થવિજ્ઞાન કરતાં અનેકગણો વધારે વ્યાપક હશે. ધર્મ ભગવાન જેવો વ્યાપક હોવો જોઈએ. જે વ્યાપક છે તે જ ધર્મ છે, જે અવ્યાપક છે તે અધર્મ છે. **यो वै भूमा तत् सत्यम् ।**

### ૨૯. ધર્મ–વિજ્ઞાનના સમન્વય માટે કાવ્ય અને જ્ઞાન વચ્ચેના વિરોધનું અધ્યયન

હવે ધર્મને વિજ્ઞાન સાથે કઈ રીતે મેળવવો ? વિજ્ઞાન અને ધર્મ એમની વચ્ચે જે વિરોધ છે એનું નિરાકરણ કરવું છે, કારણ કે કાલે આપણે જોયું તે પ્રમાણે વિરોધનું નિરાકરણ એ જ સમન્વય છે, એ જ ક્રાંતિનો ઉદ્દેશ છે.

તો વિરોધ શો છે ?

–એકે કહ્યું, “ભગવાને સૃષ્ટિ મારે માટે રચી છે. મને સુખ આપવાને માટે એણે આ પશુ–પંખી, વૃક્ષ–લતામંડપો, ધનધાન્ય વગેરેથી ભરેલી અખિલ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે.”

એ છે બીજા કાચથી જોનારો.

–મારો આમ તો બાપુ સાથેનો સંપર્ક આછોપાતળો જ રહ્યો. પણ જ્યારે જ્યારે મળતો ત્યારે ત્યારે મોકો આવ્યે મારો મમરો મૂકી દેતો.

એક વાર બાપુએ કહ્યું, “મારા હાથની વાત હોત તો હું એક માખી પણ મારત નહીં.”

મેં કહ્યું, “બાપુ, તમે કહ્યું એટલે વાત તો બરાબર જ હશે, પણ મારા મનમાં તો પ્રશ્ન થાય ખરો કે ભગવાને માંકડ, મચ્છર વગેરેને પેદા જ શા માટે કર્યાં ?”

તો જવાબ મળ્યો, "તમે લોકો જો માણસ ન મારો તો હાલ તરત મારે એટલું પૂરતું છે. પણ ધાર કે કાલે કયાંક માંકડો અને મચ્છરોની સભા ભરાઈ અને એમની પરિષદમાં એવો વિચાર રજૂ થયો કે આ દાદા ધર્માધિકારીને ભગવાને શી ખબર શા માટે પેદા કર્યો છે, એ કાંઈ સમાજમાં જ નથી આવતું ! ભગવાને શા માટે એને બનાવ્યો હશે ? આપણને તો એ કશા ખપનો નથી ! અને તે વખતે ત્યાં વળી બીજો ડાહ્યો એને સમજાવે કે ભગવાને દાદાનું શરીર એટલા માટે બનાવ્યું છે કે આપણે એમાંથી તાજું લોહી ચૂસી શકીએ ! ભગવાનની દરેક બાબતમાં જરૂર કાંઇ ને કાંઈ યોજના રહેલી જ હોય છે !"

મનુષ્યની મનોવૃત્તિમાં રહેલા આ જે પ્રભુત્વવાદ પર (હું જ સૃષ્ટિનો સ્વામી છું, સૃષ્ટિ મારે જ માટે બની છે,–એવા જે અહંકારવાદ પર) બાપુએ કટાક્ષ કર્યો, તેનો વિકાસ સત્તાવાદમાંથી થયો છે; જ્યારે પ્રેમમાંથી તાદાત્મ્ય-વિચારનો વિકાસ થયો છે. સૃષ્ટિની સાથે આપણો સંબંધ તાદાત્મ્યનો રહે કે પ્રભુત્વનો, એ વિજ્ઞાન અને અધ્યાત્મની સામે ઊભેલી સમસ્યા છે. વિજ્ઞાન અને ધર્મની વચ્ચેનો આ મૂળ વિવાદ છે. શું સૃષ્ટિ આપણી ભોગદાસી છે ? કે પછી એ ભગવાનની સંગિની અને આપણી માતા છે, જેની સાથે આપણું તાદાત્મ્ય હોય ?

એક તરફ કવિનો દૃષ્ટિકોણ છે, બીજી તરફ વૈજ્ઞાનિકનો દૃષ્ટિકોણ છે. કવિ એક હોય છે, વૈજ્ઞાનિક બીજો હોય છે. જે કવિ છે તે વૈજ્ઞાનિક નથી અને જે વૈજ્ઞાનિક છે તે કવિ નથી. કવિ કહે છે, "સૂર્ય સકળ સંસારનું નેત્ર છે. सूर्यो यथा सर्वलोकस्य चक्षुः...." તો વિજ્ઞાનવેત્તાએ કહ્યું, "ચક્ષુ વળી શેનું ? આ તો પ્રકાશનો ગોળો ! જરા એટલુંય ભાન છે ખરું કે આ પ્રકાશને ત્યાંથી અહીં આવતાં કેટલો વખત જાય છે ? તને તો એકેય વાતની ગતાગમ જ નથી."

પણ સંસારમાં જે કાંઈ વ્યવહાર ચાલે છે તેમાં સ્નેહ અને આકાંક્ષાને સ્થાન છે. પહેલો આવે સ્નેહનો શીતળ સંસ્કાર અને તે પછી આવે છે વિજ્ઞાન.

—એક બાળક જન્મ્યું. એને માના પડખામાં મૂકયું. માએ ઝટ બાળકને ધવરાવવા લીધું. ત્યારે વૈજ્ઞાનિક શું એમ કહેશે : અરે! જરા થોભ! પહેલાં એને food metabolism–આખું આહારશાસ્ત્ર શીખવી દે. શું ખાવું, કેમ ખાવું ? શું કયારે પચે, કયારે નડે! ને નડે તો શું

કરવું ? આ બધું સમજાવી દે પછી જ ધવરાવ, નહીં તો તારું ધવરાવ્યું અવૈજ્ઞાનિક ગણાશે ! ”

એકનું નામ પાડ્યું છે : sentiment–લાગણી અને બીજાને કહે છે : પ્રત્યક્ષ પ્રમાણવાદ, પ્રયોગવાદ. જે સિદ્ધાંત પ્રત્યક્ષ પ્રયોગોના પ્રમાણથી સિદ્ધ નથી થતા તેનાથી તેઓ દોરવાતા નથી. વિજ્ઞાન અને ધર્મનો આ નિરંતર વિરોધ ચાલ્યા કર્યો છે. સવાલ એ છે કે શું આ બેયનો મેળાપ કરાવી શકાય તેમ છે ? શું કવિ અને વૈજ્ઞાનિક નજીક આવી શકે તેમ છે ? આવો સવાલ આવતાં બરાબર આજના વિજ્ઞાને જવાબ આપ્યો છે કે હવે એવો સંયોગ થઈ શકે તેમ છે. કાવ્યવિહીન વિજ્ઞાન દુનિયાને સ્મશાનમાં પલટી નાંખશે અને વિજ્ઞાનવિહીન કાવ્ય સ્વપ્નસેવી ને વસ્તુ–પરાઙ્મુખ બની જશે. આજે હવે આને ‘ લાગણીવેડા ’–Sentimentalism કહીને કોઈ વગોવતું નથી.

—કોઈ એક માઈના પૂતે ઔરંગઝેબના જમાનામાં આ જ સવાલ ઉપાડ્યો હતો, અને ત્યાં ઈંગ્લેંડમાં ઓલિવર ક્રોમવેલના વખતમાં પણ એ સવાલ પેદા થયો હતો. ઔરંગઝેબ એટલો તો કલાવિરોધી હતો કે થોડા લોકોએ એક દિવસ એક સ્મશાનયાત્રા કાઢી. ઠાઠડીને કબ્રસ્તાન લઈ જતા હતા, ત્યારે ઝરૂખે ઊભેલા ઔરંગઝેબે પૂછ્યું : “ કોને લઈ જાવ છો. ? ”

ત્યારે પેલાએ કહ્યું, “ બાદશાહ સલામત ! આ તો સંગીતનો જનાજો છે. હવે આપની હકુમતમાં એને એકેય ઠેકાણું નથી રહ્યું એટલે એને દફનાવવા લઈ જઈએ છીએ ! ”

ઔરંગઝેબે કહ્યું, “ બરાબર છે. એને એટલું ઊંડું દાટજો કે પાછું નીકળીને બહાર ન આવે.”

—ઓલિવર ક્રોમવેલના પ્યુરિટન, પાવિત્ર્યવાદી, જમાનામાં પણ સંગીત, નૃત્ય વગેરે ઉપર પ્રતિબંધ મુકાયા હતા. ત્યારે એક કલાકારે કહેલું : ઠીક ભાઈ, ના ગાવા દેતા. ચિત્ર પણ ન દોરવા દેતા. પણ આ આકાશનો ચંદ્રમા ! આ ફૂલ ! આ નદીઓ ! ને આ કલકલ કરતાં ઝરણાં ને જલધોધ ! શું એ બધાંયને તમે રોકી શકવાના કે ? તો ભાઈ, જ્યાં લગી આ ઝરણાંનો મધુર કલરવ અને મંદમંદ વહેતી હવાની સૂરાવલિને તમે દેશવટો નહીં દઈ શકો ત્યાં લગી, કૃપા કરીને સમજી લેજો કે તમે આ દુનિયામાંથી કલાને દેશવટો નહીં દઈ શકો.”

### ૩૦. કાવ્યના મૂળ સમું સૃષ્ટિ સાથેનું જીવનવિકાસક તાદાત્મ્ય અવૈજ્ઞાનિક નથી—તેના સેવનથી વિજ્ઞાન શાસન અને શોષણની પકડમાંથી છૂટે

મનુષ્યનું સૃષ્ટિ સાથેનું તાદાત્મ્ય અવૈજ્ઞાનિક નથી. સૃષ્ટિના નિયમોની જે શોધ લેબોરેટરીની બહાર થાય છે એ વિજ્ઞાનની પણ બહાર છે એમ જે લોકો કહે છે તે લોકો સૌથી વધુ અવૈજ્ઞાનિક માણસો છે. આજકાલ એવો ભ્રમ ફેલાયો છે કે જે લેબોરેટરીમાં થાય તે જ શોધ. ત્યારે જરા પૂછીએ કે શોધ ભલા શેની કરી? જે લેબોરેટરીની અંદર છે તેની શોધ તમારે કરવી છે કે જે એની બહાર છે તેની? મતલબ કે, પ્રયોગ-શાળાની બહાર જે નિરવધિ સૃષ્ટિ પડી છે એની સાથે તાદાત્મ્ય સાધવું એ અત્યંત વૈજ્ઞાનિક છે. માટે કલાઓને વૈજ્ઞાનિક સત્યોની સાથે મેળવવાનો પ્રયત્નો કરવો પડશે.

આ રીતે ધર્મમાં જેટલી વસ્તુનિષ્ઠા, સત્યનિષ્ઠા અને વ્યાપકતા આવતાં જશે તેટલો તેટલો ધર્મ સાર્વભૌમ બનતો જશે.

હું સાહિત્યમાંથી બે ઉદાહરણો આપીશ.

—હિમાલય પર એક વૃક્ષ જોઈને કાલિદાસ વર્ણન કરે છે. **देवदारुः** દેવદારનું વૃક્ષ હતું. કેવો દેવદાર? તો કહે છે, "**पुत्रीकृतोऽयम् वृषभ-ध्वजेन!** ભગવાન શંકરે જેને પોતાનો પુત્ર માન્યો છે." અને એને દૂધ કોણ પિવરાવતી હતી? સાક્ષાત્ ભગવતી પાર્વતી?

આમાં સૃષ્ટિની સાથે જે તાદાત્મ્ય છે, જે કોમલ ભાવના છે, તેને જો તમે અવૈજ્ઞાનિક ઠરાવી દેશો તો એથી વધુ અવૈજ્ઞાનિક બીજું શું થશે?

બીજું ઉદાહરણ.

—શકુંતલા શ્વસુરગૃહે જવા નીકળે છે ત્યારે કણ્વઋષિ પૂછે છે, "તું જવા તો નીકળી, પણ તારા આ છોડવાની વિદાય લીધી કે?"

કયા છોડવા? તો કણ્વ વર્ણન કરે છે "અલંકારનો આટઆટલો શોખ હતો છતાં જે છોડવાની એક પાંદડી પણ એણે કદી તોડી નથી, જેને પાણી પિવરાવ્યા વિના જાતે પાણી પીધું નથી.—"**पातुं न व्यवस्यति जलम्**"

અને છોડને કહે છે, "તારી એક પાંદડી પણ જેણે શૃંગારને માટે તોડી નથી એ શકુંતલા આજે પતિગૃહે જઈ રહી છે. તું એની વિદાય લે."

સૃષ્ટિની સાથે આ જે તાદાત્મ્યની ભાવના મનુષ્યમાં છે તે અત્યંત મંગલકારી છે અને અત્યંત સાંસ્કૃતિક છે. જીવનનો વિકાસ આ જ

ભાવનામાંથી થાય છે. વિજ્ઞાને એ ભાવનાને આદર આપવો જોઈએ. વિજ્ઞાન હવે પ્રભુત્વવાદી ન રહે, મનુષ્યનું સૃષ્ટિ સાથેનું તાદાત્મ્ય કઈ રીતે વધે તે વિચારતું થાય. અત્યાર સુધી વૈજ્ઞાનિકો લૅબોરેટરીની બહાર નીકળીને સૃષ્ટિની સાથે ભળ્યા નથી પણ તટસ્થ રહ્યા છે. આમ તદ્દન તટસ્થ હવે ન રહેવું ઘટે. હવે જો સૃષ્ટિના સુસંવાદી તાલની સાથે આપણા વિજ્ઞાનનો ઠેક નહીં મળે. તો પૃથ્વી પર વિજ્ઞાનનું સંહારક તાંડવ રચાશે.

સત્તાધારીઓએ કહ્યું, "We shall change human nature by technology–અમે વૈજ્ઞાનિક યાંત્રીકરણથી મનુષ્યના સ્વભાવને પલટી નાખીશું" બજારમાં બેઠેલા પૈસાવાળાઓએ કહ્યું, "અમે વિજ્ઞાનનો ઉપયોગ કદી પણ મોક્ષને માટે નહીં કરીએ, નફાને માટે જ કરીશું. અમે બજારમાં બેઠા છીએ ત્યાં સુધી ધર્મનો ઉપયોગ પણ નફાને માટે જ કરવાના, ને વિજ્ઞાનને પણ અમે નફાને ગાડે જ જોતરવાના. We shall gear Science to Profit."

આનું પરિણામ શું આવ્યું ? સત્તાવાળા અને નફાવાળા ક્યાં લગી પહોંચ્યા ? થોડામાં આનું વર્ણન મેં તમારી આગળ કર્યું. હવે એક બીજી વાત પણ કરી લઉં.

## ૩૧. યંત્ર-વિજ્ઞાનની પ્રગતિ અને મૂડીવાદી ઔદ્યોગિક ક્રાંતિ એ બે એક નથી

આપણે Industrial Revolution–ઔદ્યોગિક ક્રાંતિને અને Mechanical Revolution–યાંત્રિક ક્રાંતિને એક જ માની લીધી છે. આ ભારે મોટી ભૂલ છે, બન્ને એક નથી. મૂડીવાદે યંત્ર-વિજ્ઞાનનો લાભ લીધો એ ખરું, પણ યાંત્રિક ક્રાંતિ અને Commercial કે Industrial Revolution—વ્યાપાર-ઉદ્યોગની ક્રાંતિ એ બે જુદી જુદી વસ્તુઓ જ છે. દુનિયામાં લોઢું, કોયલો, પેટ્રોલ કે વરાળ ન શોધાયાં હોત તોપણ દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિ, વ્યાપારનો યુગ અને મૂડીવાદ તો આવત જ. હા, યંત્ર વિના તે આટલી ઝડપથી દુનિયા પર ફરી વળત નહીં એ ખરું, પણ તેથી આવત જ નહીં એમ માનવું ખોટું છે. મકર-સંક્રાંત જેમ કોઈવાર ઘોડા પર, કોઈવાર ગધેડા પર, તો કોઈ વાર બળદ પર, એમ જુદાં જુદાં વાહન પર બેસીને આવે છે, તેમ મૂડીવાદ યંત્ર પર આરૂઢ થઈને આવ્યો ! યંત્રને કારણે મૂડીવાદની ગતિ અને આકાર બદલાઈ ગયાં એ સાચું, પણ યંત્ર અને મૂડીવાદ જુદાં

જુદાં આવ્યાં છે અને પાછળથી એ બે સંકળાઈ ગયાં છે. અને તે એવાં સંકળાઈ ગયાં છે કે હવે આપણને એમ લાગે છે કે બંનેનો સંબંધ અવિભાજ્ય છે. સમાજવાદીઓના, માર્કસના અને સામ્યવાદીઓના વિચારમાં એક વાત સાવ સાચી છે ને તે એ કે એમણે આ બેને કદી ભેળવી દીધાં નથી.

મૂડીવાદે યંત્રનો ઉપયોગ કરી લીધો, પરંતુ સમાજમાં યંત્રની જે પ્રતિષ્ઠા છે તે મૂડીવાદને કારણે નથી, પણ એ કારણે છે કે એણે મનુષ્યને કેવળ પરિશ્રમમાંથી, ગદ્ધામજૂરીમાંથી બચાવી લેવાનો દિલાસો આપ્યો છે. યંત્ર આવતાં પહેલાં કેટલાક જણને માત્ર ગદ્ધાંવૈતરું કૂટવું પડતું, એમનાં ભેજાંનો બિલકુલ જ ઉપયોગ નહોતો થતો, એનો કોઈનેય કશો જ ખપ નહોતો. પણ એક વાતની તકેદારી અવશ્ય રાખવામાં આવતી હતી. એમનું ભેજું બિલકુલ કામ ન આપે એવું તકલાદી ન થઈ જાય, તેની સંભાળ લેવાતી ખરી ! ગાંડા જ થઈ જાય તો તો ધાર્યું કામ ન આપે, એટલે ગાંડપણની હદ સુધી જવા દેવામાં નહોતા આવતા. પણ એમને માટેના શિક્ષણનો સદંતર અભાવ હતો. આમ દિલ અને દિમાગ છૂટાં છૂટાં થઈ ગયાં હતાં. થોડા ગુલામ કહેવાતા હતા ને થોડા માલિક કહેવાતા હતા. પશુ, સ્ત્રી અને ગુલામ, એમને દિમાગ ન હોય પણ એમનાં શરીરમાં શ્રમશક્તિ હોય એ જ ઇષ્ટ મનાતું. આજ લગી એમનો ઉપયોગ શરીર-શક્તિને માટે જ મનાયો છે. બુદ્ધિને માટે નહીં. એવા દલિતોને યંત્રને રૂપે એક આશ્વાસન મળ્યું કે ચાલો, હવે ગુલામગીરીની જરૂર નહીં પડે ! હાશ ! છૂટયા ! આ આશ્વાસન એ જ યંત્રની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠાનું કારણ બન્યું. મનુષ્યનાં કષ્ટ નિવારવાનું યંત્રે આ જે જબ્બર આશ્વાસન આપ્યું હતું તેને કારણે યંત્રનો વિરોધ અવૈજ્ઞાનિક ઠર્યો.

### ૩૨. વિજ્ઞાન અને યંત્ર પણ એક નથી–યંત્રનિષ્ઠા અને ઉપકરણવાદ માનવનિષ્ઠાનું સ્થાન લઇ લે તે સાચવીએ

તો પછી યંત્રના આવ્યા છતાં હજીય ગદ્ધાંવૈતરાંનો છેડો કાં ન આવ્યો ? એટલા માટે કે યંત્રે જે આરામ સરજ્યો તેનો થોડાક જણાએ ઇજારો રાખી લીધો. આવા થોડા લોકો monopolist of leizure—આરામના ઇજારદાર ઉર્ફે પુરસદખોર બની ગયા. યંત્રની પ્રતિષ્ઠા આ લોકોને કારણે જરાયે નથી. યંત્રે મનુષ્યને અક્કલ-વિહોણા અને કલાવિહીન વૈતરામાંથી બચાવવાનો દિલાસો આપ્યા છતાં એ બચી ન શકયો તેનું મુખ્ય કારણ એ છે કે સત્તાધારીઓ અને સંપત્તિમાનો યંત્રને બથાવી પડયા ને દુરુપયોગ કરવા લાગ્યા.

આ વિષય અહીં અનાયાસ આવી ગયો તેથી એનો ઉલ્લેખ કરી દીધો. આપણે બધી ચીજોનો સામાજિક મૂલ્યોની દૃષ્ટિએ વિચાર કરવા બેઠા છીએ તેથી આ વિષયને પણ અહીં લઈ લીધો.

તો પહેલી વાત એ કહી કે ઔદ્યોગિક ક્રાંતિને યાંત્રિક ક્રાંતિની સાથે ભેળવી ન દેશો. અને હવે બીજી વાત એ કહું છું કે યંત્રને વિજ્ઞાન સાથે ભેળવી ન દેતા.

—એક જણ મને આવીને પૂછે "તમે મોટરમાં નથી બેસતા ?" ને ધારો કે હું એનેક હું છું, "ના ભાઇ, મેં તો ઘોડો રાખ્યો છે." તો એ કહે છે કે "આ શું ? તમે ઊઠીને આ વિજ્ઞાનના યુગમાં છેક આવી અવૈજ્ઞાનિક વાત શું કરો છો ?" તો શું ઘોડો અવૈજ્ઞાનિક છે ? ઘોડો મનુષ્યે નથી બનાવ્યો તેથી એ અવૈજ્ઞાનિક થઈ ગયો ? આંખ અવૈજ્ઞાનિક અને કેમ જાણે ચશ્માામાં વૈજ્ઞાનિકતા આવી ગઈ ! માટે મહેરબાની કરીને યંત્રને જ વિજ્ઞાન માની લેવાની ભૂલ ન કરશો. એવા 'વૈજ્ઞાનિક વહેમ'માં ન ફસાશો. નહીં તો એમાંથી તો એવા ખોટા તુક્કા ઊઠશે કે પ્રકૃતિ ભગવાનની સરજત છે માટે એ અવૈજ્ઞાનિક છે અને મનુષ્યને પણ ભગવાને બનાવ્યો છે માટે મનુષ્ય પણ અવૈજ્ઞાનિક છે ! હા, અને એટલે હવે તો વૈજ્ઞાનિક મનુષ્ય બનાવવાની વાત પણ ઊપડી છે તો પાછી !–Robots બનાવવાની વાત ! ધારો કે એ બને તોયે એના બનાવનારા એ બનાવટી માનવી કરતાં તો મોટા જ રહેશે. તમે જ્યારે એવા બનાવટી માનવીનું સર્જન કરનારા 'ભગવાન' બની જશો ત્યારે તમારી સામે એ સવાલ આવીને ઊભો રહેશે કે હવે 'જીવન'નું શું કરવું !

તો આ જે ભ્રમ ફેલાયો છે કે વિજ્ઞાન અને યંત્ર એક જ છે એ ખોટો છે, યંત્ર વિજ્ઞાનથી બને છે એ સાચું, પણ વિજ્ઞાન ઘણી વધારે વ્યાપક વસ્તુ છે. યંત્ર તો ઉપકરણ છે. આમ Technologyથી–યંત્રવિદ્યાથી–મનુષ્યના સ્વભાવને અને મનુષ્યની બધી ચીજોને અમે બદલી નાંખીશું એમ કહેનારા લોકોની વાતમાં કેટલો માલ હોય છે, તે આપણે જોઇ લીધું.

જ્યારે માણસને યંત્રમાં જ સર્વ કાંઇ દેખતો ભાળો ત્યારે એ સમજી લેજો કે યંત્રની વિશેષતા જ એ છે કે એ સમાજને યંત્રનિષ્ઠ બનાવી દે છે અને તેવા સંજોગોમાં યંત્ર જ દેવતા બની જાય છે, અર્થાત્ મનુષ્ય ઉપકરણવાદી બની જાય છે.

આમ તો દરેક કલાકાર અને કારીગર અમુક અંશે પોતાનાં ઉપકરણોની પૂજા કરનારો– યંત્રપૂજક–તો હોય જ છે. પણ અહીં મેં જે ઉપકરણવાદની વાત કરી એમાં અને આમાં ફેર છે. દશેરાને દિવસે ઘોડાગાડીવાળો એના ઘોડાની પૂજા કરે છે, ડ્રાઇવર મોટરની પણ પૂજા કરે છે; સુતાર, લુહાર બધા પોતપોતાનાં ઓજારો પર અક્ષતકુંકુમ ચોઢે છે, પણ યાંત્રિક જેટલી હદે યંત્રનિષ્ઠ હોય છે તેટલી હદે કારીગરો ઉપકરણનિષ્ઠ નથી હોતા.

—નારાયણ મને કહે છે કે પ્રાર્થના સવારે પોણાપાંચ વાગે થશે, તો હું કહું છું કે આ પ્રબોધભાઈ મને જગાડશે, પણ પ્રબોધભાઈની પોતાની આંખ બરાબર વખતસર ઊઘડશે ખરી? એટલે છેવટે ઘડિયાળનું એલારામ ગોઠવે છે. યંત્ર ચૂકતું નથી. મનુષ્ય ચૂકે છે. યંત્રને infallible–અચૂક માનવામાં આવે છે, જ્યારે મનુષ્ય ભૂલને પાત્ર ગણાય છે. પ્રબોધભાઇ પ્રમાદ કરે એમ બને, પણ એલારામ તો બરાબર એનો વખત થયે વાગવાનું જ. એટલે માણસ છેવટે યંત્ર પર જ વધારે ભરોસો રાખે છે. આમ યંત્ર મનુષ્યની જગ્યા ધીરે ધીરે કેવી રીતે દબાવતું જાય છે એ આપણને આમાંથી જોવા મળે છે.

યંત્રીકરણની સાથે સાથે સમાજ યંત્રનિષ્ઠ બનતો જાય છે. હું આ બધું બહુ ઊંડા ઊતરીને એટલા માટે સમજાવી રહ્યો છું કે આ બાબતમાં તમારે ઠીક ઠીક હેરાન થવું પડશે. લોકો એને અંગે ખૂબ લમણાંઝીક કરશે. માટે પકડની વાત યાદ રાખો, ભૂતની ચોટલી હાથમાં રાખો. યંત્ર પર એટલો ભરોસો ન હોવો જોઇએ કે પછી મનુષ્ય પર ભરોસો જ ન રહે. આર્થિક સંયોજનમાં યંત્ર રાખીએ એ વાત જાણે સમજ્યા, પણ માણસને ખસેડીને યંત્ર જ એની જગ્યાએ ઠબી ન જાય એની સાવચેતી રાખવી પડશે.

### ૩૩. પૂર્તિ, ઉપસંહાર અને 'ક્રાંતિ-વિજ્ઞાન' ની પૂર્વભૂમિકા

**–યંત્રીકરણનાં સહચારી લક્ષણો : સમાનીકરણ અને વિશિષ્ટીકરણ—**
**બાહ્ય સમાનતાની સાથે સાથે જાગતી આંતરિક સમાનતાની આકાંક્ષા**

આ જ વસ્તુ આપણાં ધાર્મિક અને સામાજિક મૂલ્યો અંગે પણ મેં કરી હતી. આપણું પરમ મૂલ્ય મનુષ્ય છે. આપણાં માનવીય મૂલ્યો–human values–ની જગ્યા યંત્ર કદાપિ ન લઇ શકે. અને તમને લોકોને એ વાત કહેતાં મને ખૂબ આનંદ થાય છે કે દુનિયાભરના બધા ક્રાંતિવાદીઓની સમક્ષ આ સમસ્યા ખડી છે. રશિયાના વિચારકોએ એ જ

કહ્યું છે કે the problem of Russia is Cultural—એટલે કે મુખ્ય સવાલ આર્થિક કે ઔદ્યોગિક નથી, પણ સાંસ્કૃતિક છે. મનુષ્યને યંત્ર-નિષ્ઠામાંથી માનવનિષ્ઠા પ્રત્યે કઈ રીતે વાળવો એ જ સવાલ છે. ક્રાંતિની પ્રક્રિયામાં આપણે આ જ મુદ્દાને સાચવીને ચાલવાનું છે. પાછળથી આ સવાલ ખડો થાય તેને બદલે આપણે એવું કરવા ઇચ્છીએ છીએ કે આપણી પ્રક્રિયા જ માનવનિષ્ઠ હોય. પાછળથી ઘડભાંજ ઊભી ન થાય તે માટે અત્યાર સુધીના ક્રાંતિકારીઓની કોશિશોનો શો નિચોડ નીકળ્યો છે, આપણે લોકો કયાં લગી આવીને ઊભા છીએ, તે આપણે જોઈ લેવું ઘટે.

તો આજે આપણે આ વિષયની ચર્ચા કરતાં હવે એ વાત પર આવી પહોંચ્યા છીએ કે યંત્રની સાથે માનવ—જીવનમાં સ્ટાંટર્ડાઇઝેશન આવ્યું, યંત્રે માનવનું સમાનીકરણ કર્યું. યંત્રની સાથે જ બધાને સમાન બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. કારણ કે યંત્ર એક જ છાપની ચીજો બનાવી શકે છે. એક જ યંત્ર અલગ અલગ જાતની ચીજો તો ન જ બનાવી શકે ને? મને ખુશી છે, કંઈક ગર્વ પણ છે કે ભગવાનની પાસે માણસને બનાવવાનું યંત્ર નહોતું! નહીં તો બધાં માણસ એકદમ એક-સરખા જ પેદા થયાં હોત. આપણે બધાં સ્ટૅમ્પ્ડ માલ બનત, અર્થાત્ એકસરખા વજનની અને એકસરખી છાપવાળી સાબુની ગોટીઓ જેવાં બનત. આજકાલના યંત્રયુગમાં એવું થઈ જ રહ્યું છે ને? એકસરખી ટોપીઓ! બાટાના બૂટ બધા એકસરખા બને છે. આવો કોઇ સંચો ભગવાનની પાસે નથી. તેથી જ ભગવાનને અવૈજ્ઞાનિક કહેવામાં આવે છે! તેથી તો વિજ્ઞાનની દુનિયામાં બિચારા ભગવાનને પેસવા દેવામાં આવતો નથી!

યંત્રીકરણની સાથેસાથ સ્ટાંડર્ડાઇઝેશન—સમાનીકરણ—આવે છે. મનુષ્યનું બાહ્યરૂપ બને તેટલું સમાન બનાવવાનું વલણ જોવા મળે છે. આવી જડ સમાનતાના લાભ પણ છે અને દોષ પણ છે. હું એવો અંધ યંત્ર—વિરોધી નથી કે ટેકનોલોજીના લાભ જોઉં જ નહીં. બંને જોઇશ. યંત્રીકરણની મર્યાદા શી છે તે પણ જોઇશ. યંત્રીકરણ અમુકથી આગળ કેમ ન જવું જોઈએ. અહીં સુધી એ કઇ રીતે આવ્યું અને કઈ રેખા આગળ આવીને એણે અટકી જવું જોઇએ, એનો વિચાર આપણે કરવો પડશે.

શા માટે કરવો પડશે? એટલા માટે કે આપણી પ્રતિજ્ઞા છે કે આપણે હવે ધાર્મિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિક ધર્મની સ્થાપના કરવી છે. બંનેએ હવે સાર્વભૌમ બનવું પડશે. અને એનું મંદિર અખિલ વિશ્વ

બનવું પડશે. ઉપાસનામાં વિવિધતા ભલે રહે, પણ આજના જેવો વિરોધ અને વિષમતા હવે નહીં ચાલે.

વિજ્ઞાનની સાથે આપણા જીવનમાં સૌથી મોટો ફેર જે પડી જાય છે તેનાં બે લક્ષણ છે : એક છે, સમાનીકરણ અને બીજું છે Specialisation-વિશિષ્ટીકરણ. વિજ્ઞાન આવતાં પહેલાં મનુષ્યનાં બધાં ઓજાર multi-purpose–વિવિધ હેતુ સાધનારાં હતાં, દાખલા તરીકે દાતરડું. એનાથી પાકની કાપણી થતી, શાક પણ કપાતું અને લડાઈ થઈ તો માથાં પણ વઢાતાં! હા, તલવારમાં એવું નથી. એ તો એકલું માથું વાઢવાનું જ ઓજાર છે! વિજ્ઞાનના આવવાથી ઓજારોનું વિશિષ્ટીકરણ થઈ ગયું. ઓજાર યંત્ર બની ગયાં. અને એક યંત્ર એકીસાથે એક જ કામ કરે છે. આમ યંત્રવિદ્યાની સાથે જ સમાનીકરણ અને વિશિષ્ટીકરણ આવ્યાં છે, તેનો વિચાર આપણે આપણી સામાજિક દૃષ્ટિથી આજે કર્યો.

હવે આજના જમાનામાં મનુષ્યને મનુષ્ય સાથે મેળવવો છે. એટલે ભેદનું નિરાકરણ એ જ ક્રાંતિનું કાર્ય થઈ પડવું જોઈએ. ભેદનું નિરાકરણ અને અભેદની સ્થાપના એ આપણો ઉદ્દેશ છે, તેથી આપણી ક્રાંતિની પ્રક્રિયામાં સંઘર્ષ નહીં પણ સખ્ય હોવું જોઈએ. સખ્ય મારફતે જ અદ્વૈતની સ્થાપના કરવા માટે સમન્વયની–વિરોધોના નિરાકરણની–આવશ્યકતા પડે છે.

સમન્વય કઈ કઈ વાતોનો ?

તો આજે ગણિત અને વિજ્ઞાનમાં તો વિરોધ નજરે ચઢતો નથી. પરંતુ ધર્મોમાં ખૂબ દેખાય છે. તો આજનો એક સવાલ તો જાણે એ છે કે ધર્મોનો સમન્વય કેવી રીતે થાય ? બધા ધર્મો વિશે સમભાવ આવે ત્યારે સર્વધર્મ-સમન્વય થાય. અને સર્વધર્મ–સમભાવ આવશે ત્યારે ધર્માંતર નિષિદ્ધ થઈ જશે,–સમાજમાં અને સંવિધાનમાં પણ. સંવિધાનમાં (બંધારણમાં) અને કાયદામાં ધર્માંતર નિષિદ્ધ થાય તેની સાથેસાથે એ પણ જરૂરી છે કે આપણા સામાજિક સંકેતોમાંથી અને સામાજિક સંસ્કારોમાંથી પણ ધર્માંતરના વિચારને દેશવટો મળી જાય. આપણી રાષ્ટ્રીય શાનમાં જ આ વસ્તુ સમરસ થઇ ગયેલી હોય એવો દિવસ ઊગશે, ત્યારે જ સાચા અર્થમાં સર્વધર્મસમભાવ સ્થાપિત થશે. કારણ કે જ્યારે મનુષ્ય ધર્મવિશેષનો પ્રચાર કરે છે અને જ્યારે મનુષ્ય ધર્મ બદલે છે, ત્યારે ધર્મ સંકીર્ણ થઈ જાય છે અને એનો સંપ્રદાય બની જાય છે. સંકીર્ણ સંપ્રદાયવાદ મનુષ્યને મનુષ્ય સાથે ભળવા નહીં દે. ઊલટાં મનુષ્યને મનુષ્યથી વેગળાં જ કરશે.

તેથી મારી નમ્રતાપૂર્વક પ્રાર્થના છે કે તમે સૌ વર્ગનિરાકરણ અને જાતિ-નિરાકરણની સાથે સાથે એક બીજો સંકલ્પ એ પણ કરી લ્યો કે અમે સંપ્રદાયોનું પણ નિરાકરણ કરીશું.

આની વ્યાવહારિક પ્રક્રિયા શી હશે, તેની ચર્ચા પણ આપણે કરી. તે પછી ધર્મ અને વિજ્ઞાનની વચ્ચેના વિરોધનું કેવી રીતે નિરાકરણ થાય એ વિષય આપણે લીધો. વિજ્ઞાન સાર્વભૌમ છે અને ધર્મ સાંપ્રદાયિક છે ત્યાં સુધી ધર્મ-વિજ્ઞાનની યુતિ, એમનો સંયોગ, ન થઈ શકે એ આપણે જોયું. અને એમ પણ કહ્યું કે જ્યાં સુધી ધર્મ-વિજ્ઞાનની યુતિ ન થાય, ત્યાં સુધી ભારતનું પૌરોહિત્ય—વિનોબા કહે છે ને કે વિજ્ઞાન અને અહિંસાના વિવાહમાં ભારતે પૌરોહિત્ય કરવાનું છે?—એનું સાર્થક્ય નહીં થાય. અત્યારે થઈ શકશે, જ્યારે ધર્મ વૈજ્ઞાનિક બનશે અને વિજ્ઞાન ધાર્મિક બનશે.

આજે વિરોધ ક્યાં છે? મનુષ્યની ભાવના કાવ્યની દિશામાં અને પ્રયોગ તેમ જ બુદ્ધિ વિજ્ઞાનની દિશામાં થઈ રહ્યાં છે. ભાવના અને પ્રયોગની વચ્ચે મેળ નથી. તેથી પ્રયોગોથી જે લાભ મળે છે તે બધો સંપત્તિવાદી, સત્તાવાદી ને પ્રભુત્વવાદી લોકો તાણી જાય છે. પરિણામ એનું એ આવ્યું છે કે મનુષ્યનો પુરુષાર્થ Conquest of Nature–સૃષ્ટિ પર પ્રભુત્વ મેળવવામાં જ ખતમ થઈ ગયો છે અને પ્રકૃતિના જીવન સાથે તાદાત્મ્ય સાધવાનું રહી જ ગયું છે. **ईशावास्यमिदं सर्वम्** એ વાત તો છેટી રહી, કમ–સે–કમ તાદાત્મ્યની ભાવના તો આવે!

આપણે જોયું કે જ્યારે મનુષ્યની અહંતા ક્ષિતિજવ્યાપી બની જાય છે, ત્યારે એનું નિરાકરણ જ થઈ જાય છે. સ્વાર્થ ક્ષિતિજવ્યાપી બની જાય છે ત્યારે સ્વાર્થ સ્વાર્થ જ નથી રહેતો. વ્યાપક અહંકાર એટલે પ્રચંડ અહંકાર નહીં. પ્રચંડતામાં આકાર હોય છે, જ્યારે વ્યાપકતા નિરાકાર હોય છે. સ્વાર્થ ક્ષિતિજવ્યાપી ક્યારે થયો ગણાય? જ્યારે ભૂતમાત્રનો સ્વાર્થ એ મારો જ સ્વાર્થ બને ત્યારે એ સ્વાર્થરૂપે વિલીન થઈ જાય. વ્યાપક સ્વાર્થ એટલે જ નિઃસ્વાર્થ.

પછી આપણે જોયું કે સામાજિક મૂલ્યોની દૃષ્ટિએ નિષ્કામ કર્મમાં નિષ્ઠા હોવી એ શી ચીજ છે. કર્તવ્ય મારું અને ફળ બધાનું એવો જે નાગરિકનો સંકલ્પ હોવો જોઈએ એનું ટૂંકું વિવેચન મેં તમારી સમક્ષ કર્યું.

પછી પ્રેમની મનોવૃત્તિનો વિચાર કરતાં આપણે મનુષ્યોના મનુષ્ય ઉપરના પ્રેમ ઉપરાંત મનુષ્યનો મનુષ્યેતર પ્રાણીઓ સાથે જે પ્રેમ–સંબંધ હોવો જોઈએ એની વાત કરી. અને કાલિદાસના પેલા દેવદારુના વર્ણનથી અને શકુંતલાના ઉદાહરણથી વનસ્પતિની સાથે પણ મનુષ્યનો પ્રેમ આપણે જોયો. એ દાખલાઓ ઉપરથી આપણે જોયું કે કલાદૃષ્ટિથી મનુષ્યે સૃષ્ટિ સાથે જે પ્રેમ કર્યો છે–પર્વત, નદી, ઝરણ, ચંદ્રમા, તારાઓ એ બધાંની સાથે મનુષ્યને જે પ્રેમ છે તે અવૈજ્ઞાનિક નથી. એમને આપણે વિજ્ઞાનની સાથે મેળવવો પડશે. આ રીતે કાવ્ય અને વિજ્ઞાન, ધર્મ અને વિજ્ઞાનના મિલનનો વિચાર આપણે કર્યો.

પછી આપણે એ જોયું કે સંપત્તિવાન અને સત્તાવાન લોકો વિજ્ઞાનનો ઉપયોગ કરીને કયાં લગી પહોંચ્યા છે. બાહ્ય સમાનતાની સ્થાપના ટેકનોલોજીથી થઈ, પણ જ્યાં લગી આ બાહ્ય સમાનતાની સાથે સાથે મનુષ્ય મનુષ્યની નિકટ ન આવે, ત્યાં લગી આ સમાનતા પૂર્ણ ન થઈ શકે. હવે ટેકનોલોજીથી કલા અને સંસ્કૃતિનો વિકાસ પણ થવો જોઇએ. તો જ વિજ્ઞાન અને ધર્મ નજીક આવશે અને કોઇ ને કોઈ દિવસ એકરૂપ થઈ જશે.

વિષય ભારે ગહન હતો. મેં થોડીક વાતો મૂકી. પૂર્ણરૂપે તો કોણ મૂકી શકે ? તેથી અંતમાં આપણે કહીશું—

**शेषं धर्मेण पूरयेत् ॥**

૪

# ચાર પ્રશ્નો

★

૩૪. પુનર્જન્મવાદ, ઐતિહાસિક નિયતિવાદ અને પુરુષાર્થ
૩૫. વર્ણવ્યવસ્થા અને સમન્વયાત્મક સમાજ
૩૬. આશ્રમવ્યવસ્થા—સામાજિક મૂલ્યોની દૃષ્ટિએ
૩૭. પ્રેરણાનો પ્રશ્ન (Problem of the Incentive)

મારી એક મર્યાદા મેં જણાવી દીધી હતી કે દરેક સિદ્ધાંત અને દરેક તત્ત્વના વિચારને હું સામાજિક મૂલ્ય તરીકે મૂલવું છું. અને સમાજ પરિવર્તનમાં અર્થાત્ આપણે જે ક્રાંતિ આણવા માંગીએ છીએ તે ક્રાંતિમાં એનો કેટલો ઉપયોગ છે, એટલો જ વિચાર હું કરું છું. એથી બહારનો વિચાર આજે મારી મર્યાદામાં નથી આવતો.

## ૩૪. પુનર્જન્મવાદ, ઐતિહાસિક નિયતિવાદ અને પુરુષાર્થ

"પહેલાં સમાજ થયો કે પહેલાં વ્યક્તિ થઈ ?" "પહેલાં રાજ્ય થયું કે પહેલાં નાગરિક થયો ?" "પહેલાં સ્ત્રી પેદા થઈ કે પહેલાં પુરુષ પેદા થયો ?"—આ બધા વૃક્ષ–બીજ પ્રશ્નો કહેવાય છે. આવા બધા પ્રશ્નો આપણે પંડિતોને માટે છોડી દેવા જોઈએ, તેથી હું એમને છોડી દઉં છું.

પુનર્જન્મ એક તથ્ય યાને fact છે કે નહીં, એ રીતે મેં એને વિશે કદી વિચાર કર્યો નથી. પુનર્જન્મ એક ઉપપત્તિ, 'થિયરી' અર્થાત્ અનુમાનથી બાંધેલો સિદ્ધાંત છે. એ સત્ય છે કે નથી એ વિશે તો અનુમાન જ કરી શકાય.

આવી ઉપપત્તિ હોઈ શકે, એનું પણ તર્કમાં સ્થાન છે, એ હું શાસ્ત્રમાંથી દૃષ્ટાંત આપીને બતાવું.

રાજ્યશાસ્ત્રમાં રૂસોનું નામ જાણીતું છે. એણે social contract સામાજિક કરારનો સિદ્ધાંત રજૂ કર્યો છે. એનું તાત્પર્ય એ છે કે નાગરિકો અને રાજાની વચ્ચે એક કરાર થયો અને તે પ્રમાણે સમાજની વ્યવસ્થા ચાલવા લાગી. રાજ્યશાસ્ત્રનાં પુસ્તકોમાં કંઈ કેટલાંય પ્રકરણો એ જ બાબતની ચર્ચા કરવાના મિશે લખાયાં છે કે શું આ કરાર એ કોઈના ઐતિહાસિક ઘટના છે ? શું કોઈ દિવસે આવું કરારનામું રાજા અને પ્રજા વચ્ચે થયું હતું ખરું ? કઈ તારીખે થયું હતું ? બધાં રાજ્યશાસ્ત્રીએ ચુકાદો આપ્યો છે કે ના, આ ઐતિહાસિક ઘટના નથી. આ એક ઉપપત્તિ એટલે કે એક સિદ્ધાંત છે,–સમાજના વ્યવહારને સમજાવવા માટે.

"આજે રાજા અને પ્રજાનો વ્યવહાર કઈ રીતે ચાલે ?"

તો કહ્યું કે "સોશ્યલ કોંટ્રેક્ટને ધોરણે."

"શું આવો કરાર કદી થયો હતો ?"

"અમે નથી જાણતા થયો હતો કે નહીં તે તો, પણ એ આજની સમાજવ્યવસ્થામાં નિહિત છે, છુપાયેલો પડયો છે."

પુનર્જન્મની કલ્પનામાં તત્ત્વની વાત માત્ર એટલી જ છે કે મનુષ્ય પોતાનાં ભલા-બૂરાં કામોને માટે જવાબદાર છે. આપણે દૈવ કહીએ છીએ, તે પણ માનવનિર્મિત હોય છે, કર્મજન્ય હોય છે. પુનર્જન્મના સિદ્ધાંતનું મારી દૃષ્ટિએ આટલું જ મહત્ત્વ છે.

મનુષ્ય પોતાનાં ભલાં-બૂરાં કામો માટે જવાબદાર છે. આને પુરુષનું કર્તૃત્વ કહેવાય છે. પુરાણાં શાસ્ત્રોમાં **पुरुषकार** અને **दैवाधीनता** એ બે વિશે એટલી બધી ચર્ચા શાસ્ત્રીઓએ કરી છે કે એ બધી તમારે કામની પણ નથી અને એ બધી તમે સાંભળો તો કંટાળી પણ જાવ. તેથી સમાજમાં આપણા વ્યવહારને માટે એમાંથી જેટલી વસ્તુ મારા-તમારા કામની છે એટલી એમાંથી તારવી લઉં છું. તે એ છે કે આપણે નાગરિકને જવાબદાર માનીએ છીએ. એનાં સારાં કામ માટે પણ જવાબદાર માનીએ છીએ અને બૂરાં કામો માટે પણ જવાબદાર માનીએ છીએ.

આને હું મનુષ્યની મનુષ્યતા કહું છું. પશુમાં, દેવતામાં અને મનુષ્યમાં આ જ ભેદ છે. દેવયોનિ ભોગયોનિ છે અને પશુયોનિ પણ ભોગયોનિ છે. દેવ પોતાનાં કર્મોને માટે જવાબદાર નથી હોતા. એ તો પુણ્યનો ઉપભોગ કરવા માટે આવે છે. પુણ્ય ક્ષીણ થાય છે એટલે પાછા કર્મ કરવાને માટે અહીં મૃત્યુલોકમાં જ પધારે છે. આપણો માનવદેહ કર્મપ્રધાન છે. આ કર્મયોનિ કહેવાય છે. પશુ પણ દેવોની જેમ ભોગયોનિ જ છે. કારણ પશુ પણ એનાં કૃત્યો માટે જવાબદાર નથી હોતું. તમારી ગાય મારું ખેતર ભેળી જાય તો સજા તમને થાય છે, ગાયને નથી થતી. આમ પશુ તેમ જ દેવ પોતાનાં ભલા-બૂરાં કૃત્યો માટે જવાબદાર નથી, જ્યારે મનુષ્ય છે.

તો વિષમતા કેમ છે? તો કહ્યું કે મનુષ્યની પરિસ્થિતિ આખરે એનાં કર્મનું પરિણામ છે. તેથી જ પાછલાં જન્મનાં કર્મને આ જન્મની પરિસ્થિતિ માટે જવાબદાર માન્યાં છે. આવી એક ઉપપત્તિ એમાંથી તારવી લીધી. એમાંથી તમે આ જન્મ, આગલો જન્મ અને પાછલો જન્મ, એટલું કાઢી નાંખો અને માત્ર એટલો જ સિદ્ધાંત ગ્રહણ કરો કે દરેક મનુષ્ય પોતાનાં સારાંખોટાં કામો માટે જવાબદાર છે. અને આ જ મનુષ્યયોનિની વિશેષતા છે. તમે જો આટલું યાદ રાખી લો તો હું માનું છું કે આનાથી વધારે પુનર્જન્મની ચર્ચા કરવાની જરૂર નહીં રહે.

હવે, આનો ક્રાંતિની સાથે શો અનુબંધ? કેમ કે હું છેલ્લે બાકી દરેક ચીજને એ જ ખીંટીએ ટાંગું છું. આપણે જે ક્રાંતિ આણવા માંગીએ છીએ એની સાથે આ વિચારને શો સંબંધ છે?

તમે બે વિચાર સાંભળ્યા, એક ભાઈએ પૂછ્યું હતું કે, "તમે માર્કસની વાત કરો છો, તો હવે આ બાબતમાં શું એમ નથી માનતા કે આજની જે પરિસ્થિતિ છે, આજની આપણી વિષમતા છે, એ મનુષ્યની આર્થિક પરિસ્થિતિનું–અર્થરચનાનું–પરિણામ છે?" હું માનું છું. કોણ કહે છે, હું નથી માનતો? પરિણામ અર્થરચનાનું છે, પરંતુ એ માત્ર પરિસ્થિતિનું પરિણામ નથી. એમાં મનુષ્યનું પોતાનું પણ કંઈક કર્તવ્ય છે, એટલું હું એમાં ઉમેરવા માંગું છું. કેવળ ઐતિહાસિક નિયતિ કામ નથી કરતી. ઐતિહાસિક નિયતિમાં મનુષ્યના પુરુષાર્થનો પણ કંઈક હિસ્સો હોય છે. સવાલ એ છે કે શું ઐતિહાસિક નિયતિવાદ એ એક જ નિર્ધારક છાપ છે? ઐતિહાસિક નિયતિવાદ એટલે કે સમાજની જે પ્રગતિ થાય છે, સમાજમાં જે પરિવર્તન થાય છે, એ બધું પ્રાકૃતિક નિયમોને અનુકૂળ હોય છે. જેમકે ખેતી. યુધિષ્ઠિરને પૂછ્યું હતું કે, "તારી ખેતી શું કેવળ વરસાદ પર આધાર રાખે છે? વરસાદ આવે તો જ ખેતી થાય એવું છે શું?" આવો સવાલ પૂછ્યો એનો અર્થ એ હતો કે વરસાદ પડવો ન પડવો એ ખેડૂતના હાથની વાત નથી. વરસાદ થાય તો ખેતી થાય અને ન થાય તો ખેતી ન થાય. આ વાત ક્રાંતિને લાગુ પાડીએ તો એમ થાય કે એક વિશિષ્ટ પરિસ્થિતિમાં પ્રાકૃતિક નિયમોનો સંયોગ થશે, ત્યારે જ આપણી ક્રાંતિ થઈ શકશે. એ પ્રાકૃતિક નિયમોનો સંયોગ નહીં થાય તો ઐતિહાસિક ઘટના પણ નહીં બને. શું આપણે એટલું જ માનીશું કે એ ઉપરાંત પણ બીજું કોઈ તત્ત્વ છે એમ માનીશું?

આ સવાલ માત્ર મારી–તમારી સામે છે એવું નથી. માર્કસ અને એંગલ્સની સામે પણ આ સવાલ આવ્યો હતો. એમણે લખ્યું કે પ્રકૃતિના નિયમો જે રીતના હોય છે, તે જ રીતના માનવીય પ્રગતિના નિયમો છે. અને પ્રકૃતિમાં આપણે જેવા સિદ્ધાંતો જોઈએ છીએ, જે જાતની રચના જોઈએ છીએ, એવી જ જાતનો વિકાસ માનવીય સમાજનો પણ થાય છે અને એ જ રીતે એમાં પરિવર્તન પણ થાય છે.

ત્યારે સવાલ થયો કે "તો પછી મનુષ્યને માટે કાંઈ કરવાપણું રહી જાય છે કે નહીં? જેને તમે Revolutionary Party–ક્રાંતિકારી પક્ષ–કહો છો, તેણે શું કાંઈપણ ભાગ ભજવવાનો છે કે નહીં?" આવો સવાલ

એમાંથી નીકળ્યો. ત્યારે માર્ક્સ–એંગલ્સને કહેવું પડ્યું કે, "ક્રાંતિકારી પક્ષ તે છે જે આ સંયોગોને–પ્રાકૃતિક નિયમોના સંયોગોને–જોઈ શકે છે અને ઐતિહાસિક આવશ્યકતામાંથી ફાયદો ઉઠાવી શકે છે."

અહીં પુરુષનું કર્તવ્ય આવ્યું, મનુષ્યનું કર્તવ્ય આવ્યું.

મેં આને પુનર્જન્મ સાથે કઈ રીતે જોડ્યું ? પુનર્જન્મવાદી પહેલાં કહે છે, "જેવી નિયતિ હશે, તેવું કામ થશે. ભગવાન જેવું મારી પાસે કરાવશે તેવું હું કરીશ." તો પછી સવાલ થાય છે કે એ કરાવનાર પણ ભગવાન, કરનાર પણ ભગવાન, તો ખરાબ કામોની સજા પણ ભગવાનને જ થવી જોઈએ ! ખ્રિસ્તીઓ આ બાબતમાં કંઈક 'ઇમાનદાર' નીકળ્યા ! એમણે કહ્યું કે હા, અમારી સજા તો ઇસુએ ભોગવી લીધી, એટલે હવે અમારે કાંઈ ભોગવવાપણું રહ્યું નથી ! ત્યારે વિવેકી મનુષ્યે કહ્યું કે આ તો મારા ઈમાનથી વિરુદ્ધ વાત થઈ, મારી પ્રતિષ્ઠાને આ ન છાજે. ખોટું કામ હું કરું અને સજા બીજું ભોગવે, એ વાત મારી ઈજ્જતને બટ્ટો લગાડનારી છે. હું મારે માટે બીજાને સજા વેઠવા નહીં દઉં.

આ જે કર્મવિપાકનો સિદ્ધાંત છે, એ મનુષ્યને ભાગ્યવાદમાંથી અને નિયતિવાદમાંથી ખેંચી કાઢે છે. મનુષ્યને એ પુરુષાર્થ પ્રત્યે પ્રેરિત કરે છે. તેથી આપણે જે ક્રાંતિનો અને જે સામાજિક મૂલ્યોનો વિચાર કરી રહ્યાં છીએ તેમની સિદ્ધિને માટે મનુષ્યના પુરુષાર્થને અવકાશ છે. પાછલા સમાજનાં સામુદાયિક પાપ આ સમાજને ભોગવવાં પડે છે. પાપનો અર્થ છે દુષ્કર્મ. એથી વધુ કાંઈ માનશો નહીં. મૂડીવાદી સમાજના જેટલા દોષ છે એનાં પરિણામ આપણે બધાંએ ભોગવવાં પડે છે. આમાં કોઈ એકનું વ્યક્તિગત પાપ કે વ્યક્તિગત દોષ નથી. આ જન્મમાં ગરીબ છે એણે પૂર્વજન્મમાં પાપ કર્યું હશે, એવું પુનર્જન્મવાદી કહેશે અને હું તમારી સામે જે સામાજિક સિદ્ધાંતનું નિરૂપણ કરું છું તે પ્રમાણે હું એમ કહીશ કે આગલી પેઢીના સમાજમાં જે દોષ હતા એ દોષોનાં પરિણામ આજના સમાજની વ્યક્તિઓને ભોગવવાં પડે છે.

તેથી આપણે લોકો, જેમને ક્રાંતિ કરવી છે, જે 'ક્રાંતિકારી પક્ષ' છે, તેમણે આ પરિણામો જે કારણોમાંથી નીપજ્યાં છે તેમનું અધ્યયન કરવું પડશે. આટલી વાત મેં તમારી સૌની સામે રજૂ કરી દીધી એનું કારણ એ કે આપણી વિચારણાની જે મર્યાદા છે તેને સમજી લઈને જ આપણે આગળ વધીએ.

## ૩૫. વર્ણવ્યવસ્થા અને સમન્વયાત્મક સમાજ

હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે વર્ણવ્યવસ્થાનો અંત આણી દેવો જોઈએ, વિધિપૂર્વક અને સન્માનપૂર્વક !

આ પ્રશ્નની આગળ છણાવટ નહીં કરું, અહીં જ એનું વિવેચન કરી લઉં છું.

આપણે જે સમાજનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ તે સમાજ functional (વ્યવસાયનિષ્ઠ) નહીં હોય, synthetic અર્થાત્ સમન્વયાત્મક હશે. શબ્દો તો મેં આધુનિક પરિભાષામાં મૂકી દીધા છે પણ એનો અર્થ હું સ્પષ્ટ કરી નાંખીશ. આપણે જે સમાજ નિર્માણ કરવો છે તે વ્યવસાયનિષ્ઠ નહીં, પરંતુ સમન્વયાત્મક સમાજ હશે. વ્યવસાય-નિષ્ઠ સમાજમાં ધંધાવાર વાસ હોય છે, વસાહત હોય છે, functional colonies હોય છે. મનુષ્યોની વસાહતો એમના વ્યવસાયને અનુરૂપ વસતી આવે છે. વર્ણવ્યવસ્થાએ માનવજાત પર કયા જમાનામાં શો ઉપકાર કર્યો હશે એ હું નથી જાણતો. તેમ હું એ વાતનો ઇન્કાર પણ નથી કરતો કે કોઈપણ જમાનામાં એણે આપણને લાભ પહોંચાડ્યો જ નથી. પણ એટલું તો સ્પષ્ટ છે કે વર્ણવ્યવસ્થામાંથી એક મહાન અનર્થ મો થયો છે અને તે એ કે મનુષ્યોના રોજગાર પ્રમાણે એની વસ્તીઓ ચાઈ ગઇ છે. નાનાં નાનાં ગામડાંઓમાં પણ કુંભારવાડો જુદો હોય છે, માળી અને ઘાંચીના વાસ જુદા હોય છે, બ્રાહ્મણો અને ચમારોના વાસ તદ્દન છેટા છેટા હોય છે.

તમે તો આજે કહો છો કે આ 'ગુર્જર-સ્તાન' અને 'મહારાષ્ટ્ર–સ્તાન જુદાં જુદાં વસાવીશું. એ વસવાનાં હશે ત્યારે વસશે, ભગવાન આપણા પર રૂઠયો હશે તો! પણ એ બધાંથી પહેલાં જ આ 'ઘાંચી-સ્તાન,' 'માળી-સ્તાન' ઠેકઠેકાણે દરેક ગામમાં વસી ગયાં છે! આ બધો વર્ણવ્યવસ્થાનો પ્રતાપ છે.

વર્ણવ્યવસ્થાને લઈને સમાજ વ્યવસાયનિષ્ઠ બની ગયો અને વ્યવસાયનિષ્ઠ સમાજ બનવાથી એક ધંધાદારીને બીજા ધંધાનું જ્ઞાન ધરાવવું એ તો જાણે ખોટું લાગે જ છે, પણ એથી વધુ તો એ છે કે એ બીજા ધંધાને પરધર્મ માની બેઠો છે. અને **परधर्मो भयावहः** એટલે બીજાના ધંધાની સહેજ જાણકારી મેળવવી એમાં પણ એને મહાન ભય ભાસે છે.

—મને યાદ છે, લગભગ ૨૦-૨૫ વર્ષ પહેલાં હું એક શહેરમાં ગયો હતો. ત્યાં મેં એક છોકરાને પૂછયું, "તારા ગામમાં તો ભાઈ, બહુ બધી સાયકલો આવી ગઇને! હવે તો મોટર-સાયકલો પણ દેખાય છે!"

એ કહે, "હા, એ તો અહીં એક મુસલમાનનું ઘર છે અને એક શીખ રહે છે. એ મોટરસાયકલો ને સાયકલો લાવે કરે છે, અને એની મરામત વગેરેની તરખટ કર્યા કરે છે."

"મુસલમાન અને શીખ કરે છે, તો તું કેમ નથી કરતો?"

એ કહે "આપણો તો જાણે બાપ-દાદાનો ધંધો ઠરી જ ચૂકેલો છે. સુતાર છીએ અમે! એટલે હવે અમારાથી કાંઈ થોડું જ સુતારનો ધંધો છોડીને બીજો ધંધો થાય છે?"

"મુસલમાન અને શીખ કેમ બીજા ધંધા કરી શકે છે?"

એટલે કહે, "એમનામાં કંઈ જાતિ ઓછી જ છે? એમને કાંઈ ધંધા ઠરેલા થોડા જ હોય છે? એ તો જે કરે એ એનો ધંધો!"

આ મનોવૃત્તિનું પરિણામ એ આવ્યું કે મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં જેટલા મિકેનિક, મશીનરીનું કામ કરનારા છે, એ કાં તો શીખ છે ને કાં મુસલમાન.

આવું પરિણામ શેમાંથી નીપજ્યું? એક બાજુ વર્ણવ્યવસ્થાને કારણે હરીફાઇ થઈ ગઈ, તો બીજી બાજુથી સંકુચિતતા પેસી ગઈ. આ હું હિંદુધર્મને વિશે પણ કહી શકું તેમ છું. લોકો મને કહે છે કે હિંદુ ધર્મ ભારે સહિષ્ણુ છે. હું કહું છું, "સહિષ્ણુ નથી. એ તો સંકીર્ણ છે." સહિષ્ણુતાને માટે એમાં કશો અવકાશ જ નથી, એટલો બધો એ સાંકડો થઈ ગયો છે. એક વ્યવસાય કરનારો માણસ જો બીજો વ્યવસાય કરવા મંડે તો વ્યવસાયોમાં એ વ્યવસાય-સંકર, વર્ણસંકર ગણાઈ જાય છે. અને લોકો વર્ણસંકરથી જ ગભરાય છે. એક વાર એક સનાતનીએ મને કહ્યું હતું, "અરે, અરે! આનાથી તો વર્ણસંકર થઈ જશે!" ત્યારે મેં કહેલું, "હવે તમે આ હિંદુસ્તાનમાં વર્ણસંકર થવાની બીક શું બતાવો છો? જ્યાં ચાર જાતિઓ હતી ત્યાં આજે ચાર હજાર જાતિઓ તો થઈ પણ ગઇ છે. ત્યાં હવે વર્ણસંકરમાં બાકી જ શું રહ્યું છે? હા, ચાર જ જાતિઓ હોત અને તમે કહેતા હોત તો તે જુદી વાત ગણાત. પણ હવે તો આ ચારેય હજાર કહે છે કે અમારું રક્ત પવિત્ર છે! હવે

તમે જ કહો, આનું કાંઈ ઠેકાણું છે? એટલે કે આમનો રક્તની પવિત્રતાનો દાવો તો હિટલરથીય ચડી ગયો !"

પણ અત્યારે તો હું તમારી સમક્ષ માત્ર વ્યવસાયનિષ્ઠ સમાજની જ વાત કરી રહ્યો છું, એટલે મારે તમને એ કહી દેવું ઘટે કે સમન્વયાત્મક સમાજરચનાને માટે વર્ણવ્યવસ્થા અત્યંત પ્રતિકૂળ છે.

### વર્ણવ્યવસ્થાનું આધુનિક સ્વરૂપ-ઉદ્યોગનગરો

હવે, વર્ણવ્યવસ્થાનું આધુનિક સ્વરૂપ પણ હું તમારી સમક્ષ રજૂ કરી દઉં.

તમારા આ અમદાવાદ શહેરમાં કેટલી જાતની મિલો છે? એક જ જાતની હશે, કદાચ માત્ર કાપડની જ હશે. તો આ અમદાવાદમાં જેટલા મજૂર છે એ બધા માત્ર કાપડની મિલોમાં કામ કરનારા હશે, એ તો તમે કબૂલ કરશો ને! ટાટાના જમશેદપુરમાં જેટલા મજૂર હશે તે બધા લોખંડની મિલોમાં કામ કરનારા મજૂર છે. દાલમિયાની સિમેન્ટ ફેકટરીમાં કામ કરનારા બધા સિમેન્ટ-માટીનું કામ કરનારા છે. બસ, વર્ણવ્યવસ્થા આવી ગઈને? કેટલાક થયા વણકર, કેટલાક થયા લુહાર, કેટલાક થયા કુંભાર અને પેલા ટાટા ઓઈલ મિલવાળા થયા ઘાંચી. બસ દરેક જાતિનું ગામ વસી ગયું છે!

લોકો આપણને પૂછે છે કે તમે શું કામ મોટા પાયા ઉપર થનારા યંત્રીકરણની વિરુદ્ધ છો? આ કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણ, કેમ જાણે આપણા અલગ અલગ ભગવાન ન હોય, એવું શીદને કરો છો? તો હું કહું છું કે અમે કેન્દ્રીકરણ કે વિકેન્દ્રીકરણ એ શબ્દોની પાછળ આંખો મીંચીને જવામાં જરાયે માનતા નથી. એ અમારા ભગવાન જરાયે નથી. 'વિકેન્દ્રીકરણ કરી નાંખ્યું' એ કાંઈ મંત્ર નથી અમારો. સૂત્રો અને મંત્રોની પાછળ પાછળ જવાનો વિચાર સુધ્ધાં અમારા મનમાં નથી. આ અમારું fetish નથી, તેમ જ અમારું shibboleth પણ નથી. અર્થાત્ અમે એને સંકેતનો શબ્દ પણ નથી માનતા કે મંત્રનો શબ્દ પણ નથી માનતા.

### કેન્દ્રીકરણથી ઉત્પાદનમાંથી માનવના વ્યક્તિત્વનો તથા સત્ત્વનો હ્રાસ થાય છે. માનવ એકાંગી બને છે

તો આપણે શું કરવા માગીએ છીએ? મોટા પાયા પર જો ઉત્પાદન કરવું હોય તો એક કારખાનામાં કામ કરનારની એક જ વસ્તી થશે

અને એમ થતાં આખો સમાજ વ્યવસાયનિષ્ઠ થઈ જશે. વર્ણવ્યવસ્થામાં જે બુરાઈ પેસી ગઈ તે જ આ મોટા પાયાના કેન્દ્રીકરણવાળા ઉત્પાદનમાં પેસી જવાની છે. અને રશિયા, અમેરિકા તથા ચીન જેવા દેશોને આજે પણ આ વાત સમજાતી ન હોય, તોયે હું નમ્રતાપૂર્વક તથા દૃઢતાથી કહું છું કે બહુ થોડા સમયમાં એ દિવસ આવી લાગવાનો છે જ્યારે દુનિયાના અર્થશાસ્ત્રીઓએ સમન્વયાત્મક સમાજ રચવાની દૃષ્ટિએ વિચાર કરવો પડવાનો છે. અને એવો સમાજ રચવો હશે તો એમાં કેન્દ્રિત ઉત્પાદનને માટે ક્યાંય સ્થાન નહીં હોય. સમન્વયાત્મક અને સમગ્ર, સમરસ ( integrated ) સમાજને માટે મોટા પાયા પરનું ઉત્પાદન જરાયે કામનું નથી. મોટા પાયા પર ઉત્પાદન થાય છે ત્યારે મનુષ્ય de-individualise થઈ જાય છે. de-individualનો અર્થ એ છે કે એનું વ્યક્તિત્વ ઓસરી જાય છે, એનો અંત આવે છે. એનામાં વ્યક્તિત્વ જેવું કાંઈ રહેતું જ નથી. ઉત્પાદનમાં પણ નથી રહેતું અને વિતરણમાં પણ નથી રહેતું.

—એક વાર ભારે મજા થઈ. આ અમારી વિમલ છે ને ? એને માટે વિનોબાએ કહ્યું કે હું જેવા જોડા પહેરું છું, તેવા તમે બનાવડાવી લેશો તો પદયાત્રામાં બહુ ફાવશે.

મેં કહ્યું, " બહુ સારું."

મોચીને બોલાવ્યો. પગનું માપ આપ્યું અને કહ્યું કે આવી જાત..ા જોડા સીવી લાવ.

એણે બહુ ફક્કડ જોડા બનાવ્યા ! જોતાંવેંત હું તો ખુશખુશ થઈ ગયો. પણ જોઉં છું તો છોકરીના પગમાં કેમે કરીને બેસતો જ નથી ! એટલે મેં મોચીને કહ્યું, " આ તો આના પગમાં નથી આવતો ને ! "

એટલે એ કહેવા માંડ્યો, " માપ તો બરાબર છે ને ? જોઈ લ્યો ! "

મેં કહ્યું, " માપ તો બરાબર હશે જ, એમાં કશી શંકા નથી."

" માપ પ્રમાણે બરાબર છે ? ઠીક, તો સારા બન્યા છે કે નહીં ? "

" સારા પણ છે," મેં કહ્યું, " પણ પગમાં નથી આવતો ને ! "

એટલે એ કહેવા લાગ્યો, " તો પગ ખોટો છે. હવે એમાં હું શું કરું ? બનાવવામાં મારી કશી ભૂલ નથી. જેવું માપ હતું તેવા જ મેં તો સીવી આપ્યા છે."

હવે આને શું કહેવું ? છેવટે મેં કહ્યું, " ભાઈ તારી ઇચ્છા શી તે કહે ને ! "

"મારે બીજું કંઈ નથી જોઇતું. મેં જોડા સીવ્યા છે એટલે તમે મારા પૈસા ચૂકવી આપો !"

મેં કહ્યું, "હું પૈસા પણ આપી દઉં છું અને આ જોડા પણ પાછા આપી દઉં છું. પહેરવામાં તો એ ખપ લાગે તેમ છે જ નહીં."

એટલે કહે, "હા, એમાં મને ખાસ કાંઇ વાંધો નથી ! તમે પહેરો ન પહેરો તે સાથે મારે ઝાઝી લેવાદેવા નથી. અમને તો ભાઇ, જોડા સીવ્યા એટલે અમારા પૈસા મળી જવા જોઇએ !"

આ રીતે ઉત્પાદન પણ de-individualise (અવૈયક્તિક) થઇ ગયું અને જેને તમે consumption અથવા use–વપરાશ કહો છો તે પણ de-individualise થઈ ગયું, એમાંથી વ્યક્તિનો છેદ ઊડી ગયો.

બીજો એક સિદ્ધાંત !–હવે એ કાંઇ મારો ઘરનો નથી ! જાણી જોઇને આ બધા નવા જમાનાના શબ્દો તમારી સમક્ષ મૂકું છું. તેથી તમને એમ ન લાગે કે હું આ બધા શબ્દો મારા ખીસામાંથી જ કાઢી કાઢીને તમારા પર ફેંકું છું. એટલે હું તો આજકાલના આધુનિક વૈજ્ઞાનિકો અને અર્થશાસ્ત્રીઓના જ શબ્દો તમારી આગળ મૂકું છું.

ઉત્પાદનમાં મનુષ્યના વ્યક્તિત્વનો જેટલો હ્રાસ (de-individualisati[o]n) થશે તેટલો મનુષ્યના સત્ત્વનો પણ હ્રાસ થશે, એનું devitalisatio[n] પણ થશે. મનુષ્યના વ્યક્તિત્વનો હ્રાસ ઉત્પાદનમાં થશે તો મનુષ્યના સત્ત્વનો હ્રાસ પણ એ પ્રક્રિયાથી અવશ્ય થવાનો છે. અને આપણે એમ તો ઇચ્છતા જ નથી કે મનુષ્ય એકાંગી બને. આજના વિજ્ઞાન પર આપણો સૌથી મોટો આક્ષેપ તો એ જ છે ને કે એમાં વ્યક્તિત્વનો વિકાસ નથી થતો, એ મનુષ્યને એકાંગી બનાવે છે ?

### સર્વાંગીણ વિકાસ માટે વર્ણમુક્ત સમન્વયાત્મક સમાજ

આજનું વિજ્ઞાન specialisation–વિશિષ્ટીકરણને નામે મનુષ્યને એકાંગી બનાવી રહ્યું છે. નામ તો 'વિશિષ્ટ'નું લે છે, પણ એનાથી મનુષ્ય બને છે એકાંગી ! મનુષ્ય વિકાસ સર્વાંગીણ થવો જોઇએ. [મ]નુષ્ય એકાંગી ન રહેવો જોઇએ. સર્વાંગીણ વિકાસને માટે ભિન્ન [ભિ]ન્ન વ્યવસાય કરનારા લોકો એક જ વસ્તીમાં રહેવાં જોઇએ અને [એક]ત્ર થવાં જોઇએ. એમની વચ્ચે ખાવાપીવાનો અર્થાત્ સહભોજનનો [વ્યવ]હાર હોવો જોઇએ અને સહવિવાહ પણ હોવો જોઇએ. રોટી–બેટીનો

વ્યવહાર હોવો જોઇએ. કેટલાક કહે છે ને કે જાતિ ન રહેવી જોઇએ, ફક્ત વર્ણ જ રહેવા જોઇએ? વર્ણ રહે અને જાતિ ન રહે, એવી વ્યવસ્થા અશક્ય છે. એવી વ્યવસ્થા કેવળ કલ્પનામાં જ સંભવી શકે. આને માટે પહેલું પગલું એ છે કે ભિન્નભિન્ન વ્યવસાય કરનારા લોકો એક જ વસ્તીમાં રહે, આડોસીપાડોસી તરીકે રહે, અને એમની વચ્ચે છૂટથી રોટી–બેટીનો વ્યવહાર ચાલે.

એક જ વ્યવસાય એકનો એક મનુષ્ય કર્યા કરે એ પણ હવે ઝાઝો વખત ચાલવાનું નથી. બાપુને પૂછ્યું તો એમણે કહ્યું, "રેંટિયો બધાંએ કાંતવો જોઇએ." અહીં અમદાવાદની અદાલતમાં એમને પૂછવામાં આવ્યું, "તમારો ધંધો શો?" તો એમણે કહ્યું, "I am a farmer and a weaver હું ખેડૂત છું અને વણકર છું." એમણે પોતાનો ધંધો આ રીતે વર્ણવ્યો. તેઓ વણકર પણ હતા, ખેડૂત પણ હતા, અને ઝાડુ લઇને ભંગીનું કામ પણ કરતા હતા. હવે કહો, એમનો વર્ણ કયો ગણશો? જેટલાં કામ કરતા હતા એટલા વર્ણ ગણશો? આમાંથી એક યુક્તિ કાઢવામાં આવી. તે એ કે દરેક વ્યક્તિ ચારે વર્ણની ગણાશે!

તો હવે હું આનાથી આગળ એટલી જ અરજ હાથ જોડીને કરું છું કે આવી ગૂંચવાડાભરી ભાષામાં આમતેમ ફેરવીફેરવીને [illegible] પ્રાણાયામ શીદને કરો છો? સાફ જ કહી દો ને કે વર્ણ નહીં રહે * એટલે વાત પતી જાય. અને એનો પણ અર્થ તો એ જ થશેને કે દરેક માણસ ચારે વર્ણનો ગણાશે? **सर्वं ब्राह्मं इदं जगत्!**

તો આ બધાનો અર્થ તો આખરે એ જ થયો ને કે વર્ણ નામની કોઈ વસ્તુ નહીં રહે? વર્ણ તો જાતિનિષ્ઠ જ રહી શકે છે. વર્ણ વ્યવસાયનિષ્ઠ રહી શકતો નથી. ધંધા મુજબ વર્ણ, એ વાત સાંભળતાં તો રૂડી લાગે છે, પણ એ એક અસંભવ વસ્તુ છે. એનો નિર્ણય નથી થઈ શકતો.

ધારો કે મેં વણકરનો ધંધો કરવાનું નક્કી કરી લીધું અને વણકર બન્યો. પછી મારે ઘેર દીકરો આવ્યો. હું એને કયો ધંધો શીખવીશ? આપણા ધોરણે સમાજમાં હરીફાઈ તો છે નહીં. જેટલા ધંધા છે તે બધ

---

* વિનોબાએ આ વિશે કહી દીધું છે, "વર્ણ જશે, વૃત્તિ રહેશે." અર્થ -માણસો પોતાની સહજ વૃત્તિ મુજબ આ કે તે વ્યવસાય પ્રત્યે વધુ કે ઓછા વ[illegible] પણ અમુક વર્ણમાં જન્મ્યા માટે અમુક વ્યવસાય વળગ્યો જ એવું નહીં રહે.

સરખા પ્રતિષ્ઠિત છે, અને કોઈપણ ધંધો કરો, સમાજ સરખું જ પ્રતિમૂલ્ય-વેતન–આપે છે. એટલે દીકરાનો ધંધો બદલવાનો લોભ તો રહ્યો જ નહીં! એટલે મારો જ ધંધો મારા દીકરાને શીખવી દઉં છું. હવે એનાં લગ્ન કરવાં છે. તો કોની છોકરી શોધીશ? સોનીની છોકરી સાથે એને પરણાવું તો ઘરમાં એક એવી છોકરી આવશે જેને વણકરીનો હુન્નર નામ માત્ર પણ નથી આવડતો. એટલે વણકરી જાણનારી છોકરી સાથે જ એને પરણાવવો પડશે. એ જ દૃષ્ટિથી એ પણ જોવું પડશે કે વણકરનું ઘર પણ એવું હોય જ્યાં પેઢીઓથી વણકરી ચાલતી હોય. કેમ કે, આનુવંશિક–પેઢીગત–કળા એવા ઘરની છોકરીમાં જ વધારે હોય! જાતિ આવી ગઈ! બસ આપણી વાત ખતમ થઈ ગઈ! જાતિનિરાકરણ કરવું અને વર્ણનું સંરક્ષણ કરવું એ એક અસંભવ વાત છે.

તમે મારો અભિપ્રાય માંગ્યો એટલે મેં સ્પષ્ટતાપૂર્વક આટલી વાત કહી દીધી. અને એ જ દૃષ્ટિથી મેં ત્રણ સંકલ્પો પૈકી એક સંકલ્પ તમારી સામે એ મૂકયો હતો કે જાતિનિરાકરણ પણ આપણે કરવું છે. જાતિ-નિરાકરણમાં મેં વર્ણ–નિરાકરણને પણ શામેલ કરી લીધું છે.

**સમન્વયાત્મક સમાજનું એકમ માનવની પાડોશી ભાવનાના માપનું હશે**

શા માટે? આપણે પહેલા દિવસનો સિદ્ધાંત પાછો તપાસીએ.

બીજાને જિવાડવા માટે જીવીશું, તો ઉત્પાદન પણ પાડોશીને માટે હ , પોતાને માટે નહીં. હું જે કાંઈ ઉત્પાદન કરીશ એ પાડોશીને માટે કરીશ.

હવે, પાડોશીને માટે ઉત્પાદન કરવું એનો અર્થ શો?

—એક ઉદાહરણ મોચીનું મેં તમને આપ્યું. હવે બીજું ઉદાહરણ છે બાટાનું. હું બાટાની દુકાને ચડયો....અને આ તો રોજિંદો અનુભવ છે, મારો એકલાનો જ છે એવું નથી. તમારા અનુભવોને પણ હું મારા અનુભવોમાં શામેલ કરીને જ બોલું છું...દુકાનદારે પૂછ્યું, "કેટલા નંબરના બૂટ જોઈએ?"

મેં કહ્યું, "પાંચ નંબરના".

પાંચ નંબરનો બૂટ ઢીલો પડવા લાગ્યો. તો કહે "ચાર નંબરનો પહેરી જુઓ." એ તંગ પડવા લાગ્યો.

મેં કહ્યું, "સાડાચાર નંબરના જોઈએ!"

"સાડાચાર નંબરના તે બૂટ હોતા હશે? તમેય શું મારા સાહેબ, ...લું નથી જાણતા?"

મેં કહ્યું, "પણ ત્યારે કરવું શું ? પાંચ નંબરના મોટા પડે છે, ચાર નંબરના નાના પડે છે."

એણે કહ્યું, "બૂટ તો અમે તમામ માપના બનાવ્યા છે. પણ તમારો પગ જ જો આ દુનિયામાં નવી નવાઈનો હોય તો એમાં અમે શું કરી શકીએ ? એમાં બૂટ બનાવનાર કંપનીનો શો વાંક ? એણે તો તમામ માપના બૂટ બનાવીને મૂક્યા છે."

—હવે થોડીવારને માટે ધારી લો કે એવી સિન્થેટિક સોસાયટી–સમન્વયાત્મક સમાજ–ની રચના થઈ ગઈ છે, જેમાં ઇન્ટિમસી–અંગત સંબંધ–છે. જોડા સીવનારો દાદા, નારાયણ, પ્રબોધ ત્રણેયને ઓળખે છે. એને જઈને પૂછો કે આ જોડા કોને માટે બનાવ્યા છે, તો કહેશે, "આ જોડમાં એક પગ કંઈક મોટો છે અને બીજો એનાથી સહેજ નાનો છે, એ જોડ દાદા માટે બનાવી છે."

"અને આ જોડ ?"

"હા, એમાં બે પગ તો લગભગ સરખા જ છે, પણ એકની પહોળાઈમાં થોડોક ફરક છે. એ નારાયણને માટે બનાવ્યા છે. અને આ ત્રીજી જોડ છે તે પ્રબોધને માટે સીવી છે.

એને પોતાના દરેક ઓળખીતાના પગની ખાસિયતો મુજબ જોડા બનાવવામાં રસ પડે છે. હમણા મારા મિત્રે 'ઇન્સેન્ટિવ'–પ્રેરણાની વાત પૂછી હતી ને ? તો આ રીતે વસ્તુ બનાવવામાં એ આવી જાય છે. ઉત્પાદકને ઉત્પાદન કરવામાં રસ પડે છે.

તમારો સમાજ, તમારી વસ્તી આકારમાં એટલી નાની હોવી જોઈએ કે જેથી એમાં intimacy–નિકટ સંબંધ રહી શકે. નાગરિકોનો પરસ્પર પરિચય રહી શકે, પરસ્પર સંપર્ક રહી શકે. એકમેકની સાથે 'બે આંખની શરમ' જેટલો નિકટ સંબધ–ઇન્ટિમસી–રહી શકે, એટલું નાનું સમાજનું એકમ હોવું એઈએ. મુંબઈ જેવું ન હોવું જોઇએ.

—આ નારાયણ મને મુંબઈ લઈ ગયો હતો. એણે કહ્યું, "ભાષણ કરો." ત્યારે મેં કહ્યું કે મુંબઈમાં એક વાત સૌથી પહેલી હું કહેવા માંગું છું તે એ કે અહીં માણસને માટે સ્થાન નથી. અહીં માણસ આવે છે તે કાં તો ભૂલો પડવા આવે છે ને કાં તો સંતાઈ જવા આવે છે. માણસ અહીં ખોવાઈ જ જાય છે. કોઇને 'અંડરગ્રાઉન્ડ' જવું હોય તો મુંબઈ આવે છે. અમદાવાદના શેઠનો દીકરો નાસી ગયો ક્યાં શોધવો ? તો કહે

છે, " મુંબઈમાં શોધો." છુપાઈ જવા માટે આ જ ઠેકાણું છે. એ છોડીને બીજે ક્યાં છુપાય ? આમ અહીં આદમી ભૂલો પડે છે, ખોવાઈ જાય છે કે પછી સંતાઈ જાય છે. અહીં મનુષ્ય બિલકુલ જ બિન-અંગત impersonal બની જાય છે. મુંબઈ આવી જગ્યા છે.

× × × ×

—એક વાર પંજાબ ગયો. તો જોયું કે કેટલીક સ્ત્રીઓ ખુલ્લે મોંએ ફરતી હતી—સારી સારી જવાન સ્ત્રીઓ અને કેટલીક ડોસીઓ પણ ઘૂમટો તાણીને ફરતી હતી. મેં મારા યજમાનને પૂછયું, " આ છોકરીઓ ઉઘાડે મોંએ ફરે છે અને આ ડોસીઓ ઘૂમટો તાણીને ફરે છે, તે એવું કેવું ? "

એમણે મને સમજાવ્યું, " આ ગામની જે વહુઆરુઓ અને ભોજાઈઓ છે તે ઘૂમટો તાણીને ફરે છે અને જે આ ગામની દીકરીઓ છે તે ઉઘાડે મોંએ ફરે છે."

" આ ગામની દીકરી, એ વળી શું ? "

" આ ગામની દીકરી ? આ ગામમાં એક જણની દીકરી તે બધાની દીકરી છે, એક જણનો જમાઈ એ બધાનો જમાઈ છે."

—અને મુંબઈમાં ? મુંબઈમાં કોણ કોની દીકરી અને કોણ કોનો જમાઈ ? મુશ્કેલી મોટી છે તો ! ત્યાં કોઈ કોઈને ઓળખતું જ નથી' પછી કેવી દીકરી ને કેવી વાત !

× × × ×

—" કેટલા છોકરા બેઠા હતા, પરીક્ષામાં ? "

" દસ હજાર બેઠા'તા."

" કેટલા પાસ થયા ? "

" આઠ હજાર, બે હજાર નાપાસ થયા."

" અરે, એ બે હજારમાં મારો ભાઈ પણ છે."

પણ એ તો બે હજારમાં એક છે ને ?

" અમને શું ખબર ? હશે, તમારો ભાઈ પણ હશે."

" ગામમાંથી કેટલા છોકરા પરીક્ષામાં બેઠા હતા ? "

" પચીસ બેઠા'તા."

" કેટલા નાપાસ થયા ? "

" પાંચ નાપાસ થયા."

" કોણ કોણ ? "

"ફલાણા ફલાણાના દીકરા રહી ગયા. બહુ ખરાબ થયું!"

બધું 'પર્સનલ' થઈ ગયું, અંગત થઈ ગયું! બધાને માણસ ઓળખે છે.

× × ×

—મુંબઈમાં આગ લાગી.

"ઉત્તર તરફ લાગી છે. ફલાણી જગ્યાએ લાગી હશે."

—ગામમાં આગ લાગી.

"અરે, ફલાણાના ઘરમાં લાગી છે. દોડો દોડો."

મનુષ્ય ગામમાં અંગત હોય છે, બિન-અંગત નથી હોતો. લોકો આપણી ઠેકડી કરે છે કે તમે તો શહેરોને બરબાદ કરવા માંગો છો અને ગામડાંને જિવાડવા માંગો છો. "ગામડાં વિરુદ્ધ શહેર" એવો આપણો કશો જ ઝઘડો નથી. આપણી તો એક નાની સરખી માંગણી છે. તે એ કે મનુષ્યની વસ્તી એટલી જ મોટી હોવી જોઈએ કે એમાં નાગરિકો એકમેકને ઓળખી શકે.

**સમન્વયાત્મક સમાજનાં સામાજિક, રાજકીય અને આર્થિક લક્ષણો**

આટલું થશે ત્યારે તમારી સામે એવો સવાલ જ નહીં આવે કે ચૂંટણી કેવી રીતે કરવી, ચૂંટણીની પદ્ધતિ કેવી હોય.

એક શબ્દપ્રયોગ મારા ભાષણમાં હવે પછી વારંવાર આવ્યા કરશે. માટે એને યાદ રાખજો: "સંદર્ભ* બદલવો–Changing the Context." ક્રાંતિને માટે આ શબ્દો હું હમેશાં કહું છું. દરેક વાતની પાસે આવું છું અને પછી કહી દઉં છું કે સંદર્ભ બદલવાની જરૂર છે.

લોકો આજના સંદર્ભમાં આપણને પૂછે છે કે "ચૂંટણી નહીં થાય તો લોકશાહી કઈ રીતે ચાલશે?....આમ નહીં થાય તો કઈ રીતે ચાલશે?...તેમ નહીં થાય તો કઈ રીતે ચાલશે?" એ બધાનો ઉત્તર એ છે કે "લોકશાહીનો સંદર્ભ બદલી નાંખવો પડશે." એ લોકો આજના ગામડાનું ચિત્ર રજૂ કરે છે અને પછી એને આધારે શંકાઓ કરે છે. આજે જેવું ગામડું છે તે આપણી નિર્ધારિલી આદર્શ વસ્તી નથી. એને

* આસપાસનું વાતાવરણ, સંયોગો કે પરિસ્થિતિ. ભિખારીને ત્યાં છોકરો જન્મ્યો. ભીખ એ છોકરાના જીવનનો સંદર્ભ છે. હિંદુસ્તાનની પ્રજા પ્રાચીન છે, ધાર્મિક છે અને આજે આર્થિક દૃષ્ટિએ અહીં મૂડીવાદી સમાજ છે. એમાં લોકશાહી આવી છે. એટલે પ્રાચીનતા, ધાર્મિકતા, મૂડીવાદ વગેરે આજની ભારતીય લોકશાહીના સંદર્ભ છે.

આપણે ગામડું નથી માનતા. આજનું ગામડું તો સાવ જુદી જાતનું છે. એ કશા કામનું નથી. આપણે જે પ્રકારની વસ્તીની કલ્પના કરી છે એ વસ્તીમાં ત્રણ વાનાં હોવાં જોઈએ :

એક તો એ વસ્તી સમન્વયાત્મક હોવી જોઇએ, વ્યવસાયનિષ્ઠ ન હોવી જોઇએ. વ્યવસાયનિષ્ઠનો અર્થ શો ? અલગ અલગ ધંધા કરનારા લોકોનાં મહોલ્લા કે વસ્તીઓ અલગ અલગ ન હોવાં જોઇએ. સમન્વયાત્મકનો અર્થ શો ? જુદા જુદા વ્યવસાય કરનારાના મહોલ્લા એક જ હોય, એ લોકો સાથે સાથે વસે. એમનું શિક્ષણ પણ ઘણે મોટે અંશે સમાન જ હોય. એમની વચ્ચે સહભોજન થાય, સહવિવાહ પણ થાય, રોટી-બેટીના વહેવારમાં વાડા ન હોય. સમન્વયાત્મક વસ્તીનું આ પહેલું લક્ષણ છે.

બીજું લક્ષણ એ છે કે એ એટલી મોટી હોય, એનો આકાર એટલો તો હોય જ કે જેથી એમાં ભિન્ન ભિન્ન વ્યવસાય કરનારા લોકો રહેતા હોય, પણ સાથે સાથે એ એટલી નાની પણ હોય કે જેથી એમાં રહેતા નાગરિકો સહેજે એકમેકને ઓળખી શકે. વસ્તીના વધુ પડતા મોટા આકારને કારણે નાગરિક બિન-અંગત ( impersonal ) ન બની જાય એ જોવાનું છે. માનવીનું વ્યક્તિત્વ વિલીન ન થઈ જવું જોઇએ, માનવી ખોવાઈ ન જવો જોઇએ.

ત્રીજું લક્ષણ એ હશે કે બધા નાગરિકો એકમેકને ઓળખતા હશે. એવા સંયોગોમાં ઉત્પાદન મનુષ્યને માટે થશે, કેવળ અપ્રત્યક્ષ 'ઉપયોગ'ને માટે નહીં.

પહેલું પગલું મૂડીવાદી : 'ઉત્પાદન નફાને માટે થાય.'

બીજું પગલું સમાજવાદી : 'ઉત્પાદન ઉપયોગને માટે અને આવશ્યકતાને માટે થાય.'

ત્રીજું પગલું, આથી આગળનું છે. એને હું ગાંધીના વિચારનું પગલું કહું છું. એ વિચાર આપણને ગાંધી આપી ગયા. તે એ કે ઉત્પાદન પાડોસીને માટે થાય. ઉત્પાદન મારા બીજા ભાઇને માટે કરું, જે મારી નજીક રહેતો હોય, જેને હું ઓળખતો હોઉં. ગાંધીનું આ સ્વદેશીવ્રત કહેવાય છે.*

* ડૉ. લોહિયા આને Immediacy કહે છે. જુઓ "Wheel of History."

ગાંધીએ એમના સ્વદેશી વ્રતની જે વ્યાખ્યા કરી છે એનો આશય એવો છે કે હું જે ઉત્પાદન કરીશ તે કેવળ આવશ્યકતાને માટે નહીં, કેવળ ઉપયોગને માટે નહીં, પણ મનુષ્યને માટે કરીશ. અર્થાત્ એ ઉત્પાદનમાં પણ એક વિશિષ્ટતા (વ્યક્તિત્વ) આવી જાય છે અને એક નવી પ્રેરણા એમાં દાખલ થઈ જાય છે.

વર્ણવ્યવસ્થાના વિચારનું મેં થોડું વિસ્તૃત અને સ્પષ્ટ વિવેચન એટલા માટે કર્યું છે કે આપણા દેશના બહુ મોટામોટા ધુરંધર વિચારકો પણ વર્ણવ્યવસ્થાનું કોઈ ને કોઈ સ્વરૂપે સમર્થન કરે છે અને બાપુજીના શબ્દોને પ્રમાણ તરીકે પણ ટાંકે છે. તો ગાંધીના તો વર્ણવ્યવસ્થા અંગેના વિચારોનો વિકાસ થતો રહ્યો હતો. હું માનું છું કે એ વિકાસની હવે આજની પરિણતિ એ વિચારમાં થઈ જવી જોઈએ કે વર્ણવ્યવસ્થા હવે ગુણકર્મ પ્રમાણે પણ નહીં રહે, હવે વર્ણવ્યવસ્થા જ નહીં રહે. હવે તો જે સમાજ બનશે તે સમન્વયાત્મક સમાજ બનશે.

## ૩૬. આશ્રમ-વ્યવસ્થા-સામાજિક મૂલ્યની દૃષ્ટિએ

હું સામાજિક મૂલ્ય તરીકે જ આશ્રમ વ્યવસ્થાની વાત તમારી સામે મૂકીશ.

### બ્રહ્મચર્યાશ્રમ

આપણે આપણા સમાજમાં સ્ત્રી-પુરુષોનું સહજીવન અને સહશિક્ષણ શરૂ કરી દીધું છે. તમે સાંભળ્યું જ હશે કે આ સમસ્યા દરેક શિક્ષણ-સંસ્થા અને શિક્ષણશાસ્ત્રીની સમક્ષ આજે ખડી છે. છોકરા-છોકરીઓને ભેગાં ભણાવીએ તો છીએ, પણ છોકરા-છોકરીઓના જીવનમાં, સહજીવનમાં, પવિત્રતા નથી આવતી.

આનું વધારે વિવેચન તો હું આગળ કરીશ. હમણાં તો માત્ર એક જ વાક્ય હું તમારી સામે મૂકી દઉં છું. છોકરા-છોકરીઓનું વિદ્યાર્થી-જીવન જ્યાં સુધી બ્રહ્મચર્યના પાયા પર આધાર રાખતું નહીં બને, ત્યાં સુધી એમાં પવિત્રતા નહીં આવી શકે. એટલા માટે વિદ્યાર્થી-જીવનમાં બ્રહ્મચર્ય હોવું જોઈએ. બ્રહ્મચર્ય-આશ્રમ વિદ્યાર્થી-જીવનને માટે બહુ જરૂરી છે અને અગાઉના કાળમાં એની જેટલી જરૂર હશે તેના કરતાં પણ આજે તો એની ઘણી જ વધારે જરૂર છે.

—એક વાર કૉલેજના એક છોકરાએ મને પ્રશ્ન પૂછ્યો. જેમ તમે લોકો અહીં બેઠાં છો અને સવાલ કરો છો, તે જ રીતે એણે પણ પૂછ્યું.

"અમારી બહેન રસ્તે જતી હોય અને કોઈ ગુંડો એની છેડતી કરે, તો તમે કહો, અમે શું અહિંસક રહીએ? ચૂપચાપ જોયા કરીએ?"

મેં કહ્યું, "ચૂપચાપ શા માટે જોયા કરો?...પણ પહેલાં તો મને એ કહો કે તમને આવા કેટલા પ્રસંગ પડયા?"

એણે કહ્યું, "જાણે હજી પ્રસંગ તો પડયો નથી, પણ પડયે ખરો."

મેં કહ્યું, "ઠીક. ધારો કે પ્રસંગ તો પડયો. તો તમે શું ઇચ્છો છો?"

તો કહે, "અમે એવે વખતે કેવી રીતે ચૂપ રહી શકીએ?"

મેં કહ્યું, "હા, તે ચૂપ ન રહેશો."

તે વખતે બાપુ હતા, એટલે મેં એને બાપુનો આધાર ટાંકીને કહ્યું, "કોઈવાર જો આવું કાંઈ જુઓ....પહેલેથી એવું ધારી ન લેવું, પણ જો એવું કાંઈ થતું નજરે ચડે તો એનું માથું વાઢી લો. હું ગાંધી પાસેથી તમને અહિંસાનું સર્ટિફિકેટ લાવી આપીશ...."

એટલે એ તો ખુશખુશ થઈ ગયો કે ભાઈ વાહ, આ ગાંધીવાળો તો ખુદ ગાંધી પાસેથી અહિંસાનું સર્ટિફિકેટ લાવી આપવાનું કહે છે!

ત્યાં મેં આગળ કહ્યું, "...એક શરત છે."

એણે પૂછયું, "શી શરત છે?"

"જે છોકરીઓ સાથે તમે સ્કૂલમાં બેસો-ઊઠો છો, રમો-કૂદો છો, વાંચો-લખો છો, એમની તરફ જોવાની તમારી પોતાની દૃષ્ટિ કેવી છે? અને એ દૃષ્ટિમાં જો કાંઈ ફરક હોય તો માથું વાઢવાના કાર્યક્રમનો આરંભ તમારી જાતથી જ કરી દો!"

બસ, આટલી સરખી શરત સાંભળીને એ તો બેસી જ ગયો.

આને હું બ્રહ્મચર્ય કહું છું. શિક્ષણનાં કેન્દ્રોનું તો આજે કેમ જાણે એ વધુ-વર-સંશોધનનાં ક્ષેત્ર જ બની ગયાં હોય, એવું થયું છે ને! એક બાજુ ભણવાનું ચાલતું હોય અને બીજી બાજુ છોકરો છોકરી શોધતો હોય અને છોકરી છોકરો ખોળતી હોય, એવું ન થવું જોઈએ. આખા શિક્ષણના ક્ષેત્રમાં husband-hunting અને wife-hunting ચાલતું હોય...એક પ્રકારની મૃગયા જ હોય છે ને એ?... આમ આ શિક્ષણ-ક્ષેત્રો જો વધુ-વર-મૃગયાનાં ક્ષેત્રો બની જશે તો તમે ગાંઠ વાળી લેજો કે આ દેશમાંથી તમામ સભ્યતાનો અંત આવી જવાનો છે,

તો વ્યક્તિના જીવનમાં બ્રહ્મચર્યનું બીજું કોઈ સ્થાન હોય કે ન હોય, પણ હું માનું છું કે મનુષ્ય-જીવનમાં શિક્ષણનો જે ગાળો છે તેમાં બ્રહ્મચર્ય અનિવાર્ય હોવું જોઈએ. આમ તો શિક્ષણની અવધિ યાવજ્જીવન

હોવી જોઇએ, જીવે ત્યાં સુધી વ્રત પાળે એવું હોવું જોઇએ. પરંતુ આ વ્રતનું આચરણ એક વિશેષ અવધિમાં થાય છે અને એ અવધિ શિક્ષણની અવધિ હોવી જોઇએ. બ્રહ્મચર્ય–આશ્રમ અગાઉ પણ વિદ્યાર્થીને માટે જ મનાતો. બ્રહ્મચર્યને માટે કહેતા પણ ખરા કે **ब्रह्मचर्येण ऋषिभ्यः।** પિતૃ, દેવ અને ઋષિ એ ત્રણ પ્રત્યેનાં મનુષ્યનાં ઋણો પૈકી બ્રહ્મચર્યના પાલનથી ઋષિઓનું ઋણ અદા થાય છે. વિદ્યામાં બ્રહ્મચર્યનું સ્થાન હોવું જોઇએ.

### વાનપ્રસ્થાશ્રમ

હવે ગૃહસ્થાશ્રમ શું છે એનો વિચાર તો જેમ જેમ આપણે આગળ વધતાં જઈશું, તેમ તેમ આવી જ જશે. મુખ્ય બે જ વિચાર આપણી સામે આવે છે : એક તો બ્રહ્મચર્ય અને બીજી ગૃહસ્થાશ્રમ પછીની સ્થિતિ, જેને વાનપ્રસ્થાશ્રમ કહે છે.

વિનોબાજીનું કહેવું છે કે વાનપ્રસ્થાશ્રમ પણ અમુક એક વખતે વિધિપૂર્વક ગ્રહણ કરી લેવો જોઇએ. આ વિધિ કરવો ન કરવો મારે મન ગૌણ છે. વિધિ ઉપર મને કાંઇ બહુ વિશ્વાસેય નથી રહ્યો. એટલે વિધિ કરે કે ન કરે, પણ હું એક વાત ઇચ્છું છું અને તે એ કે સ્ત્રી અને પુરુષના જીવનમાં એક એવી વયોમર્યાદા આવી જવી જોઇએ કે જે મર્યાદા પછી એમનાં મનમાં વિવાહની ભાવના–લગ્નજીવનની ભાવના–ન રહે.

વિવાહ અથવા લગ્ન પહેલાંની સ્થિતિ તો મેં તમારી સમક્ષ ચર્ચી લીધી. હવે ગૃહસ્થાશ્રમ પછીની સ્થિતિ તમારી સમક્ષ મૂકું છું. આજે હું કહું છું તે સમજમાં ખૂબ જ જરૂરી છે.

—આજે તો કેવું છે, જુઓને ! આપણે કોઈ કોઇ વાર વાંચીએ છીએ કે સિત્તર વરસનો ચચિલ પરણી પાડે છે. લોકો કહે છે, " ૭૦ વરસનો ડોસો પરણે છે ! અને તેય ૨૦–૨૫ કે ૩૦ વરસની છોકરી સાથે ! ઘોર અનાચાર છે ! "

" તો ભાઈ એણે શું કરવું જોઇતું હતું ? ૭૦ વરસનો પુરુષ ૬૦ વરસની સ્ત્રીની સાથે પરણશે તો તેને શું સદાચાર ગણશો ? "

તો લોક કહે છે, " હા, એવું હોય તો કાંઈ વાંધો નહીં ! "

રૂઢિને લઇને હોય તો તેમ, પણ આપણે ત્યાં એક મર્યાદા હતી. અલબત્ત એ મર્યાદા સ્ત્રીને માટે હતી, પુરુષને તો એમાં પણ છૂટ હતી જ. સ્ત્રીને વિશે એવી એક મર્યાદા હતી કે અમુક ઉમ્મર થઈ ગયા પછી સ્ત્રી પરણી શકે એવી કલ્પના પણ કોઇને આવતી નહીં.

આજે તો ૫૫ વરસની સ્ત્રી પણ પરણે છે, ૬૦ વરસની સ્ત્રી પણ પરણે છે!

મનુષ્યના જીવનમાંથી આ વિવાહ–ભાવનાનું નિરાકરણ કોઈ એક હદે પહોંચીને થવું જોઈએ કે નહીં? અને જો એમ નહીં થાય તો સ્ત્રી અને પુરુષના જીવનમાં પવિત્રતા કદી નહીં આવી શકે. આજે ૨૦-૨૦, ૨૫-૨૫, ૩૦-૩૦ વરસની છોકરીઓ કોલેજોમાં ભણે છે. નવજવાન છોકરાઓનો એ ઝાઝો ભરોસો નથી રાખી શકતી. એમની સાથે અમુક એક મર્યાદામાં જ રહી શકે છે. કુટુંબમાં ભાઈની સાથે રહે છે, પિતાની સાથે રહે છે; પણ એમની સાથે જે સંબંધ હોય છે. તે Confidenceનો અર્થાત્ હૃદયની ગુપ્ત વાતો જણાવવાનો સંબંધ નથી હોતો. કૌટુંબિક મર્યાદાઓ હોય છે. પરિણામ એ આવેલું છે કે એને માટે સમાજમાં પિતૃત્વની ભાવના ક્યાંયે છે જ નહીં. હું કુટુંબની બહારની વાત કરું છું. કુટુંબની બહાર શું યુવાન સ્ત્રીને માટે સમાજમાં એવી કોઈ પ્રણાલિ છે ખરી કે એને પુરુષના બાહુબળનું નહીં, પણ પિતૃત્વનું સંરક્ષણ મળી રહે? જેમની પાસે એ વિશ્રબ્ધભાવે, વિશ્વાસથી, પોતાની ભાવનાઓ કહી શકે એવા કોઈ પુરુષોની એ આશા રાખી શકે ખરી? ક્યાંથી રાખે? એ પુરુષ એનો પ્રાધ્યાપક હોય, ગુરુ હોય, તોયે પરણવાની જ વાત કરે છે!

આમ પરિણામ એ આવે છે કે પુરુષની વિવાહ–ભાવનાનો ક્યાંયે કદી છેડો જ નથી છૂટતો. અને પાછું એમાં એ ગર્વ અનુભવે છે! કહે છે, "જુઓ તો ખરા! આ ૮૦ વરસનો થયો પણ લગન કરી પાડ્યાં હોં! પાંચમી વાર ઘોડે ચડ્યો છે અને તોયે ઘેર પારણાં બંધાયાં છે! હવે 'પુરુષાર્થ'માં શી કમીના રહી ગઈ!" આવું એને વિશે લોક બોલે છે. મને કહો, શું આ કાંઈ નૈતિક સંકેત (index) છે? આ કાંઈ સાંસ્કૃતિક સંકેત છે? અને તેય એવા દેશમાં જે દેશમાં બ્રહ્મચર્યની પરંપરા યુગો થતાં ઊતરી આવી છે?

માટે વિનોબાનો વાનપ્રસ્થ આશ્રમ તમે સ્વીકારો કે ન સ્વીકારો, આ દેશના તમામ પુરુષોએ પોતાના મનમાં એક પવિત્ર સંકલ્પની ગાંઠ વાળી લેવી જોઈએ કે અમુક એક ઉમ્મર પછી પુરુષની વિવાહ–ભાવના ઘટતી જવી જોઈએ.

—આજે મને આ પ્રબોધ કહેતો હતો, "દાદા, તમે ફાવે તે કહો, સ્ત્રીના ખોળામાં બાળક રમતું થાય પછી એની દૃષ્ટિ અને ભાવનામાં જ ફરક પડી જાય છે."

મેં કહ્યું, "વાત સાચી છે. કેમ કે એ એના છોકરાની મા બની એટલે પહેલો ખ્યાલ એના દિલમાં એ આવે છે કે હું તો પુરુષની મા છું!"

"આટલો બધો અહંકારી જે પુરુષ છે એની હું મા છું," એવી કલ્પના આવતા વેંત સ્ત્રીની ભૂમિકા જ બદલાઈ જાય છે. મારા મિત્રો! શું પુરુષોમાં કદી આવી ભાવના નહીં આવે કે હું પણ સ્ત્રીનો પિતા છું? શું ગમે તેટલી વયોમર્યાદાએ પહોંચ્યા પછી પણ એના મનમાં આવી ભાવના નહીં જાગે?

બ્રહ્મચર્યના સંરક્ષણને માટે, બ્રહ્મચર્યને સામાજિક મૂલ્ય બનાવવાને માટે, આની બહુ જરૂર છે. વયોમર્યાદા તમને ઠીક લાગે તે આંકો, વ્યક્તિ–વ્યક્તિ વચ્ચે થોડોઘણો ફેર પણ પડે. કોઈમાં આ ભાવના જલદી ઊગશે, કોઈમાં મોડી ઊગશે. એની ગણતરી પણ રાખી લો. પણ એક હદ તો જરૂર આંકી શકો છો, કે આટલી ઉંમર પછી પુરુષનું જીવન પિતૃત્વ-સંપન્ન થશે. એનો સકળ પુરુષાર્થ પિતૃત્વ–ભાવનામાંથી જ પ્રગટ થશે, જેથી સ્ત્રીઓ અને ખાસ કરીને યુવાન સ્ત્રીઓનાં જીવન સમાજમાં સંપન્ન થઈ શકે. હું માત્ર 'સુરક્ષિત થઈ શકે' એમ નથી કહેતો, 'સમૃદ્ધ થઈ શકે, સંપન્ન થઈ શકે' એમ કહું છું. યુવાન સ્ત્રીઓ માટે સમાજમાં નિરાપદ અવસર રહે એની ઘણી જ જરૂર છે.

આને મેં 'વાનપ્રસ્થવૃત્તિ' કહી છે.

એક મર્યાદા પછી વાનપ્રસ્થવૃત્તિની પણ આવશ્યકતા છે. એમાંથી કૌટુંબિક ભાવનાનું નિરસન થઈ એને સ્થાને વ્યાપક કૌટુંબિક ભાવના જન્મે છે. 'મારી સ્ત્રી' 'મારો પુત્ર' એવી ભાવનાથી મનુષ્ય ઊંચે ચઢી જાય છે. ઘરની ચાર દિવાલોને લાંઘીને એની કૌટુંબિક ભાવના વ્યાપક બની જાય છે. કૌટુંબિક ભાવનાની આવી વ્યાપકતાનો વિકાસ આપણા જીવનમાં થાય તે માટે બ્રહ્મચર્યવૃત્તિની આવશ્યકતા છે.

### સંન્યસ્ત–આશ્રમ

આશ્રમ વ્યવસ્થામાં અંતિમ આશ્રમ છે સંન્યસ્ત, જેને civic death–નાગરિક જીવનની સમાપ્તિ કહે છે. આનો અર્થ શું? એનો અર્થ એ કે સંન્યાસ લીધા પછી મનુષ્ય રાજ્યાતીત સ્થિતિમાં જતો રહે છે. રાજ્યનું શાસન એના પર નથી ચાલતું. નાગરિકધર્મ એને માટે સહજ થઈ જાય છે. કાનૂનનું અનુશાસન (રાજ) એના પર નથી ચાલતું. જેને વિશે લોકો કહે છે ને કે he has become law unto

himself ( એ પોતે જ પોતા માટેનો કાનુન બની ગયો છે ). અથવા કહે છે કે **निस्त्रैगुण्यं पथि विचरतां को विधि को निषेधः।** ( ત્રણેય ગુણથી પર થઈ માર્ગ પર ચાલનારાને ' આમ કર ' એવો વિધિ શું અને ' આમ ન કર ' એવો નિષેધ શું ? ) ભાષા આધ્યાત્મિક જ છે, પણ ભાષા આધ્યાત્મિક જ હોય તેમ છતાં, આપણે આપણી ભૂમિકાનો આપણે માટે ઉપયોગી એવો અર્થ કાઢી લઈએ. આપણે માટે ઉપયોગી, અનુરૂપ અર્થ એ છે કે દરેક નાગરિકના જીવનમાં એક એવી અવસ્થા આવવી જોઈએ કે જે પછી એને રાજ્યશાસનની આવશ્યકતા ન રહે. રાજ્યના કાયદા–કાનૂનના ભય કે લોભ વિના જ નાગરિકતાના સકળ ધર્મોનું પાલન એને હાથે સ્વાભાવિક રીતે જ થવા માંડે.

આવી રાજ્યાતીત સ્થિતિને હું ' નાગરિકતામાં સંન્યાસ 'ની સ્થિતિ કહું છું. એ એવી સ્થિતિ છે જેમાં એણે ઉત્પાદનનાં કર્તવ્યોનો પણ આગ્રહ છોડેલો છે, ઉત્પાદક પરિશ્રમમાંથી મળતર થાય, પ્રતિમૂલ્ય ( બદલો ) મળે, એનો લોભ તો સર્વથા છોડેલો જ છે.

—" તું શું કમાય છે ? "

" હું કાંઈ નથી કમાતો."

" તું શું કરે છે ? "

" સમાજમાં રહું છું. જે કાંઈ કરવું પડે છે તે આ શરીરથી થઈ જાય છે. ' હું કરું છું ' એવું હું નથી કહેતો."

" સમાજ પાસેથી શું લે છે ? "

" જેટલું ઓછામાં ઓછું લઈને ચલાવી લઈ શકાય, તેટલું જ લઉં છું. એને પણ ઘટાડતો જાઉં છું."

આ સંન્યાસવૃત્તિ કહેવાય છે, જેને હું નાગરિકની રાજ્યાતીત સ્થિતિ કહું છું. શાસનમુક્ત સમાજની સ્થાપનાને માટે રાજ્યાતીત અવસ્થા કેટલાક નારિકોનાં જીવનમાં જો આવી જશે, તો પછી એનો વિકાસ આપણે સમાજમાં કરી શકીશું.

## ગૃહસ્થાશ્રમ

હવે આપણે ગૃહસ્થાશ્રમનો વિચાર કરી લઈએ :

" **धन्यो गृहस्थाश्रमः** "—ચારેય આશ્રમોમાં ગૃહસ્થાશ્રમને ધન્ય માન્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે કુટુંબ–સંસ્થાને જેમ સામાજિક મૂલ્યોના પ્રતીક–સ્વરૂપ માનવામાં આવી છે, તેમ જ સામાજિક જીવનનું

મુખ્ય એકમ પણ એને જ ગણવામાં આવી છે. સમાજમાં જે સહ-જીવનનો વિકાસ આપણે કરવો છે અને જે દંડહીન અનુશાસનને ( સજા વિનાની શિસ્તને ) આપણે સમસ્ત સમાજમાં ચરિતાર્થ ( સફળ ) કરવા માંગીએ છીએ, એની એ પ્રયોગ–શાળા છે. अभ्युदय–અર્થાત્ ભૌતિક સુખોપભોગનું આયોજન निःश्रेयसની દૃષ્ટિથી અર્થાત્ સર્વજનના હિતની દૃષ્ટિથી કઈ રીતે કરવામાં આવે, એનો આદર્શ ખડો કરવો એ કુટુંબ-સંસ્થાનો પ્રધાન ઉદ્દેશ છે.

ચાર પુરુષાર્થોમાં અર્થ અને કામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ અને કામ એ પોતે તો મનુષ્યના સ્વાભાવિક વિકાસો છે. જ્યારે એ ધર્મમૂલક અને મોક્ષપ્રવણ બને છે, ત્યારે એમને પુરુષાર્થનો મોભો પ્રાપ્ત થાય છે અને એ સામાજિક મૂલ્યોમાં પરિણત થઈ જાય છે.

આજે મનુષ્યના કૌટુંબિક જીવનની સાથે એના ઉદ્યોગ અને નાગરિકતાનો કશો પ્રત્યક્ષ અનુબંધ નથી રહ્યો. દુકાનની નીતિ જુદી છે, મકાનની ( ઘરની ) નીતિ જુદી છે અને સાર્વજનિક નીતિ વળી એથીયે જુદી છે. તેથી એક સામાજિક મૂલ્ય તરીકે કૌટુંબિકતા ક્ષીણ થતી ચાલી છે. અને હવે તો એવો ભય લાગવા માંડયો છે, કે ક્યાંક કુટુંબ–સંસ્થાનું હાડપિંજર પડી રહે, પણ એના પ્રાણ સમી સુભગતા અને પવિત્રતા વેરણ–છેરણ ન થઈ જાય. આજે આપણે કૌટુંબિકતા તથા કુટુંબ–સંસ્થાની એક નવા રૂપે પુનઃસ્થાપના તથા સંવર્ધન કરવા માંગીએ છીએ.

કુટુંબ–સંસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે એમાં બંધારણ, દંડયોજના ( પોલીસ–જેલ વગેરે ) અને લશ્કરી શિસ્ત, એ બધાંના વિના જ સહજીવન અને સહકાર સિદ્ધ થાય છે. કુલધર્મ, કુલપરંપરા અને આનુવંશિક સંસ્કારો જ એવા હોય છે કે પરિવારના બધા સભ્યો એક-મેકની સાથે રહેવામાં પોતાની પ્રતિષ્ઠા અને કલ્યાણ માને છે. અને જો એકમેકથી છૂટા પડવાનો વખત આવે તો એમાં પોતાની મજબૂરી સમજે છે. તેથી તો છૂટા પડતી વખતે એકબીજા પર દોષનો ટોપલો ઢોળીને છૂટા પડે છે ! છૂટા પડનાર દરેક જણ એવું સાબિત કરવા મથે છે કે "અમારે જુદા થવું પડયું તેના મૂળમાં હું નથી. મારે તો બધાંને સાચવી–સંભાળીને, હળીમળીને ભેગાં જ રહેવું છે," ઇત્યાદિ.

સહજીવનને માટે પોતાનાં વ્યક્તિગત સુખ–સગવડનો ભોગ આપવો એ કુટુંબ–જીવનનો પાયો છે.

આની પાછળ બે કારણ પડેલાં છે: એક છે લોહીનું સગપણ અને બીજો છે લગ્નનો સંબંધ. તેથી સમાજમાં કુટુંબ-સંસ્થા એક સ્વયં-સિદ્ધ સંસ્થા છે. સભ્યોએ નક્કી કર્યું તથી કે ઇચ્છયું તેથી કુટુંબ-સંસ્થા ઊભી થઈ, એવું નથી. હું મારા મા-બાપ, ભાઈ-બહેન કે દીકરા-દીકરીની ચૂંટણી નથી કરી શકતો! એ બધાં મને યદૃચ્છા (અનાયાસ) મળી ગયેલાં હોય છે. કર્ણે કહેલું તેવું છે. "કુટુંબમાં મારો જન્મ **दैवायत्त**-દૈવને આધીન-છે." આને પરિણામે કુટુંબમાં જે વ્યક્તિઓ હોય છે એ બધાંને એકમેકને માટે સ્વાભાવિક આત્મીયતા હોય છે. કૃત્રિમ નિયંત્રણ અને ઔપચારિક નિયમોની એમાં જરૂર પડતી નથી. મનુષ્યોના જે **स्वायत्त** (જાતે બાંધેલા ને કેળવેલા) સંબંધો હોય છે, તેના કરતાં આ કૌટુંબિક સંબંધો વધારે સ્થાયી અને અભેદ્ય મનાય છે. અંગ્રેજીમાં કહેવત છે કે પાણી કરતાં લોહી ગાઢું હોય છે. blood is thicker than water. તેથી એક જ જળાશયની પાસે રહેનારા પાડોશીઓ કરતાં (જે મોટેભાગે લડતાં હોય છે!) એક જ કુટુંબનાં માણસો વચ્ચેના સંબંધને વધારે ગાઢ ને ઉત્કટ માનવામાં આવે છે. જે મોટાં હોય તે નાનાંની કાળજી રાખે; જે નાનાં હોય તે મોટાંનો માન-મલાજો સાચવે; આને માટે કુટુંબમાં કોઈ જાતનું દંડ-વિધાન (પોલીસ, જેલ વગેરેનું ચોકડું) લખી મૂકેલું નથી હોતું. લાંબા કાળના સંસ્કારોને કારણે આ બધું પોતાની મેળે ચાલ્યા કરે છે.

આ રીતે માનવસમાજમાં કુટુંબ-સંસ્થા એ એક અનુપમ કલાકૃતિ છે.

કામોપભોગ જ્યારે એક સાંસ્કૃતિક સંસ્કાર બની જાય છે ત્યારે સામાજિક મૂલ્યોમાં ફેરવાઈ જાય છે. કુટુંબ-સંસ્થાનો આધાર વિવાહ-સંસ્કાર છે. સ્ત્રી અને પુરુષ વિવાહ-સંબંધથી એકબીજાનાં જીવનમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે તેઓ ગૃહસ્થાશ્રમી કહેવાય છે.

ત્યારે સવાલ એ પેદા થાય છે કે શું ગૃહસ્થાશ્રમ કામ-મૂલક છે? અને સ્ત્રી-પુરુષોને અબાધિત કામોપભોગના પરવાના આપવા, એ જ શું એનું પ્રયોજન છે?

હરગિજ નહીં. ઊલટું વિવાહ-સંસ્કારનું પ્રયોજન તો છે કામ-વાસનાનો સંયમ; અને ગૃહસ્થાશ્રમનું પ્રયોજન છે, સ્ત્રી-પુરુષોનું સંયુક્ત જીવન. સ્ત્રીની પુરુષ પ્રત્યેની અને પુરુષની સ્ત્રી પ્રત્યેની જે નિષ્ઠા વિવાહિત જીવનનો મેરુદંડ ગણાય છે, તે મનુષ્યને શારીરિકતાથી ઉપર ચડાવી દે છે. આ નિષ્ઠા જેટલા પ્રમાણમાં ઉત્કટ અને દૃઢ થતી જાય છે, તેટલા જ પ્રમાણમાં શારીરિકતા ઘટતી જાય છે.

મારી મા એ કાંઈ આખી દુનિયામાં સૌથી વધારે ગુણવાન સ્ત્રી નથી, પરંતુ મારે માટે તો ઈશ્વરના વિશ્વવ્યાપી વાત્સલ્યની એ જ પ્રતિમા છે. મારો દીકરો આખા ગામમાં સૌથી વધારે દેખાવડો છોકરો નથી, પરંતુ મને તો દુનિયામાં બધા છોકરા કરતાં એ જ વધુ વહાલો છે. મારી સ્ત્રી સૌથી વધુ સુંદર નથી, પણ મારે માટે તો એના જ રૂપમાં સમસ્ત સૃષ્ટિની સકળ મનોહરતા સાકાર થઈને આવેલી છે.

આ રીતે કૌટુંબિકતા મનુષ્યને એક સ્નેહમય દિવ્યચક્ષુ આપી દે છે. એ જ સ્નેહને આધારે કોઈપણ પ્રકારના બાહ્ય નિયંત્રણ અને ઔપચારિક બંધારણ વિના જ આખો વ્યવહાર ચાલે છે.

—એક વાર અમારા એક મિત્રનાં લગ્ન ઠર્યાં. તેઓ લાંબો વખત અપરિણીત રહેલા એટલે લોકોના મનમાં એવો ખ્યાલ બંધાઈ ગયેલો કે તેઓ આજન્મ બ્રહ્મચર્ય પાળશે. તેઓ દુનિયાભરની તમામ સ્ત્રીઓને પોતાની માતા બરાબર માનતા હતા. એમના લગ્નની ખબર સાંભળીને અમારા બીજા કેટલાક મિત્રો મારી પાસે આવીને એમની ઠેકડી ઉડાડવા મંડ્યા, " જોયું ને! આ જ લગી તો ભાઈ સાહેબ મોટે ઉપાડે આખી દુનિયાની સ્ત્રીઓને માતા માનતા ને કંઈ કેવીયે મોટી મોટી વાતો કરતા! અને હવે એમાંથી જ એકની સાથે લગ્ન કરવાના! "

એમણે તો ઠેકડી ઉડાવવા માટે જ જાણે કે વાત કરેલી, પણ મેં એમને કહ્યું, " આપણે જરા આનો ઊંડાણથી વિચાર કરીએ. એ માણસ જો લગ્ન કર્યા વિના કોઈ સ્ત્રી સાથે શરીર–સંબંધ બાંધત, તો તો તમારો આરોપ કંઈક સાચો ઠરત. પણ આ તો વિવાહ–સંસ્કાર કરાવી રહ્યો છે. એક સ્ત્રીના જીવન સાથે પોતાના જીવનને જોડી રહ્યો છે અને એના પ્રત્યે એકનિષ્ઠ રહેવાની પ્રતિજ્ઞા કરી રહ્યો છે. એમ કરવામાં એ એક સ્ત્રીને માતામાંથી પત્ની નથી બનાવતો બલ્કે સ્ત્રી–જાતિ માટેની પોતાની વ્યાપક માતૃ–ભાવનાનું સંરક્ષણ કરવાના ઉદ્દેશથી એ પોતાની કામવાસના અને પત્ની–ભાવનાને સ્થાનબદ્ધ કરી નાંખે છે. "

વિવાહ અને ગૃહસ્થાશ્રમ સંયમના પાલનને માટે છે. તેથી એ બ્રહ્મચર્ય–મૂલક છે, એમનાં મૂળમાં બ્રહ્મચર્ય છે. વિવાહ પછી બે પૈકી કોઈ એક જો બીમાર, અપંગ, અશક્ત કે કદરૂપું થઈ જાય, તો પણ બીજાનો એના માટેનો પ્રેમ ઘટવાને બદલે વધતો જ જાય છે. એની આત્મીયતા શરીરનિષ્ઠ કે રૂપનિષ્ઠ નથી રહેતી. આ રીતે પ્રેમ જેટલો શુદ્ધ હોય છે, તેટલી જ કામુકતા ઉત્તરોત્તર કમ થતી જાય છે. સંતાન

થયા પછી માતા અને પિતા, બંનેના સંયુક્ત જીવનનું એક રીતે સંતાનોના પાલન-પોષણને માટે સમર્પણ થઈ જાય છે.

પોતાના જીવનનો બીજાના જીવનને માટે ઉત્સર્ગ કરવાની, ન્યોછાવર કરવાની, પ્રેરણા કૌટુંબિકતામાંથી અનાયાસ ઉત્પન્ન થાય છે. ગૃહસ્થાશ્રમ સમર્પણ-યોગનું તીર્થક્ષેત્ર છે.

ગાંધીએ તો પરિણીત સ્ત્રી-પુરુષોને માટે પણ બ્રહ્મચર્યની જ વાત ચીંધી હતી. મોટા મોટા સમાજશાસ્ત્રીઓએ અને ધર્મવેત્તાઓએ આને વિશે ઘણા વાંધા ઉઠાવ્યા, પણ ગાંધીએ કહ્યું કે ગૃહસ્થાશ્રમ અને કુટુંબ-સંસ્થા મનુષ્યને ઇન્દ્રિયપરાયણતામાંથી ઉગારીને માનવ-પરાયણ બનાવવા માટે જ છે. ગૃહસ્થાશ્રમમાં એક વ્યક્તિ સાવ સહજભાવે બીજી વ્યક્તિઓને માટે પોતાના આરામ અને સુખનો યજ્ઞ કરી નાંખે છે. કુટુંબ એ તો સ્વાર્થની આહુતિ આપવાને માટે રચવામાં આવેલી યજ્ઞશાળા છે. વિવાહિત બ્રહ્મચર્યનો ગાંધીનો આદર્શ આપણા લાંબા કાળના કુસંસ્કારોને કારણે વ્યવહારમાં નથી ઊતરી શકયો, તેમ છતાં કિશોરલાલભાઈ અને ગોમતી-બહેન જેવાં નૈષ્ઠિક ગૃસ્થાશ્રમીઓના જીવનમાં એનું ઊંચું ઉદાત્ત ઉદાહરણ જોવા મળે છે.

પ્રાચીન કાળમાં ગૃહસ્થાશ્રમ પુરુષ-સત્તાક* હતો અને કુટુંબ-સંસ્થા તો આજ લગી પિતૃ-સત્તાક જ રહી છે. જે મુખ્ય પુરુષ હોય તે કુટુંબની બીજી બધી વ્યક્તિઓનો પાલક અને સ્વામી રહેતો. કુટુંબના ગમે તે જણને દાનમાં આપવાનો, વેચવાનો, કુરબાન કરવાનો અને મારી નાંખવાનો અધિકાર એની પાસે રહેતો.× કુટુંબના બધા સભ્યો એની સજીવ સંપત્તિના ભાગરૂપ લેખાતા. સ્ત્રીઓનું સ્થાન ગૌણ રહેતું અને બધા પુરુષોની સત્તા કોઈ ને કોઈ સ્વરૂપે બધી સ્ત્રીઓ પર ચાલતી.

---

* પ્રજાની સત્તા જ્યાં ચાલે તે પ્રજાસત્તાક તેમ પુરુષની કે પિતાની સત્તા જ્યાં ચાલે તે પુરુષસત્તાક કે પિતૃસત્તાક. —સં.

× ઉદ્દાલકે નચિકેતાનું યમને દાન કરેલું, હરિશ્ચંદ્રે પત્ની-બાળકને વેચેલાં, યુધિષ્ઠિર ભાઇઓ અને પત્નીને જૂગટે હારેલા, સગાળશા શેઠે ચેલૈયાની કુરબાની આપેલી, પરશુરામે માતાનો વધ કરેલો, લક્ષ્મણ રામની આજ્ઞાથી સીતાને વનમાં મૂકી આવ્યા હતા—આ જે બાધી ઘટનાઓ મહાન પાત્રોની મહાનતાને કારણે અમર થઈ ગયેલી છે, તેમાં તે કાળે સમાજવ્યવસ્થામાં પ્રચલિત પિતૃસત્તાક મૂલ્યોનો ઇતિહાસ સચવાયો છે, તે અત્રે યાદ આવશે. —સં.

આજે આપણે કુટુંબ–સંસ્થાના પાયા જ બદલી ના[illegible]મ
છીએ. કૌટુંબિક સંપત્તિનું વિસર્જન તો આપણે આપણા આર્થિક
જનથી કરવા તાકીએ જ છીએ. અને કુટુંબોની વડીલોપાર્જિત
જ જ્યારે નહીં રહે ત્યારે પુત્ર પુત્ર અને કન્યા, સ્ત્રી અને
વચ્ચેના હકદાવાઓનો ઝઘડો જ ખતમ થઈ જશે. પણ આ
પછી પણ સ્ત્રી અને પુરુષને કુટુંબમાં સમાન ભૂમિકા પર લાવ
રહેશે. તે માટે નાગરિક જીવનમાં જે વ્યક્તિ–સ્વાતંત્ર્યનું મૂલ
કૌટુંબિક જીવનમાં દાખલ કરવું પડશે. કુટુંબ ન તો કેવળ
કે ન તો કેવળ સ્ત્રીનું જ હશે; બલ્કે કુટુંબ એ સ્ત્રી–પુરુષ બં
વ્યક્તિત્વ અને સંયુક્ત જીવનના આધારે સ્થપાયેલી એક નવી
સંસ્થા હશે.

જે કુટુંબની વૃત્તિ અને વ્યવહાર ઘરની ચાર દીવાલો
વ્યાપક બની જાય છે, એ કુટુંબને સમાજને માટે ભૂષણ
આવે છે.

આનો સંકેત–કંઈક ઝાંખી–આતિથ્ય-ધર્મમાં છે.
માણસોને જમાડયા પછી જ આપણે જમીએ એટલું
હોય કે સ્ત્રી હોય, દરેક ગૃહસ્થાશ્રમી માણસે એ
પોતાની અડોસ–પડોસમાં અને ગામમાં કોઈ ભૂખ્યું ન
કે વટેમાર્ગુ ખબર આપ્યા વગર પણ ગામમાં આ
એને જમ્યા વગર ન સૂવું પડે. આ ધર્મ તમા
લાગુ પડે છે. તે એટલે સુધી કે આપણા પ્રાચીન તા
પ્રાણ હરનારા યમરાજને પણ આ ધર્મ લાગુ વારે
જ્યારે યમરાજને દરવાજે ત્રણ દિવસ ખાધા–પીધા તરીકે
યમરાજે ઘેર આવતાં બરાબર એની માફી માગી માટે
એ માંગે તે વરદાન આપવા તૈયાર થઈ ગર છે, યજ્ઞ
એનું ઘર અતિથિ–શાળા છે. અને એ પોતે આકાંક્ષા
કરનારો છે. એ યજ્ઞભૂમિમાં બેઠો બેઠો અતિથિ ગૃહસ્થાશ્રમમાં
કરે છે, કોડ સેવે છે અને ઉત્પાદક પરિશ્રમનો યજ્ઞ ગૃહસ્થાશ્રમઃ
આતિથ્ય–ધર્મનું પાલન થઈ શકે છે, તેથ
એવું કહેવામાં આવ્યું છે.

ક્રાંતિકારક મૂલ્યોનું અનુષ્ઠાન પરંપર સંસ્થામાં થઈ
શકતું નથી, તેથી માર્ક્સવાદી ક્રાંતિકારીઓએ ા સ્થાપના કરી

મ્યૂનોમાં જે રહેતા હતા, એમનું જીવન સમાન રહેતું અને તેઓ
જાના સંગી–સાથી કહેવાતા. એમની ઓળખના શબ્દ–પ્રત્યભિજ્ઞાનો
'કોમરેડ' હતો. આપણે ત્યાં એ શબ્દનો અનુવાદ 'ભાઈ'
કરવામાં આવ્યો, કેમકે આપણે કૌટુંબિકતાના સંસ્કારોમાં ઊછર્યા
ને 'ભાઈ'ને બદલે 'સાથી કહે છે. આ અનુવાદ નથી. ભાષાંતર
ગ્રા દેશમાં બંગાળી ભાષામાં 'બંધુ' શબ્દનો અર્થ 'મિત્ર' છે.
મિત્રો વચ્ચે ખૂબ ઘનિષ્ટતા હોય છે, ત્યારે આપણે એમને
ોની ઉપમા આપીએ છીએ. સગપણથી ઊલટું મિત્રપ્રેમ સ્વાયત્ત
તે બાંધેલો ને કેળવેલો હોય છે, તેથી તે વધારે શુદ્ધ પણ
ભાઇનો સંબંધ નથી કોઈથી બાંધી શકાતો કે નથી કોઇથી
એ નિત્ય સંબંધ હોય છે. આ નિત્યતાના તત્ત્વને મિત્ર-
થયેલું જોવાની આશાથી મિત્રોને 'સગા ભાઈ'ની ઉપમા
ી. આ રીતે કૌટુંબિક સગપણને સામાજિક મૂલ્ય બના-
ઈ. કમ્યૂનમાં રહેનારા સાથીઓ પણ જ્યારે એકબીજાનાં
જાય છે, ત્યારે કુટુંબની અંદર સ્ત્રી–પુરુષોના તથા
ત્રી–સ્ત્રી વચ્ચેના સહજીવનમાં જે સ્વાભાવિક આત્મીયતા
છે, તેનો ક્રાંતિકારી સંસ્થાઓમાં પ્રવેશ થઈ જાય છે.

ાનો પ્રાણ જ્યારે ક્ષીણ થયો અને એની પ્રગતિ જ્યારે
ત્યારે અહિંસક ક્રાંતિના પ્રણેતા ગાંધીને આશ્રમની
દ આશ્રમમાં વ્રતોનું આચરણ છે, સંયમ છે, બધા
વિ જાના સહ–સાધકો છે પરંતુ કુટુંબ–સંસ્થાની સ્વાભા-
ઊણુ રસ્પર સમર્પણ–બુદ્ધિનો ત્યાં અભાવ તો નહીં, પણ
એ બ માં આપણે વિશિષ્ટ ગુણોનો વિકાસ કરીએ છીએ,
પામશે. ંબિક જીવનમાં ન થયો તો કુટુંબ–સંસ્થા નાશ
તેમનો પ્ર ાં જે મૂલ્યોનો વિકાસ સહજ ભાવે થતો રહે છે,
સમાજ–વિ સંસ્થામાં ન થયો, તો આશ્રમ–સંસ્થા ધીમે ધીમે
નહીં થઈ શ અને કૌટુંબિકતા સામાજિક મૂલ્યમાં પરિણત

આનો છે. એની બે બાજુઓ છે. એક તો એ કે
નાગરિક જીવન પ્રવેશ આપણા ગૃહ-જીવનમાં થવો જોઇએ.
સ્ત્રી અને પુરુષ, ( કેન, દીકરાઓ અને દીકરીઓ–એ બધાંનો
મોભો અને એ બ ત્વી તરીકે કુટુંબમાં સમાન હોવું જોઇએ.

કુટુંબ-સંસ્થા બધાંને માટે સહજીવનના પવિત્ર અને પ્રિય એવા પ્રયે
તીર્થમાં ફેરવાઈ જવું જોઈએ. બીજી બાજુ એ છે કે કૌટુંબિક સહજી
મૂળભૂત તત્ત્વો ક્રાંતિકારી સંસ્થાઓમાં તથા નાગરિક જીવનમાં
થઈ જવાં જોઈએ. આ પ્રમાણે ગૃહસ્થાશ્રમ સામાજિક મૂલ્યોથી સમૃ
અને સમાજવ્યવસ્થા કૌટુંબિકતાનાં મૂલ્યોથી પવિત્ર તથા શાશ્વત ર
વિભૂષિત થશે. આને હું ગૃહસ્થાશ્રમનું સામાજિક મૂલ્ય માનું છું.

## ૪. પ્રેરણાનો પ્રશ્ન

હવે બીજો સવાલ શો છે? હં, 'ઇન્સેન્ટિવ' વાળો સવા
પૂછવામાં આવ્યું છે કે જો બધાંના સ્વાર્થો વિલીન થઈ જશે તો '
ખતમ નહીં થઈ જાય?

ઇન્સેન્ટિવનો અર્થ છે કામ કરવાની પ્રેરણા. Prob'
Incentive પ્રેરણાનો પ્રશ્ન એ આજ સુધી લોકોને સતાવી ર
ક્રાંતિકારીઓને, તમામ રાજ્ય–સંસ્થાઓને, તમામ સામાિ
એ સતાવતો રહ્યો છે. અને એનું મુખ્ય કારણ એ છે કે
મનમાં એક એવો ભ્રમ ભેરવી દીધો છે કે મનુષ્ય ફાયદા
કરી જ ન શકે!

—વિનોબાનું પેલું એક પ્રસિદ્ધ વાકય છે ને? તમે
સાંભળ્યું હશે.

કોઈએ પૂછયું, "આનાથી શો ફાયદો? તેનાથી

તો વિનોબા કહે છે, "હવે એક છેલ્લો ર .ને
કે ફાયદાથી શો ફાયદો? આ છેવટનો સવાલ પૂ ાકી
રાખે છે?"

તો પેલું જે મેં કહ્યું હતું કે સ્વાર્થ વ્યાપ ારે એ
નિઃસ્વાર્થતામાં પરિણમે છે, તેને હવે આજના સ રભાષામાં
હું તમારી લોકોની સામે રજૂ કરી દઈશ.

"Greatest good of the gre r I વધુમાં
વધુ સંખ્યાનું વધુમાં વધુ સુખ!" હ પછી એક
'ઇન્સેન્ટિવ'ને હાથમાં લઈ રહ્યો છું. આ ઉપયોગિતાવાદ–
utilitarianism માંથી (પેલી 'ફાયદા'વાળ એના ઉપરથી

સાંભરી આવી. વિનોબાએ એનું નામ પાડ્યું છે : ફાયદાવાદ!) આને
બે માણસો પ્રસિદ્ધ છે. એક છે મિલ–Mill અને બીજો છે
મ–Bentham. એ બંને જબરા બુદ્ધિવાદીઓ અને વ્યક્તિસ્વાતંત્ર્ય-
ા હતા. એમણે એક સિદ્ધાંત ઘડી કાઢ્યો, "દરેક પોતાનો ફાયદો
ે, તેથી દુનિયામાં જો દરેક માણસ પોતાના ફાયદાનો વિચાર કરે
ને ફાયદો, બધાંનું ભલું, આપોઆપ થઈ જશે." આવો વિચાર
એ બધાંની સામે રજૂ કરી દીધો. અર્થાત્ જો નારાયણ પોતાનો
એ, દાદા પોતાનો ફાયદો જુએ અને પ્રબોધ પોતાનો ફાયદો
ત્રણેયનો ફાયદો થઈ જશે.

ને થયું કે આ તો તદ્દન ખરી વાત કહે છે. દરેક પોતપોતાનું
બધું સચવાઈ જાય; તમામનો લાભ સિદ્ધ થઈ જાય.

લોકોએ આ વાતને ગણિતની પરિભાષામાં મૂકી. પાછા બધા
ેટલે જીવન-વિમુખ તો હતા જ, જીવન સાથે એમને ઝાઝી
ા. તેથી એમણે આ વિચાર ગણિતની પરિભાષામાં ઉતારી
યું ? अ + ब + क = अ × ब × क આવું સમીકરણ થયું !
બોધના અને નારાયણના, ત્રણેયના અલગ અલગ ફાયદા-
ટલે જ ત્રણેયનું કલ્યાણ. બીજા શબ્દોમાં વ્યક્તિગત
એ જ સમાજનું હિત છે, આવો એક સિદ્ધાંત એમણે
કરી દીધો. શા માટે મૂક્યો ? તો કહ્યું કે ફાયદા વિના
મ કરશે જ નહીં. વળી એક આદમી બીજાના ફાયદા
કે ર. તેથી દરેકનો પોતપોતાનો ફાયદો એ જ કામ
કર ડી શકે.

ણુસ જઈ ચડ્યો હતો. અને શા કારણે જઈ
ચડ્યો કારણે. દરેક પરિસ્થિતિમાં જે મૂલ્ય પ્રચલિત થઇ
જાય છે, નુષ્યોના સંસ્કારો બંધાઈ જાય છે.

પં કોએ જોયું કે આપણી પાસે તો એટલું બધું
ધન એકઠું હવે એ ધનનું શું કરવું એ જ સવાલ થઈ
પડ્યો છે. હું એક વાત કહી દેવા માંગું છું કે સ્વર્ગનું,
મોક્ષનું કે વૈકું કોઇ આપે કે ન આપે તો પણ ધનવાનોની
પાસે ધનનો ઢ છી એમના મનમાં એ ધનને વહેંચવાની
આકાંક્ષા પોતાની થાય છે.

આપણે મનુષ્યની એક જ પ્રેરણા પર ધ્યાન આપ્યું છે અને એ છે કે એ પ્રેરણા કાંઈ એની મુખ્ય પ્રેરણા નથી.

મનુષ્યની પ્રધાન પ્રેરણા એ છે કે એ બીજાને પોતાના જી સામેલ કરવા ચાહે છે. આને જ આપણે એની સામાજિકતા કહી છે. એવું જ માની બેઠા છીએ કે મનુષ્ય પોતાના જીવનમાં બીજાને કરવા નથી માગતો, એકલો એકલો જ બધું ભોગવવા માંગે છે, સાચી હોત તોપણ મનુષ્યે એને કદી પોતાનો આદર્શ માન્યો મનુષ્ય જે આદર્શને માન્ય રાખે છે, એ આદર્શ બીજું કાંઈ એની પોતાની નૈસર્ગિક પ્રેરણાને અનુકૂળ તો અવશ્ય હોય જ તો આદર્શની પૂજા જ કદી ન થઈ શકત. આદર્શની પૂજા શાથી આખર હું આદર્શને માનું છું શા માટે ? એટલા માટે કે મ અંદર કોઈ ને કોઈ એકાદ નૈસર્ગિક આકાંક્ષા હોય છે ને તે ગ લઈને મારી સામે ખડી થઈ જાય છે. કૃષ્ણમૂર્તિ તો એમની એક પરિભાષા છે તેમાં કહેવાયે મંડયા છે કે આ બધા વગેરે જે કાંઈ છે તે આખું ને આખું એક Self-Projecti આરોપ કે સ્વનો પ્રક્ષેપ જ છે. હમણાં પંડિતજી (પં. સુખ તમે સાંભળ્યું કે માણસ મરે છે, અને મરવા માંગતા નથ કલ્પના કરી કાઢી. એવું સ્વર્ગ કલ્પી કાઢ્યું કે જ્યાં સદ રહેવાના, મરવાનો કદી મોકો જ નહીં આવે. કામ કરે નથી, માટે સ્વર્ગની કલ્પના એવી કરી નાંખી કે એ તો જ્યાં કામ કરવું જ નહી પડે, ખાવાનું એની મેળે મ કેટલીક આકાંક્ષાઓ ચિત્તમાં હોય છે, તેના મુજબ મનુષ્ય નિર્ધારિત કરી લે છે, ઘડી લે છે.

તાત્પર્ય એ છે કે મનુષ્યમાં એક બીજી પ્રેર કે એ બીજા જીવોને પોતાના જીવનમાં દાખલ કરી અને મારું નમ્ર નિવેદન છે કે સમાજમાં આ જ મુ અને બીજી બધી પ્રેરણાઓ ગૌણ છે.

આખો સમાજ મનુષ્યોની જે ગૌણ અથ પ્રેરણાઓ છે એમનું નિયમન કરવા તાકે છે અને સામા ના વિકાસ કરવા ચાહે છે. તો આ એક સામુદાયિક પ્રેરણા

—ધારો કે કાલે કોઈ એક શહેરમાં બન્યું અને

ાુનિસિપાલિટીમાં બધા ચોર જ ચોર સભ્યો તરીકે ચૂંટાઈ આવ્યા !

પછી શું થશે ? ધારો કે એક ચોર ઠરાવ લાવે છે કે ચોરી કરવી એ ણો બધાનો ધર્મ છે, તો તમે શું એમ માનો છો કે એ ઠરાવ ાણુ પસાર થશે ? હું તમને કહી દેવા માંગું છું કે એવો ઠરાવ કદી સાર નહીં થાય. એ બધા ચોર ભલે રહ્યા, પરંતુ એ ચોરો પણ તમામે પોતે જે વસ્તુ ચોરીને આણેલી હોય છે એ પોતા પાસે સચવાઈ રહે છે છે. ચોરેલા માલનું સંરક્ષણ ઇચ્છે છે. એનો ચોરીનો ધર્મ ૃલું શીખવે છે કે બીજાનું ધન અરક્ષિત રહે અને મારું પોતાનું ક્ષિત રહે. બધા લોકો પોતપોતાના ધનનું સંરક્ષણ ઇચ્છે છે, ી મ્યુનિસિપાલિટીમાં પણ ઠરાવ તો એ જ થઈ શકશે કે ચોરી ઇએ, ચોરી કરવી એ પાપ છે.

શાસ્ત્રમાં General Will–સર્વસાધારણ ઇચ્છા, એ શું છે, શું છે, અર્થાત્ આખી જનતાનો એકંદર મત શો છે, એ ચર્ચા થયેલી છે. હું એ વાત તમારી સમક્ષ તદ્દન સાધારણ રી રહ્યો છું. તે એ કે આપણે જે એમ માની બેઠા છીએ કે રણ પ્રેરણા અસત્ પ્રેરણા છે, તે આપણી એક ઘણી મોટી પણ મિથ્યા છે અને જો એને તમારે જ્ઞાન જ ગણવું ૂરું જ્ઞાન છે. સમાજમાં મનુષ્યની પ્રેરણા કદી આવા રણા નથી રહી. દુનિયામાં જેટલાં મોટાં કામ થયાં છે, મનુષ્યની સ્વાર્થી પ્રેરણાઓને નેવે મૂકીને થયાં છે. ખરું કોઈ પણ એક મનુષ્યના સ્વાર્થને માટે નથી નેક સંશોધકો થઈ ગયા, તે તમામે તમામ બિચારા ં જ મર્યા. કોઈ પણ સદ્ગ્રંથ સ્વાર્થી પ્રેરણાના બળથી, આજ સુધી કદી નથી લખાયો. વિનોબાને મોંએ હશે કે તુલસીદાસને **રામચરિતમાનસ** લખવા ્રાપ્રસાદ પારિતોષિક કે રણજિતરામ સુવર્ણચંદ્રક ઇએ શું કદી એમ કહ્યું હતું કે બાઈબલ લખી આપવામાં આવશે ? કોઈએ ઈસુને આવું કહ્યું ાનો આશય બરાબર સમજી લઈએ, કેમ કે છે.

ા
થ
ગર્ા
નફ્રા
તમે દ
માટે ઠ
આપ્યો
આપે તેને
હતું કે ? 
એ એક ઘણી

મનુષ્યને પ્રેરણા થતી રહી છે કે જ્યાં સુધી એ પોતાના

આનંદમાં અને પોતાનાં દુઃખમાં બીજાને સામેલ ન કરી લે ત્યાં સુધી એને સંતોષ નથી વળતો. આ social incentive–સામાજિક પ્રેરણા કહેવાય છે. આના પર જ માર્ક્સવાદ ખડો છે. આના પર જ સમાજવાદ ઊભો છે અને આના પર જ સામ્યવાદ પણ ભરોસો મૂકે છે.

તમને સામ્યવાદીઓનું નામ સાંભળીને કશું આશ્ચર્ય ન થવું જોઈએ. પૂછવામાં આવ્યું, "કામ કરવાની પ્રેરણા શેમાંથી મળશે? સમાજને ચલાવનારી પ્રેરણાઓ ક્યાંથી આવશે?" ત્યારે એ લોકોએ એનો જવાબ એવો આપ્યો કે, "મનુષ્યની મુખ્ય પ્રેરણા સામાજિક છે. પણ આજે જે જાતની અર્થરચના છે તે એની આ મુખ્ય પ્રેરણાને બાધક નીવડે છે, તેથી આપણે ફક્ત એ બધાનું નિરાકરણ કરવાનું છે." એ લોકોના કથનમાં મુખ્ય વાત એ છે કે 'સોશ્યલ ઇન્સેન્ટિવ' મનુષ્યમાં સ્વાભાવિક છે.

આ બાજુ, તમારાં જે કાંઈ સામાજિક મૂલ્ય ધરાવતાં 'આશ્રમ-વ્રતો' છે તેમનો બધાનો આધાર, એ શુભ સંકલ્પોનો તમામેતમામનો આધાર પણ મનુષ્યની આ સામાજિક પ્રેરણા એ જ છે. "સમાજમાં મારે જીવવું હોય તો બીજાને જિવાડવા પડશે અને બીજાને જિવાડવા હશે તો મારે મારા જીવનમાં બીજા બધા જીવોને સામેલ કરવા પડશે," આ જે મનુષ્યની સાંસ્કૃતિક પ્રેરણા છે, જે સામાજિક પ્રેરણા છે, તે જ એની મુખ્ય પ્રેરણા છે. આ પ્રેરણાની આડે આવતી એને બાધક થનારી અર્થવ્યવસ્થાનું જ ફક્ત આપણે નિરાકરણ કરવાનું છે. ક્રાંતિ કેવળ આટલું જ કરે છે. મનુષ્યની સ્વાભાવિક પ્રેરણાને અવસર પૂરો પાડવો એટલું જ એનું કાર્ય હોય છે.

હું આ જે કહું છું તેના સમર્થનમાં સામ્યવાદમાંથી એક ઉદાહરણ ટાંકીશ.

તમને ખબર હશે કે રશિયામાં જ્યારે પહેલવહેલી સામ્યવાદની સ્થાપના થઈ, ત્યારે ત્યાં 'મુક્ત પ્રેમ'ની–free love–વાત ચાલી હતી. 'મુક્ત પ્રેમ'નો એ મતલબ છે કે સ્ત્રી અને પુરુષ વચ્ચે કશું બંધન ન હોય, જાતિનું કે સદાચારનું કશું બંધન નહીં, ફક્ત પ્રેમથી જ એમનો સંબંધ બંધાય અને તે ઉન્મુક્ત સંબંધ હોય. આવી વાત થઈ ત્યારે દુનિયામાં જેટલા નીતિવાદી લોકો હતા તે બધા ગભરાઈ ગયા. એમના દિલને જબરી ચોટ લાગી. એમને થયું, "આ રશિયામાં શું થવા બેઠું

છે? સામ્યવાદ શું કદી જાતિ અને સદાચારનો વિચાર જ નહીં કરે? તો તો આ લોકો બિલકુલ ભોગવાદી લોકો જ છે! આવી કેવી વાત કરી પાડી, આમણે!"

ત્યારે કોમ્યુનિસ્ટ સમાજશાસ્ત્રીઓએ આનો જવાબ આપ્યો—હું જ્યારે કોમ્યુનિસ્ટ કહું છું ત્યારે તમે સમાજવાદી, માર્કિસ્ટ બધાને એમાં ભેગા જ માની લેજો—એમણે જવાબ આપ્યો કે અમે એવું તે શું કરી નાંખ્યું છે? પહેલાં સ્ત્રી-પુરુષનાં લગ્ન અવાંતર કારણોથી-ભળતાં કારણોસર-થતાં. અવાંતર કારણો કહેતાં પહેલું તો એ કે સ્ત્રીઓ સંરક્ષણ શોધતી હતી. માટે એ કહેતી કે "ચાલો, કોઈ શક્તિશાળી પુરુષ સાથે પરણી જઈએ!" પછી બીજા પ્રકારની સુરક્ષિતતાની અપેક્ષા જાગી એટલે વાત ત્યાં આવી કે "ધનવાન પુરુષ સાથે પરણો!" સ્ત્રી સમાજમાં પ્રતિષ્ઠા ઇચ્છતી હતી તેથી આવ્યું: "સુશિક્ષિત પુરુષ-ભણેલોગણેલો મૂરતિયો-શોધો!" અને આવાં લગ્નને માટે સ્ત્રીને જે કાંઈ કીમતો ચૂકવવી પડતી-કુલિનતાની કીમત, શિક્ષણની કીમત, ધનદોલતની કીમત, પુરુષાર્થની કીમત, વૈભવની કીમત-એ બધી કીમતો એ બાપડી ચૂકવતી હતી. આ બધાનું પરિણામ એ આવ્યું હતું કે સ્ત્રી અને પુરુષનો પરસ્પરનો સંબંધ સમાન દરજ્જે-સમાન ભૂમિકા પર-કદી બંધાતો જ નહોતો. વળી એ લોકોએ એવી દલીલ પણ કરી કે અમે કોમ્યુનિસ્ટ કે માર્કિસ્ટ લોકો કદી એવું માનતા જ નથી કે સ્ત્રી અને પુરુષ બંનેને કદી પણ અતિભોગનો શોખ હોય. એમણે એમ કહ્યું કે સ્ત્રી અને પુરુષના સંબંધમાં જે કૃત્રિમ મર્યાદાઓ પેસી ગઈ છે તેના નિરાકરણ પછી જ આપણે એ બેનો સંબંધ સ્વાભાવિક નીતિના પાયા પર, સદાચારના આધાર પર, કઈ રીતે ગોઠવી શકાય એનો વિચાર કરી શકીશું.

'સ્વાભાવિક નીતિ' એટલે શું, એની મર્યાદાઓ શી છે, એ બધી વાતોનો આપણા સિદ્ધાંતો સાથે શો સંબંધ છે, એ બધું તો કદીક તમારી સામે જ્યારે હું આ વિષયનું જ વિશેષ વિવેચન કરીશ ત્યારે રજૂ કરી દઈશ. પણ આજે તો મેં 'કોમ્યુનિસ્ટો'નું જ ફક્ત એક ઉદાહરણ એટલું દર્શાવવા ટાંક્યું છે કે એ લોકોને પણ જ્યારે જ્યારે 'ઇન્સેન્ટિવ' અને પ્રેરણાના પ્રશ્ન વિશે વિચારવું પડ્યું છે, ત્યારે ત્યારે તેઓ પણ એ જ સાર પર આવીને ઊભા છે કે મનુષ્ય સ્વભાવથી સત્-પ્રવૃત્ત છે, સારું કરવા તરફ વળેલો છે. દુષ્પ્રવૃત્તિ-ખોટું કરવાનું વલણ-એ તો વિકાર છે, ઉપર બાઝેલી લીલ છે; મનુષ્યનો મૂળ સ્વભાવ તો સત્પ્રવૃત્તિ જ છે.

આને હું આસ્તિકતા કહું છું. એમણે પણ કહ્યું કે અસત્ પ્રવૃત્તિ તો પરિસ્થિતિ-જન્ય છે, પરિસ્થિતિમાંથી પેદા થયેલી હોય છે. પરિસ્થિતિનું નિરાકરણ થયા પછી સત્પ્રવૃત્તિ તો એનો સ્વભાવ જ છે.

આપણને જે એક એવો ડર છે કે 'ઇન્સેન્ટિવ'–પ્રેરણા–જતી રહેશે તો શું થશે. તો એ બરાબર સમજી લેજો કે પ્રેરણા કદીય જાય તેમ છે જ નહીં. નફાની પ્રેરણા નાશ પામશે અને એની જગ્યાએ સ્નેહની પ્રેરણા આવી જશે. એટલે કે હોટેલવાળાનો 'ઇન્સેન્ટિવ' જતો રહેશે અને માતાનો 'ઇન્સેન્ટિવ' આવી જશે. બસ એટલો જ એમાં ફેર પડશે!

વાચકોના સ્વાધ્યાય-ટિપ્પણ માટે

વાચકોના સ્વાધ્યાય-ટિપ્પણ માટે

૫

# ક્રાંતિ-વિજ્ઞાન

★

૩૮ પાછલાં પ્રવચનોનું સિંહાવલોકન અને 'ક્રાંતિવિજ્ઞાન'ની ભૂમિકા : વિરોધ-નિરાકરણ એ લક્ષ્ય છે

૩૯ વિરોધ-નિરાકરણનો આધાર : અધ્યાત્મ

૪૦ આત્મા એટલે પ્રેમ તથા યુદ્ધ બંનેમાં પ્રત્યક્ષ થતી એકતા–એ જ બ્રહ્મ છે, એ જ ક્રાંતિનું અધિષ્ઠાન છે.

૪૧ આધ્યાત્મિક એકતામાંથી આર્થિક ક્ષેત્રે જાગતી સમ-વિતરણની આકાંક્ષા : તે માટે પરિસ્થિતિ-પરિવર્તન (ક્રાંતિ)

૪૨ ક્રાંતિ માટે માર્ક્સના ત્રણ સંકલ્પો : ક્રાંતિ વૈજ્ઞાનિક હોય, આંતરરાષ્ટ્રીય હોય અને વર્ગસંઘર્ષ–જનિત હોય

૪૩ આજની આંતરરાષ્ટ્રીય આકાંક્ષા અર્થાત્ વિશ્વશાંતિ સાથે સશસ્ત્ર ક્રાંતિ વિસંગત છે : જનક્રાંતિ જનતંત્રિક જ હોય

૪૪ આપણી વૈવિધ્યપ્રધાન રાષ્ટ્રીય પરિસ્થિતિમાં સશસ્ત્ર ક્રાંતિનો પ્રયત્ન અરાજકતામાં પરિણમે : અરાજકતા વૈજ્ઞાનિક ક્રાંતિ નથી

૪૫ માનવને માટે જે અભેદ તરફ લઈ જાય તે જ વૈજ્ઞાનિક ક્રાંતિ

૪૬ અભેદ અને સંઘર્ષનો સમન્વય : ગુણાત્મક પરિવર્તન માટે સહયોગાત્મક સંઘર્ષ : અર્થાત્ હૃદયપરિવર્તન માટે સત્યાગ્રહ

૪૭ મનુષ્યની બુદ્ધિ-ચેતનાને ગૌણ બનાવતી સશસ્ત્ર ક્રાંતિ અવૈજ્ઞાનિક છે : તેને પ્રધાન બનાવતી હૃદયપરિવર્તનલક્ષી સહયોગી સંઘર્ષની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે

૪૮ લેનિનનો અનુભવ : રાજ્યપલટા પછી પણ જનતાનો માનસ–પલટો બાકી રહે છે : તેનો ઉપાય સત્તા નહીં 'સબોટનિક' (શ્રમદાન)

૪૯ ગાંધી-વિનોબાનું કરુણામૂલક ક્રાંતિ–વિજ્ઞાન માનવીય છે ને તેથી વૈજ્ઞાનિક પણ છે

૫૦ ભેદ-નિરાકરણ સાથે માનવતાનું નિરાકરણ નથી કરવું : વર્ગમેળ પણ નથી કરવો

૫૧ માટે સર્વ વર્ગની વ્યક્તિઓના સહકારથી વર્ગ–નિરાકરણ

૫૨ અધ્યાત્મમૂલક માનવતાપ્રધાન વૈજ્ઞાનિક ક્રાંતિ

એ દિવસથી આપણે લોકોએ સહ-વિચારનો આરંભ કર્યો છે. પહેલે જ દિવસ મેં નિવેદન કરેલું કે સર્વોદયમાં વિવાદને સ્થાન નથી, ઉપદેશને પણ સ્થાન નથી. અહીં આ વ્યાસપીઠ પર હું બેઠો છું તો ખરો, પણ હું કાંઈ વ્યાસ બનીને નથી આવ્યો! હું તો વિચાર પામવા માટે અને આજ સુધી જે પામ્યો છું તે તમારી સહુની સેવામાં સમર્પિત કરવા માટે આવ્યો છું. મેં તમારી સહુની પાસે એવી આકાંક્ષા વ્યક્ત કરી હતી કે અહીંથી અધિક સમૃદ્ધ અને સંપન્ન થઈને જવા માંગુ છું. કાલે થોડે ઘણે અંશે મારી આ આકાંક્ષા પૂરી થઈ. કાલે કેટલાક મિત્રોએ પ્રશ્નો અને ભાષણોને રૂપે મને બુદ્ધિદાન આપ્યું.

તમારી સહુની સમક્ષ હું જે રજૂ કરી રહ્યો છું તે, કાલે મેં નિવેદન કર્યું હતું તે પ્રમાણે, 'પરોક્ષ' જ્ઞાન નથી. તેમ છતાં એ 'પરોક્ષ' એ અર્થમાં છે ખરું કે મેં પોતે મારા જીવનમાં એ બધાને પ્રત્યક્ષ નથી કરેલું. આ બીજાના અનુભવો હોઈ શકે પણ એમાં એટલું જરૂર છે કે જે અનુભવોનો મને બૌદ્ધિક પ્રત્યય (બુદ્ધિથી ખાતરી–Intellectual conviction) થયેલો છે. તેટલાની જ વાતો મેં તમારી સમક્ષ મૂકી છે.

આનો અર્થ એ નથી કે મારો બૌદ્ધિક પ્રત્યય મારે માટે પ્રમાણરૂપ છે, તેથી એને સહુએ પોતા માટે અંતિમ પ્રમાણ માનવો. આવું નથી: તેથી તો સહવિચારને માટે અવકાશ રહે છે.

### ૩૮. પાછલાં પ્રવચનોનું સિંહાવલોકન અને ક્રાંતિ-વિજ્ઞાનની ભૂમિકા : વિરોધ-નિરાકરણ એ લક્ષ્ય છે

પહેલે દિવસે મેં મનુષ્યની મૂળભૂત બે પ્રવૃત્તિઓથી આરંભ કરેલો. એક તો, મનુષ્ય એકલો રહેવા નથી માંગતો, એકલવાયાપણામાં એનો જીવ ગભરાય છે. અને બીજી પ્રવૃત્તિ : કાયમ એવી આશંકા થયા કરે છે કે રખે ને કોઈ બીજું અહીં હોય!

'એકલા રહેવું નથી,' એમાં સંગતિની આકાંક્ષા છે, આને મનુષ્યની સમાજશીલતા કહે છે. એમાં બીજાની અપેક્ષા છે.

'બીજાની બીક લાગે છે,' એમાં પરાયાપણાની, દ્વૈતની, ભાવના છે.

માટે મનુષ્યના સર્વ પ્રયત્નોનું લક્ષ્ય (સાધ્ય) એક જ હશે અને તે

હશે દ્વૈતનું નિરાકરણ, ભેદનું નિરાકરણ, વિરોધોનું નિરાકરણ, વિરોધોનું નિરાકરણ એ આપણું સાધ્ય છે, તેથી આપણે જે પ્રયત્ન કરીશું તે એ જ દિશામાં હોવો જોઈએ. એ દિશામાં મનુષ્યની નિરંતર પ્રગતિ એ જ એની સાંસ્કૃતિક પ્રગતિ કહેવાય છે. ભેદમાંથી અભેદ પ્રત્યે વ્યક્તિ તથા સમાજની જે પ્રગતિ થાય છે, એને જ આપણે સભ્યતાની કે સંસ્કૃતિની પ્રગતિ કહીએ છીએ.

પહેલે જ દિવસે આ વાત મેં તમારી સહુની સેવામાં રજૂ કરી અને પછી એમાંથી આપણી તમામ સાંસ્કૃતિક, આર્થિક અને બીજી પ્રવૃત્તિઓ કેવી રીતે વિકસી આવે છે, એનું બીજરૂપે વિવેચન કર્યું. કાલે એ જ વિષયને અનુલક્ષીને થોડું સામાજિક વિવેચન કર્યું અને તેમ કરતાં આપણે લોકો લગભગ ' વ્રત–વિચાર 'ના આરા સુધી જઈ પહોંચ્યા હતા.

દરમ્યાન કેટલાક પ્રશ્નો થયા. મેં પ્રશ્નોના જવાબમાં જે કાંઈ કહ્યું, એને પણ આપણા મુખ્ય વિવેચનની સાથે સાંધી લેવાની કોશિશ કરી અને કહ્યું કે તમે સહુ કૃપા કરી આ બધાને જુદા જુદા વિષયો ન માનશો.

જીવન જુદો વિષય, સમાજશાસ્ત્ર જુદો વિષય, ધર્મશાસ્ત્ર જુદો વિષય–એમ આ બધા વિષયો જો છૂટા છૂટા પડી જશે, તો એ બધા જ વિષયો નિર્જીવ થઈ જશે, જીવન અળગું પડી જશે.

## સામાન્ય માનવી

—એક ગ્રંથકારે મજાની કલ્પના કરી છે. એક પારષદ ભરાઈ. એમાં બધા વિશિષ્ટ માનવો આવ્યા. ગણિતશાસ્ત્રી આવ્યો, માનસ–શાસ્ત્રી આવ્યો, ધર્મશાસ્ત્રી આવ્યો, તત્ત્વજ્ઞાની આવ્યો, બધા આવ્યા; પોતપોતાના વિશિષ્ટ સ્વભાવને અનુરૂપ સમાજમાં રહેનારા અને સમાજને જ્ઞાન આપનારા સર્વ વિશિષ્ટ માનવો એકઠા થયા.

ત્યારે કોઈકે પૂછ્યું, " આપ સહુ વિશિષ્ટ માનવો તો અહીં એકત્ર થયા છો, પરંતુ પેલો ક્યાં છે....? સામાન્ય માનવી કેમ ક્યાંય દેખાતો નથી ? "

તો કહે છે, " કોણ ? સામાન્ય માનવી ? અરે, એ તો જીવવામાં જ એટલો બધો મશગુલ થઇ ગયેલો છે કે એને તો અહીં આવવાની ફુરસદ જ શેની હોય ? તેથી અમે એને આ પરિષદમાં આવવાનું નાહકનું નિમંત્રણ ચીતરવું ઉચિત નથી માન્યું ? એટલે એ ગેરહાજર છે. આ

તો નિષ્ણાતોની, તજ્જ્ઞોની, પરિષદ છે. તજ્જ્ઞો અને નિષ્ણાતો તો જીવન-વિમુખ થઈ ગયા છે, તેથી તેમને પૂરતી ફુરસદ છે અને ફક્ત તેમની જ અહીં એકત્ર થઈ ચર્ચા-વિચારણા કરવાની યોગ્યતા છે. માટે સામાન્ય માનવી, જે ફક્ત જીવવામાં જ રાચે છે, એનું સ્થાન અમારી આ પરિષદમાં નથી."

પણ મેં બધા વિષયોનો વિચાર આ સામાન્ય માનવીની ભૂમિકાથી કર્યો છે. કાલે કે પરમ દિવસે મેં તમને કહ્યું હતું ને ?—

—કોઈએ મને પૂછ્યું કે શા માટે જીવો છો ? તો મેં જવાબ વાળ્યો કે પેદા થઈ ગયો છું માટે જીવું છું એથી વધારે કારણની માંગણી મહેરબાની કરીને ન કરશો. જીવવા માટે આટલું જ કારણ પૂરતું છે. હા, મને શા માટે મારી ન નાંખવો એવું પૂછવાના હો તો તે માટેનાં આપની પાસે જે કાંઈ કારણ હોય તે આપ મને જરા વેળાસર જણાવી દેજો ! જીવવું એ મારો જન્મસિદ્ધ અધિકાર છે એને માટે પેદા થયો છું એટલું જ કારણ પૂરતું છે.

તો, હું જીવી શકું, સુખથી જીવી શકું, સમૃદ્ધ થઈને જીવી શકું, એને માટે જે કાંઈ કરવું પડશે તે હું અવશ્ય કરીશ. મારી આ આકાંક્ષાને પૂરી પાડવા માટે આપની પાસે જે કંઈ હશે તેને માટે મારા જીવનમાં સ્થાન છે. મારી આ આકાંક્ષાના ઉત્તરમાં જે કાંઈ નહીં હોય તે મારે માટે નકામું હશે, પછી ભલે તે તમારું તત્ત્વજ્ઞાન હોય, ધર્મશાસ્ત્ર હોય કે પછી બીજું કોઈ પણ તોતિંગ શાસ્ત્ર હોય ! મારે એ બધાનો શો ખપ ?

અહીં સુધીનો વિચાર મેં તમારી સામે મૂક્યો હતો અને આ તથા જેને 'ઉપયોગિતાવાદ' કહે છે, તે બેની વચ્ચે શો ફેર છે તે પણ મેં સહેજ સૂચવી દીધું હતું.

## ૩૯. વિરોધનિરાકરણનો આધાર : અધ્યાત્મ

ત્યારે હવે એક સવાલ ઊભો થાય છે. આપણે ભેદમાંથી અભેદ પ્રત્યે જવા માગીએ છીએ. પ્રાચીન પરિભાષામાં કહીએ તો દ્વૈતમાંથી અદ્વૈત તરફ જવા ઇચ્છીએ છીએ. અર્વાચીન પરિભાષામાં કહીએ તો જેને Conflict of Interests (હિત-વિરોધ) કહે છે તે તમામ સામાજિક અને આર્થિક વિરોધોનું નિરાકરણ કરવા ઇચ્છીએ છીએ, તેમને કાઢવા માંગીએ છીએ. શું આને માટે ક્યાંય આધાર છે ખરો ? આ આપણો મૂળ

પ્રશ્ન છે અને મેં તો તમારી સમક્ષ નિવેદન કર્યું હતું કે માનવ-જીવનનો મૂળભૂત પ્રશ્ન અને મૂળભૂત સમસ્યા આર્થિક પણ નથી કે રાજનૈતિક પણ નથી–તમે જેને રાજનૈતિક કે આર્થિક કહો છો તે અર્થમાં. એ સમસ્યાને આધ્યાત્મિક સમસ્યા કહે છે. મેં એને પારમાર્થિક કહી હતી.

કાલે એક પ્રશ્ન પણ આપણી સામે આવ્યો હતો કે આખરે આપણે જે કાંઇ કરવા માંગીએ છીએ એનો અધ્યાત્મની સાથે કશો અનુબંધ છે? આધ્યાત્મિકતા આપણા સદાચારમાં કેવી રીતે આવે છે? આપણી અર્થ-રચનામાં, આપણી રાજ્યવ્યવસ્થામાં શું અધ્યાત્મનું કંઈ સ્થાન છે?

કેટલાક લોકોએ આનો જવાબ આપ્યો છે, "અધ્યાત્મ અધિષ્ઠાન છે; પાયો છે."

મેં મારે વિશે એક વાત પહેલાં જ કહી દીધી કે અધ્યાત્મનો જેને અનુભવ કહે છે અને વિશેષ જ્ઞાન કહે છે, તે મને બિલકુલ નથી. એક વાર તો એક મિત્રે મજાક પણ કરેલી!....અને કાલે અહીં પણ એક મિત્ર મને કહેતા હતા. એમને મારા લેખ વાંચીને લાગતું કે આ કોઈ ભારે તર્કદુષ્ટ માણસ છે. એને કદાચ હૃદય તો હશે જ નહીં! એ માત્ર તર્કથી જ વિચારે છે અને તર્કથી જ ચાલે છે!...ત્યારે, મારા પેલા મિત્રે મજાક કરતાં કહેલું: "એમ બને કે કદાચ ભૂલ–ભૂલમાં તું સદાચારી બની ગયો અને ભૂલભૂલમાં જ ભગવાન તારી સામે આવીને ઊભા થઈ ગયા તો તેવે વખતે પણ તું તો એમને સૌથી પહેલો સવાલ એ જ પૂછવાનો કે તમારા credentials (પ્રમાણપત્રો) ક્યાં છે? તમે ભગવાન છો એવું પ્રમાણપત્ર બતાવો તો જ તમને ભગવાન માનું!" આવું એમણે મને સંભળાવેલું. હું અધ્યાત્મથી કેટલો બધો વિમુખ માણસ છું એનો એકરાર કરવા માટે મેં આ થોડીક વ્યક્તિગત ઓળખાણ આપી દીધી.

હું જેટલું અધ્યાત્મ તમારી સૌની સમક્ષ રજૂ કરીશ તેના સુધી હું કેવી રીતે પહોંચ્યો, અથવા એમ કહો કે ત્યાં સુધી હું કઈ રીતે ભૂલો પડયો, તે હું જણાવી દઉં.

### ૪૦. આત્મા એટલે પ્રેમ તથા બુદ્ધ બંનેમાં પ્રત્યક્ષ થતી એકતા એ જ બ્રહ્મ છે, એ જ ક્રાંતિનું અધિષ્ઠાન છે

#### સંવાદ એ બુદ્ધિનો ધર્મ છે

મેં જોયું, અને તે મેં કાલે પણ કહ્યું હતું, કે મનુષ્યને પ્રેમમાં

આનંદ આવે છે, દ્વેષમાં આનંદ નથી આવતો; સંવાદમાં આનંદ આવે છે, વિવાદમાં આનંદ નથી આવતો. મારી-તમારી વચ્ચે મતભેદ પડે તો મને ચેન નથી પડતું, અકળામણ થાય છે. મારો–તમારો એકમત થઈ જાય તો હું રાજીરાજી થઈ જાઉં છું. સહમતીમાં આનંદ વસે છે અને મીમાંસકોએ જેને વિપ્રતિપત્તિ કહી છે, (વિપ્રતિપત્તિ એટલે મતોનો વિરોધ–મતભેદ) એ ઉત્પન્ન થાય છે ત્યાં મનુષ્ય બેચેન બની જાય છે. એની બુદ્ધિ પણ તેવે વખતે અસ્પષ્ટ રહે છે અને જ્યાં લગી સંવાદની સ્થાપના નથી થઈ જતી, ત્યાં લગી બુદ્ધિને સમાધાન નથી થતું, જીવને શાંતિ નથી વળતી. એટલે, મનુષ્યની બુદ્ધિનું લક્ષણ તો છે સંવાદ. વિવાદ એ મનુષ્યની બુદ્ધિનું લક્ષણ નથી. સંવાદની સ્થાપના કરવી એ જ બુદ્ધિનો ધર્મ છે.

તો શું આ વસ્તુનું ક્યાંય કાંઈ કારણ જડે ખરું? હવે આ તો પ્રત્યક્ષ અનુભવની વાત છે. એમાં તો તર્ક-વિતર્ક કરવા ન–કરવાનો કશો અવકાશ નથી રહ્યો. એક કૂતરો તરસનો માર્યો તરફડતો હોય છે તો એને જોઈને મારી આંખમાં કદી કદી આંસુ આવી જાય છે, સાવ સ્વાભાવિક રીતે આવી જાય છે. સિવાય કે કોઈ ખાસ સંયોગોવશાત્ હું છેક જ નિર્ઘૃણ–callous–એટલે કે લાગણીવિહોણો થઈ ગયો હોઉં અને ઝેર અપાયેલાં કૂતરાંઓને તરફડી તરફડીને મરતાં જોવાની મને ટેવ જ પડી ગઈ હોય ને તેમ ન થતું હોય તો તે તો જાણે અપવાદરૂપ ગણાય. બાકી આમ તો જો હું કૂતરાંને તરફડતાં જોઉં તો મારી આંખમાં પરાણે આંસુ આવી જ જાય છે.

આવું કેમ થાય છે? ક્યાંથી આવે છે આંસુ? આ સંવેદના, આ લાગણી, ક્યાંથી આવી?

### 'હું બ્રહ્મ છું' એ અધ્યાત્મ : 'બધું બ્રહ્મ છે' એ નીતિ

આનો વિચાર કરતાં હું એવા નિર્ણય પર પહોંચ્યો કે મને બીજાની સાથે જોડનારું કોઈ સામાન્ય તત્ત્વ, કડીરૂપ તત્ત્વ, જીવનમાં હોવું જોઈએ. એ આપણું આધારભૂત તત્ત્વ, પાયાનું તત્ત્વ હોવું જોઈએ. તેના વિના હું બીજાનાં દુઃખે દુઃખી ન થાત કે બીજાને સુખે સુખી ન થાત.

હું મહાવાક્યનો અર્થ નથી જાણતો, પણ મહાવાક્યમાં જ્યારે કહે છે "**तत्त्वमसि** એ બ્રહ્મ તું છે," ત્યારે એનો આ હમણાં કહ્યો તેટલો જ અર્થ હું તો સમજ્યો છું. શાસ્ત્રકારોએ તો પોતપોતાની રીતે અર્થ

સમજાવ્યો છે કે "તારું તું-પણું મિથ્યા છે, એનું તે-પણું મિથ્યા છે, અને બંનેની એકતા એ જ સત્ય છે," ઇત્યાદિ.

એક મહાવાક્ય તો એમણે એ કહ્યું છે: "હું બ્રહ્મ છું–**अहं ब्रह्मास्मि**". બીજું મહાવાક્ય એમણે એ કહ્યું કે "બધું જ બ્રહ્મ છે–**सर्वं खल्विदं ब्रह्म**".

'બધું બ્રહ્મ છે' અને 'હું બ્રહ્મ છું.'

"હું બ્રહ્મ છું" એને કહે છે અધ્યાત્મ.

"બધું બ્રહ્મ છે," ત્યાંથી નૈતિકતાનો આરંભ થાય છે. આને લોકો સામાજિકતા કહે છે, ચારિત્ર્ય કહે છે.

એક વાત તો માનશોને કે ચારિત્ર્યનો આરંભ એકલાપણામાં કદી નથી થતો? એકલા માણસને, ચારિત્ર્યની, characterની, જરૂર જ નથી. જે જંગલમાં બેઠો છે, એને ચારિત્ર્યની શી જરૂર? બીજાની સાથે પ્રસંગ પડે છે ત્યાંથી જ ચારિત્ર્યનો આરંભ થાય છે. જ્યારે બીજા સાથે સંબંધ આવે ત્યારે નીતિનો આરંભ થાય છે.

તો આ નીતિનું અધિષ્ઠાન (આધાર કે પાયો) કયું હોય?

### ઈસુનો પાડોશી-પ્રેમ ને તિલકનું તાદાત્મ્ય

'ગીતારહસ્ય'-કાર લોકમાન્ય તિલકે અધ્યાત્મ પર એક પ્રકરણ લખ્યું. આમ તો 'ગીતારહસ્ય' સાથે મારે ઠીક ઠીક મતભેદ હમેશાં રહ્યો, પણ અધ્યાત્મના પ્રકરણમાં એક ભારે સમજવા જેવી વાત એમણે લખી છે. ઈસુએ પાડોશીને પ્રેમ કરવા કહ્યું છે. તો લોકમાન્ય સવાલ કરે છે કે હું મારા પાડોશીને પ્રેમ શા માટે કરું? આનો જવાબ ઈસુ પાસે નથી, નીતિશાસ્ત્રની પાસે નથી.

અધ્યાત્મશાસ્ત્ર આનો જવાબ આપે છે, "તું અને તારો પાડોશી એક જ છો માટે તું તારા પાડોશી ને પ્રેમ કર!"

"એ કેવી રીતે જાણ્યું?"

"બીજાના દુઃખથી તું દુઃખી થાય છે; બીજાના સુખથી તું સુખી થાય છે."

### 'પત્નીનો ભાઈ!': ઝઘડામાં પણ ઐક્યની આવશ્યકતા

તમારા પૈકી કેટલાકને કદાચ યાદ હોય તો બીજી એક વાત મેં એ પણ કહી હતી કે આ પરમેશ્વરે આ સૃષ્ટિ એટલી તો ભદ્ર, મંગલકારી અને સુંદર સરજી છે કે અહીં પરિચય વિના તો ઝઘડો

પણ નથી થતો? અહીં જંગ જામવા માટે પણ નિકટતાની જરૂર પડે છે, પરિચયની જરૂર પડે છે અને જે મુદ્દા પર ઝઘડો થાય છે તે મુદ્દા અંગે ઝઘડનાર બંને પક્ષોની વચ્ચે અમુક સમાનતાની જરૂર પડે છે. એ હોય ત્યારે જ ઝઘડો થઈ શકે છે. એકેય મુદ્દા પર સમાનતા હોય નહીં, તો તો ઝઘડો જામી જ શકતો નથી. જેને તમે ગાળ માનતા હો તેને હું પણ ગાળ માનું, તો જ મારા-તમારા વચ્ચે ઝઘડો થશે. તમે જેને ગાળ માનતા હો, તેને જો હું ગુણગાન માનતો હોઉં, તો આપણી વચ્ચે ઝઘડો થઈ જ નહીં શકે.

—આવું થયું હતું, એક વાર! એક અંગ્રેજ આ દેશમાં ત્રીસ વર્ષ સુધી રહ્યો. એણે 'ભારતવર્ષ' પર એક ગ્રંથ લખી કાઢયો. એણે એ ગ્રંથમાં પોતાનો એક અનુભવ લખ્યો છે. એ એક વાર ગામડે ગયો. એ લખે છે કે "ગામડાનાં લોકોએ મારો પુષ્કળ આદર સત્કાર કર્યો. અરે, એટલા બધા પ્રેમથી મારી સાથે વર્તતા કે મને પોતાની 'પત્નીનો ભાઈ' કહીને જ બોલાવતા."

હવે એને માટે 'સાળો'એ ગાળ જ નહોતી, ઊલટો માનવાચક શબ્દ હતો! કોઈ એને પોતાની પત્નીના ભાઈ જેટલો નિકટ સંબંધી માને એથી વધુ ગૌરવ લેવા જેવી બીજી વાત શી હોઈ શકે એને માટે! આવું હોય ત્યાં ઝઘડો થઈ જ શેનો શકે?

ઝઘડામાં પણ એક સમાન તત્ત્વની આવશ્યકતા હોય છે. 'આ માણસ મને મારવા આવ્યો છે', 'આ માણસ આ વખતે ક્રોધમાં છે,'— આવી ખબર મને શેનાથી પડે છે? 'ક્રોધ કરતી વખતે મારી જેવી મુખાકૃતિ' થાય છે, તેવી મુખાકૃતિ આની હમણાં છે, આ સમાન તત્ત્વ ઉપરથી મને ખબર પડે છે કે આ માણસ હમણાં ક્રોધમાં છે.

**આત્મા પ્રયોગશાળામાં સાબિત થઈ શકતો નથી તેથી નાસ્તિકતા**

આ જે એકતા છે, તે એકતાના અધિષ્ઠાનનું-પાયાનું કોઈએ **આત્મા** એવું નામ પાડયું છું, કોઈએ એને **બ્રહ્મ** એવી સંજ્ઞા આપી છે. હું તમને એટલું જ કહેવા માંગું છું કે એ કોઈ રાસાયણિક દ્રવ્ય નથી. કોઈ એવો અણુવાદી નીકળી આવે ને આપણને એવાં ઊઠાં ભણાવવા માંડે કે આના પણ અમુક અમુક પરમાણુઓ હોય છે અને એના પણ ફલાણા ઢીંકણા રંગો હોય છે, જેને નજરે જોઈ પણ શકાય તેમ છે, તો એવું કાંઈ માનવાની મારી તૈયારી નથી. અને કોઈ પણ વૈજ્ઞાનિક કદી આ સિદ્ધ કરી

શકે તેમ છે એ વાત પર મારી બુદ્ધિને ઈતબાર બેસે તેમ નથી. કેટલીક વાતો તર્ક કે બુદ્ધિની સાબિતીથી પર હોય છે. જ્યાં અનુભવનો વિષય આવી જાય છે, ત્યાં અનુમાન કુંઠિત થઇ જાય છે.

તો આ કોઇ રાસાયણિક દ્રવ્ય નથી, 'લેબોરેટરી મેઈડ'–પ્રયોગ-શાળામાં બનાવેલું દ્રવ્ય નથી. 'લેબોરેટરી–મેઇડ' હું જાણી જોઇને કહું છું, કેમ કે એક વિજ્ઞાન એવું પણ હોય છે જે 'મેન્યુફેક્ચર' કરવામાં આવેલું હોય છે; માલ જેમ કારખાનામાં બનાવવામાં આવેલો હોય છે તેમ પ્રયોગશાળામાં બનાવવામાં આવેલું વિજ્ઞાન પણ હોય છે. એ વિજ્ઞાનથી આ વાત સિદ્ધ નહીં થઈ શકે, એટલું હું તમને કહી દેવા માંગું છું.

## નાસ્તિક–આસ્તિક ભેદનું નિરાકરણ

તમારા દુઃખે હું દુઃખી થાઉં છું. તમારા સુખે સુખી થાઉં છું, તે શાથી એનો કશો જ જવાબ વિજ્ઞાનની પાસે નથી. કાલે મેં કહ્યું હતું ને? 'Why–શા માટે ?' એનો જવાબ વિજ્ઞાન પાસે નથી. તો આ સવાલનો જવાબ એટલો જ હોઈ શકે કે મારી–તમારી વચ્ચે ક્યાંક કોઇક મૂળભૂત એકતા છે, જે મને તમારે દુઃખે દુઃખી કરે છે અને તમારે સુખે સુખી કરે છે. આને જોઈએ તો મનુષ્યની પ્રકૃતિ, મનુષ્યનો સ્વભાવ કહો. તમે જો એને મનુષ્યનો સ્વભાવ જ કહેશો તો હું એ માની લઈને ચાલવા તૈયાર છું. તમે જો એમ પણ કહો કે મનુષ્યની આ પ્રકૃતિ પણ વિકસિત થયેલી છે, તો તે પણ માનવા હું તૈયાર છું. જડમાંથી ચેતન પેદા થયું કે ચેતનમાંથી જડ જન્મ્યું એનો ઝઘડો હું તમારી સાથે નહીં કરું. તમે એટલું સ્વીકારી લો કે જેમ જડ એ એક 'ફેક્ટ' (હકીકત) છે, તેમ ચેતન પણ આજની સૃષ્ટિમાં એક 'ફેક્ટ' (હકીકત) છે. તેમ જ મનુષ્યને એકતામાં આનંદ આવે છે અને વિરોધથી દુઃખ થાય છે, એને પણ એક વસ્તુસ્થિતિ તરીકે આપણે કબૂલ કરવી પડશે. હા, માનવીને વિવિધતામાં આનંદ આવે છે. ભેદ અને વિવિધતા એ બે બિલકુલ જ જુદી જુદી વસ્તુઓ છે, જેને આપણે વિરોધ કહીએ છીએ, વિષમતા કહીએ છીએ, તેથી મનુષ્યને હમેશાં દુઃખ જ ઊપજે છે.

## શેતાનનો શિષ્ય

બર્નાર્ડ શોએ એક નાટક લખ્યું છેઃ 'ડેવિલ્સ ડિસાઈપલ' અર્થાત્ 'શેતાનનો શિષ્ય !'

'શેતાનનો શિષ્ય' જિંદગીભર લોકોનું ભલું કરતો રહ્યો. કોઇ ને

પણ દુઃખી જુએ તો એને ચેન ન પડે. આગની બૂમ પડી કે એ દોડયો જ સમજો. ગમે તેને માથે ગમે તેવું વીતક પડયું અને છતાં એ વહારે ન ધાયો હોય એવું કદી બન્યું જ નહોતું.

અને એને તે વખતના જે કાંઈ પ્રચલિત નીતિ-નિયમો હતા તેની વિરુદ્ધ જઈને પણ કામ કરવાં પડયાં.

એને ફાંસીની સજા થઈ. ફાંસીએ લટકવા જાય છે તે વખતે પાદરી આવ્યો અને એને કહેવા લાગ્યો, " તારાં પાપોનો એકરાર કરી નાંખવાનો વખત આવી ગયો છે. તારાં પાપ કબૂલી લે અને ભગવાન પાસે ક્ષમા યાચી લે ! "

ત્યારે એ કહે છે, " હું તો કોઇ ભગવાનને ઓળખતો જ નથી. ત્યાં કયા ભગવાન પાસે ક્ષમા માંગું ? અને ક્ષમા માંગું પણ કંઈ બાબતની ? "

"ખરું ભાઇ ખરું, તેં આખી જિંદગી સારાં કામ જ કર્યાં છે, સત્કર્મ કર્યાં છે તો હવે મોતને ઉંબરે તો ભગવાનને માની લે ! "

" સત્કર્મ કયાં ને દુષ્કર્મ કયાં તે હું શું જાણું ? સત્કર્મ કેવાં હોય કેવાં નહીં, એ કેમ થાય કેમ નહીં. મને તો કશી ગતાગમ નથી, હું જ્યાં દુઃખ દેખતો ત્યાં દોડી જતો, કેમકે મારાથી દુઃખ જોયું જતું નહોતું. કોઇનું દુઃખ વેઠાતું નહોતું. "

બસ આટલે જ લેખકે નાટકનો પડદો પાડી દીધો છે. એ 'શેતાનનો શિષ્ય' ભગવાનનો ભક્ત હતો ને પેલો જે પાદરી હતો તે જ સાચો શેતાનનો શિષ્ય હતો.

### માનવીય ક્રાંતિને આંગણે આસ્તિક-નાસ્તિકની એકતા

માટે આપણે નામની વાત જવા દઈએ. ક્રાંતિકારી જો આસ્તિક ન હોય તો એ ક્રાંતિકારી થઇ જ ન શકે; એ લોકો ફાવે તો નામ લે ને ફાવે તો ન લે. પેલું વિનોબાનું ઉદાહરણ છે ને ? જાનકી રામનું નામ મોંએ નથી બોલતી, પણ કામ રામનું જ કરે છે. કૌશલ્યાને રામ પર જેટલો પ્રેમ હતો તેટલો જ જાનકીને પણ હતો. પણ રામ-રામ કરતાં કૌશલ્યાના હોઠ સૂકાતા અને જાનકીથી તો પતિનું નામ બોલાય કયાંથી ?

એટલે ભગવાનનું નામ કોઈ ન લે તેટલાથી એ નાસ્તિક કે નિરીશ્વરવાદી નથી થઇ જતું. નિરીશ્વરવાદ અને નાસ્તિકતા એ બે પણ નોખી નોખી વસ્તુઓ છે. માણસ આત્મામાં અને બ્રહ્મમાં ન માનતું હોય તોયે જો એ પારકાં દુઃખે દુઃખી થતું હોય ને પારકાને સુખે સુખી થતું

હોય, અસમાનતા એનાથી સહન જ ન થતી હોય, તો એ નક્કી આસ્તિક જ છે; કેમકે એને વિષમતાનું નિરાકરણ કરવું છે અને સમાતાની સ્થાપના કરવી છે.

કાલે મેં તમને કહ્યું હતું કે વિષમતાના નિરાકરણને માટે અને સમાનતાની સ્થાપનાને માટે કેવળ ઐતિહાસિક નિયતિ, કેવળ સૃષ્ટિ-નિયમ, કુદરતની રીત, પૂરતી નથી. એમાં માનવીના પુરુષાર્થની પણ જરૂર પડે છે. ને એને જ Role of the Revolutionary Party–ક્રાંતિકારી દળનો પુરુષાર્થ કહે છે. ક્રાંતિકારી દળ અર્થાત્ ક્રાંતિસેનાની આ ભૂમિકા છે. જો પરિવર્તન કે ક્રાંતિ કેવળ ઐતિહાસિક ઘટનાચક્રથી 'પ્રકૃતિ'ના નિયમો મુજબ જ આપોઆપ થઈ જતાં હોય તો તો પુરુષાર્થ કરનાર પુરુષાર્થનું કશું સ્થાન રહેતું જ નથી. એ પ્રકૃતિના નિયમનો એટલે કે નિયતિનો એક હાથો, એક ઓજાર જ બની જાય છે. અને તો એને તમે કોઈ વાતે જવાબદાર ગણી શકો નહીં.

પુનર્જન્મ વિશે આપણને અનુભવ-જ્ઞાન નથી, તેથી મેં એને ઉપપત્તિ (આનુમાનિક સિદ્ધાંત) કહ્યો પણ એ ઉપપત્તિમાંથી એક જે મોટી વાત હું શીખ્યો છું તે તારવી લઈને તમારી સમક્ષ મૂકી દીધી કે મનુષ્ય પોતાના દૈવનો નિર્માતા છે અને પોતાની નિયતિનો નિયંતા છે. દેવ અને પશુની જેમ મનુષ્યોની કેવળ ભોગયોનિ નથી.

ત્યારે સવાલ એ પેદા થાય છે કે જો મનુષ્યયોનિ ભોગયોનિ નથી, તો શું મનુષ્ય પ્રકૃતિના નિયમોને અનુરૂપ નથી ચાલતો ? એ શું પ્રકૃતિના નિયમોને વશ વર્તતો નથી ? આને વિશે આપણો જવાબ એ છે કે જે કેવળ પ્રકૃતિને અનુસરે છે, તેને આપણે મનુષ્ય કરી માન્યો જ નથી. મનુષ્ય પ્રાકૃત પ્રાણી નથી, મનુષ્ય સંસ્કૃત જીવ છે. મનુષ્ય-સ્વભાવ સંસ્કારજન્ય છે. પશુસ્વભાવ કેવળ પ્રાકૃત હોય છે. સ્વભાવ કહેતાં ભૂતમાત્રનો સ્વભાવ; પ્રાણીસ્વભાવ કહેતાં પ્રાણીમાત્રનો સ્વભાવ; મનુષ્યસ્વભાવ કહેતાં મનુષ્યનો વિશિષ્ટ સ્વભાવ.

### અશના-પિપાસા—માનવતાનો આરંભ

આને અંગે હું ઉપનિષદની એક આખ્યાયિકા ટાંકું છું.

—ભગવાને સૃષ્ટિનું નિર્માણ કર્યું ત્યારે અનેક પ્રકારના જીવો સર્જ્યા તેની સાથે સાથે અનેક પ્રકારની આકાંક્ષાઓ પણ સરજી. એમણે

બે બહુ પ્રબળ વાસનાઓ પેદા કરી. એકનું નામ **અશના** અને બીજીનું નામ **પિપાસા** !

આ બંને બિલકુલ મૂળભૂત–Elemental–વાસનાઓ છે. **અશના** એટલે 'ખાવાની ઇચ્છા' એવો અર્થ હું કરું છું. કેમ ? કારણ કે પાછળ આવે છે : **પિપાસા. પિપાસા** એટલે 'પીવાની ઇચ્છા'; એટલે એના અનુસંધાનમાં મેં **અશના**નો અર્થ કર્યો છે : 'ખાવાની ઇચ્છા', 'ભૂખ' નહીં. 'ખાવાની ઇચ્છા' અને 'પીવાની ઇચ્છા' એ બેની જોડી છે, યુગલ છે. હવે તમે એ તો કબૂલ કરશો ને કે 'ખાવાની ઇચ્છા' એ જુદી વસ્તુ છે અને 'ભૂખ' એ જુદી વસ્તુ છે ? 'પીવાની ઇચ્છા' એ જુદી વસ્તુ છે અને 'તરસ' એ જુદી વસ્તુ છે ? આટલો અનુભવ તો દરેકને હોય જ છે. એ બે વચ્ચેનો ફેર જાણવા જેટલો અનુભવ કંઈ મને એકલાને જ છે એવું તો નથી !

તો આ બે 'ખાવાની ઇચ્છા' (**અશના**) અને 'પીવાની ઇચ્છા' (**પિપાસા**) પેદા થયા પછી વિધાતાને કહેવા લાગી "અમને રહેવા માટે ક્યાંય ઠેકાણું શોધી આપો."

વિધાતાએ ગાય આણીને સામે ખડી કરી દીધી અને **અશના–પિપાસા**ને કહ્યું, "જુઓ ! આ મારું સૌથી શાણું ને શરાફ જાનવર છે. આટલું ગરીબ, આટલું નમ્ર, આટલું વિનયી, આટલું નિરુપદ્રવી જાનવર મેં બીજું એકેય ઘડયું નથી. તેથી જ જ્યારે જ્યારે પૃથ્વીને ભગવાનને બારણે ધા નાંખવા જવું પડે છે ત્યારે એ ગાયનું રૂપ લઈને જાય છે. આવી સઝાની મારી આ ગાય છે. એ ગાય હું તમને વસવા માટે આપું છું."

હવે આ તો રહી **અશના–પિપાસા** ! લાડકી દીકરીઓ ! એ કંઈ એમ સહેલાઈથી થોડી જ માની જાય ? આવી ધરમની ગાયનેય આમતેમ ફેરવી ફેરવીને જોઈ વળી અને છણકો કરીને બોલી, "આ અમારે કંઈ જ કામની નથી ! એ બહુ સારી છે એ તમારી વાત સત્તર આના ને બે પૈ, પણ એ અમારે માટે સાવ નકામી !"

"કેમ ? શું વાંધો પડયો ?"

"અરે, એને તો એક જ તરફ દાંત છે. બે બાજુ પૂરા દાંતેય નથી. એ શું ખાવાની–ધૂળ ! અને પાછું એને તો એવી કટેવ છે કે ખાધેલું કાઢી કાઢીને પાછું એનું એ ખાય છે ! ખાધેલું વાગોળ્યા કરે છે. એ તે ખાઈ ખાઈને કેટલું ખાય ?....ઉંહું, અમને આ ખપ નહીં લાગે !"

બસ એમણે તો ગાયને reject કરી દીધી, નામંજૂર કરી દીધી.

ભગવાને બાપડાએ ઘોડો લાવીને સામે ધર્યો. બધા જાનવરોમાં સૌથી સુંદર. શી એની રેશમી કેશવાળી! શી એની ટટાર ઊભા રહેવાની છટા! શું એની અકડ ને શું એની શાન! જાનવર સો ટકા જાતવાન! **अशना** ને **पिपासा** તો જોઈને છક થઈ ગઈ, વાહ વાહ શું જાનવર છે? ફિદા ફિદા!"

અને નવાઈ પણ શી છે? બે જ નર કહેવાય છે ને? એક અર્જુન અને બીજો ઘોડો. દુનિયામાં એ જ બે એકલા એવા છે જેમને સ્તન નથી હોતા. એટલે **નર** તો એ બે જ મનાયા છે.

**अशना** ને **पिपासा** ઘોડાને જોઈને ફિદા ફિદા તો થઈ ગઈ પણ તોયે તપાસ્યા વિના રહે તો **अशना-पिपासा** શેની? જોતી જાય છે ને કહેતી જાય છે, "આ કંઈક ઠીક છે. ઉપર-નીચે બેઉ બાજુ દાંત છે ખરા, અને વાગોળવાની કટેવ પણ નથી...પણ એક એબ છે...."

"શી એબ જડી વળી એમાંયે?"

"...ભૂખ લાગે તો જ ખાય અને તરસ લાગે તો જ પીએ!.... ઉંહું, અમારે એ શા ખપનો? આ ભૂખ તરસની ગુલામી અમને ના પરવડે!"

એમ કરતાં છેવટે વિધાતાએ મનુષ્ય ચીંધ્યો.

"બસ **सुकृतं वाव**....આ બિલકુલ અમારે જોઈતો હતો તેવો જ છે."

"કેમ? એનામાં એવું તે શું દીઠું?"

"અરે, એ વગર ભૂખે ખાઈ શકે તેમ છે અને વગર તરસે પી શકે તેમ છે! બીજા એકે પ્રાણીમાં જે સુટેવ નથી તે એનામાં છે!"

**अशना-पिपासा**એ મનુષ્યની આ જે ખાસિયતો ખોળી કાઢી તે ખાસિયતો માટે હું અભિમાન લઉં છું, મને એની જરાકે શરમ નથી આવતી. મેં આવું કહ્યું ત્યારે કેટલાકને ખાસ કરીને મુંબઈના મરાઠી સાહિત્યકારોને ખૂબ આશ્ચર્ય ઊપજેલું. એમને થયું હશે, "આ સર્વોદયવાળો ને ગાંધી-વાળો છે કે કંઈક ભળતું જ છે?" હું ભૂખ વગર ખાઈ શકું છું અને તરસ વગર પી શકું ત્યાંથી મારી માનવતાનો આરંભ થાય છે.

—મને જરાકે ભૂખ નથી. હું તમારે ઘેર આવી ચડયો. તમે કહેશો, "આપ કાંઈ લેશો? બોલો શું પીશો....ચા? દૂધ? ઉકાળો?....શું અમે ભંગી છીએ તેથી ના પાડો છો?"

" ના, ના, એવું તો નથી. અમે આભડછેટમાં નથી માનતા."

" તો પછી, બીજું કાંઈ નહીં તો અમારે ઘેર શરબત તો પીવું જ પડશે."

" પણ મને તરસ નથી."

" આપ પણ કમાલ છો ને! શરબત પીવાને માટે તરસની વળી શી જરૂર?....ખેર, તો ચા પીઓ!"

× × ×

—આજે સવર્ણો ને હરિજનોનો ચા-પાણીનો મેળાવડો છે, સહપાન-સમારંભ છે. બધા ભેગા બેસીને ચા-પાણી કરશે!

મને ભૂખ નથી, તરસ નથી તોયે અસ્પૃશ્યતા-નિવારણ કરવું છે માટે વગર તરસે પી લઉં છું અને વગર ભૂખે ખાઈ લઉં છું!

આમાંથી જ સહભોજનનો આરંભ થાય છે. મનુષ્યનું ભોજન સ્વાયત્ત છે, પોતાની ઇચ્છા પર આધાર રાખનારું છે. સહ-પાન, સહ-ભોજન વગેરે મનુષ્યમાં સામાજિક મૂલ્ય બની ગયાં છે.

### ક્રાંતિનો ત્રિવિધ કીમિયો

હવે એક વાત તો તમારા ધ્યાનમાં બેસી ગઈ ને? હું એક જ વાત ફેરવી ફેરવીને સતત તમારી સામે રજૂ કર્યા કરું છું અને તે એ કે મનુષ્યના જેટલા સામાજિક સંસ્કારો છે, સાંસ્કૃતિક પરંપરાઓ છે, એનાં જે કાંઈ ધાર્મિક વ્રતો છે, એ બધાં સામાજિક મૂલ્યોમાં પરિપકવ કેવી રીતે થઈ શકે, આ એક-ની એક વાત હું કર્યે જાઉં છું.

ક્રાંતિને માટે ત્રણ વસ્તુઓને સામાજિક મૂલ્યોમાં પરિણત કરવી પડે છે.

એક, વ્યક્તિગત ગુણ અને વ્યક્તિગત શક્તિ;
બીજી નૈસર્ગિક વિવશતા;
ને ત્રીજી સામાજિક આફત અને સામાજિક વિવશતા.

આ ત્રણેયને જયારે આપણે ક્રાંતિ માટેના અવસરમાં પલટી નાખીએ છીએ, ત્યારે મનુષ્ય પુરુષાર્થ કરી શકે છે.

સહ-ભોજનનો આરંભ કયાંથી થયો? હું ભૂખ વિના ખાઈ શકું છું ને તરસ વિના પી શકું છું. અહીંથી મારા સહભોજન અને સહ-પાનનો આરંભ થયો....અને અહીંથી જ મારા સંયમનો પણ આરંભ થાય છે.

—સૌરાષ્ટ્ર જઈ ચડયો. ભાણાં મંડાયાં છે. વજુભાઈ જમાડવા બેઠા છે.

હું કહું છું, "તમે પણ કેમ સાથે જ નથી બેસી જતા ?"

તો કહે છે, "જી, આપને જમાડીને તરત જ બેસી જઇશ."

"કેમ ? તમને હમણાં ભૂખ નથી ?"

"ભૂખ ! !....અરે ભૂખ તો આપ કરતાંયે ઝાઝેરી લાગી છે ! એમ બને કે આપને મારા જેટલી કકડીને ભૂખ હમણાં નયે લાગી હોય !"

"એમ ? તો તો તમને ભૂખ લાગી છે, છતાં જમવા નથી બેસતા ! મેં વૈદકમાં વાંચ્યું છે કે જ્યારે ભૂખ લાગે ત્યારે હજાર કામ પડતાં મૂકીને ખાઈ લેવું અને ભૂખ ન લાગી હોય તો અમૃતને પણ ન અડવું ? તમે તો શાસ્ત્ર વિરુદ્ધ આચરણ કરી રહ્યા છો !"

ત્યારે તેઓ મને કહે છે, "ભૂખ તો કકડીને લાગી છે, પણ અત્યારે મારો ધર્મ મને કહે છે કે પહેલાં આપને ધરવી લઉં પછી જ હું ભાણે બેસી શકું."

સહભોજનમાંથી જ સંયમનો જન્મ થાય છે. એને આપણે આતિથ્ય કહીએ છીએ.

"બીજાને ખવડાવીશ પછી ખાઇશ; બીજાને પિવડાવીશ, પછી પીશ."

હવે એક જ ડગલું આગળ માંડવાનું છે, "બીજાને સુખી કરીશ, પછી જ સુખે જીવીશ; બીજાને જિવાડીશ, તો જ જીવીશ."

અહીંથી મનુષ્યની સભ્યતાનો આરંભ થાય છે.

આનો આધાર કયો ? આધ્યાત્મિકતા. નીતિ કયાંથી નિષ્પન્ન થાય છે ? નીતિનું અધિષ્ઠાન કયું ? આધ્યાત્મિકતા.

આત્મા અને બ્રહ્મનું સ્વરૂપ શું ? આત્મા અને બ્રહ્મનો શો ગુણ છે, હું નથી જાણતો. હું ફક્ત એટલું જ જાણું છું કે આપણને બીજાની સાથે જોડનારી એ કડી છે. આત્મા એ એક એવી એકતાનું નામ છે, જે બીજી વ્યક્તિઓની સાથે મારો સંબંધ સ્થાપિત કરી આપે છે.

## ૪૧. આધ્યાત્મિક એકતામાંથી આર્થિક ક્ષેત્રે જાગતી સમ-વિતરણની આકાંક્ષા : તે માટે પરિસ્થિતિ-પરિવર્તન (ક્રાંતિ)

તો હવે આપણે કયાં સુધી આવ્યા ? આપણે એ મુકામ સુધી આવી પહોંચ્યા કે મનુષ્યમાં જે મૂળભૂત એકતા છે એ એકતાને આધારે આપણે સમાનતા સ્થાપિત કરવા માંગીએ છીએ.

સહજીવનને માટે સમજીવનની આવશ્યકતા છે. સહજીવનને માટે સહ-ભોજન હોવું જોઈએ. અને સહ-ભોજનને માટે સમ-ભોજન અનિવાર્ય છે. સમ-ભોજન એટલે "An equal standard of living" આપણે લોકો કહીએ છીએ ને કે સૌનું જીવન-ધોરણ લગભગ સરખું-સરખું હોવું જોઈએ! જીવન ધોરણમાં બહુ ફેર કે અસમાનતા ન હોવી જોઈએ. આને આપણે આર્થિક વિરોધનું નિરાકરણ કહીએ છીએ. સહ-જીવનમાંથી સહ-ભોજનની પ્રેરણા અને સહ-ભોજનની પ્રેરણામાંથી હવે આપણે આ બીજી પ્રેરણા પર આવી પહોંચ્યા; અને તે છે, સમ-ભોજનની પ્રેરણા. વળી આ જે સહ-ભોજન અને સમ-ભોજનની પ્રેરણા છે તેમાંથી જ આગળ સહ-ઉત્પાદનની પ્રેરણા પેદા થાય છે.

તો આપણે આધ્યાત્મિક ઐક્યના પ્રત્યક્ષ અનુભવાતા અધિષ્ઠાનમાંથી આર્થિક ક્ષેત્રમાં કેવી રીતે આવી ગયા? સહ-જીવનની આકાંક્ષામાંથી સમ-ભોજન અને તેને માટે સહ-ઉત્પાદનની પ્રેરણાઓ પ્રકટે છે અને એમાંથી જ સમ્યક્ વિતરણની (સમાન વહેંચણીની) પ્રેરણા પેદા થાય છે. આમ એક મૂળ સ્રોતમાંથી આપણા જીવનને દોરવનારી એક પછી એક પ્રેરણાઓ વિકસે છે.

ત્યારે હવે સવાલ એ પેદા થાય છે કે એ પ્રેરણાઓને અનુરૂપ પરિસ્થિતિ આપણે પેદા કરવી હોય તો તે માટે શું કરવું? પહેલાં હું પરિસ્થિતિ-પરિવર્તન(=ક્રાંતિ)ના ઉપાયની વાત લઈશ અને પછી સહ-ઉત્પાદન અને સમ્યક્ વિતરણનું સ્વરૂપ, એનાં લક્ષણો, એની પદ્ધતિ, એનાં સાધન વગેરેનું વિવેચન પ્રસ્તુત કરીશ.

પહેલાં તો હું મુખ્ય સાધનનો વિચાર કરી લઉં છું. આપણે આજની પરિસ્થિતિનું અર્થાત્ 'ભેદ'નું નિરાકરણ કરવું છે. 'ભેદ'નો અર્થ મેં સ્પષ્ટ કરી જ દીધો છે. 'ભેદ' કહેતાં અર્થ—વૈવિધ્ય નહીં પણ વિરોધ. હું જ્યારે 'ભેદ' કહું ત્યારે આ રીતનો અર્થ ઘટાવજો: કેમ કેમ એ શબ્દ કંઈક ઢીલો તો પડી જ ગયો છે, અચૂક શબ્દ નથી રહ્યો. તેમ છતાં દુનિયામાં એ શબ્દ રૂઢ છે, તેથી મેં એને જેમનો તેમ જ લઈ લીધો છે. તો તમે એનો અર્થ વિષમતા કે વિરોધ એવો કરજો.

આપણે ભેદનું નિરાકરણ કરવું છે અને અભેદની સ્થાપના કરવી છે. આ જે આપણી પ્રતિજ્ઞા છે તે જ દુનિયાના સર્વ ક્રાંતિકારીઓની પ્રતિજ્ઞા છે.

તમે એ નોંધ્યું હશે કે મેં ભિન્ન ભિન્ન વિચારો વચ્ચેની સમાનતા અર્થાત્ સંવાદ વધુ શોધ્યો છે, વિવાદ ઓછો શોધ્યો છે. એનું કારણ એ છે કે આપણો ઉદ્દેશ વિવાદનું નિરાકરણ કરવાનો છે. તેથી આપણે સંવાદ અપનાવવો છે. બીજાની સાથે આપણી જેટલી સહમતી છે, એનો આપણે સંગ્રહ કરવો છે અને જે કાંઈ ભેદ છે એનું નિરાકરણ કરવું છે. તેથી મેં બીજા વિચારો સાથેના ભેદો શોધવાની કોશિશ નથી કરી. ભેદ તો આપોઆપ પ્રકટ થવાના છે, એટલે મેં તો સમાનતા અને અભેદ ક્યાં ક્યાં છે એટલું જ શોધ્યું છે.

અધ્યાત્મની સાથે ક્યાં સમાનતા છે, ક્યાં મેળ છે, તે મેં તમારી સમક્ષ હમણાં રજૂ કરી દીધું. હવે એ જોઈએ કે બીજા ક્રાંતિકારીઓની શી પ્રતિજ્ઞા છે?

## ૪૨. ક્રાંતિ અંગે માર્ક્સના ત્રણ સંકલ્પો :

## ક્રાંતિ વૈજ્ઞાનિક હોય, આંતરરાષ્ટ્રીય હોય અને વર્ગસંઘર્ષ-જનિત હોય

દુનિયામાં બીજા ક્રાંતિકારીઓએ આપણી સાથે સાથે જ એવી પ્રતિજ્ઞા કરી છે કે અમારે ભેદનું નિરાકરણ કરવું છે અને અભેદની સ્થાપના કરવી છે. તમામ ક્રાંતિકારીઓની આ પ્રતિજ્ઞા છે.

તેથી માર્ક્સે ત્રણ સંકલ્પ કર્યા હતા. પહેલો સંકલ્પ એ કર્યો કે મારી ક્રાંતિ વૈજ્ઞાનિક હશે.

'વૈજ્ઞાનિક' કહેવાનો આશય શો? આજે વિજ્ઞાનના નિયમો જ સાર્વભૌમ રહ્યા છે. કાલે મેં તમારી સમક્ષ એ વાત મૂકી હતી કે સંસ્કૃતિ અને ધર્મ તો સંપ્રદાયોમાં ફેરવાઇ ગયાં છે ને તેથી એ સાર્વભૌમ નથી રહ્યાં. વિજ્ઞાનની શોધખોળો આજે પણ સાર્વભૌમ છે. વિજ્ઞાન સાર્વભૌમ છે, જ્યારે સંસ્કૃતિ અને સંપ્રદાય તો સાર્વભૌમ રહ્યાં નથી; તેથી માર્ક્સે કહ્યું કે જે ક્રાંતિ થશે તે વૈજ્ઞાનિક હશે. અર્થાત્ સમાજ-વિકાસના નિયમોને અનુરૂપ હશે. આપણે જેને 'સાયન્ટિફિક સોશ્યલિઝમ-વૈજ્ઞાનિક સમાજવાદ' કહીએ છીએ, તે એ હશે. પેલું 'યુટોપિયન' જુદું અને આ 'વૈજ્ઞાનિક' જુદું. પેલાને કેવળ સ્વપ્નવાદી, તરંગી કે આદર્શવાદી કહે છે. હવે તો જો કે એ બંનેની વચ્ચેય કશું ખાસ અંતર રહ્યું નથી. જ્યારથી કોમ્યુનિસ્ટો અને સમાજવાદીઓ વચ્ચે ભારે ઝઘડો પડ્યો છે, ત્યારથી સમાજવાદીઓમાં 'યુટોપિયન' અને 'સાયન્ટિફિક' એનો ઝાઝો ફરક રહ્યો નથી. હવે

તો એ ઝઘડા ' રોમન કેથોલિક ' અને ' પ્રોટેસ્ટંટ ' વચ્ચેના કે શૈવો ને વૈષ્ણવો વચ્ચેના ઝઘડા જેવા જરીપુરાણા ઝઘડા થઈ ગયા છે.

તો આ ધ્યેયવાદી, કેવળ આદર્શવાદી, અને પેલા વિજ્ઞાનવાદી. આ વિવાદના અનુસંધાનમાં માર્કસે કહ્યું કે ક્રાંતિ વૈજ્ઞાનિક હોવી જોઇએ.

માર્ક્સે બીજું એ કહ્યું કે ક્રાંતિ આંતરરાષ્ટ્રીય હોવી જોઇએ.

અને ત્રીજું એ કહ્યું કે ક્રાંતિમાં વર્ગ–સંઘર્ષ હોવો જોઇએ. " Class-war will be the mid-wife of Revolution, " અર્થાત વર્ગ–સંઘર્ષ, વર્ગ–વિગ્રહ એ ક્રાંતિની દાયણ હશે.

આવી ત્રણ વાતો માર્ક્સે આપણી સામે મૂકી. એક સંદર્ભમાં આ ત્રણ વાત કહી હતી તેમ બીજા સંદર્ભોમાં પણ બીજી ત્રણ-ત્રણ વાતો કઈ કઈ કહી હતી તે હું ધીમે ધીમે તમારી સમક્ષ રજૂ કરતો જઈશ. અગાઉ એક પહેલા સંદર્ભમાં મેં માર્કસની બીજી ત્રણ વાતો કહેલી. માર્ક્સે આપણને શું શું શીખવ્યું ? 'મટિરિયલિસ્ટિક ઇન્ટરપ્રિટેશન ઑફ હિસ્ટરી–ઐતિહાસિક ભૌતિકવાદ, બીજો ઐતિહાસિક નિયતિવાદ અને ત્રીજું ઑર્ગેનાઇઝેશન ઑફ વન કલાસ ' ( એક વર્ગનું સંગઠન ) આવી ત્રણ વાતો શીખવી. આ એની એક માળા. વળી બીજી એક માળામાં એણે ' થિયરી ઑફ સરપ્લસ વેલ્યુ '–અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત પણ શીખવ્યો. આમ હું જુદા જુદા સંદર્ભોમાં આ બધાનો વિચાર તમારી સાથે બેસીને કરીશ ને તે એ દૃષ્ટિએ કે આપણે એમાંથી કંઈ શીખી શકીએ તેમ છીએ કે નહીં. એ સિદ્ધાંતો આપણને ક્યાં લગી લાવ્યા, તે પણ જોઇશું; કેમકે, કાલે મેં તમને કહ્યું હતું કે માર્કસ નાસ્તિક નહોતો. હા, એ નિરીશ્વરવાદી ને અવૈદિક હતો; બાઇબલ અને કુરાનની એ વિરુદ્ધ હતો. પણ એણે જે વાત કહી તે કોઈ ધર્મસંસ્થાપકે, કોઇ ઋષિમુનિએ કે દશ અવતારો પૈકી કોઇપણ અવતારે, પહેલાં કહી નહોતી. તેથી તો એ કચડાયેલી, પિસાયેલી અને પાછળ પડી ગયેલી માનવતાનો પહેલો 'મસીહા', પહેલો પેગંબર બન્યો. એના પહેલાં બીજો કોઈ એવો પાક્યો નથી. અને એ માર્ક્સ આપણો એક પૂર્વસૂરિ છે.

વાદમાં એક પૂર્વપક્ષ કહેવાય છે અને બીજો ઉત્તરપક્ષ કે પ્રતિપક્ષ કહેવાય છે. અલબત્ત, આપણી નજરે તો પ્રતિપક્ષી કોઈ છે જ નહીં, કેમકે આપણો કશો વાદ જ નથી. પણ જે પહેલાં વિચાર કરી શકેલા હોય છે તે પૂર્વપક્ષી કે પૂર્વ-સૂરિ કહેવાય છે પૂર્વસૂરિ એટલે આપણી પહેલાં દુનિયામાં

થઈ ગયેલા વિચારક. તો પૂર્વસૂરિઓએ આપણને કયાં સુધી લાવીને મૂકયા છે, કેટલે પહોંચાડયા છે, એટલો જ વિચાર હું હમણાં તમારી સમક્ષ મૂકું છું.

### આંતરરાષ્ટ્રીય ક્રાંતિ

આ પરિભાષામાં કહીએ તો આપણા પૂર્વસૂરિ માર્કસે બીજી વાત એ કરી કે ક્રાંતિ આંતરરાષ્ટ્રીય થાય. દુનિયામાં સૌથી પહેલી આંતરરાષ્ટ્રીય ક્રાંતિ લેનિનની ક્રાંતિ હતી. લેનિનથી પહેલાં દુનિયામાં આંતરરાષ્ટ્રીય ક્રાંતિ થઈ જ નથી. ફ્રાંસની રાજ્ય-ક્રાંતિના પ્રત્યાઘાતો આંતરરાષ્ટ્રીય પડયા એ ખરું; લ્યૂથરના ધર્મસુધારનાં પરિણામો આંતરરાષ્ટ્રીય આવ્યાં એ ખરું; 'રિનેસૉં' અર્થાત્ યુરોપમાં આવેલા સાંસ્કૃતિક પુનરુજ્જીવનના આંદોલનનાં પરિણામો આંતરરાષ્ટ્રીય આવ્યાં, એ પણ સાચું; પરંતુ આ બધી ક્રાંતિઓ સ્થાનિક હતી, રાષ્ટ્રીય હતી. હમણાંની આધુનિક દુનિયામાં કેવળ એક જ ક્રાંતિ આંતરરાષ્ટ્રીય થઈ છે અને તે રશિયાની ક્રાંતિ. આમ કહેવાનું કારણ એ છે કે રશિયાની ક્રાંતિની એરણ જ આંતરરાષ્ટ્રીય હતી. એમણે કહ્યું હતું, "દુનિયાના શ્રમિકો, એક થઈ જાવ!"

અને હવે આજે તો આંતરરાષ્ટ્રીય ક્રાંતિ વિના બીજો છૂટકો જ નથી. આજે 'આંતરરાષ્ટ્રીય' ક્રાંતિ અનિવાર્ય છે. ક્રાંતિ હવે આંતરરાષ્ટ્રીય જ થઈ શકે. રશિયામાં સ્ટાલિનના આવ્યા પછી 'આંતરરાષ્ટ્રીયતા' બદલાઈ ગઈ. તેને ઠેકાણે 'સોશ્યલિઝમ ઈન વન કન્ટ્રી'–એકદેશીય સમાજવાદ આવી ગયો; 'મલ્ટિ-નેશનલ થિયરી' બહુ-રાષ્ટ્રનો સિદ્ધાંત આવી ગયો. સ્ટાલિન જુદી જાતના વિચારો ધરાવતો હતો. એનો એક પ્રકારનો 'સામ્યવાદી રાષ્ટ્રધર્મ' હતો, એનોય એક રાષ્ટ્રવાદ હતો. પણ હમણાં હું તમારી આગળ સ્ટાલિનના પહેલાં લેનિને જે ક્રાંતિ કરી તેનું સ્વરૂપ રજૂ કરું છું. એની ભૂમિકા આંતરરાષ્ટ્રીય હતી.

### આંતરરાષ્ટ્રીય ક્રાંતિ અનુસરણીય હોય

આજે પણ ક્રાંતિની ભૂમિકા તો આંતરરાષ્ટ્રીય જ હોવી જોઈએ. હવે જો ક્રાંતિ આંતરરાષ્ટ્રીય ન થાય, તો એવી ક્રાંતિનું કશું મૂલ્ય નથી.

આંતરરાષ્ટ્રીય ક્રાંતિનો અર્થ શો છે? એની પ્રક્રિયા કેવી હોય?–પ્રક્રિયા એવી હોવી જોઈએ કે જેનું અનુકરણ તો ન થઈ શકે પણ જેનો સ્વીકાર થઈ શકે તેમ હોય.

'**અનુકૃતિ**' અને '**સ્વીકૃતિ**'માં ફેર છે. માર્કસ અને એંગલ્સ પૈકી એંગલ્સે જ ઘણે ભાગે, એ જમાનામાં આ વાત લખી કાઢી હતી. ફ્રાંસમાં કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટોની–સામ્યવાદી ઢંઢેરાની–જે આવૃત્તિ બહાર પડી તેની 'ભૂમિકા' લખતાં એણે કહી દીધેલું કે જે કાર્યક્રમથી કોઈ એક સ્થળે ક્રાંતિ થઈ એ જ કાર્યક્રમથી બીજે સ્થળે પણ ક્રાંતિ થાય, એવું જરાયે નથી, એમ થવું જરાયે જરૂરી નથી. ક્રાંતિની પ્રક્રિયાનું **અનુકરણ** નથી થઈ શકતું, ક્રાંતિની પ્રક્રિયાનું **અનુસરણ** થઈ શકે છે. અર્થાત્ આપણે એના સિદ્ધાંતોને આપણી પોતાની આગવી અને વિશિષ્ટ પરિસ્થિતિને અનુરૂપ રીતે અપનાવી શકીએ છીએ, સ્વીકારી શકીએ છીએ.

### ૪૩. આજની આંતરરાષ્ટ્રીય આકાંક્ષા અર્થાત્ વિશ્વશાંતિ સાથે સશસ્ત્ર ક્રાંતિ વિસંગત છે : જનક્રાંતિ જાનતંત્રિક જ હોય

હમણાં તાજેતરમાં જ રામમનોહર લોહિયાએ એક ચોપડી લખી છે. 'વ્હીલ ઑફ હિસ્ટરી–ઇતિહાસ–ચક્ર' એ માણસ ઘણો વિચાર કરી શકે છે અને જ્યારે લખે છે ત્યારે ઘણી વિચારણીય વાતો લખે છે....યાને જ્યાં 'પોલિટિક્સ'–રાજકારણ ન હોય, જ્યાં એને ઝઘડો કે મતભેદ ન હોય ત્યાં! એ જ્યારે 'કુરુક્ષેત્ર'ની બહાર હોય ત્યારે સારા વિચારો લખે છે. ઐતિહાસિક વિકાસક્રમથી માંડીને સત્યાગ્રહ સુધીની પ્રક્રિયાઓનો વિકાસ કેવી રીતે થતો ગયો, એ વિશે આજ સુધી આ દેશમાં શંકરરાવ, જાવડેકર વગેરે વિચાર કરતા હતા, પણ હવે એમની હારોહાર, ક્રાંતિની પ્રક્રિયાઓમાં અને પદ્ધતિઓમાં કેવી રીતનો વિકાસ થવો જોઇએ, એ વિશે પૂરતી ગંભીરતા અને ઊંડાણ સાથે ડૉ. રામમનોહર લોહિયાએ ચિંતન કર્યું છે, તેમાંથી પણ એ જ ફલિત થાય છે કે આજે જો આંતરરાષ્ટ્રીય ક્રાંતિ થાય, તો તે ક્રાંતિ સશસ્ત્ર ક્રાંતિ ન થઈ શકે. આ હવે હું જે ઐતિહાસિક પરિસ્થિતિ છે તે જ રજૂ કરું છું. કારણ એ છે કે તમે યુદ્ધને જ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાંથી રુખસદ આપી છે.

કોઈ પણ સરકારને પૂછો, "ફોજ શા માટે રાખો છો ?"

"ક્યાંક અમારા પર પરચક્ર (પરાધીનતા) આવી ન પડે તે માટે અમારે ફોજ રાખવી પડે છે."

પણ આજે તો ઊલટું થઈ ગયું છે. ફોજનો ઉપયોગ પર–ચક્રમાં નથી થતો, પણ સ્વ–ચક્રમાં થાય છે. એટલે કે દેશની અંદર જ ફોજનો ઉપયોગ ખૂબ થાય છે. સિવિલ ઍડમિનિસ્ટ્રેશન, મુલકી વહીવટ, લગભગ ખતમ થઈ

ગયો છે. વિદ્યાર્થીઓ ઊધમ મચાવે છે! કર ગોળીબાર! વાત એટલે સુધી પહોંચવાની જણાય છે કે કાલે જો ઓવારે પાણિયારીઓ એકમેકના ચોટલા તાણીને ઝઘડે તો ત્યાં પણ ગોળીબાર થાય! મુલકી વહીવટ નબળો પડવાનાં આ લક્ષણો છે.

તમે એમ ન માનતા કે હું ટીકા કરવા ખાતર આમ કહું છું. એવી મને ટેવ નથી. હું દેશની પરિસ્થિતિને મારી પરિસ્થિતિ માનીને ચાલું છું, પ્રશ્નને મારો બનાવીને ચાલું છું. કાલે જવાહરલાલજીને ઠેકાણે જો કૃપલાણીજી આવી જાય કે કૃપલાણીજીને ખસેડીને ગોપાલન આવી જાય, તો તેથી આ પરિસ્થિતિમાં કાંઈ ઝાઝો ફેર પડવાનો નથી. આ હું જે કહું છું તે અમુક એક સરકારની વાત નથી કરતો. જમાનાની રુખ કેવી બદલાઈ ગઈ છે તે બતાવું છું.

સેના કેમ રાખો છો? તો કહે છે કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં વાપરવા માટે. આ આપણી મૂળ વાત! હવે આજે શી હાલત છે? તો કે' આંતરરાષ્ટ્રીય મામલામાં ફોજનો અને હથિયારોનો ઉપયોગ ન કરવો! રશિયાવાળાની 'શાંતિ પરિષદો' ભરાય છે. અમેરિકાવાળાની 'સાંસ્કૃતિક પરિષદો' ભરાય છે અને આપણે ત્યાં જવાહરલાલજી તો વિશ્વશાંતિની ધૂણી ધખાવીને જ બેઠા છે. આ બધાંનું પરિણામ એ આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાંથી નૈતિક રીતે તો યુદ્ધને નિષિદ્ધ જ ઠરાવી દેવામાં આવ્યું છે.

આમ જ્યાં અગાઉ યુદ્ધની સૌથી વધુ પ્રતિષ્ઠા હતી, ત્યાંથી તો યુદ્ધને અમાન્ય કરવામાં આવ્યું. છતાં જેની પાસે છેલ્લામાં છેલ્લી ઢબનાં અસ્ત્રશસ્ત્ર હોય છે, તેની જ સરકાર આજે બને છે. આવું કેમ થયું?–આજની હાલતમાં જે અનિવાર્યતા છે, તેના તરફ હું તમારું ધ્યાન ખેંચી રહ્યો છું–આવું કેમ થયું?

આપણે થોડીવાર પૂરતો રશિયાનો જ વિચાર કરી લઈએ. અને તેય નિષ્પક્ષભાવે.

અત્યાર સુધી તમને કહેતો આવ્યો છું ને કે હું 'ગાંધી' એવો એકવચની શબ્દ કેમ વાપરું છું? કારણ કે તેમ કરીને હું 'બાપુ'ને અને તેની સાથેના મારા અંગત સંબંધોને ભૂલી જાઉં છું. બહુવચનમાં 'બાપુ' શબ્દ વાપરું છું ત્યારે તો 'બાપ' જ યાદ આવે છે અને મારા દિલમાં સૂક્ષ્મ રૂપે પક્ષપાત પ્રવેશી જાય છે. એ જ રીતે રશિયા માટે જેમના દિલમાં જરાકે પક્ષપાત

હોય, તેમને એ પક્ષપાતથી પર થઈને નિષ્પક્ષભાવે વિચાર કરવાનું હું નિમંત્રણ આપું છું.

રશિયામાં શું થયું? બેરિયા અને માલેન્કોવ એ બેય સ્ટાલિનના સાથીદારો હતા. ફોજ બેરિયાની સાથે નહોતી, પણ માલેન્કોવની સાથે હતી અને પોલીસ બેરિયાની પીઠ પાછળ હતી. એટલે પહેલાં તો બેય એક થઈ ગયા. અર્થાત્ પોલીસ અને ફોજ એ બેય જેમની સાથે હતા તે બે જણા એક થઈ ગયા. પણ એ બે વચ્ચે જ્યારે મતભેદ પડયો ત્યારે સત્તા કોની થઈ? જેની પાસે ફોજ હતી તેની. આજે પણ ત્યાં ફોજનો સેનાપતિ સૌથી વધુ અસરકારક પ્રધાન છે.*

એવું જ પાકિસ્તાનમાં છે. એ તો ગવર્નર જનરલ પણ થઈ પડયો. છે. અને અમેરિકામાં તો પ્રમુખપદે જ સેનાપતિ છે. ઈરાનમાં શાહ કોના ટેકાથી પાછો આવ્યો? ફોજના ટેકાથી નાસર અને નજીબ એ બે પૈકી ફોજ જેના તરફ ઢળે છે એની સત્તા મિસરમાં જામે છે. આજે દુનિયાનું વલણ જ કંઈક એવું જ થઈ ગયું છે કે જેના હાથમાં છેલ્લામાં છેલ્લી જાતનાં હથિયાર તેની સત્તા જામે છે–'જિસકી લાઠી ઉસકી ભૈંસ.' અને એવાનો સામનો કરવા માટે કોઈ સશસ્ત્ર સાધન પ્રજાના હાથમાં આજે નથી રહ્યાં.

પ્રતીકારનાં–સામનાનાં–સશસ્ત્ર સાધનો પ્રજા પાસે નથી રહ્યાં તેથી જનતાની સશસ્ત્ર ક્રાંતિ થઈ ન શકે. હા, શસ્ત્રોથી જેને આપણે Revolution for the People—'જનતા માટે ક્રાંતિ' કહીએ છીએ તે થઈ શકે. દાખલા તરીકે હું ને નારાયણ ક્રાંતિનો ઇજારો લઈ પાડીએ તો તો ક્રાંતિના ઈજારદાર બની શકીએ, અને પછી તમારે માટે ક્રાંતિ થઈ શકે. પણ એ તમારા 'દ્વારા' નહીં થાય. જનતંત્રમાં ક્રાંતિ માટેની એક ઘણી જરૂરી શરત છે તે એ કે ક્રાંતિ થાય તે કેવળ જનતા માટે ન હોય, પણ ક્રાંતિ જનતાની હોય અને એ જનતા દ્વારા થાય. એટલું જ નહીં પણ હવે તો ક્રાંતિ જનતંત્રિક પણ હોવી જોઈએ. આમ થશે તો જ દુનિયામાં જનતંત્રને (લોકશાહીને) બચવા આરો છે, નહીં તો આજની દુનિયામાં

* અહીં દાદા માર્શલ ઝુકોવનો ઉલ્લેખ કરે છે. હવે એનું પતન થયું છે, કેમકે આજે લશ્કરની શક્તિ સાર્વભૌમ નથી રહી. આજે લશ્કરવાદ અને આયુધ-વિજ્ઞાન વચ્ચે સત્તાની ભાગીદારી છે. આંતરખંડીય અણુશસ્ત્રો અને કૃત્રિમ ચંદ્રની સિદ્ધિથી આયુધ-વિજ્ઞાન જૂના લશ્કર કરતાં હાલ વધુ બળવાન બન્યું છે. આ સ્થિતિને કારણે પક્ષ તથા વહીવટનો કબજેદાર ક્રુશ્ચેવ સેનાપતિ ઝુકોવને ખસેડી શકયો છે, એમ નિરીક્ષકોનું કહેવું છે. 'બળિયાના બે ભાગ' એ જે દાદાની દલીલ છે તે આથી ઊભી જ રહે છે. —સં.

એની ખેર નથી. તો ક્રાંતિની પ્રક્રિયા જ જાનતંત્રિક-ડેમોક્રેટિક-હોવી જોઈએ.

આજ સુધી શું હતું ? ક્રાંતિની પ્રક્રિયા કેવી હતી ? તો કે' ક્રાંતિની પ્રક્રિયા સરમુખત્યારશાહી હોય, અને ત્યાર પછી એમાંથી રફતે રફતે જનતંત્ર વિકસે. આજ સુધીની આ પ્રક્રિયા હતી.

## ૪૪. આપણી વૈવિધ્યપ્રધાન રાષ્ટ્રીય પરિસ્થિતિમાં સશસ્ત્ર ક્રાંતિનો પ્રયત્ન અરાજકતામાં પરિણમે : અરાજકતા વૈજ્ઞાનિક ક્રાંતિ નથી

હવે જ્યારે ક્રાંતિ માટે શસ્ત્ર નકામું બની ગયું છે, ત્યારે કેવી પ્રક્રિયાની જરૂર છે ? તમે લશ્કરને ફોડીને તમારી સાથે ભેળવી ન લો ત્યાં સુધી સશસ્ત્ર ક્રાંતિ ન થઈ શકે. અને લશ્કરને ફોડવાનાં પરિણામ આપણા દેશમાં કેવાં આવે તે જરા વિચારીએ. બીજા દેશોનો વિચાર હું થોડી વાર માટે પડતો મૂકું છું; આપણા જ દેશમાં જોઈએ; શું થશે ? આજે લશ્કર જેના હાથમાં છે તે સરકાર જનતાની ચૂંટેલી સરકાર છે. એ કોઈ ઝારની સરકાર નથી, અંગ્રેજોની સરકાર નથી તેમ જ કોઈ રાજા કે નવાબની સરકારેય નથી. અર્થાત્ લોકનિયુક્ત ન હોય તેવી કોઈ બિનલોકશાહી સત્તાની આ સરકાર નથી. આમ સત્તા લોક-નિયુક્ત છે અને આ લશ્કર એનું છે. હવે ધારો કે હું લશ્કરમાં ઘૂસી જાઉં છું અને એમાં બળવાની હવા ફેલાવું છું. તો મેં એને શું શીખવ્યું ? સેનાને મેં શીખવ્યું કે જનતાની સ્થાપેલી સરકાર હોય તોપણ એના પ્રત્યે વફાદાર કે ઈમાનદાર રહેવાની કશી જરૂર નથી.

### વ્યવહારવાદનું 'તિકડમ્' સમાજનીતિનો ટકાઉ પાયો ન બની શકે

અમે જેલોમાં એવા જ ધંધા કર્યા હતા ને ! મારી જેમ જેમણે જેલમાં 'તિકડમ્' કર્યું હશે તે કાંઈ હજી ભૂલ્યા નહીં હોય ! અમે જેલરને કહેતા, “ આ અંગ્રેજ પ્રત્યે વફાદારી રાખવાની કશી જરૂર નથી. તમે તમારે ગુપચૂપ અમને છાપાં લાવી દો...અને જરા પાપડ અને અથાણું પણ આવવા દેજો ! ” હવે આપણી સરકાર આવી છે ત્યારે એ પેલા બીજા રાજકીય કેદીઓને પણ એમ જ લાવી આપે છે. હવે આપણે એને કહીએ છીએ, “ અરે, આ તો તું બેઇમાની કરે છે ! ”

પેલો સંભળાવે છે, “ બેઇમાની કોણ કરે છે ? આ તો તમે શીખવેલું તે જ કરું છું ! ”

ગાંધી થાકયા વિના સતત સાધન-શુદ્ધિની વાત કર્યા જ કરતો, ત્યારે આપણને થતું કે એ અમસ્તું પારમાર્થિક પીંજણ કરે છે, વ્યવહારમાં એનો

કશો ખપ નથી. પણ આ તો નજરે જોયું ને ! આપણે વ્યવહારમાં જે લાંબે ગાળે દેખીએ તે પેલો એની શુદ્ધ દૃષ્ટિથી વહેલું જોઇને કહે એટલો ફેર.

વ્યવહારની વાત નીકળી છે તો એક વાત કહી દઉં. આ વ્યવહાર એક એવી વસ્તુ છે જે કયારેય કોઇને હાથ લાગવાની નથી. જે હોય તે ઊઠીને કહી દે છે કે આ તો અવહેવારુ છે. શું ભાઈ, અવહેવારુ એટલે ? એટલે કે વહેવારમાં બંધબેસતું નથી થતું. જોઉં, તમારો એ વહેવાર કયાં છે ? કેવો છે ? અરે, એ તો રોજ રંગ બદલતો જ જણાય છે ને ! અને વાત પાછી એમ છે કે એ રોજેરોજ બદલાતો રહે એમ આપણે ઇચ્છીએ પણ છીએ ! ત્યારે ભલા માણસ, જે રોજેરોજ બદલાય છે ને જે બદલાતો રહે એવું આપણે ઇચ્છીએ પણ છીએ, જેનું કશું નક્કી ઠેકાણું નથી, એવા વ્યવહારને તે તમે તમારા જીવનનો સિદ્ધાંત કે આધારભૂત અધિષ્ઠાન બનાવો ખરા કે ?–સંસ્કૃત ભાષાનો એક ભારેખમ શબ્દ તમારે માથે હવે પટકું. કેટલાક શબ્દો હોય છે જ ભારેખમ પાણા જેવા, તાકીને ફેંકીએ તો બરાબરનું વગાડે. એવો એક શબ્દ છે : ‘ वदतोव्याघात ’–વ્યવહાર જીવનનો આધાર બને એમ કહેવું તે વદતોવ્યાઘાત છે, ઊલટીસૂલટી વાત છે. વ્યવહાર કદી જીવનનું અધિષ્ઠાન (પાયો) બની જ ન શકે. જેને બધા જ રોજે રોજ ફેરવવા માંગે, જે ઘડી ઘડી કાચીંડાની જેમ રંગ બદલે, એ જીવનના સિદ્ધાંતોનો નિયામક કદી ન થઈ શકે. એટલી ચંચળ વસ્તુ જીવનના વિકાસનો સિદ્ધાંત કદી ન બની શકે. તેથી આ વ્યવહારવાદ બિલકુલ અવહેવારુ છે. એક રાજ્યશાસ્ત્રી લખી ગયો છે : Expediency is the most inexpedient policy. પવન પ્રમાણે પીઠ ફેરવવાની તકવાદી નીતિ, જેને આપણે સમયપારખ બુદ્ધિ કહીને બિરદાવી પાડીએ છીએ, એ તો સૌથી વધારે બુદ્ધિહીન નીતિ છે. અને આપણે તો ત્યારે એવા ડાહ્યા હતા કે એને આધારે ગાંધી જેવા ગાંધીને કહી દેતા કે તારી આ વાત વહેવારુ નથી !

### પક્ષ, પ્રાંત ને પંથો વચ્ચે ચૂંથાતી અખિલ ભારતીયતા

આપણા દેશમાં આજે બે પ્રવાહો ચાલે છે. એક છે–પ્રાંતવાદ ઉર્ફે ભાષાવાદ, અને બીજો છે–સંપ્રદાયવાદ. અને આ બે આજે આપણા દેશની લોકશાહીને બધી રીતે કલુષિત કરી રહ્યા છે. ઉપરાંત, મૂડીવાદ એને કલુષિત કરી રહ્યો છે એ તો જુદું જ. પણ આ જાતિવાદ–સંપ્રદાયવાદ અને આ ભાષાવાદ–પ્રાંતવાદ એ ને વળી વધુ કલુષિત કરી રહ્યા છે. ગાંધીના પુણ્યપ્રતાપે અને દેશની જનતાના સદ્‌ભાગ્યે આ ભૂદાનયજ્ઞ આંદોલન શરૂ થયું ન હોત, તો હું આપને કહું છું કે, આ દેશમાં આપણી વાત કાને ધરનાર માણસ

શોધ્યો ન જડત. પણ આજે તો હાલત એ છે કે પેલા દ્રાવિડ કળગમ-વાળાઓ રાષ્ટ્રધ્વજ બાળવા જતા હતા ત્યાં ભૂદાનનો કાર્યકર જઈ પહોંચે છે ને ઝંડો બળતો નથી. આપણી વાત એ સાંભળે છે. ત્યાં પતિયાલામાં જ્યાં કોઈ કોઇની વાત સાંભળતું નથી ત્યાં એક ભૂદાન શિબિર થાય છે. એક શીખ ઓરત ઊભી થઇને કહે છે કે આનો ખર્ચ કોઈ નહીં આપે તો હું મારાં ઘરેણાં વેચીને ભરપાઈ કરીશ. આસામમાં જ્યાં બંગાળી, વિહારી, આદિ-વાસી અને આસામીઓ વચ્ચે ઝઘડો જામ્યો છે, ત્યાં પણ ખાસી લોકો આપણી વાત સાંભળવા તૈયાર થઈ જાય છે. દેશની આવી હાલતમાં આ ભૂદાનયજ્ઞ આવ્યો ન હોત, તો મને તો ડર છે કે 'અખિલ ભારતીયતા'નો લોપ જ થવો બેઠો હતો; પક્ષ-નિષ્ઠા, ભાષા-નિષ્ઠા અને જાતિ-નિષ્ઠા આ ત્રણની આજે આ દેશમાં એટલી બોલબાલા થઈ પડી છે!

હવે આ જ વસ્તુ જો લશ્કરમાં પેઠી તો શી વલે થાય? અને એક વાર તમે લશ્કરમાં બંડખોર વૃત્તિ ફેલાવી દીધી તો આ વસ્તુને ઘૂસતાં પણ વાર નથી લાગવાની. આજેય લશ્કરમાં ઝઘડા તો છે જ. કેટલા મરાઠા છે? કેટલા રજપૂત છે? શીખ કેટલા, ગઢવાલી કેટલા ને ગુરખા કેટલા? આવા હિસાબ મંડાય છે અને પ્રમાણ લેખાય છે. અને વળી બ્રાહ્મણો કહે છે, 'આ માર્શલ અને નોન-માર્શલ રેસીઝ—લડાયક અને બિન-લડાયક કોમો એ શું છે વળી? આ બધા યોદ્ધા, અને અમે બધા અયોદ્ધા, એમ? અમે કંઈ ચૂડીઓ પહેરી છે? અને એ બધા યોદ્ધા કયારના થઈ ગયા? એ બધા છે શા ઉપયોગના?' આવો ઝઘડો આજે પણ આપણે ત્યાં ચાલે છે.

આમ આ દેશમાં સશસ્ત્ર ક્રાંતિનો જે કોઈ પ્રયાસ કરશે એ નક્કી દેશમાં અંધાધૂંધી ને અરાજકતા જ પેદા કરશે. ને યાદ રાખજો, અરાજકતા એ શાસન-મુક્તિ નથી. અરાજકતા એક વસ્તુ છે, શાસન-મુક્તિ બીજી વસ્તુ છે. એટલે આ દેશમાં જેઓ સશસ્ત્ર ક્રાંતિની વાતો કરે છે એમને અંગે મારે નમ્રતાપૂર્વક એટલું જ કહેવાનું છે કે એમણે પરિસ્થિતિનો પૂરો વિચાર નથી કર્યો, તેમ જ પરિસ્થિતિને પાછળથી કાબૂમાં રાખવાની શક્તિ પણ એમણે પ્રાપ્ત નથી કરી.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જોતાં, આજે જનતામાં સશસ્ત્ર ક્રાંતિ કરવાની શક્તિ રહી નથી. આપણે ત્યાં તો સશસ્ત્ર ક્રાંતિ ફક્ત નિરુપયોગી જ નહીં, અનિચ્છનીય પણ છે. આપણી ક્રાંતિ આંતરરાષ્ટ્રીય ભાવના સાથે સુસંગત હોવી જોઇએ ને આપણી ક્રાંતિ રાષ્ટ્રીય વ્યવહારમાં સંભવિત હોવી જોઇએ.

મેં બન્ને દૃષ્ટિથી આંતરરાષ્ટ્રીયતાનો અર્થ શો તે જણાવી દીધું. એક

તો એ આપણા સ્વ-રાષ્ટ્રને માટે સુલભ હોવી જોઈએ, અને બીજું એ અન્ય રાષ્ટ્રો માટે અનુસરણીય એટલે કે અનુસરી શકે એવી હોવી જોઈએ.

### ૪૫. માનવને માટે તો જે અભેદ તરફ લઈ જાય તે જ વૈજ્ઞાનિક ક્રાંતિ

ક્રાંતિની આવી પ્રક્રિયાનો વિકાસ થાય એ આજે અનિવાર્ય હતું. ઈશ્વરની કૃપાથી માર્ક્સ પછી ગાંધી આવ્યો. એણે પ્રતિકારની એવી પ્રક્રિયા દર્શાવી જે સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે.

વૈજ્ઞાનિક એટલે શું ? વૈજ્ઞાનિક એટલે કેવળ Physics કે Chemistry—પદાર્થવિજ્ઞાન અથવા રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ વૈજ્ઞાનિક નહીં. આપણે આ વિશિષ્ટ શાસ્ત્રોના નિયમો મનુષ્યને લાગુ પાડવા મથીએ છીએ, પણ આપણી એ રીત અવૈજ્ઞાનિક છે.

—એક વાર વૈજ્ઞાનિકોની આ બાબતમાં પરીક્ષા કરવામાં આવેલી ! એમની સામે એક મડદું લાવીને મૂક્યું. અને બાજુમાં એક જીવતા માણસને લાવી સુવડાવ્યો. પછી વૈજ્ઞાનિકોને કહેવામાં આવ્યું કે બેયને તપાસો ને કહો કે એ બેમાં ફેર શો છે.

ઘણી ગડમથલ પછી વૈજ્ઞાનિકો વદ્યા, " ટકાવારી કાઢી જોઈ તો આ બેની વચ્ચે ખાસ કશો ફેર માલમ ન પડ્યો. હાથ, કાન, નાક, લોહી, માંસ, મજ્જા—બધું જ જે પેલામાં છે તે આમાં પણ છે. "

" અરે પણ આ મડદું છે ને પેલો તો જીવતો છે. "

તો કહે, " હા એ ખરું. પણ એ તો એકાદ ટકા જેટલો ફેર ગણાય, બીજું શું ? તમામ શાસ્ત્રીય તપાસ કરીને પછી તેનાં પરિણામોના શુદ્ધ ગણિતશાસ્ત્ર પ્રમાણે ટકા કાઢીને બોલ્યા છીએ, એમ તેમ નથી બોલ્યા. લગભગ નવ્વાણું ટકા તો બધું સરખું જ છે માંડ એક જ ટકાનો ફેર પડ્યો. તે તમને ઝાઝો લાગ્યો ? "

પણ એમાં જ બધો ફેર પડી ગયો ને ? માનવીય વિજ્ઞાન અને પદાર્થ-વિજ્ઞાન, જીવનવિજ્ઞાન અને પદાર્થવિજ્ઞાન વચ્ચે બહુ મોટો ફરક છે. પદાર્થ-વિજ્ઞાન પૂર્ણતાની દિશામાં ઘણાં પગલાં માંડી ચૂક્યું છે, જ્યારે મનોવિજ્ઞાન અથવા માનવીય વિજ્ઞાન તો આ આધુનિક દુનિયામાં હજી ઘૂંટણિયા જ તાણે છે. એના સિદ્ધાંતો હજી રોજેરોજ બદલાતા રહે છે.

ગઈ કાલે એક ભાઈએ સવાલ કર્યો હતો કે મનોવિજ્ઞાન તો આમ આમ કહે છે, તમારો શો મત છે ? પેલા બિચારાઓને મનોવિજ્ઞાન આવડે છે જ કેટલું તે આપણને શીખવે ? પોતાના મનને જ માંડ થોડું સમજે છે

ત્યાં! મનોવિજ્ઞાન હજી અવિકસિત વિજ્ઞાન છે. આજે જે મનોવૈજ્ઞાનિકો છે, એમાંના મોટા ભાગના Behaviourists એટલે કે પ્રતિવર્તનવાદી છે અને Conditioned Reflexes–સ્થિતિજન્ય નૈસર્ગિક દેહક્રિયાવાળા છે. એટલે કે જે પરિસ્થિતિમાંથી મનુષ્યનું મન બને છે ત્યાં સુધી જ એમનો વિચાર હજી તો પહોંચ્યો છે. એ પરિસ્થિતિને પલટી નાંખનારું મન કેવું હોય છે અને તે ક્યાં આવે છે એમ પૂછીએ છીએ તો જવાબ મળે છે કે એ તો Missing Links ખૂટતી કડીઓ છે. આવી ખૂટતી કડીઓ બે છે. એક તો જડમાંથી ચેતન કેવી રીતે પ્રગટ્યું તે અને બીજું પરિસ્થિતિને પલટી નાંખનારું મન ક્યાંથી આવે છે તે. એ બે પ્રશ્નોનો જવાબ હજી વિજ્ઞાનને જડયો નથી. એનું મુખ્ય કારણ એ છે કે Laboratory–made–પ્રયોગશાળામાં પકવેલું વિજ્ઞાન એ જુદી વસ્તુ છે પ્રયોગશાળાની બહાર પણ વિજ્ઞાન છે અને એને માનવીય વિજ્ઞાન કહે છે. એ અર્થમાં મેં તમને કહ્યું કે ગાંધીની એ પ્રક્રિયા વૈજ્ઞાનિક છે, સો ટકા વૈજ્ઞાનિક છે.

માનવીય વિજ્ઞાન શું છે? અહીંથી જ મેં શરૂ કર્યું હતું. ભેદનું નિરાકરણ અને અભેદની સ્થાપના તરફ આપણે વધવું છે. એ તરફ જે દોરી જાય તે માનવીય વિજ્ઞાન છે ને એ તરફ ન લઈ જાય તે માનવની દૃષ્ટિએ વૈજ્ઞાનિક નથી.

### ૪૬. અભેદ અને સંઘર્ષનો સમન્વય : ગુણાત્મક પરિવર્તન માટે સહયોગાત્મક સંઘર્ષ અર્થાત્ હૃદયપરિવર્તન માટે સત્યાગ્રહ

તમે સંઘર્ષની વાતો કરો છો. હું ઘડીભર માની લઉં છું કે સંઘર્ષ એ જ જીવનનો નિયમ છે. પણ નિયમ શા માટે હોય છે? જીવનને સંપન્ન કરવા કે જીવનનો નાશ કરવા? સંઘર્ષથી પણ છેવટે તો જીવન સંપન્ન થવું જોઈએ ને? જે સંઘર્ષમાંથી જીવન સંપન્ન થાય તેને તમે સંઘર્ષ એવું નામ ભલે આપો, એ ખરી રીતે છે તો સહયોગ જ.

—જેલમાં એક ઓરડીમાં અમને ચારને પૂર્યા હતા. મને પત્તાં રમતાં આવડે તો ખરું, પણ એવું જ. એ લોકો 'બ્રિજ' રમતા. પણ એમને એક ભારે મુશ્કેલી હતી. મને કહે, "કોઈ અમારી સામે રમનારું નથી, તમે અમારી સાથે રમો ને!"

મેં કહ્યું, "સાથે રમો એટલે શું? તમારા પક્ષે ચોથો થાઉં?"

અરે, અમારી બેની સાથે નહીં પણ સામે રમનારા બે જણ જોઈએ."

સામે રમનાર શા માટે જોઈએ? સામે કોઈ રમનારું હોય નહીં ત્યાં

સુધી રમત રમત જ થતી નથી. આ જે સામાપણું અથવા વિરોધ છે એ જ Parliamentary Opposition પાર્લામેન્ટરી વિરોધપક્ષનું તત્ત્વ છે. His Majesty's Government and His Majesty's Opposition–રાજાની જ સરકાર ને રાજાનો જ વિરોધપક્ષ! તો એક બાજુ સરકાર અને બીજી બાજુ વિરોધપક્ષ એ બે મળીને પાર્લામેન્ટનો ખેલ પૂરો જામે છે. બે હાથ વિના તાળી પડતી નથી.

રમતમાં ભિલ્લુ વહેંચીને બે 'પાર્ટી' પાડે છે. એ પક્ષો પરસ્પર સહકારી હોય છે. કહેવાય તો એમ છે કે સામસામા ઊભા છે, પણ રમત રમી શકાય તે માટે એકબીજા સાથે સહકાર કરનારી એ ટુકડીઓ જ હોય છે. તમે આ રીતના સંઘર્ષની વાત કરતા હો તો મને વાંધો નથી.

લોક મને ઘણી વાર પૂછે છે અને માર્ક્સ પણ લખી ગયો છે કે Revolutionનો–ક્રાંતિનો અર્થ શું ? એણે લખ્યું છે, "A social sudden cataclysm not necessarily accompanied by blood-shed–ક્રાંતિ એટલે અચાનક આવી પડતી સામાજિક ઉથલપાથલ, જેની સાથે રક્તપાત હોવો જ જોઈએ એવું નથી." એણે કહ્યું કે ક્રાંતિમાં રક્તપાત કે, હિંસા થશે જ એવું કાંઈ નથી.

હવે 'અહિંસાત્મક સંઘર્ષ'નો અર્થ શો ? પહેલે દિવસે મેં 'ફ્રંકસ્લાય' નું નામ લઈને વિરોધાભાસની વાત નહોતી કરી ? એ પાછી આવી. 'અહિંસાત્મક પણ છે. અને સંઘર્ષ પણ છે.' એનો અર્થ એ કે એમાં જે પ્રતિકાર છે તે સહયોગાત્મક છે. પ્રતિકારમાં જ્યારે અહિંસા ભળે છે ત્યારે પ્રતિકાર પણ સહયોગાત્મક બની જાય છે. આ જે સહયોગાત્મક કે સેવાત્મક પ્રતિકાર છે, એ જ સત્યાગ્રહ છે. સત્યાગ્રહની પ્રક્રિયા સહયોગાત્મક પ્રતિકારની પ્રક્રિયા છે. રમતમાં બે પક્ષ થઈ ને રમત પૂરી થાય છે તેવી આ પ્રક્રિયા છે.

આ આખી સૃષ્ટિને લીલા માની લઈએ. લીલા એટલે જ રમત. લીલામાં કોઈ સ્વપક્ષી નથી કે કોઈ પ્રતિપક્ષી પણ નથી. એમાં આપણે ખરેખર કાંઈ એકબીજાને હરાવવા માંગતા નથી પણ બંને મળીને રમવા માંગીએ છીએ. ઉપરથી ચેષ્ટા હારજીતની છે, પણ અંદરથી ઉદ્દેશ રમતનો છે. ને તેથી તેમાં બંનેનો સહકાર છે. હારજીતની રમત શા માટે છે ? એટલા માટે કે બન્નેમાં ગુણાત્મક પરિવર્તન–Qualitative Change થાય. આ Dialectic Materialism–દ્વંદ્વાત્મક જડવાદ જ થયો ને કે બીજું કાંઇ ? બન્નેમાં ગુણાત્મક પરિવર્તન થાય એ જ એની ભાષા છે ને ?

તેથી આપણે કહીએ છીએ : હા, ગુણાત્મક પરિવર્તન માટે સહયોગાત્મક સંઘર્ષ થશે અથવા ગાંધીના શબ્દોમાં હૃદયપરિવર્તન માટે સત્યાગ્રહ થશે.

### ૪૭. મનુષ્યની બુદ્ધિ–ચેતનાને ગૌણ બનાવતી સશસ્ત્ર ક્રાંતિ અવૈજ્ઞાનિક છે : તેને પ્રધાન બનાવતી હૃદયપરિવર્તનલક્ષી સહયોગી સંઘર્ષની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે

હવે સવાલ એ છે કે આ જે સંઘર્ષ થશે તે યદચ્છા (સંયોગવશાત્) થશે કે બુદ્ધિપૂર્વક થશે ? સંયોગવશ થાય છે તો મનુષ્ય નિયતિનો એક અંશ માત્ર બની જાય છે, એમાં એના વ્યક્તિત્વનો નાશ થાય છે, મનુષ્યની માનવતા જ સમાપ્ત થઇ જાય છે. પણ સંઘર્ષ જો પુરુષાર્થથી થતો હોય, તો એમાં માણસની બુદ્ધિ હોવી જોઇએ, એની પોતાની ચેતના હોવી જોઇએ.

જેને આપણે સશસ્ત્ર ક્રાંતિ કહીએ છીએ તેમાં આ ચેતનાનો અભાવ હોય છે. સશસ્ત્ર ક્રાંતિનું અંતિમ બળ શું હોય છે ? એનો છેવટનો આધાર કે છેવટની શક્તિ કયાં હોય છે ? શેકસપિયરનો રિચાર્ડ બીજો કહે છે : 'Let our strong arms be our conscience and our sword our law–આપણા કાંડાની તાકાતને જ આપણી સદ્અસદ્ વિવેકબુદ્ધિ માનીએ અને આપણી તલવારને જ આપણો કાયદો માનીએ, સશસ્ત્ર યુદ્ધ ગમે તેવું હોય, છેવટે તો એ અહીં આવીને ઊભું રહે છે. શસ્ત્ર–શક્તિની શ્રેષ્ઠતા એ જ એનો મુખ્ય આધાર હોય છે.

રામદાસ સ્વામીએ કહ્યું, "भगवन्ताचे अधिष्टान पाहिजे–ભગવાનનું અધિષ્ઠાન જોઈએ." પણ ભગવાનનું અધિષ્ઠાન કયાં હશે ? હૃદયમાં ! ઠીક અને પછી હાથમાં શું હશે ? તલવાર ! એટલે મેં પૂછયું, "એકલો ભગવાન જ પૂરતો નથી ?"

તો કહે, "ના, ભગવાનના રક્ષણ માટે તલવારની જરૂર છે."

ત્યારે તો તલવાર જ મોટી થઈ ! ભગવાન મોટો કયાં રહ્યો ? ને પછી તો જેની તલવાર મોટી એનો જ ભગવાન સાચો !

મેં ત્રણ સંકેતો આપ્યા હતા.

—अग्रतश्चतुरो वेदाः पृष्ठतः सशरं धनुः। હિંદુસભાની બોલબાલાના જમાનામાં એ લોકો અમને કહેતા કે "તમે ગાંધીવાળા કંઈકે જાણો છો કે નહીં ?"

"ના, એમ તો છેક ન કહેવાય. અમને એટલી તો ખબર છે કે અમે

જાણતા નથી. અમે બહુ ઓછું જાણીએ છીએ એટલી અક્કલ તો પહેલેથી જ હતી."

પછી કહે, "આગળ વેદ જશે અને પાછળ ધનુષબાણ."

"શા માટે?"

તો કહે, "વેદોનું રક્ષણ કરવા ધનુષબાણની જરૂર પડે."

મેં કહ્યું, "તો તો વેદનું પ્રામાણ્ય જ ખતમ! પછી તો ધનુષબાણ જ પ્રમાણ થઈ ગયાં! વેદ ધનુષબાણને શરણે ગયો!"

—વળી બીજો કહે છે, "એક હાથમાં તલવાર ને બીજા હાથમાં કુરાન." તો પછી કુરાન મોટું કે તલવાર મોટી?

—ત્રીજો કહે છે, "એક હાથમાં ધર્મયુદ્ધની બંદૂક અને બીજા હાથમાં બાઇબલ!" પછી બાઇબલની પોતાની તો કશી કીમત જ ન રહી ને! બંદૂકમાં ગોળી હોય ત્યાં સુધી બાયબલની કીમત!

—ચોથો કહે છે, "કમરે કિરપાણને માથે ગ્રંથસાહેબ!"

તો તાકાત કિરપાણની જ રહી!

આમ હરીફરીને આપણી સામે સવાલ આવીને ઊભો રહે છે કે છેવટે શક્તિનું અધિષ્ઠાન આપણે શેને માનીએ છીએ? આપણે આપણા સિદ્ધાંત અને આદર્શને શ્રેષ્ઠ માનીએ છીએ કે બાહુબળને? સશસ્ત્ર ક્રાંતિનું ગાડું આટલે સુધી આવીને અટકે છે. આમ સશસ્ત્ર ક્રાંતિ જેવી અવૈજ્ઞાનિક અને અવહેવારુ પ્રક્રિયા દુનિયામાં આજે બીજી એકે નથી. આમાં ગાંધી અને માર્ક્સનો સવાલ જરાયે નથી. મેં તમને કહ્યું જ હતું કે બન્નેને ભૂલી જાવ. તેથી તો ગાંધી અને માર્ક્સને બન્નેને એકવચન કરી નાંખ્યા. આપણે અહિંસાની સ્થાપના કરવી છે એ પણ ભૂલી જાવ અને સર્વોદયની સ્થાપના કરવી છે એ પણ ભૂલી જાવ. કેવળ આજની દુનિયાની પરિસ્થિતિમાં કઈ ક્રાંતિ વૈજ્ઞાનિક અને વહેવારુ હોઈ શકે તેનો જ વિચાર કરો.

એની કસોટી શું? આપણે ભેદનું નિરાકરણ કરવું છે અને અભેદ તરફ આગળ વધવું છે. આ આપણી કસોટી છે. એને અનુરૂપ આપણી ક્રાંતિની પ્રક્રિયા હોવી જોઈએ. ગાંધીજીએ કહ્યું, "સહયોગાત્મક પ્રતિકાર કરો."

પ્રતિકાર વળી સહયોગાત્મક હોઈ શકે ખરો? એવો સવાલ આવીને ઊભો. ગાંધીએ આને માટે 'હૃદય–પરિવર્તન' શબ્દ આપ્યો. અને એ યુક્તિઓ બતાવી.

"બીજાની માંદગીને પોતાની સમજી, એની સેવા કરો," આટલે

સુધી સમાજ આજે પહોંચી ગયો છે. "તારું દુઃખ મારું દુઃખ છે, તેથી માંદગીમાં હું તારી ચાકરી કરું છું" આટલે સુધી દુનિયા આવી પહોંચી છે.

**અજ્ઞાની સાથેની સહાનુભૂતિ:** "તારો સવાલ એ મારો સવાલ છે. તારું અજ્ઞાન મારું અજ્ઞાન છે. આપણે બન્ને મળીને એનું નિરાકરણ કરીશું." શિક્ષણ અને વિદ્યાના ક્ષેત્રમાં આપણે અહીં સુધી આવી પહોંચ્યા છીએ.

ગાંધી કહે છે, 'હવે એક કદમ આગળ વધો. બીજાનો અપરાધ પોતાનો માનો. તમારી સહૃદયતા અને બીજા સાથેનું તમારું તાદાત્મ્ય એટલી હદે વધવા દો કે અપરાધીમાં પોતાનું જ બીજું સ્વરૂપ તમને દેખાય. અપરાધ કરવામાં સહકાર નથી આપવાનો. અપરાધની માફી પણ નથી આપવાની. પણ અપરાધના કરનારાને another self—પોતાનું જ બીજું સ્વરૂપ માની લો. એ પણ 'હું' જ છું એ સમજો."

આ સંત જ કરી શકે. આ કરુણાની પ્રક્રિયા છે. આ ક્રાંતિમાં એ કરુણાની પ્રક્રિયા છે. એ કેમ છે? પતિત, અપરાધી અને અન્યાયી પ્રત્યે પણ પોતાના હૃદયમાં કરુણા રાખી શકે એવું દરિયાવ દિલ સંતને જ ભગવાને આપ્યું છે. એ સંતની ભૂમિકા છે. અને તે આપણે અપનાવ્યા વિના છૂટકો નથી, કારણ હવે દુનિયામાં આપણને દ્વેષ મૂલક ક્રાંતિ ખપતી નથી.

### ૪૮. લેનિનનો અનુભવ : રાજ્યપલટા પછી પણ જનતાનો માનસપલટો બાકી રહે છે. તેનો ઉપાય સત્તા નહીં 'સબોટનિક' (શ્રમદાન) છે

લેનિનને એક ઘણો મઝાનો અનુભવ થયેલો. ક્રાંતિ થઈ. એનાં બે-ચાર વર્ષ પછી પહેલી Economic policy આર્થિક નીતિ આવી. New Economic policy–લેનિનની નવી આર્થિક નીતિની બિલકુલ વાત નથી કરતો. એ આનાથી જુદી છે. પણ, લેનિનની પહેલી આર્થિક નીતિ આવી ત્યારે લોકોએ પૂછયું કે આમ કેમ? તારી અગાઉની યોજના તો સારી હતી. હવે આ જે નવી યોજના કરી છે એમાં સમાજવાદનાં તો ક્યાંય દર્શન થતાં નથી! ત્યારે એણે જવાબ આપ્યો, "હા, હું જાણું છું કે એમાં સમાજવાદ નથી."

તો લોક પૂછવા માંડયું, "સમાજવાદી યોજના કેમ નથી કરતા? Socialist Pattern–સમાજવાદી ઢબ કેમ નથી આવતી?"

લેનિનને લોક પૂછવા મંડયા ને ત્યારે લેનિને કહ્યું: "આજે મારી એવી પરિસ્થિતિ નથી. આજે એ Context નથી, સંદર્ભ નથી, એ માટેના સંયોગો નથી."

" અરે ! સમાજવાદના નામે તમે ક્રાંતિ કરી. જનતાની બહુમતીએ તમને સમાજવાદી ક્રાંતિમાં, સામ્યવાદી ક્રાંતિમાં, સાથ આપ્યો અને હવે તમે કહો છો કે સમાજવાદની સ્થાપના થઈ શકે તેમ નથી ! "

તો એણે કહ્યું, " They were my comrades in revolution, but this does not mean that they were all socialists–એ બધા ક્રાંતિમાં મારા સાથીદારો હતા એ ખરું, પણ એનો એ અર્થ નથી કે એ બધા સમાજવાદી હતા. મોટા ભાગની જનતા ક્રાંતિમાં ભળે છે, પણ એટલા માત્રથી એ સમાજવાદી કે સામ્યવાદી બની જતી નથી. "

" કેમ નથી બનતી ? "

તો એણે કહ્યું, " ક્રાંતિ એમના સ્વાર્થોને અનુકૂળ હોય છે, ફાવતી આવતી હોય છે. એટલે બહુમતીવર્ગ ક્રાંતિકારી બની જાય છે. "

સમાજમાં જે દુઃખી છે, જેની કશી પ્રતિષ્ઠા નથી, જે ગરીબ છે, એ વર્ગ સમાજ–પરિવર્તન ઇચ્છે છે. બ્રાહ્મણને શા માટે જાતિ–ભેદ નિરાકરણની ગરજ હોય ? એના તો લોક પગ ધોઈને પીએ છે. પણ ચમારને જાતિ-ભેદ-નિરાકરણની ગરજ છે, કારણ કે બ્રાહ્મણ એને ખાસડાથી મારીને ઉપરથી પાછો પોતે અભડાય છે ! માટે ચમાર જાતિ–ભેદ નિરાકરણ ઇચ્છે છે. સમાજમાં જેની પ્રતિષ્ઠા છે એ વર્ગને પરિવર્તન નથી ખપતું. તો આપણે જરા લેનિનની વાતને તો સમજી લઈએ. માર્ક્સે એમ કહ્યું કે હું તો એક વર્ગનું સંગઠન કરીશ ? માત્ર શ્રમજીવી કિસાન અને મજૂરોનું જ સંગઠન કરીશ એમ એણે શા માટે કહ્યું ? એટલા માટે કે જે ગરીબ છે, પડેલો છે, જેની સમાજમાં કશી ઇજ્જત નથી, તેની ભૂમિકા ક્રાંતિને માટે અનુકૂળ હોય છે. ગરીબ તો ગરીબીનું નિરાકરણ કરવા ઇચ્છે છે, અમીર અમીરીનું નિરાકરણ નથી ઇચ્છતો. ગરીબોનું સંગઠન કરવા કહ્યું કારણ કે ક્રાંતિ એના સ્વાર્થને અનુકૂળ છે.

પણ એ સમજી લેવું ઘટે કે બહુમતી સ્વાર્થ એ મોટા આકાર-વાળો સ્વાર્થ છે, એ નિઃસ્વાર્થ નથી. સ્વાર્થ વિશાળ થઈ જાય તેથી વ્યાપક નથી બની જતો. પહેલે દિવસે મેં તમને કહ્યું હતું ને કે સર્વોદય એ બહુમતીવાદ નથી. કેવળ બહુમતીનો સ્વાર્થ હોવાથી જ સ્વાર્થ નિઃસ્વાર્થ બની જતો નથી. ક્રાંતિવાદીઓ જેને પોતાનું બાઇબલ માને છે તે Communist Manifesto–સામ્યવાદી ઢંઢેરામાં માર્ક્સ અને એંગલ્સે એક વાત સાફ સાફ કહી દીધી છે કે બહુજનનો સ્વાર્થ અને સર્વજનનો સ્વાર્થ એક થઈ જાય છે ત્યારે જ ક્રાંતિ સફળ થાય

છે. બહુજનનો સ્વાર્થ એ જ જ્યારે સર્વજનનો સ્વાર્થ પણ બની જાય છે ત્યારે એવી પરિસ્થિતિ પેદા થાય છે જેમાં ક્રાંતિ સફળ થાય છે.

તો હું કહેવા એ માગતો હતો કે જે ક્રાંતિ બહુજનના સ્વાર્થ અને બહુજનના દ્વેષ પર આધાર રાખતી હશે તે ક્રાંતિની સામે પ્રતિક્રાંતિનો હાઉ હમેશાં ડોળ ફાડીને ઊભો હશે. છેવટ પ્રતિક્રાંતિનું મૂળ શેમાં હોય છે? એનાં બી ક્યાં હોય છે? આ વાત સમજી લેવી જરૂરી છે.

લેનિને કહ્યું, "કિસાન અને મજૂરોના સ્વાર્થને અનુકૂળ મારી ક્રાંતિ હતી એટલે એ લોકો મારી સાથે થયા. પણ તેથી એ સમાજવાદી થઈ ગયા નથી. માલિકી અને સંપત્તિની ભાવનાનું નિરાકરણ એમનાં મનમાંથી થયું નથી. એટલે એમને સમાજવાદી બનાવવા સારુ કોઈ ભાવરૂપ પ્રક્રિયાનો એટલે કે રચનાત્મક કાર્યક્રમનો આશરો લેવો પડશે." એક પ્રક્રિયા તો શિક્ષણની હતી અને બીજી....સાંભળીને તમારા કાન ચમકશે, પણ બીજી પ્રક્રિયા હતી 'શ્રમદાન'ની! વિનોબાએ જેને 'શ્રમદાન'નું નામ આપ્યું છે તે જ પ્રક્રિયાની લેનિને વાત કરી.

લેનિનને કોઈકે પૂછ્યું, "તો પછી તમારી પાસે સમાજવાદી યોજના નથી?"

"એણે કહ્યું, "રાજના કાયદામાં તો નથી."

"તો બંધારણમાં?"

"ના, બંધારણમાં પણ નથી."

"કાયદોય સમાજવાદ નથી કરતો અને બંધારણ પણ સમાજવાદ નથી ઘડી શકતો, તો લેનિન તું સમાજવાદનો વિકાસ શી રીતે કરીશ?"

એણે જવાબ આપ્યો, "મારી યોજનામાં એક જ સમાજવાદી વસ્તુ છે. એનું નામ છે Subotnik" Subotnik એટલે દર શનિવારે નાગરિક પોતાની ઇચ્છાથી શ્રમદાન કરે તે. શી પ્રેરણા હતી એમાં? Incentive-પ્રેરણાનો સવાલ આવે છે ને? તો પ્રેરણા શી હતી? તો કે' જર્મનોને હરાવવા છે, હિટલરને હરાવવો છે. આટલી એક પ્રેરણા એની પાછળ હતી. મતલબ કે અર્થશાસ્ત્રની બહાર પણ કોઈ પ્રેરણા હોઈ શકે છે. અહીં આના પરથી એટલું તારવી રાખજો કે આર્થિક પ્રેરણા ઉપરાંત પણ બીજી પ્રેરણા હોઈ શકે છે.

લેનિને કહ્યું, "આ જે Subotnik (શ્રમદાન) છે એ એક જ વસ્તુ

મારી યોજનામાં અને બંધારણમાં સામ્યવાદી છે. એમાંથી જ આગળ ઉપર કામની પ્રેરણાનો સવાલ ઊકલવાનો છે. નાગરિકોમાં સ્વયં-પ્રેરણા અને સ્વયં-કર્તૃત્વ-Incentive and initiative આમાંથી જ જાગવાનાં છે. આ એક વાત સાંભરી આવી તો તમારી સામે મૂકી દીધી.

## ૪૯. ગાંધી-વિનોબાનું કરુણામૂલક ક્રાંતિ-વિજ્ઞાન માનવીય છે ને તેથી વૈજ્ઞાનિક પણ છે

મૂળ વાત આપણી એ હતી કે આપણી ક્રાંતિની પ્રક્રિયામાં જે પ્રેરણા હશે તે બહુજનના સ્વાર્થની કે દ્વેષની નહીં હોય. ક્રાંતિની પ્રેરણા માનવીય હશે ત્યારે જ ક્રાંતિ વૈજ્ઞાનિક બનશે. તે સિવાય બીજી રીતે તેમ થાય એમ નથી. માનવીય પ્રેરણા સહાનુભૂતિની પ્રેરણા હોય છે. એને વિનોબા કરુણાની પ્રેરણા કહે છે. ગાંધીએ એને અહિંસાની-પ્રેમની પ્રેરણા કહી હતી.

એની વ્યક્તિગત ભૂમિકા શી છે? બીજાના અપરાધો પોતાના માનવા. આપણે કહીએ છીએ કે સંત અપરાધોની ક્ષમા કરે છે. પણ ગાંધીએ એમ નથી કહ્યું કે ' Resist not evil-બૂરાઈનો સામનો ન કરો.' એણે આપણને બૂરાઈનો અપ્રતિકાર-અવિરોધ નથી શીખવ્યો. એણે તો કહ્યું કે અપરાધનું બીમારી જેવું જ છે આપણે કહીએ છીએ કે બીમારીનો પ્રતિકાર કરો, આગનો પ્રતિકાર કરો, જ્વાળામુખી ફાટતો હોય તો લોકોને ત્યાંથી ખસેડી લો. ગાંધીએ કહ્યું, " તો મનુષ્યમાં રહેલી બૂરાઈનો સામનો શા માટે ન કરવો? મારામાં પણ વાંક તો છે. બીજાના અપરાધ એ મારા જ અપરાધ છે. માટે બીજાના તેમ જ મારા, તમામના અપરાધોનો સામનો કરવો છે ને તેમનું નિરાકરણ કરવું છે."

તો હવે એમાં અહિંસા ક્યાં આવી? સંત અપરાધોને માફ કરે છે એમ જે આપણે સરાજ્યા છીએ તે જ ખોટું છે. સંત અપરાધીને ક્ષમા આપે છે, અપરાધને નહીં. બીમારને એની ગલતીની સજામાંથી જતો કરવો એ એક વાત છે અને બીમારીને જ જતી કરવી એ બીજી વાત છે.

—દીકરાને તાવ આવ્યો. ડાક્ટરને બોલાવ્યો. ડાક્ટર આવીને મોટે ઉપાડે કહી દે કે "આના તાવને હું જતો કરું છું." તો આપણે તરત પૂછીશું, " તો ડાક્ટર શું જખ મારવા થયો છે? જુઓ તો! ડાક્ટર થઈને તાવને માફ કરવાની વાત કરે છે! "

—નિશાળ ખોલી. આચાર્ય બનીને મોટી ખુરશીએ બેઠા. અને ગુરુ દેવની અદાથી હાથ ઊંચો કરી કહ્યું, "તમામ બાળકોનું અજ્ઞાન માફ!"

અરે, તો પછી નિશાળ શા સારુ ખોલવી પડી તારે ? તારી વિદ્યાપીઠ ને વિદ્યાલયનો શો ખપ હતો પછી ?

દોષ, ત્રુટિઓ, અપરાધ એ બધાંને જતાં કરવાનાં ન હોય, એમનો તો પ્રતિકાર જ કરવો ઘટે. એ આપણો ધર્મ છે, કર્તવ્ય છે. તમે પૂછશો, અપરાધનો પ્રતિકાર કરવો છે, અને અપરાધીને માફ કરવો છે એ તત્ત્વ શેમાંથી આવે છે ?

ગાંધી ને તિલક બન્ને મહાપુરુષ હતા. અને વિચાર–વિકાસમાં તિલકનું સ્થાન ગાંધીની પૂર્વે હતું એ વાત મેં માની લીધી છે. તિલકે આ દેશમાં જે પ્રક્રિયાનો આરંભ કર્યો તેને ગાંધીએ વધારે વૈજ્ઞાનિક, વધારે શુદ્ધ અને વધારે માનવ–પ્રવણ (માનવ તરફ ઢળતી) બનાવી. પણ ક્યારેક ક્યારેક એ બન્ને બહુ મજેદાર વાતો કરતા !

આપણે ત્યાં ગીતા પર જે ન લખે તે પંડિત ન કહેવાય. એનું કોઈ ન સાંભળે. એટલે જેટલા જેટલા મહાપુરુષો આપણે ત્યાં થઈ ગયા એ તમામે ગીતા પર કંઈ ને કંઈ લખ્યું છે. લોકમાન્ય તિલકથી માંડીને બિપિનચંદ્ર પાલ સુધી, અને ઠેઠ લાલા લજપતરાય સુધી દરેકે ગીતા પર લખ્યું છે. ગાંધી ને તિલક બન્નેએ ગીતા પર પુસ્તકો લખ્યાં છે, તિલકે પોતાના પ્રતિ–સહયોગના સિદ્ધાંતના આધાર તરીકે કયો શ્લોક લીધો છે ?

"ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्" (૪–૧૧)

"માણસ મારી પાસે જે જે ભાવથી આવે છે તેને તે ભાવથી હું પ્રાપ્ત થાઉં છું." આમાંથી તિલકે કયો સિદ્ધાંત કાઢ્યો. ? शठं प्रति शाठ्यं–જેવા સાથે તેવા. જે તમને ઠગવા આવે તેની સાથે તમે પણ ઠગ જ બનો. મુદ્દો રસ પડે તેવો છે, પણ એ જવા દો.

આ જ શ્લોક પર ગાંધીએ શું લખ્યું ? 'અનાસક્તિયોગ'માં ગાંધીએ આ શ્લોક આપ્યો છે. અને એનો અર્થ પણ આપ્યો છે. એની ઉપર એક ટિપ્પણ ગાંધીજીએ લખ્યું છે. શું લખ્યું છે ? મનુષ્ય માટે "શુદ્ધ દયા જ શુદ્ધ ન્યાય છે." કેમ ? તો કે' હું કોઈ અપરાધ કરું છું ત્યારે મારી ભૂમિકા શું હોય છે ? માની સામે ઊભો છું. ને માને કહું છું, "મા, ભૂલ થઈ ગઈ, મને તારા ખોળામાં સંતાડી દે. તારી ગોદમાં સમાવી લે. ફરી ભૂલ ન થાય. એવી શક્તિ આપ તારો પ્રેમ હશે તો કદાચ આગળ ઉપર બચી જઈશ."

ભગવાનને વિનવીએ છીએ, " ભગવાન એક આટલી વાર જતો કરો. મારી લાજ રાખો ગિરધારી. અબકી બેર મોહે પાર ઉતારો. આટલી વાર મારી ભૂલ નભાવી લે ભગવાન !

પોતા માટે મનુષ્ય ક્ષમા ઇચ્છે છે, બીજા માટે ન્યાય માંગે છે. ગાંધી શું કહે છે ? હૃદય-પરિવર્તનની પ્રક્રિયામાં શું થશે ? પોતાને માટે ન્યાય, બીજાને માટે ક્ષમા. આ સહૃદયતાનું, સહાનુભૂતિનું લક્ષણ છે. બીજાનું દુઃખ અનુભવી શકું છું, બીજાનું સુખ અનુભવી શકું છું, તેમ બીજાના અપરાધનો પણ અનુભવ કરી શકું છું. એટલે કે અપરાધી માટે પણ સહાનુભૂતિ. આ જ અપરાધની આધુનિકમાં આધુનિક ચિકિત્સા છે–The latest in criminology–આધુનિકતમ અપરાધ-નિવારણ ! સમાજમાંથી અપરાધ-નિરાકરણ શી રીતે થાય ? તો આજનો વૈજ્ઞાનિક આપણને કહે છે કે અપરાધ-નિરાકરણની બે પ્રક્રિયાઓ છે :

એક તો સમાજમાં એવી પરિસ્થિતિ ઊભી કરો કે અપરાધ કરવાનો અવકાશ જ ન રહે, અને બીજું, અપરાધનું નિવારણ કરો અને અપરાધીનો ઉદ્ધાર કરો. અપરાધ-ચિકિત્સા માટે આમ જ કહ્યું છે ને ?

ગાંધી હવે એક ડગલું આગળ માંડે છે. અન્યાયનું નિરાકરણ થાય, અન્યાયનો પ્રતિકાર થાય અને અન્યાયીનો ઉદ્ધાર થાય,–આ માનવીય પ્રક્રિયા છે. હવે આને જો કોઈ અવૈજ્ઞાનિક કહે તો નમ્રતાપૂર્વક આપણે એ આક્ષેપ સહી લેવા તૈયાર છીએ. આપણે મન મનુષ્ય વિજ્ઞાનથી વધારે છે. યંત્ર ખૂબ મોટું હશે, પણ Science is greater than Machine–યંત્ર કરતાં વિજ્ઞાન મોટું છે. અને Man is greater than Science–માનવ વિજ્ઞાનથી પણ મોટો છે. તેથી આપણે મનુષ્યને કેન્દ્રમાં રાખીને ચાલ્યા છીએ.

### ૫૦ ભેદ નિરાકરણ સાથે માનવતાનું નિરાકરણ નથી કરવું : વર્ગમેળ પણ નથી કરવો

તો આપણે જે કાંઈ ચકાસણી કરીશું તે મનુષ્યને કેન્દ્રમાં રાખીને કરીશું. તેથી હું કહું છું કે ક્રાંતિની પ્રક્રિયા વૈજ્ઞાનિક છે–હોવી જોઈએ. વિજ્ઞાન આજ સુધીમાં જેટલું આગળ વધ્યું છે તેનો લાભ ઉઠાવીને આપણે ક્રાંતિમાં પણ આગળ વધી રહ્યા છીએ. આ પીછેહઠ નથી. લોક કહે છે તમે તો ઘડિયાળના કાંટા ઊંધા ફેરવવા માંડયા છો. પણ આમાં આપણે કાંટાને પાછા ખસેડતા નથી, ઊલટા આગળ લઈ જઈએ છીએ. આજે તો થયું હતું

એવું કે ઘડિયાળના કાંટા અટકીને ઊભા હતા. ત્યાંથી આગળ કોઈની મતિ ચાલતી નહોતી. એવે વખતે ગાંધી આવ્યો. અને એ માર્ક્સની પછી આવ્યો. તેથી તો મેં એમ કદી નથી કહ્યું કે ગાંધી માર્ક્સના વિરોધમાં આવ્યો. વિનોબા વારેઘડીએ કહે છે ને કે "હું ગાંધીનો બેટો છું, એના ખભા ઉપર બેઠો છું." હું પણ એટલું જ કહું છું. ગાંધી પણ માર્ક્સનો વારસદાર બનીને આવ્યો. જેટલાં માનવીય તત્ત્વો હતાં તે બધાંને માર્ક્સે ભેગાં કર્યાં. પણ માર્ક્સનું વિજ્ઞાન એના ભૌતિકવાદના સિદ્ધાંતને કારણે મૂડીવાદના પ્રત્યાઘાત રૂપે આવ્યું. ને તેથી એ પ્રત્યાઘાતની સાથે સાથે એ મૂળ આઘાતરૂપ મૂડીવાદનું સ્વરૂપ પણ થોડું ઘણું લેતું આવ્યું. મૂડીવાદનો દીકરો જન્મ્યો તે મૂળ નક્ષત્રમાં જન્મ્યો એ તો ખરું,* પણ બાપનાં થોડાં ઘણાં સ્વરૂપ અને લક્ષણ લઈને આવ્યો. એ તેની પાછળ આવ્યો તેથી એનું કર્યું-કારવ્યું ધૂળ મેળવવા આવ્યો એમ આપણાથી નહીં કહેવાય. માર્ક્સ એક હદ સુધી આવ્યો હતો. માર્ક્સ એટલે કોઈ વ્યક્તિ નહીં, પણ દુનિયાનો એક વિચાર. માર્ક્સ એક સંકેત છે. હમેશાં નામને રામથી મોટું ગણજો. અમુક ગાંધીવાદ અને અમુક માર્ક્સવાદ એવો આ વિચાર નથી. દુનિયામાં ક્રાંતિ અંગેનો વિચાર જે મુકામે આવી પહોંચ્યો હતો ત્યાંથી હવે એને આગળ લઈ જવાનો છે. આપણે એથી આગળ માનવીય દૃષ્ટિથી વિચાર કરવાનો છે. અને વિજ્ઞાનની દૃષ્ટિથી એક એવી પ્રક્રિયા શોધવાની છે જેમાં ભેદનું નિરાકરણ થાય અને અભેદની સ્થાપના થાય. ભેદનું નિરાકરણ કરતાં કરતાં સાથે માનવનું પણ નિરાકરણ ન થઈ જાય તે જોવાનું છે. ભેદના નિરાકરણ ભેગું, બૂરાઈના નિરાકરણ ભેગું, બૂરા માણસનુંયે નિરાકરણ થઈ જાય તો એ નિરાકરણ જ નથી, એ તો અજ્ઞાનની સાથે વિદ્યાર્થીનું નિરાકરણ અને રોગની સાથે રોગીનું પણ નિરાકરણ કરી નાંખ્યા જેવું થયું. એ કોઈ રીત ન કહેવાય રીત તો એવી હોવી જોઈએ કે જેમાં માનવતાનું રક્ષણ કેવળ તાત્ત્વિક રીતે જ નહીં પરંતુ વાસ્તવિક રીતે પણ થવું જોઈએ. અને માત્ર માનવતાનું જ રક્ષણ નહીં, માનવતાનો જે પાયો છે તે માનવનું પણ રક્ષણ થવું જોઈએ. આજે દુનિયાના કવિ અને સાહિત્યકારો પણ આ જ રીતે વિચારે છે. આધુનિકતમ સાહિત્યની વિચારણાનો ઝોક આજે આ જ દિશામાં છે.

—બેચાર વર્ષ પર વિલિયમ ફોકનેરને સાહિત્ય માટેનું નોબલ-ઈનામ મળ્યું હતું. એણે એના ઇનામ-સમારંભ વખતે ભાષણ કરતાં કહ્યું, "દુનિયામાં જ્યાં ને ત્યાં માણસ એક જ વસ્તુની રાહ જોઈને બેઠો

* મૂળ નક્ષત્રમાં જન્મેલો દીકરો બાપને માથે ઘાત લાવે છે એવી માન્યતા છે.

છે. When shall I be blown up? ક્યારે બૉંબ પડે, ફાટે ને મારા ફુરચે-ફુરચા ઊડાવી દે? આમ મનુષ્યના વ્યક્તિત્વનો ઉચ્છેદ થઈ રહ્યો છે, એનું વ્યક્તિત્વ સાવ વેરવિખેર થઈ ગયું છે-disintegrate થઈ ગયું છે. ભયભીત માનવમાં માનવતા અને વ્યક્તિત્વ બચતાં નથી. અને આજે માનવ સર્વત્ર ભયથી થરથર કંપે છે."

"તો પછી તેં આ બધું શા માટે લખ્યું?" એને પૂછવામાં આવ્યું.

એણે કહ્યું, "માનવને મારે દિલાસો દેવો છે કે માનવજાત કદી નાશ પામવાની નથી. દુનિયા પર પ્રલય થઈ જાય તોય ભલે, પણ માનવ નાશ પામવાનો નથી. હું Noah's Ark-મત્સ્યાવતાર બનીને આવ્યો છું. મારું સાહિત્ય એમનો દિલાસો બનશે. એ એમને ધરપત આપશે કે મનુષ્યનો નાશ હરગિજ થવાનો નથી."

પ્રતિજ્ઞા સારી છે, આશા સારી છે, આશ્વાસન પણ સારું છે, પણ તે માટેનો પ્રયોગ શો હશે? એની પ્રક્રિયા શી હશે? આશ્વાસન એક હોય; આશા બીજી હોય, અને પ્રક્રિયા વળી સાવ ત્રીજી ને ઊંધી જ હોય, એવું હોય તો એમાં કશું નવું નથી. એવું તો આજે ચાલી જ રહ્યું છે. આકાંક્ષા શાંતિની છે, અને સંયોજન યુદ્ધનું છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ જ નાટક ભજવાઈ રહ્યું છે ને? Every thing on war-footing-બધું જ યુદ્ધને ધોરણે! પાટિલ સાહેબને ફૂડ-કમિશ્નર બનાવ્યા અને કહ્યું, "અન્નના સવાલનો પ્રતિકાર યુદ્ધની ભૂમિકાએ કરો." "આગનો પ્રતિકાર કરવાનો છે-યુદ્ધની ભૂમિકાએ કરો! "પૂરનો પ્રતિકાર કરવાનો છે-યુદ્ધની ભૂમિકાએ કરો." "શાંતિ પ્રાપ્ત કરવાની છે-યુદ્ધની ભૂમિકાએ કરો!" શાંતિની મૃગયા પણ યુદ્ધના સંયોજનથી કરો! છેવટે આવીને ત્યાં ઊભું રહ્યું ને? આમ આજે આ બધા યુદ્ધવાદીઓને માટે શાંતિ શિકાર બની છે, એની મૃગયા કરવામાં બધા મશગૂલ છે. યુદ્ધનું સંયોજન હોય શાંતિની ઝંખના હોય, તો એમાંથી શાંતિને અનુકૂળ ક્રાંતિની પ્રક્રિયા નહીં પાંગરે. અને આપણે તો ખપે છે શાંતિને અનુકૂળ આવે એવી ક્રાંતિની પ્રક્રિયા. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણી આ જ આકાંક્ષા છે. અને તેથી આ જ એની વહેવારુ પ્રક્રિયા છે. ભેદના નિરાકરણ અને અભેદની સ્થાપનાને માટે અનુકૂળ, એવી વૈજ્ઞાનિક પ્રક્રિયા, માનવતાને તથા સાંસ્કૃતિક મૂલ્યને અનુરૂપ એવી પ્રક્રિયા આ જ છે. આ જ સાંકૃતિક પ્રક્રિયા છે, આ જ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે.

અને એ આંતરરાષ્ટ્રીય શી રીતે છે? એક તો મેં કહ્યું કે વૈજ્ઞાનિક હોવી જોઈએ. બીજું, એ આંતરરાષ્ટ્રીય હોવી જોઈએ. તો આંતરરાષ્ટ્રીય છે એનું કારણ એ કે એ આંતરરાષ્ટ્રીય આકાંક્ષા અને ઐતિહાસિક આવશ્યકતાને અનુરૂપ છે. વૈજ્ઞાનિક છે એનું કારણ એ કે ભેદના નિરાકરણ અને અભેદની સ્થાપનાને સૌથી વધુ અનુકૂળ છે.

હવે બાકી રહ્યો વર્ગ–સંઘર્ષ. એ એક જ સિદ્ધાંત બાકી રહ્યો ને? આમાં એક વર્ગનું સંગઠન આપણે શા માટે નથી કરતા? કારણ વર્ગ–નિરાકરણ કરવું છે. અમે વર્ગ–સમન્વયમાં માનતા નથી. વર્ગ–સમન્વય એ 'युष्मत् अस्मत्' પ્રત્યય છે. એનો સમન્વય ન થઈ શકે. तमःप्रकाशवत् विरुद्ध-स्वभावः–અંધારા ને અજવાળા જેવો એ બેનો વિરુદ્ધ સ્વભાવ છે. વર્ગોનો સમન્વય થઈ શકે. ગરીબ ગરીબ રહે અને અમીર અમીર રહે અને એ બેનો સમન્વય કરો. એ તે કદી બની શકે એવું છે? બકરી બકરી રહે અને સિંહ સિંહ રહે! હા, બકરીમાં કંઈક સિંહપણું આવે અને સિંહ થોડે ઘણે અંશે બકરીપણું ધારણ કરે, તો બન્ને સાથે રહી શકે. તેથી વર્ગ–નિરાકરણની જરૂર છે. એ સિવાય બીજી પ્રક્રિયા ચાલી જ નહીં શકે.

### ૫૧. માટે સર્વ વર્ગની વ્યક્તિઓના સહકારથી વર્ગ–નિરાકરણ

તો પછી વર્ગ–સંઘર્ષ થશે? સંઘર્ષ થશે તો તે સહયોગાત્મક થશે. અને જો એ સહયોગાત્મક થવાનો હોય તો એક વર્ગના સ્વાર્થનું કે એક વર્ગના દ્વેષનું સંગઠન એ આજની ક્રાંતિની પ્રક્રિયા નહીં બની શકે. એક જ વર્ગના સ્વાર્થનું કે એક જ વર્ગના દ્વેષનું સંગઠન કરવું સહેલું જરૂર છે. કારણ, ગરીબોની ભૂમિકા ક્રાંતિને અનુકૂળ છે. પણ ધ્યાન રાખો, મેં શરૂમાં જ તમને એક વાત કહી હતી કે ગરજને જ્યારે વ્રતમાં ફેરવી નાંખીએ છીએ, લાચારી જ્યારે વ્રત બની જાય છે, ત્યારે માનવીય ક્રાંતિનો આરંભ થાય છે. ગરીબી એ આજે ગરીબની લાચારી છે. પણ, જે દિવસે ગરીબીને આપણે અસંગ્રહના વ્રતનું સ્વરૂપ આપી દઈશું, તે દિવસે તેમાંથી માનવીય ક્રાંતિનાં મંડાણ થશે. પેલાઓ કહે છે ને કે "Reformist–સુધારાવાદી ન બનો. ભૂખ્યાને ચપટી દાણા આપશો તો ક્રાંતિની ધાર બુઠ્ઠી થઈ જશે. માટે Relief રાહત ન આપો. ભૂખ્યાઓની ભૂખનું નિવારણ, ગરીબોનાં દુઃખનું નિવારણ ન કરો. એમ કરવાથી ક્રાંતિનો જુસ્સો ઘટી જાય છે. We have got to intensify the struggle–આપણે ક્રાંતિની ધાર તેજ બનાવવી છે. માટે ક્રાંતિમાં સંઘર્ષને વધુ જોરદાર બનાવો."

આપણે સંઘર્ષને જોરદાર બનાવીશું. પણ એ ક્યારે બની શકે? જ્યારે ભૂખ્યો એની ભૂખમાંથી શક્તિ મેળવતો થશે ત્યારે. આજે તો ભૂખ્યાની ભૂખ એને બાપડો બનાવી મૂકે છે. ભૂખ્યાની ભૂખમાંથી લાચારી જન્મે છે. પણ ભૂખ્યાની ભૂખ જ્યારે Hunger-strike ભૂખ હડતાલ બની જાય છે, ભૂખમરો જ્યારે ઉપવાસનું સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે એમાંથી શકિત પેદા થાય છે. લાચારીને પુરુષાર્થમાં ક્યારે પલટી શકાય? મનુષ્ય લાચારીને અવસરમાં પલટી નાંખે છે ત્યારે. આ મેં તમને શરૂમાં જ કહ્યું હતું. તો આજે ગરીબોની ગરીબી એમની લાચારી છે. આજે એમની અકાંક્ષા અમીરીની છે. પણ એ લાચાર છે તેથી એ ગરીબ છે. આ આકાંક્ષા જ્યાં સુધી ન બદલાય, એનું હૃદય-પરિવર્તન જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી એક વર્ગના સંગઠનથી જે ક્રાંતિ થશે તે માનવીય ક્રાંતિ નહીં હોય. આ જ દષ્ટિએ આમાં વર્ગ-નિરાકરણ છે. પણ આજ સુધી સંઘર્ષને જે અર્થમાં દુનિયા ઘટાવતી આવી છે, તે અર્થમાં એમાં સંઘર્ષ નથી. વર્ગ-સંઘર્ષ એટલે વર્ગનો પ્રતિકાર, વ્યકિતઓનો પ્રતિકાર નહીં. વ્યકિતઓનો તો સહકાર હોય. માનવોનો સહકાર હોય! ને તો માનવનો ઉદ્ધાર છે. પ્રતિકાર છે માત્ર અમીરી અને ગરીબીનો.

## ૫૨. અધ્યાત્મમૂલક માનવતાપ્રધાન વૈજ્ઞાનિક ક્રાંતિ

તો આપણે આટલે સુધી આવી પહોંચ્યા. "નૈતિકતા અને આધ્યાત્મિકતાનો શો સંબંધ?" એનાથી આજે મેં વાતની શરૂઆત કરી હતી. આ નૈતિકતાની ભૂમિકાના આધાર પર આપણે ક્રાંતિ ખડી કરી શકીએ? દુનિયામાં કદી નૈતિક ક્રાંતિ થઈ શકે ખરી? દુનિયામાં આજ સુધીમાં જે કંઈ ક્રાંતિઓ થઇ, તેમાં નૈતિકતાનો વિચાર નહોતો થયો? એમણે વિચાર તો કર્યો હતો, પણ નૈતિકતા એમને અધૂરી પડી, અને વિજ્ઞાન એમને વધારે લાગ્યું. વિજ્ઞાન વધારે કેમ લાગ્યું? તો કે' વિજ્ઞાન સાર્વત્રિક અને સાર્વભૌમ છે, જ્યારે આપણી નૈતિકતા સાંપ્રદાયિકતાને કારણે મર્યાદિત બની ગઇ છે. તેથી લોકોએ માની લીધું કે નીતિ સાર્વભૌમ ન બની શકે.

નીતિ વૈજ્ઞાનિક હોઈ શકે ખરી? નીતિ સાર્વભૌમ હોઈ શકે ખરી? વિજ્ઞાન જેટલું સાર્વભૌમ છે તેટલી જ માનવતા પણ સાર્વભૌમ છે. પછી નીતિ શા માટે સાર્વભૌમ ન હોઈ શકે? સાર્વભૌમ નીતિ સમાજમાં આજે પણ છે. આપણે એને માનવતા કહીએ છીએ. સાર્વભૌમ નીતિનો એ જ પાયો છે.

આ વ્યક્ત શી રીતે થાય છે ?

બીજાના દુઃખે આપણે દુઃખી થઇએ છીએ અને બીજાના સુખે સુખી થઇએ છીએ. બીજા વિષે પ્રેમ રાખવામાં આપણને આનંદ આવે છે. દ્વેષનું નિરાકરણ કરવાની ઇચ્છા થાય છે. દ્વેષ કરીને કોઈને આનંદ નથી થતો. આ જે મનુષ્યનું આધ્યાત્મિક અધિષ્ઠાન છે તે જ એની નૈતિકતામાં વ્યક્ત થાય છે.

આ નૈતિકતાને આપણે પ્રતિકાર અને ક્રાંતિના ક્ષેત્રમાં લાગુ પાડી શકીએ ખરા ? જરૂર લાગુ કરી શકીએ.

આજ સુધીમાં આપણે આટલે સુધી આવી પહોંચ્યા હતા : બીજાના દુઃખને પોતાનું દુઃખ સમજવું, બીજાની બૂરાઇને પોતાની બૂરાઇ સમજવી, બીજાના અજ્ઞાનને પોતાનું અજ્ઞાન સમજવું. ગાંધી કહે છે, "એક ડગલું આગળ વધીએ. બીજાનાં પાપને ચને અન્યાયને પોતાનાં પાપ અને અન્યાય સમજીએ. એનો પ્રતિકાર કરવો એને આપણી ફરજ માનીએ. પોતાનાં પાપ અને અપરાધના નિવારણ માટે જે સાધના કરીએ તે જ અન્યનાં પાપ–અપરાધના નિવારણ માટે કરીએ. આ પ્રક્રિયા સહયોગાત્મક બની જાય છે. આ સંઘર્ષ પણ અને આ પ્રતિકાર પણ પ્રેમમૂલક અને સેવાત્મક હોય છે. પ્રેમમૂલક અને સેવાત્મક પ્રતિકાર સત્યાગ્રહ કહેવાય છે. એને જ હું સહયોગાત્મક પ્રતિકાર કહું છું. પ્રતિકાર સહયોગમાં પરિણમે છે, અને સંઘર્ષ તો નામમાત્ર રહે છે.

આમ ક્રાંતિની પ્રક્રિયાનો નૈતિકતામાંથી ને આધ્યાત્મિકતામાંથી કેવી રીતે ઊગમ થાય છે, એનું વિવેચન મેં આજે તમારી સમક્ષ કર્યું.

૬

# ક્રાંતિ-સામ્ય

★

૫૩ વૈજ્ઞાનિક માનવતાના પહેલા પેગમ્બર કાર્લ માર્કસના ત્રણ અભૂતપૂર્વ પેગામ : ગરીબ પુરુષાર્થ કરે : ક્રાંતિ અચૂક વરશે : અસમાનતા ઈશ્વરે સરજી નથી, એને ગયે છૂટકો છે.

૫૪ માર્કસના ક્રાંતિકારી અર્થશાસ્ત્રની પૃષ્ઠભૂમિ : રિકાર્ડોનો શ્રમમૂલ્યનો સિદ્ધાંત અને મિલ-માર્શલનો વિનિમય-મૂલ્યનો સિદ્ધાંત

૫૫ વિનિમય નિમિત્તે થતા શોષણના પ્રતીકારમાં માર્કસે સ્થાપેલો શ્રમના અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત

૫૬ માર્કસમાં પણ પ્રતીકારની લાક્ષણિક ત્રુટિ : " અનર્જિત સંપત્તિ પર હક કોઇને નથી, પણ સ્વર્જિત સંપત્તિ પર શ્રમને પ્રતિમૂલ્યનો હક છે " : " જરૂર મુજબ દામ "ના સમાજવાદી સિદ્ધાંત સાથે આનો આંતરવિરોધ

૫૭ આંતરવિરોધને પરિણામે જાગતો ' પ્રેરણાનો પ્રશ્ન ' : ઉકેલવાનો પ્રયત્ન પ્રતિસ્પર્ધાને સ્થાને પરિસ્પર્ધા : છતાં ' સમાજવાદી પ્રેરણા ' અસિદ્ધ : સામ્યયોગની આ પૃષ્ઠભૂમિ છે

૫૮ સામ્યયોગી વિચાર : શ્રમ ઉત્પાદકનું વ્રત—ઉત્પન્ન પર ઉત્પાદકનું સ્વામિત્વ નહીં પણ સમાજનું—સંપત્તિ સબ રઘુપતિ કૈ આહી

## ૫૩. વૈજ્ઞાનિક માનવતાના પહેલા પેગમ્બર કાર્લ માર્ક્સના ત્રણ અભૂતપૂર્વ પેગામ : ગરીબ પુરુષાર્થ કરે : ક્રાંતિ અચૂક થશે : અસમાનતા ઈશ્વરે સરજી નથી, એને ગયે છૂટકો છે

હમણાં મને પૂછવામાં આવ્યું કે 'કાર્લ માર્ક્સ ગરીબનો પહેલો પેગમ્બર બનીને આવ્યો' એવું મેં કેમ કહ્યું. જે દલિત છે, પીડિત છે, શોષિત છે, એમને માટે માર્ક્સ પહેલો તારણહાર કે પહેલો પેગમ્બર બનીને આવ્યો હતો અને કાલે તો મેં ત્યાં સુધી કહી નાંખ્યું હતું કે દસ અવતાર પછી એક રીતે એ અગિયારમો અવતાર બનીને જ આવ્યો હતો.

આમ કહેવાનું મુખ્ય કારણ એ છે કે કાર્લ માર્ક્સ પહેલાં કોઈ પણ પેગમ્બર, ધર્મ–પ્રવર્તક, ઋષિ કે અવતારી પુરુષ એવું કહેનારો નહોતો પાકયો કે 'ગરીબી અને અમીરીનું નિરાકરણ થઈ શકે છે, થવું જોઈએ અને થશે જ થશે.' આ વાત સ્પષ્ટ રીતે કહી દીધી એ માર્ક્સની મોટી વિશેષતા છે.

બધા ધર્મોએ દાન કરવાની આજ્ઞા આપીને કહ્યું છે કે 'જે કોઈ દુઃખી હોય, ગરીબ હોય એને મદદ કરો; તમે જે કાંઈ રળતા હો તેમાંથી એમને દાન આપો. એમનું દુઃખ ફેડવાની કોશિશ કરો.' રાજા–મહારાજાઓને પણ એવો ઉપદેશ આપવામાં આવ્યો છે કે તમે દાનમાં રાજપાટ આપી દો. મોટા મોટા તવંગર ધનપતિઓને એમ પણ કહેવામાં આવ્યું છે કે તમે સર્વસ્વ ન્યોછાવર કરી દો. અને તેથી કોઈએ સર્વજિત્ યજ્ઞ કર્યો તો કોઈએ વિશ્વજિત્ યજ્ઞ કર્યો ને સર્વસ્વ લુંટાવી દીધું. હરિશ્ચંદ્ર રાજાએ રાજ જેવું રાજ આપી દીધું. પણ યાદ રહે, હરિશ્ચંદ્રના આવા અલૌકિક દાનથી પણ 'રાજા' નામની સંસ્થા ( પરંપરા )નું નિરાકરણ ન થયું. એ જ રીતે મોટા મોટા કોટયાધીશોએ પોતાનું સર્વસ્વ દાનમાં આપી દીધું છતાં દુનિયાને અમીરી અને ગરીબીના નિરાકરણનો માર્ગ મળ્યો નથી.

દાનનો ઉપદેશ સર્વ ધર્મોમાં છે, ગરીબો સાથે સહાનુભૂતિ રાખવાનો ઉપદેશ સર્વ ધર્મોમાં છે; પરંતુ અમીરી અને ગરીબીને સદંતર નાબૂદ જ કરી નાંખવાનો ઉપદેશ ક્યાંય નથી. માર્ક્સની આ વાત એની પોતાની આગવી ને મૌલિક જ જતી. એણે જ સહુથી પહેલાં આ વાત કરી અને વળી એણે કહ્યું કે જો અમીરો એમ કહેતા હોય કે અમીરી ને ગરીબી તો કુદરતી રીતે જ પેદા થયાં છે. નૈસર્ગિક નિયમાનુસાર જ છે, તો તે બાબત પણ એટલું સમજી લેજો કે નિસર્ગના જે ક્રમ પ્રમાણે અમીરી અને ગરીબી આવ્યાં

છે, તે જ ક્રમ પ્રમાણે હવે અમીરી અને ગરીબી જવાનાં છે. જે નિયતિથી પેદા થયાં છે તે જ નિયતિથી આગળ જતાં તેમનો અંત આવવાનો છે. અને જેને આપણે ગરીબ કહીએ છીએ તેના પુરુષાર્થથી આ થવાનું છે.

જે કચડાયેલા–પિસાયેલા લોકો એમ જ માનતા હતા કે આપણે તો જિંદગીભર આ અમીરોને ભરોસે જ જીવવું પડવાનું છે અને એમની જ દાનવૃત્તિ ને કૃપાના ટુકડા ખાઈને રહેવાનું છે, એમનાં દિલમાં માર્ક્સે આ રીતે પ્રેરણાનો સંચાર કર્યો. એક નવી આશાનો દીવો પેટાવ્યો.

આ વાત સમજાવવા માટે માર્ક્સે કહ્યું કે આજ સુધી માનવીનો ઇતિહાસ જ આ રીતે ઘડાતો આવ્યો છે. અને એ જ ઐતિહાસિક ઘટનાઓના ક્રમમાં હવે અમીરી–ગરીબીનો અંત આવવાનો છે. આમ એણે ત્રણ વાત કરી : ગરીબને પુરુષાર્થની પ્રેરણા આપી, સૃષ્ટિના નિયમો અનુસાર ક્રાંતિની નિયતિ દર્શાવી અને ત્રીજું એ કહ્યું કે અમીરી ને ગરીબી ભગવાનની સરજત નથી, ધર્મમાં એનું વિધાન નથી. અને આને અંગે તો એણે ત્યાં સુધી કહી દીધું કે જે ધર્મે ગરીબી અને અમીરીને કબૂલ કરી લીધાં હોય તે ધર્મ ગરીબને માટે તો અફીણની ગોળી જેવો છે. અને તમે લોકો માફ કરજો, પણ એની આ વાત મારી બુદ્ધિમાં તદ્દન બેસી જાય છે.

## ૫૪. માર્ક્સના ક્રાંતિકારી અર્થશાસ્ત્રની પૃષ્ઠભૂમિ : રિકાર્ડોનો શ્રમમૂલ્યનો સિદ્ધાંત અને મિલ–માર્શલનો વિનિમય–મૂલ્યનો સિદ્ધાંત

Poor shall never cease from the land. Poverty was designed with a view to charity. બાઈબલમાં લખ્યું છે કે પૃથ્વી પર ગરીબો તો કાયમ રહેવાના જ. ભગવાને ગરીબી બનાવી છે જ એ એ ઉદ્દેશથી કે આપણને દાન આપવાનો મોકો મળતો રહે. બીજા શબ્દોમાં કહું તો મને બીમારની ચાકરી કરવાનો એવો શોખ છે કે આ નારાયણ બીમાર પડે તો મને એમ જ થાય છે કે મને ચાકરી કરવાની તક આપવા માટે જ ભગવાને એને માંદો પાડ્યો! ચાલો, ઠીક થયું! એ માંદો ન પડત તો મને તક જ ક્યાંથી મળત! આવી નાદુરસ્ત મનોવૃત્તિવાળા–morbid–સેવકો પણ દુનિયામાં હોય છે! સેવા–પરાયણ–પણાનો પણ એક રોગ થાય છે, કોઈ કોઈ વાર! એ લોકો સેવાનાં બહાનાં જ શોધતાં ફરે છે અને જો કોઈ સમાજમાં આફતો ન હોય ને એમને સેવા કરવાનો લહાવો ન મળે તો બબડે છે કે આ સમાજ જ શા કામનો છે? એમને મન ભગવાને સંકટો ને દુઃખ પેદાં કર્યાં છે તે

એમને સેવા કરવાનો લહાવો પૂરો પાડવા માટે જ! આ જ પ્રમાણે પ્રાચીન ધર્મોનું ભાષ્ય કરતાં કેટલાક અસ્વસ્થ વૃત્તિવાળા લોકોએ કહી નાંખ્યું કે "ભગવાને ગરીબી એટલા માટે જ બનાવી છે કે અમને દાન આપવાની તક મળે!"

ત્યારે માર્કસે કહ્યું કે આપણે એવો સમાજ રચવો જોઇએ જેમાં ન તો ગરીબી રહે કે ન તો આવી જાતનાં દાન માટે કશો અવકાશ રહે (હું માર્કસના શબ્દો નથી ટાંકતો, મારા શબ્દોમાં એનો આશય કહું છું.) અર્થાત્ અમીરી પણ નહીં રહે. મેં આને જ માર્કસની સૌથી મોટી વિશેષતા માની છે. એણે આપણા અર્થશાસ્ત્રને ક્રાંતિ સાથે સાંકળી લીધું. તે પહેલાં પણ અર્થશાસ્ત્ર તો હતું, પણ એ એવું તો હતું કે એકે એને 'સ્વાર્થ-શાસ્ત્ર' કહેલું અને બીજાએ એને 'અનર્થશાસ્ત્ર' કહેલું. માર્કસે પોતે એને The Science of Social Misery (સામાજિક દળદરનું વિજ્ઞાન) કહેલું. માર્કસે આપણી સન્મુખ એક નવું અર્થશાસ્ત્ર રજૂ કર્યું. હવે તે કાળમાં અર્થશાસ્ત્રની એક એવી વ્યાખ્યા રૂઢ થઈ ગઈ હતી કે માર્કસના આ શાસ્ત્રનો 'અર્થશાસ્ત્ર'માં સમાવેશ થઈ શકે તેમ હતું જ નહીં. કારણ એ ક્રાંતિકારી હતો. અને પોથીપંડિતો કાયમ ક્રાંતિકારીઓની સામે પડે છે.

આજ સુધી દુનિયામાં જેટલા ક્રાંતિકારીઓ થઈ ગયા તે બધાને સૌથી પહેલો સામનો પોતપોતાના જમાનાના શાસ્ત્રીઓનો કરવો પડયો છે. શાસ્ત્રીઓ બધા 'લકીરના ફકીર' હોય છે, શબ્દોના પૂજારીઓ હોય છે. અને આજે તો હવે ઘણાં કોમ્યુનિસ્ટો અને આપણામાંના પણ ઘણા 'લકીરના ફકીર' થવા માંડયા છે. પેલા માર્કસ-એંગલ્સ ને લેનિન-સ્તાલિનની ચોપડી-ઓને વળગશે ને આપણે વળગીશું મહાત્મા ગાંધીની ચોપડીઓને!

—ગાંધીને ૧૯૩૮માં કોઇકે કહેલું, "આપ આપના વિચારો કોઈ એક ગ્રંથમાં ટૂંકામાં અમને આપી દો!"

ત્યારે ગાંધીએ કહેલું, "મેં આજ સુધી લખ્યું તે જ ભૂલ કરી! અરે ભાઈ, હું જે કાંઈ કહું તે સાંભળતા જાવ અને કરું તે જોતા જાવ! ને સાર તારવતા જાવ. નહીં તો એક વખત એવો આવશે જ્યારે તમે મારા રેંટિયાને મારી ભેગો બાળી મૂકશો અને જો મારી પાછળ રાખશો તો વળી તેથીયે ભૂંડું કરશો. મારા રેંટિયાનાં લાકડાં ને મારાં ચોપડાંનાં

થોથાં એકમેકને તાકીતાકીને મારશો ને તેય પાછાં મારે નામે મારશો! મારા શબ્દો પણ એકમેકને તાકી તાકીને મારશો."

આવું એમણે અમને લોકોને કહેલું, કેમ કે અમે એમના વારસદારો જ એકમેકના સામે આવી ફેંકાફેંકી કરી શકીએ તેમ હતા તો! બીજા તો કોઈનો એવો અધિકાર જ ક્યાંથી હોય? જેને જેને નામે સંપ્રદાયો રચાય છે તે બધાને અંગે આવું બને છે ને માર્કસને અંગે પણ તેવું જ થયું છે. એ બધું ગાળી–ચાળીને આપણે માર્કસની મૂળ વાતો સમજી લેવાની છે.

જે એક મૂળભૂત વાત માર્કસે આપણને કહી તે એ કે ઐતિહાસિક ઘટનાક્રમ અનુસાર અને સૃષ્ટિના વિકાસક્રમના અન્વયે ગરીબી ને અમીરી આ દુનિયામાં આવ્યાં અને હવે તે જ અન્વયે એ બન્નેનું નિરાકરણ થશે એ પણ નક્કી જ છે. અને એ કામ ગરીબના પુરુષાર્થથી થવાનું છે. આ વિચારોને મેં સવારના મારા પ્રવચનમાં ('ક્રાંતિ–વિજ્ઞાન'માં) વર્ગ–સંઘર્ષ અને એક વર્ગનું સંગઠન એ નામે ઓળખાવ્યા હતા.

બીજી જે એક વાત માર્કસે આપણી સામે મૂકી, અર્થશાસ્ત્ર અંગેની, તેની હમણાં હું તમારી પાસે વાત કરી રહ્યો છું. એણે પોતાના અર્થશાસ્ત્રમાં કેટલાંક ક્રાંતિકારી તત્ત્વોનો સમાવેશ કર્યો. માર્કસના પહેલાં બે પ્રકારના અર્થશાસ્ત્રીઓ હતા. એક હતા જૂનવાણી, જેમને લોકો જીર્ણ–મત–વાદી કહેતા અને જેમને કોમ્યુનિસ્ટો બુર્ઝ્વા કહેતા, અર્થાત્ મૂડીવાદી અર્થ-શાસ્ત્રીઓ. તેમના પછીના જે કેટલાક હતા તે Classical કે અભિજાત અર્થશાસ્ત્રી કહેવાય છે. માર્કસે એમને Vulgar Economists અર્થાત્ સ્થૂળ અર્થશાસ્ત્રીઓ કહ્યા છે. આ મિલ–માર્શલ વગેરે બહુ સ્થૂળ અર્થ-શાસ્ત્રીઓ છે. પહેલા ગણાવ્યા તે અભિજાત અર્થશાસ્ત્રીઓમાં એડમ સ્મિથ અને રિકાર્ડો એ બેની ગણના થાય છે.

હવે આ અર્થશાસ્ત્રીઓના સિદ્ધાંતો શા હતા? આ કાંઈ અર્થશાસ્ત્રનો વર્ગ નથી એટલે એકનો શો સિદ્ધાંત હતો ને બીજાનો શો હતો એવા બારીક ફોડ પાડીને વાત નથી કરતો. પહેલા વર્ગના અભિજાત અર્થ-શાસ્ત્રીઓનો સિદ્ધાંત Labour Theory of Valueને નામે ઓળખાય છે. એમનો આશય એ છે કે શ્રમ જ આર્થિક મૂલ્ય છે. આ 'રિકાર્ડોનો સિદ્ધાંત' પણ કહેવાય છે. બીજા જે મિલ–માર્શલ વગેરે સનાતની અર્થશાસ્ત્રીઓ છે, તેમનો સિદ્ધાંત એવો છે કે "જેના બદલામાં કાંઈ મળી શકે તે ધન છે–every thing that has exchange value." જેના

બદલામાં કાંઈ મળે તે સંપત્તિ છે અને જેના બદલામાં કાંઈ ન મળે તે સંપત્તિ નથી, તેનું મૂલ્ય કાંઈ જ નથી. સંપત્તિને માટે કાં પૈસા મળવા જોઈએ કાં બીજી કોઈ વસ્તુ મળવી જોઈએ. પણ જેને સાટે કાંઈ ન મળે તે તો સંપત્તિ જ નથી.

## ૫૫. વિનિમય નિમિત્તે થતા શોષણના પ્રતિકારમાં માર્ક્સે સ્થાપેલો શ્રમના અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત

હવે આ સિદ્ધાંત કેટલો બધો અનર્થ કરે તેવો હતો તે તો કાંઈ તમને સમજાવવાની જરૂર નથી. રૂસો અને ટોલ્સ્ટોયે આની ખૂબ ઠેકડી ઉડાડી છે. એમણે કહ્યું કે "વાહ ભાઈ! શો ભવ્ય સિદ્ધાંત આમણે પ્રતિપાદન કર્યો છે! હવાને સાટે કાંઈ નથી મળતું માટે હવાની કંઈ કીમત જ નથી. હવાને પાણી મફત મળે છે માટે એમનું કશું જ મૂલ્ય નથી!" મેં તમને કહ્યું હતું તેમ એક લેખકે તો ત્યાં સુધી કટાક્ષ કરી નાંખેલો કે "બ્રાંડીની બાટલી બાઈબલ કરતાં મોંઘી મળે છે માટે એ જ વધારે મૂલ્યવાન છે." આ રીતે તો જેને માટે કશી કીમત ખરચવી નથી પડતી તેનું મૂલ્ય જ નથી રહેતું અને જેને સાટે કંઈક મળે છે તે જ મૂલ્યવાન ગણાય છે. આ બદલાવાળો સિદ્ધાંત બહુ ખોટો સિદ્ધાંત મનાયો. એનું શું પરિણામ આવેલું? દરેક વસ્તુ કાં તો વેચવા માટે બને, કાં અદલા-બદલી માટે. સમાજમાં ઉત્પાદન કાં વિનિમય માટે થાય કાં વિક્રય માટે, એવું આમાંથી થયું. આ જ મૂડીવાદી અર્થશાસ્ત્ર છે. આ જૂનવાણી લોકોનું અર્થશાસ્ત્ર છે.

માર્ક્સે આની સામે પોતાનો 'અતિરિક્ત મૂલ્ય'નો સિદ્ધાંત કાઢયો. આમાં એણે શ્રમ-મૂલ્યના સિદ્ધાંતને સ્વીકારી લીધો; પણ રિકાર્ડોની રીતે નહીં રિકાર્ડોની રીત એ કબૂલી શકે તેમ હતું જ નહીં કેમ કે માર્ક્સ તો ક્રાંતિકારી હતો, જ્યારે રિકાર્ડો પુરાણમતવાદી હતો. માર્ક્સને તો ક્રાંતિ કરવી હતી. એટલે એણે ક્રાંતિને માટે પાછલા અર્થશાસ્ત્રીઓ પૈકી રિકાર્ડોનો સિદ્ધાંત: "શ્રમ જ મૂલ્ય છે" તે અપનાવી લીધો. પણ એણે ઉમેર્યું કે શ્રમનું જે મૂલ્ય છે તેનો આજે યોગ્ય બદલો અપાતો નથી. શ્રમ હું કરું ને બદલો નારાયણને મળે એવું છે. મને પણ કંઈક તો બદલો મળે જ છે, પણ તે કેટલો મળે છે? મારી એ ગુલામીનાં મારાં ખોળિયું ને પ્રાણ ભેગાં ટકી રહે તેટલા પૂરતો જ બદલો મને મળે છે.

### શોષણ

—એક ખેડૂત છે. એનો એક બળદ છે. બળદને જોડીને ગાડું ભાડે

ફેરવે છે. રોજના ત્રણ રૂપિયા મળે છે. એમાં ખેંચામણ ઓછામાં ઓછી અઢી રૂપિયા જેટલી હોય છે. પણ એ બળદને કેટલું ખવડાવે છે ? જિવાડવા પૂરતું જ. એનું નભે તેટલા પૂરતું જ ખવડાવે છે. અને બળદના મહેનતાણાનું બાકી વધેલું પૂરેપૂરું ફળ ખેડૂત ભોગવે છે. આ જ exploitation અથવા શોષણ કહેવાય છે.

શોષણ વિશે આપણા લોકોમાં તરેહવાર માન્યતાઓ છે. આપણે અનેક બાબતોને 'શોષણ' ધારી લીધી છે. પણ શાસ્ત્રમાં 'શોષણ' કોને કહે છે, તે મેં તો તમને કહ્યું. માર્કસે પોતાના અર્થશાસ્ત્રમાં આંગળી ચીંધીને આ વસ્તુને 'શોષણ' તરીકે જાહેર કરી છે. માણસને પોતાની મહેનતનો પૂરો બદલો ન મળે તે શોષણ છે. આનું પરિણામ એ આવે છે કે ૧૦૦ માંથી ૯૦ જણને ભાગે કામ જ કામ અને ૧૦૦ માંથી ૧૦ જણને ભાગે આરામ જ આરામ આવે છે. એનાથી એવો સમાજ રચાય છે જેમાં કેટલાકને માટે કામ એ એક લાચારી બની જાય છે, જ્યારે કેટલાક મૂઠીભર લોકોને આરામનો ઇજારો મળી જાય છે. એ લોકો 'આરામ-તલબ' બને છે અથવા આરામ પર જ જીવનારા આરામજીવી લોકો થાય છે. આમ સમાજના બે ભાગલા પડી જાય છે. ઝાઝા બને છે શ્રમજીવી અને થોડા બને છે વિશ્રામજીવી. આને શાસ્ત્રમાં માર્કસની Theory of Surplus Value અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત કહે છે.

### ૫૬. માર્કસમાં પણ પ્રતીકારની લાક્ષણિક ત્રુટિ : "અનર્જિત સંપત્તિ પર કોઇને હક નથી, પણ સ્વાર્જિત સંપત્તિ પર શ્રમને પ્રતિમૂલ્યનો હક છે" : "જરૂર મુજબ દામ"ના સમાજવાદી સિદ્ધાંત સાથે આનો આંતરવિરોધ

માર્કસના આ અતિશય ક્રાંતિકારી સિદ્ધાંતે આપણને આટલે સુધી તો પહોંચાડયા. પછી એને કોઇએ પૂછયું, " શું આનો અર્થ તમે એવો કરો છો કે માણસ જે કાંઈ કમાય તેના પર તેનો હક જ નથી ? "

ત્યારે માર્કસે જવાબ વાળ્યો, " એવું હું કયાં કહું છું ? હું તો કહું છું કે વગર મહેનતની જે કમાણી છે, જે 'અનઅર્ન્ડ ઈન્કમ' છે, તેના પર માણસનો હક નથી. " જેને હરામની કમાઇ કહે છે તેના પર માણસને કશો હક નથી. હરામની કમાઇનો અર્થ શો ? જે પોતાની મહેનતથી નથી મળતી પણ પારકી મહેનતથી મળે છે તે હરામની કમાઈ છે. તો આને માર્કસની પરિભાષામાં અનર્જિત સંપત્તિ ( unearned income ) કહે છે. તેના પર મનુષ્યનો અધિકાર નથી.

" તો પછી માર્ક્સ, તું માણસનો હક શેના પર માને છે ? "

તો એણે કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટોમાં કહ્યું છે, " જે એ પોતાની મહેનતથી રળે છે, તેના પર એનો અધિકાર છે ને તે અધિકાર હોવો જોઇએ. " એમાં એમ પણ કહ્યું છે કે, " અમે બધી જ સંપત્તિનું નિરાકરણ કરી નાંખવા માંગીએ છીએ એવું રખે કોઈ સમજતા. અમે તો તે સંપત્તિનું નિરાકરણ કરવા માંગીએ છીએ, જે પોતાના પરિશ્રમથી પ્રાપ્ત નથી થઈ. પોતાના પરિશ્રમથી, જાતમહેનતથી જે સંપત્તિ મળેલી છે તેનું અમે નિરાકરણ કરવા નથી માગતા. "

હવે, મારું પોતાનું કહેવું એ છે કે આપણે આથી પણ આગળ જવું પડશે. કેમ ? સમાજવાદનો એક બીજો પણ સિદ્ધાંત છે. શો છે ? તો કે' " પરિશ્રમ તો તેટલો કરીશ જેટલી મારામાં શક્તિ છે; અને પરિશ્રમનું પ્રતિમૂલ્ય (બદલો) તેટલું જ લઇશ, જેટલી મારી જરૂરિયાત છે. " મેં આનું એક બહુ સહેલું સૂત્ર બનાવ્યું છે: " જેટલું ગજું તેટલું કામ, જેટલી જરૂર તેટલા દામ–जितनी ताकत उतना काम, जितनी जरुरत उतना दाम ! " આ સમાજવાદનું એક ઘણું મોટું સૂત્ર છે, જેને હું ક્રાંતિકારી અર્થનીતિ કહું છું.

હવે જો તમે એમ કહો કે ' મારી મહેનતની કમાણી પર મારો હક છે, ' તો ' ગજા મુજબ કામ ને જરૂર મુજબ દામ 'ના સિદ્ધાંત સાથે એનો મેળ નહીં ખાય. આમાંથી જ સમાજવાદી રચનાનો આંતરવિરોધ અર્થાત્ સમસ્યાઓ પેદા થાય છે.

સૌથી પહેલી સમસ્યા તો જાણે એ પેદા થઈ કે " તમે જેટલી જરૂરિયાત તેટલા જ દામ આપશો, તો હું જેટલું જરૂરી થઈ પડશે તેટલું જ કામ કરીશ. મારી ગરજ હશે તેટલું જ કરીશ. મારામાં જેટલી શક્તિ છે તેટલું કામ હું શા માટે કરું ? "

મારા મિત્રે કાલે જે ' પ્રેરણાનો પ્રશ્ન ' ઉપાડેલો ને, તે પ્રશ્ન જ્યાં સુધી આખો સમાજ સમાજવાદી બની ન જાય ત્યાં સુધી ગૂંચવનો જ રહેવાનો.*

* મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિમાં રહેલા શોષણની પ્રક્રિયાની પ્રતિક્રિયારૂપે સમાજવાદી વિચાર આવ્યો. અને પ્રતિક્રિયાનું તો હંમેશનું લક્ષણ છે કે એ જેમાંથી જન્મે છે તે મૂળ પ્રક્રિયાના ઘણાં ચિહ્નો તેમાં ઊતરી જ આવે છે. સમાજવાદે મૂડીવાદના શોષણનો વિરોધ કર્યો પણ ઉત્પાદનનાં બીજાં ઘણાંખરાં લક્ષણો તેણે મૂડીવાદનાં જ ઉછીનાં લીધાં. મૂડીવાદમાં ઉત્પન્ન પર મૂડીને સ્વામિત્વનો હક હતો ને તેમાંથી શોષણ થતું હતું, તેથી મૂડીનું સ્વામિત્વ કાઢી

## ૫૭. આંતરવિરોધને પરિણામે જાગતો "પ્રેરણાનો પ્રશ્ન : ઉકેલનો પ્રયત્ન : પ્રતિસ્પર્ધાને સ્થાને પરિસ્પર્ધા : છતાં સમાજવાદી પ્રેરણા અસિદ્ધ : સામ્યયોગની આ પૃષ્ઠભૂમિ છે

આનું પરિણામ આર્થિક ક્ષેત્રમાં શું આવ્યું ? જ્યારે રશિયામાં પ્રયોગો થયા અને આજે ચીનમાં પણ થઈ રહ્યા છે, ત્યારે એમાં એક વાત નીકળી કે ભાઈ, આપણે ત્યાં હરીફાઈ થાય તે તો ખોટું. એટલે જો તમે એમ કહેશો કે દરેકને પોતપોતાના 'કામ પ્રમાણે દામ' આપીશું તો તો જબરી હરીફાઈ જામશે અને જબરી મુશ્કેલી ઊભી થશે. આવું થાય તે તો ઠીક નહીં. આમ એ લોકો સામે મોટો સવાલ ખડો થયો. એમણે એમાંથી માર્ગ કાઢ્યો. હું એને 'કોમ્પ્રોમાઇઝ'–બાંધછોડ કહું છું.

### બાંધછોડ અને સમન્વય વચ્ચેનો ભેદ

તમે કોમ્પ્રોમાઈઝ (બાંધછોડ) અને સિન્થેસિસ (સમન્વય) એ બે વચ્ચેનો ભેદ બરાબર સમજી રાખજો. એ બે સાવ જુદી જુદી વસ્તુઓ છે. હું જ્યારે એમ કહું છું કે આપણે દુનિયાના જુદા જુદા વિચારો સાથે સમન્વય કરવાનો છે ત્યારે એમ ન સમજતા કે હું બાંધછોડ કરવાનું કહું છું. બાંધછોડ બે વિરોધી વિચારો વચ્ચે થાય છે. હું થોડું છોડું છું, તમે થોડું છોડો છો ને આપણે અડધે રસ્તે મળીએ છીએ. આમાં ઘણે ભાગે એમ જ બને છે કે મારી વાતનો ઉપયોગી ભાગ હું પડતો મૂકું છું ને તમારી વાતનો ઉપયોગી ભાગ તમે પડતો મૂકો છો. બંનેના નકામા ભાગ સંધાઈ જાય છે ને કામના રહી જાય છે. લોકો આને 'બાંધછોડ' કહે છે. ચૂંટણીના દિવસોમાં 'સંયુક્ત મોરચા' રચાય છે ને ? એ કાંઈ સમન્વયથી નથી રચાતા, બાંધછોડથી

---

સમાજવાદે શ્રમનું સ્વામિત્વ માન્યું. પણ તેમાંયે સ્વામિત્વ ન ગયું, સમાજવાદની મૂળ ભાવના સાથે સ્વામિત્વ વિસંગત હતું છતાં એ રહી ગયું. અને આમ સમાજવાદમાં પણ ઉત્પાદનની પાછળ સ્વામિત્વની એટલે કે ભોગવટાની ભાવના રહી ગઈ. સમાજવાદના આ આંતરવિરોધમાંથી 'પ્રેરણાનો પ્રશ્ન' જન્મ્યો. ઉત્પાદન પદ્ધતિ તે જ રહી અને શ્રમના અતિરિક્ત મૂલ્ય પર શ્રમવતી રાજ્યનું સ્વામિત્વ આવ્યું. પરિણામે આર્થિક અસમાનતાને સ્થાને સત્તાની અસમાનતા આવી ગઈ. જૂના મૂડીવાદી વર્ગને બદલે નવો સત્તાધારી વર્ગ આવ્યો. સંઘર્ષનો સ્તર બદલાયો, પણ સંઘર્ષ અને ભેદ તો રહ્યાં જ: ક્રિયા–પ્રતિક્રિયાની રીતે થતા પરિવર્તનનું આ અનિવાર્ય લક્ષણ છે. માટે ક્રાંતિની પ્રક્રિયા એવી શોધવી જોઇએ જેમાં માત્ર બાહ્ય પ્રતિક્રાંતિ જ નહીં, પણ આંતરિક પ્રતિક્રિયાનો સંભવ પણ શક્ય તેટલો નાબૂદ થાય. તે માટે ક્રાંતિની પ્રેરણા આઘાત પ્રત્યાઘાતથી પર વ્યાપક સમદર્શનમાં હોવી જોઇએ, ક્રાંતિની પ્રક્રિયા પ્રતિઘાતથી પર રહી આખા સમાજનું પરિવર્તન કરનારી હોવી જોઇએ અને ક્રાંતિની સિદ્ધિ સમન્વયાત્મક અને સમત્વયુક્ત હોવી જોઇએ. સં.

રચાય છે. હવે આ બાંધછોડ અને પેલી બીજી બાંધછોડ વચ્ચે પણ ફેર છે. પરિસ્થિતિમાં અમુક મર્યાદાઓ હોય છે. એ મર્યાદાઓમાં આપણી શક્તિ કેટલે પહોંચે તેમ છે, એ વિચારવું ને ગજું વિચારીને પગલું ભરવું એ વસ્તુ આ સોદાબાજી કરતાં જુદી છે. આદર્શ કદી પૂરેપૂરો અમલી બનતો નથી. કારણ પરિસ્થિતિ કદી પૂરેપૂરી પાકેલી નથી હોતી. પરિસ્થિતિ પ્રમાણે આદર્શ સિદ્ધ થાય છે. વ્યવહારુ આદર્શવાદી પુરુષાર્થ પૂરેપૂરો કરે છે છતાં નમ્રતાથી દૈવ (પરિસ્થિતિ) આપે તેટલું ફળ સંતોષપૂર્વક ગ્રહણ કરે છે ને કહે છે : એક ડગલું બસ થાય. સાચો ક્રાંતિકારી કદી સિદ્ધિવાદી નથી હોતો. આમ અમુક સંયોગોમાં પ્રયત્ન જેટલો ફળે તેટલાને સ્વીકારીને આગળ ચાલવું એમાં સિદ્ધાંતને પડતો મૂકવાપણું નથી. સિદ્ધિવાદી બાંધછોડમાં સિદ્ધાંતને પડતો મૂકી આસક્તિપૂર્વક સિદ્ધિના મૃગજળ પાછળ દોડવા જેવું હોય છે. તો સમન્વય, વિરોધી સાથેની સિદ્ધાંતરહિત બાંધછોડ અને સંયોગો સમજીને ગજા મુજબ આગળ વધવું, એ ત્રણેયનો મેં ફોડ પાડયો.

## પ્રતિસ્પર્ધાને બદલે પરિસ્પર્ધા

તો રશિયા સામે એ સવાલ ખડો થયો કે આપણી પરિસ્થિતિ કેવી છે અને આપણે એમાં કેટલી ફાળ ભરી શકીએ તેમ છીએ. અને લેનિન તો લાંબું જીવ્યો નહીં એટલે આ સવાલ મુખ્યત્વે તો સ્ટાલિનના જમાનામાં ઊભો થયો. ત્યારે એક નવી વાત નીકળી કે ભાઈ, હરીફાઈ છોડી દો, 'કોમ્પિટીશન' છોડી દો અને 'સોશ્યલિસ્ટિક એમ્યુલેશન' ચાલવા દો. આપણે ત્યાં હરીફાઈ કહેતાં પ્રતિસ્પર્ધા નહીં થાય પણ 'એમ્યુલેશન' કહેતાં પરિસ્પર્ધા ચાલશે. (પ્રતિ=સામે, વિરોધમાં; પરિ=સાથે.)

પ્રતિસ્પર્ધામાં શું બને છે ? હું નારાયણને મારાથી આગળ જવા દેતો નથી અને જો નારાયણ મને આંબી ગયો તો ? મારા દિલમાં પહેલી ઇચ્છા તો એનો ટાંટિયો ભાંગી નાંખવાની જ થાય છે. મારે ગમે તેમ કરીને એના કરતાં આગળ જવું જ જોઇએ ! આને હોડ, હરીફાઈ, પ્રતિસ્પર્ધા કે પ્રતિયોગિતા કહે છે. એ મૂડીવાદનો સિદ્ધાંત છે.

પરિસ્પર્ધા એટલે શું ? હું, નારાયણ અને પ્રબોધ—એ ત્રણમાં પ્રબોધના અક્ષર સૌથી સારા છે. હું અને નારાયણ પ્રબોધની બરોબરી કરવાની કોશિશ કરીએ છીએ. જે ઉત્કૃષ્ટ હોય, જે સૌથી સારું હોય, એના જેવા થવાનો બાકીના લોકો પ્રયત્ન કરે એ 'સમાજવાદી પરિસ્પર્ધા' કહેવાય છે.

તો રશિયાવાળાએ પરિસ્પર્ધાનો સિદ્ધાંત અપનાવ્યો. સ્ટેકેનોવ એ વિચારનો પ્રતિનિધિ થયો. પણ એમાંથી નીતિ શી ઘડી કાઢી? એ જ નીતિ ઘડાઈ જેનો ડર હતો : Wages according to work–કામ તેવા દામ. એટલે પાછી Wage slavery–દામ–ગુલામી આવી ગઈ. દામને માટે (મૂડીને માટે) કામ કરવાની જે ગુલામી હતી તે તો જાણે ગઈ, પણ જેવું ને જેટલું કામ તેવા ને તેટલા દામ, એ વાત પાછી આવી. આવી વચગાળાની પરિસ્થિતિ સુધી અત્યારે એમના પ્રયોગ અને વ્યવહાર આવી શકયા છે. રશિયામાં અને ચીનમાં પણ આજે જે પ્રયોગ ચાલી રહ્યા છે તે આ જ સિદ્ધાંત પ્રમાણે ચાલી રહ્યા છે.

હવે આથી આગળ 'સોશ્યલિસ્ટિક ઇન્સેન્ટિવ–સમાજવાદી પ્રેરણા'ની દિશામાં આપણે કઈ રીતે આગળ વધી શકીએ એ જોવાનું છે. અહીં સુધી આવ્યા છીએ એનો અર્થ એ નથી કે અહીં જ આપણે કૂચ થોભાવીને 'તાલ સે કદમ' કર્યા કરવાનું છે. આપણે આથી આગળ જવાનું જ છે. પણ તે પહેલાં હાલત સમજી લેવાની છે.

મૂડીવાદમાં શું હતું? ઓછામાં ઓછું કામ અને વધુમાં વધુ દામ. રશિયાવાળા એને તો વટાવી ગયા. સમાજવાદનો મૂળ સિદ્ધાંત એ હતો કે ગજા મુજબ કામ ને જરૂર મુજબ દામ. એને તો લોકો હાલ અમલી રૂપ આપી શકયા નથી. એટલે લેનિનના 'બે કદમ આગે, એક કદમ પીછે'ના સૂત્ર મુજબ મૂડીવાદથી બે કદમ જેટલી આગેકૂચ કરીને અને સમાજવાદના મૂળ આદર્શ કરતાં એક કદમ પાછા હઠીને આ એક મુકામે આવીને ઊભા; માત્ર એ લોકો જ નહીં, આપણે બધા આવી ઊભા.

### ૫૮. સામ્યયોગી વિચાર : શ્રમ ઉત્પાદકનું વ્રત : ઉત્પન્ન પર ઉત્પાદકનું સ્વામિત્વ નહીં પણ સમાજનું–संपति सब रघुपति कै आही

આમ થવાનું મુખ્ય કારણ શું હતું? મુખ્ય કારણ એ હતું કે એ સિદ્ધાંતમાં મૂળે થોડી ત્રુટિ રહી ગઈ હતી. સિદ્ધાંત શો માનેલો? કે શ્રમ જ મૂલ્ય છે અને એ શ્રમનું જે અતિરિક્ત મૂલ્ય પડાવી જાય છે તે શોષક છે. એના શોષણનું નિરાકરણ કરવા માટે એ અતિરિક્ત શ્રમમૂલ્યનું પરિહરણ થઈ જવું જોઈએ. પણ આમાં મુદ્દો એ રહી જતો હતો કે શું શ્રમ એવું મૂલ્ય રહેશે ખરું કે જેનું પ્રતિમૂલ્ય (વળતર) એ શ્રમ કરનાર વ્યક્તિને મળવું જરૂરી ગણાય?

જાતમહેનતની કમાણી પર પણ શું માણસનો હક લાગશે? તો અહીં આપણું સૂચન એ છે કે શ્રમ પણ પ્રતિમૂલ્યને માટે નહીં હોય. શ્રમ આપણું કર્તવ્ય હશે અને શ્રમનું ફળ આખા સમાજનું હશે. ગાંધીએ આને શરીરશ્રમનું વ્રત કહ્યું. શરીરશ્રમ આપણું વ્રત હશે. યુરોપિયન સમાજવાદમાં દાખલો શોધીએ તો આ એક જાતનું સેઇન્ટ સાયમનિઝમ છે. સેઇન્ટ સાયમને કહેલું કે Our work shall no longer be our necessity, now it shall be our virtue. પરિશ્રમ આપણે :માટે ગરજને બદલે ચારિત્ર્ય સ્વરૂપ બની જવો જોઇએ. પરિશ્રમ જ આપણો ગુણ હશે. અને ભગવદ્‌ગીતાના શબ્દોમાં દરેકનું વિશિષ્ટ કર્મ જ દરેકનો સ્વધર્મ હશે. ભગવદ્‌ગીતાએ એની આ પ્રમાણે પરિભાષા કરી હતી. પણ હું તો મારી રીતે આને પણ એક સામાજિક મૂલ્યને સ્વરૂપે તપાસીશ.

ઉત્પાદક પરિશ્રમ સામાજિક મૂલ્ય ક્યારે બને? જ્યારે પરિશ્રમ મારું વ્રત હોય અને પરિશ્રમના ફળ પર મારો એટલે કે ઉત્પાદકનો નહીં પણ આખા સમાજનો અધિકાર હોય, ત્યારે ઉત્પાદક પરિશ્રમ સામાજિક મૂલ્ય બની જાય. શ્રમના મૂલ્યને અંગે આપણે જો આ એક પગલું આગળ ભરી શકીશું, તો જ એ અને સમાજવાદના પેલા મૂળભૂત આદર્શ એ બેની વચ્ચેના વિરોધાભાસનું સમાજમાંથી નિરાકરણ કરી શકાશે. વિરોધ શો હતો? સમાજવાદનો આદર્શ હતો કે શક્તિ પ્રમાણે કામ કરીશું ને જરૂર પ્રમાણે દામ લઇશું, જ્યારે શ્રમમૂલ્યમાં તો જેટલું કામ તેટલા દામ માન્યા. આ આંતરિક ગૂંચને આપણે ઉકેલી નાંખવાની છે.

તો મેં આપની સામે બંને વાતો મૂકી દીધી:

માર્ક્સે આપણને શું શીખવ્યું? સમાજને એણે એવી તે કઈ વાત આપી કે જેને આપણે ક્રાંતિકારી કહી શકીએ? પહેલું તો એણે એ કહ્યું કે ગરીબી–અમીરી ભગવાનની સરજત નથી. ગરીબી–અમીરી ધર્મ હોઈ ન શકે અને હોય તો એ ધર્મને જ નશો માની લેવો જોઈએ. ગરીબી–અમીરી વિકાસક્રમમાં આવ્યાં છે, અને એ વિકાસક્રમમાં જ સૃષ્ટિના નિયમો મુજબ ને ઐતિહાસિક ઘટનાક્રમ મુજબ એમનું નિરાકરણ થવાનું છે, અને તે પણ ગરીબોના પુરુષાર્થથી થવાનું છે. આવો એક જબરો આશાનો પેગામ એણે આપણને આપ્યો. આ ગરીબી અને અમીરીના નિરાકરણ માટે એક નવા ક્રાંતિકારી અર્થશાસ્ત્રનો પણ સૂત્રપાત એણે કરી દીધો. આ નવા ક્રાંતિકારી અર્થશાસ્ત્રની એક બાજુ પણ મેં રજૂ કરી દીધી છે. માર્ક્સે

આપણી સામે એ જ બે બાજુઓ મૂકી હતી. એક તો એ કે મનુષ્યની જીવિકા (ધંધા)માં પરિવર્તન થાય તે મુજબ એના જીવનમાં પણ ઘણું મોટું પરિવર્તન થાય છે. આ કાંઈ માર્કસનું પૂરું કથન નથી, પણ એને દુનિયા આમ સમજી છે કે મનુષ્યની જેવી જીવિકા હોય છે તેવા તેના સંસ્કાર બને છે અને તેવું જ તેનું જીવન બને છે. માટે જીવિકાના ઉપાર્જનની પદ્ધતિમાં જ્યારે પરિવર્તન થાય છે ત્યારે ક્રાંતિ થાય છે. જીવિકાના ઉપાર્જનની પદ્ધતિમાં પરિવર્તન તો મનુષ્ય કરશે, પણ આજના મૂડીવાદમાં એ ફેરફાર કયા સિદ્ધાંતોને આધારે થશે ? તો એણે કહ્યું કે જે સંપત્તિ કેવળ બદલા માટે હોય છે તે ખોટી સંપત્તિ છે. જેનું પ્રતિમૂલ્ય મળે તેને જ સંપત્તિ માની છે એ ખોટું છે. શ્રમ જ મનુષ્યની સંપત્તિ છે, કેમકે સંપત્તિનું નિર્માણ શ્રમથી થાય છે. હવે જો શ્રમ સંપત્તિ હોય, તો એનું મનુષ્યને પ્રતિમૂલ્ય મળવું જોઈએ. જે શ્રમ કરે છે તેને એનો બદલો મળવો જોઈએ. પણ આજે શું થાય છે ? આજે તો જે શ્રમ કરે છે તેને એનો પૂરો બદલો જોવા મળતો જ નથી. એ થોડુંક પામે છે અને બાકીનું અતિરિક્ત મૂલ્ય તો માલિક પડાવી જાય છે. આ શોષણના નિરાકરણને માટે આ અતિરિક્ત મૂલ્યને માલિકના કબજામાં જતું અટકાવવું જોઈએ. આવી ક્રાંતિ આપણે કરવી પડશે. માર્કસે આપણને આવો વિચાર આપ્યો.

અહીં મેં આપની સામે એક બીજો વિચાર રજૂ કર્યો. માર્કસના અને સમાજવાદના વિચારોમાં એક વાત હતી કે તાકાત મુજબ કામ કરો અને જરૂરત મુજબ દામ લો. જો જરૂરત મુજબ દામ મારે લેવાનાં હોય તો મારી મહેનતનો પૂરો બદલો મને મળવો જોઈએ એ સિદ્ધાંત આપણે સ્વીકારી શકીએ નહીં. તો સિદ્ધાંત શો હોવો જોઈએ ? "મહેનત મારું વ્રત હશે, શ્રમને મારું કર્તવ્ય માનીશ. એમ શ્રમના પ્રતિમૂલ્યનું સામાજીકરણ થઈ જશે. હવે કોઈ એને 'નેશનલાઇઝેશન' કહેશે, કોઈ 'કોમ્યુનાઇઝેશન' કહેશે. તમારે જે નામ આપવું હોય તે આપજો, વિનોબા જેવો માણસ કહેશે: "સંપત્તિ સબ રઘુપતિ કૈ આહી." અર્થાત્ આપણી મહેનતનું જે કાંઈ ફળ હશે તે ભગવાનનું માનીએ. ફળ મહેનત કરનારાનું પણ ન માનીએ. આને મેં ઉત્પાદક શરીરશ્રમનું વ્રત કહ્યું છે.

★

વાચકના સ્વાધ્યાય-ટિપ્પણ માટે :

૭

# સામ્યવાદ અને સર્વોદય

★

૫૯ સામ્યવાદ અને સર્વોદય વચ્ચે કશી કુસ્તી નથી.

૬૦ સામ્યવાદ કહે છે : "ક્રાંતિ માટે હિંસાને અનિવાર્ય આપદ્ધર્મ માનો" : એનો જવાબ દલીલથી નહીં, પણ પ્રયોગથી જ આપી શકાય.

૬૧ ક્રાંતિના કાર્યક્રમમાં જ જનતાના પરિવર્તનની ચાવી હોવી જોઇએ.

૬૨ નિ:શસ્ત્રમાં ચેતના લાવવા એની લાચારીને અહિંસક જનક્રાંતિના અવસરમાં પલટી નાંખીએ: કેમકે અહિંસા આજની પ્રકૃતિ, પરિસ્થિતિ, શાસ્ત્ર તથા આકાંક્ષાને અનુરૂપ છે: અહિંસા કોઇ વાદ નથી.

૬૩ અહિંસક ક્રાંતિનો વિચાર સામ્યવાદના ભયમાંથી નથી જન્મ્યો : કારણ વિચારમાં અભય ન હોય તો અહિંસા થોથવાય છે.

૬૪ ગાંધીની અંત:સ્ફૂર્ત અહિંસાને આપણે નિરુપાયે બાહ્ય વર્તનની પૉલિસી તરીકે અંગીકારી : તેથી બાહ્ય પરિણામ મળ્યું, આંતરિક અધૂરું રહ્યું.

૬૫ સ્વરાજ્ય ક્ષેત્રે ગાંધીના પ્રયોગ પછી આર્થિક ક્ષેત્રે વિનોબાનો પ્રયોગ : ગરીબના પુરુષાર્થથી અને અમીરના અવિરોધથી સત્તાનિરપેક્ષ જનક્રાંતિ.

૬૬ અમીરનો સહકાર મળી શકે ખરો ? હા, વર્ગરચના બદલાઇ છે, તેની સાથે ક્રાંતિની ભૂમિકા પણ બદલાઈ છે.

[ સાબરમતી આશ્રમના આ વિચાર-શિબિરમાં વિવિધ પક્ષો ને વર્ગોના પ્રતિનિધિરૂપ કાર્યકર્તાઓએ ભાગ લીધેલો ને સર્વોદય કાર્યકર્તાઓ સાથે ચર્ચા-વિચારણા કરેલી. એમાં ગુજરાતના જાણીતા સામ્યવાદી શ્રી. દિનકર મહેતા પણ હતા. એમણે પોતાના વિચારો રજૂ કર્યા તે પછી દાદાએ આ પ્રવચન આપેલું. સં.]

## ૫૯. સામ્યવાદ અને સર્વોદય વચ્ચે કશી કુસ્તી નથી

દિનકરભાઈ અહીં આવ્યા તે બહુ સારું થયું, એમ તમને પણ મારી જેમ લાગ્યું હશે. આપણે જેને બુદ્ધિની ઉદારતા–Charity of Judgment કહીએ છીએ તે સર્વોદયના વિચારકોમાં હજી બહુ ઓછી છે. આમા એમ ન સમજશો કે હું દાદા ધર્માધિકારીને બાકાત રાખીને વાત કરું છું. હું જ્યારે તમારા તરફથી વાત કરું છું ત્યારે મને પણ ભેગો ગણી જ લઉં છું. સર્વોદય વિચાર પ્રમાણે બૌદ્ધિક પ્રામાણિકતાનું સહુથી મોટું લક્ષણ એ છે કે જેમ જેમ બુદ્ધિમાં નિષ્ઠા વધતી જાય તેમ તેમ આગ્રહ ઘટતો જાય. વિચારસરણીની પણ એક આસક્તિ હોય છે, તે ઘટતી જાય છે અને સત્યની નિષ્ઠા વધતી જાય છે.

લોકોએ માની લીધું હતું કે હવે દુનિયામાં બે જ મલ્લ રહી ગયા છે. એક તો સામ્યવાદી કૉમ્યુનિસ્ટો અને બીજા ગાંધીવાળા સત્યાગ્રહવાદીઓ. આ બે જ હરીફ રહી ગયા છે. આમાંથી ગમે તે એક જણ બીજાને હરાવે તો બાકીના બીજા તો પહેલાં જ હારી ચૂક્યા છે. શાસ્ત્રની પરિભાષામાં આને એક જાતનો 'ન્યાય' કહે છે ને એને નામ પણ જબરું આપ્યું છે–'પ્રધાન–મલ્લ-નિર્બહણ-ન્યાય'.* છે ને મોઢું ભરાઈ જાય એવું નામ! પેલા શાસ્ત્રાર્થ થાય છે ને, તે આ પ્રધાનમલ્લ-નિર્બહણ માટે થાય છે. પણ અહીં આપણે તો એને બદલે સહવિચાર માટે ભેગા થયા છીએ. આ જે આપણું હસ્તધૂનન થઈ રહ્યું છે તે કુસ્તી પહેલાની સલામી નથી. એ રીતે હું આને વધાવું છું અને દિનકરભાઈનો આભાર માનું છું. હું તો સાથીઓ અને સંગાથીઓ જોડે ચાલનારો માણસ છું. એકલા ચાલવામાં મને મઝા નથી પડતી.

## ૬૦. સામ્યવાદ કહે : "ક્રાંતિ માટે હિંસાને અનિવાર્ય આપદ્ધર્મ માનો": એનો જવાબ દલીલથી નહીં પણ પ્રયોગથી જ આપી શકાય

દિનકરભાઈએ આપણને ક્યાં સુધી લાવીને મૂક્યા? ત્યાં સુધી કે લડાઈ–ઝઘડા કે બાથંબાથા વગર જો પરિવર્તન થઈ જાય તો એથી રૂડું શું?

* એટલે કે મોટો મલ્લ કોણ છે તે નક્કી કરવા માટે કુસ્તીનું દંગલ થાય, તે રીત.

સાકરથી ખાંસી મટતી હોય તો ફટકડીનો ખપ નથી. મટશે કે નહીં, ફટકડી ખાવી પડશે કે નહીં, એ એમની અને આપણી નિર્ણય-શક્તિના અને નિરીક્ષણ-શક્તિના તફાવત પર આધાર રાખે છે. જેનો નિર્ણય કોઈ પ્રયોગશાળામાં ન થઈ શકે એની પ્રયોગશાળા એક જ છે અને તે ક્રાંતિની પ્રક્રિયા અને સામાજિક જીવન ત્યાં જ એનો ફેંસલો થશે. એનો ફેંસલો કોઈ પ્રયોગશાળામાં નહીં થાય. અને લેનિને કહ્યું હતું તેમ ક્રાંતિનો ફાલ કોઈ hot-houseમાં (ફળ પકવવાના ગરમ ઓરડામાં) પણ નહીં પાકે.

હવે, આપણી પાસે જે માનવ છે, જે સમાજ છે, it's the leavings of humanity by the capitalist society—તે પૂંજીવાદે લોહી ચૂસીને ફેંકી દીધેલાં માનવતાનાં છોતરાં છે. આ માનવતાનાં છોતરાં તે જ આપણાં સાધન-સામગ્રી છે. પણ નવી ક્રાંતિ માટે નવા માણસો કેરીને જેમ ઘાસમાં મૂકીને કે કેળાંની જેમ 'હોટ હાઉસ'માં મૂકીને પકવી શકાય તેમ નથી. એ માટે ક્રાંતિના ક્ષેત્રમાં જ ઊતરવું પડે છે, પ્રયોગ કરવા પડે છે અને એમાંથી જ મનુષ્ય ઘડાય છે. તો આજે આપણે વધુ વાદવિવાદમાં ન પડીએ.

ઠીક, તો આપણે ક્યાં સુધી આવ્યા હતા? એમણે કહ્યું કે જો અહિંસક રીતે ક્રાંતિ થઈ શકે તો ઇચ્છનીય છે; ઇષ્ટ છે. પણ જો તમે એમ કહો કે હિંસા નિષિદ્ધ છે, તો એ માનવાની એમની તૈયારી નથી. કહે છે કે કંઈ નહીં તો હિંસાને આપદ્‌ધર્મ તો માનો! આપદ્‌ધર્મ એટલે જે વસ્તુ અનિવાર્ય હોય તે, જે ટાળી ન ટળે અને જેને જો આજે ટાળી જઈએ તો આગળ ઉપર ગાડું ખોટકાઈ પડે તે. આને સમજાવવા માટે વારેઘડીએ અપાય છે તે ઉદાહરણ આપીશ.

—વાઢકાપ કરનારો ડૉક્ટર મને કહે, "દાદા, આજે જો તારી આંગળી નહીં કપાવે તો આગળ જતાં પગ કાપવો પડશે અને નહીં તો પાછળથી તો શરીર જ કાપી નાંખવું પડશે! એટલે આંગળી કપાવીને ઊગરી જવાનો મોકો આજે છે, પછી ક્યારેય નહીં મળે. તો બોલ, નસ્તર મૂકું કે ન મૂકું?"

હવે કહો, આનો તે શો જવાબ આપવો? સામ્યવાદનો આવો જ સવાલ આપણી સામે છે. આ સવાલનો જવાબ દલીલથી નહીં આપી શકાય, શાસ્ત્રાર્થથી પણ નહીં આપી શકાય, પ્રયોગથી જ આપી શકાશે, કરી બતાવીને જ કહી શકાશે.

## ૬૧. ક્રાંતિના કાર્યક્રમમાં જ જનતાના પરિવર્તનની ચાવી હોવી જોઇએ

ત્યારે, સામ્યવાદીઓ પાસેથી લઈ શકાય એવી કઈ કઈ વાત છે? એ કે ક્રાંતિ કૃત્રિમ રીતે ન થઈ શકે, કોઈ પર લાદી ન શકાય. માર્ક્સે આપણને એક વાત એ શીખવી કે જેનો સ્વાર્થ ક્રાંતિને અનુકૂળ હોય એનું સંગઠન કરી નાંખીએ તો ક્રાંતિની પ્રક્રિયા સ્વાભાવિક અને સુલભ થઈ જાય. જે ગરીબ છે, શ્રમજીવી છે, એમને ગરીબીનું નિરાકરણ કરવું છે. એટલે એમનું સંગઠન કરો. આમાં મેં એક વાત તમને કહી કે ગરીબની પુરુષાર્થની પ્રેરણામાં, એની ચેતનામાં, ક્રાંતિકારી તત્ત્વોનો પણ સમાવેશ થવો જોઇએ. તો આજે સવારે જે માન્યતાની વાત મેં કહેલી કે પહેલાં ક્રાંતિ થઈ જશે અને પછી આજના શ્રમિકોમાં સમાજવાદી પ્રેરણા પેદા થશે, જેને transitional period (વચગાળાનો સમય) કહે છે, તેને દિનકરભાઇએ 'સંક્રમણકાળ'ના નામથી આપણી સમક્ષ મૂકી. પણ એ absolute એટલે કે જ્યાં જરાયે મીનમેખ ન ચાલે એવો અબાધિત સિદ્ધાંત નથી; નથી એમનો, નથી મારો. 'સંક્રમણકાળ' એ કોઇનો પણ અબાધિત સિદ્ધાંત ન હોઈ શકે. કારણ કે એ છે જ સંક્રમણના કાળ પૂરતો અર્થાત્ વચગાળાના સમય પૂરતો. અહીં હિંદુસ્તાનમાં જો ક્રાંતિ સરમુખત્યારી વગર થઈ જાય, તો એ શું એમ કહેશે કે એકાદ ગામાને શોધીને પણ સરમુખત્યાર તો બનાવો જ બનાવો? અને ધારો કે બનાવ્યો, તો તો એ બનાવેલો અર્થાત્ બનાવટી સરમુખત્યાર થવાનો! અને બનાવેલો સરમુખત્યાર સરમુખત્યાર જ નથી હોતો.

એટલે જ્યારે આપણે કહીએ છીએ કે આ વચગાળાનો સમય છે, સંક્રમણકાળની પરિસ્થિતિ છે, ત્યારે એમ બને છે કે બંને તરફના જે વૈજ્ઞાનિકો હોય છે, ગણિત ગણનારા હોય છે, એ લોકો લેખાં ગણવા માંડે છે કે આમ આમ ક્રાંતિ કરવી પડશે. મેં તમને કહ્યું હતું કે ક્રાંતિની પ્રક્રિયામાં જ એક એવી યોજના હોવી જોઇએ કે જે ક્રાંતિકારી હોય. ક્રાંતિકારી પક્ષની વાત નથી કરતો, ક્રાંતિકારી યોજનાની વાત કરું છું.

ક્રાંતિકારી પક્ષનું હૃદય-પરિવર્તન તો પહેલાં જ થઈ જવું જોઇએ. એ વાત તો એ લોકો પણ માને છે ને હું પણ માનું છું. એમાં તો કશો મતભેદ ન હોઇ શકે. લેનિનનું હૃદય-પરિવર્તન ન થયું હોત, તો એ ક્રાંતિ કરત ખરો? ક્રાંતિકારીનું પોતાનું હૃદય-પરિવર્તન અને મતપરિવર્તન થઈ જ જાય છે. જેનું હૃદય-પરિવર્તન થઇ ચૂક્યું છે એમનો જ ક્રાંતિકારી પક્ષ કહેવાય છે.

હવે હું તો વધુમાં એમ કહું છું કે જે જનતા માટે, જે સામાન્ય નાગરિક વતી, આપણે ક્રાંતિ કરીએ છીએ તેમને માટે ક્રાંતિની પ્રક્રિયામાં જ એવી યોજના હોવી જોઈએ કે જેનાથી સાથોસાથ એમનું હૃદય-પરિવર્તન પણ થતું જાય; પુરુષાર્થની સાથે સાથે નવચેતના પણ આવતી થાય. આમ શાથી કહું છું તે પણ સ્પષ્ટ કરી દઉં.

**૬૨. નિ:શસ્ત્રમાં ચેતના લાવવા એની લાચારીને અહિંસક જનક્રાંતિના અવસરમાં પલટી નાંખીએ: કેમકે અહિંસા આજની પ્રકૃતિ, પરિસ્થિતિ, શાસ્ત્ર તથા આકાંક્ષાને અનુરૂપ છે: અહિંસા કોઈ વાદ નથી**

તમારી સામે એમણે બીજી એક વાત પણ મૂકી. જેને parting of the ways—રસ્તા ફંટાવા કે માર્ગાન્તર કહે છે, તે અહીંથી એમના અને મારા મત વચ્ચે શરૂ થાય છે. રસ્તો ફંટાય છે એનો અર્થ એ નથી કે આખી નીતિ કે સિદ્ધાંત બદલાઈ જાય છે. પણ હા, એક જુદો ચીલો પડે છે. એમણે એમ કહ્યું કે નિરુપાયે એટલે કે હિંસા કરવાની શક્તિ નથી માટે, જો અહિંસાનો રસ્તો પકડશો તો એ તો જન્મની ખોડ લઈને અવતરેલો ગુણ ગણાશે! વળી એનો અર્થ એવો તો ખરો જ ને કે અહિંસાનો રસ્તો Second best—બીજા નંબરનો છે?

વાત તો ખરી. શસ્ત્ર નથી માટે નિ:શસ્ત્ર પ્રતિકાર ને શસ્ત્ર હોત તો? તો ઉત્તમ પથ્ય શસ્ત્ર. નથી માટે નિ:શસ્ત્ર પ્રતિકાર. આમ નિ:શસ્ત્ર હોઈએ ને અહિંસક બનીએ તો અહિંસા ગૌણ થઈ જાય છે. સત્યાગ્રહ પણ ગૌણ થઈ જાય છે. પેલા પાસે શસ્ત્રાસ્ત્ર છે, જનતા પાસે નથી, માટે જનતા લાચાર છે. અને જો અહિંસા લાચાર ને કમજોરનું હથિયાર બનશે, તો આગળ ઉપર પણ અહિંસામાં કાંઈ શક્તિ નહીં આવે. ગાંધી આને કમજોરની અહિંસા—Non-violence of the weak—કહેતા હતા. જો આ કમજોરની અહિંસા બની જશે તો એમાં ક્રાંતિકારી શક્તિ નહીં આવે.

હું દિનકરભાઈની વાતનો મારી ભાષામાં અનુવાદ કરી રહ્યો છું. આનું નિરાકરણ મેં સવારે તમારી સમક્ષ રજૂ કર્યું હતું તે એ હતું કે જે લાચારી હોય તેને મનુષ્ય જો અવસરમાં ફેરવી નાંખે તો આપણે કહીશું કે એનામાં ચેતના આવી ગઈ. માર્કસવાદી પરિભાષામાં એને Consciousness કહે છે. કહે છે કે એનામાં ચેતના આવી ગઈ, સ્ફૂર્તિ આવી ગઈ. આમ ક્યારે કહે છે? જ્યારે એ લાચારી ને અવસરમાં ફેરવી નાખે છે ત્યારે, ભૂખને ભૂખ હડતાલમાં ફેરવી નાંખે ત્યારે. અને લાચારી ને અવસરમાં શા માટે ફેરવવી તેનું કારણ તમારી સામે રજૂ કરું.

એમણે હિંસાને અનિવાર્ય ભલે માની લીધી હોય–એમણે એટલે કે જે લોકો સશસ્ત્ર ક્રાંતિને નિષિદ્ધ નથી માનતા એવા લોકોએ—અમુક એક પરિસ્થિતિમાં એમણે હિંસાને અનિવાર્ય ભલે માની લીધી હોય, પણ આજની દુનિયામાં શસ્ત્ર અને હિંસાને કોઈ પણ ઇચ્છનીય તો નથી જ માનતું. એમણે કહ્યું કે "એ અનિષ્ટ ભલે હોય પણ આવશ્યક થઈ પડે છે. જો અહિંસાથી કામ થતું હોય તો તે ઇષ્ટ છે, વાંછનીય છે. પણ નહીં થાય તો અમે એમ નથી કહેવાના કે અમે અમારું ધ્યેય છોડી દઈએ છીએ. ઉદ્દેશ પડતો મૂકીએ છીએ. અહિંસાથી નથી થતું માટે ચૂપ બેસીએ અને અવસર ચૂકી જઈએ, એમ અમે નહીં કહીએ."

અહીં હું માનું છું કે એમની સાથે વિવાદ કરવાની કોઈ જરૂર નથી. વિવાદ આપણે કરવો પણ ન ઘટે અને તેય જ્યારે એ લોકો આટલે સુધી માનવા તૈયાર હોય ત્યારે. હું લોકોને કહેતો જ આવ્યો છું કે દુનિયામાં હિંસાવાદી (એટલે હિંસા જ સાચી છે એમ માનનાર) કોઈ નથી હોતું. પોતાના કામ માટે હિંસાની જરૂર છે એટલું જ એ માને છે. અને વળી એમ પણ માને છે કે થોડામાં થોડી હિંસા કરીશ. સામ્યવાદી અને સમાજ-વાદીઓની જ વાત નથી કરતો, અત્યાચારીમાં અત્યાચારી મનુષ્ય પણ હિંસાનું સમર્થન એ રીતે જ કરે છે કે મેં મારી પરિસ્થિતિમાં થઈ શકે એટલી થોડી હિંસા કરી છે. એટલે કે એ સિદ્ધાંતમાં માને તો છે કે હિંસા કરવી પડે તોયે થોડામાં થોડી કરવી જોઈએ. જ્યારે તમે કહો છો કે હું થોડામાં થોડી હિંસા કરીશ, તો તમારો સિદ્ધાંત શું થયો? એ જ કે હું હિંસા વગર કામ ચલાવી શકું તો તો ઉત્તમ છે. પણ કરવી જ પડી તો ભાઈ, થોડામાં થોડી કરીશ.

તમે આમ કહો તેથી એને અંગે જો કોઈ ઝઘડો કરે તો એને હું આગ્રહી કહીશ. એ અહિંસાનો આગ્રહ બની જાય છે, અહિંસાનો વાદ બની જાય છે. 'સભામાં ગાંધીજીની વિરુદ્ધ બોલશો તો પરાણે બેસાડી દઈશું.' આટલે સુધી વાત પહોંચી જાય છે એ અહિંસા પણ વાદમાં ફેરવાઈ જાય છે. અને અહિંસાનો તો વાદ થઈ ન શકે. તેથી એટલું જો માની લેવામાં આવે કે બનતાં સુધી આપણે હિંસાથી બચવાનું છે, તો હું તેવે તબક્કે કોઈની સાથે ઝઘડો નથી કરતો.

આજે તો આપણે શસ્ત્રાસ્ત્રને દુનિયામાંથી કાઢી નાંખવાં છે. આવી સ્થિતિમાં જો આપણે ક્રાંતિની એવી કોઈ પ્રક્રિયા શોધી શકીએ કે જે શસ્ત્રનિરપેક્ષ હોય તો તે વધુ ઇચ્છનીય, વધુ શાસ્ત્રીય અને આજની

પરિસ્થિતિમાં વધુ અનુકૂળ પ્રક્રિયા હશે. એ પ્રક્રિયા માનવ પ્રકૃતિને અનુકૂળ, સામાજિક આદર્શોને અનુકૂળ, નિઃશસ્ત્રીકરણની આપણી આકાંક્ષાને અનુકૂળ ને શસ્ત્રની સત્તાનો અંત આણવાની આપણી ઈચ્છાને પણ અનુકૂળ હશે.

તેથી આપણી લાચારીને આપણે અવસરમાં પલટી નાંખવા માગીએ છીએ. ગાંધીજીએ આ દેશમાં એ વસ્તુ કરી બતાવવાની કોશિશ કરી. એ પૂરે-પૂરી કરી શકયા એમ મારું કહેવું નથી. પૂરી કરી શકયા હોત તો આપણે બધા જેવા રહ્યા છીએ તેવા હરગિજ ન રહી શકયા હોત. અને આજ સુધીમાં તો આખી દુનિયાએ કબૂલ કરી લીધું હોત કે આ એક ગાંધીવાળા જ આજે દુનિયાને કંઈક નવી વાત શીખવી શકે તેમ છે. પણ આજે તો આપણામાંથી મોટા ભાગનાં 'કિન્તુ પરંતુ' અને 'અગર–મગર'ના સંશયમાં ને અનિશ્ચિતતામાં પડેલા છીએ.

### ૬૩. અહિંસક ક્રાંતિનો વિચાર સામ્યવાદના ભયમાંથી નથી જન્મ્યો : કારણ વિચારમાં અભય ન હોય તો અહિંસા થોથવાય

મેં આપણામાંથી ઘણાને કહેતાં સાંભળ્યા છે કે જો ભૂદાન આંદોલન સફળ નહીં થાય તો સામ્યવાદીઓનું ચડી વાગશે. એટલે કે એમના મનમાં ક્યાંક એવી ભીતિ છુપાયેલી પડી છે.

જે વાતનો ભય હોય છે તેનું ચિંતન ઘણું થાય છે. ભયને લઈને ચિંતન થાય છે. એમાંથી બીનારની વૃત્તિ જેનાથી એ બીતો હોય તેની સાથે તદાકાર થતી જાય છે. (એટલે બધા જો સામ્યવાદથી ડરતા હોય તો દિનકર-ભાઈએ તો ખુશ થવા જેવી વાત ગણાય !) તો ધીરે ધીરે શિકારવૃત્તિ શિકારી સાથે તદાકાર થતી જાય છે. ભયમાં જબરી એકાગ્રતા હોય છે અને રાત–દહાડો જેનો ભય હોય એ જ જ્યાં ત્યાં નજરે ચઢે છે. અને જ્યાં ભય હોય છે ત્યાં અહિંસા નથી હોતી, એ ભય ચાહે બૌદ્ધિક હો, વૈચારિક હો યા ભાવનાત્મક હો. જ્યાં ભય આવે છે ત્યાં કોઈ પણ પ્રકારની અહિંસા રહી શકતી નથી. અને સદ્‌વિચાર તો જરા પણ નથી રહી શકતો. શારીરિક ભય હોય તો તો એને સાંખીયે લેવાય, કારણ કે એ તો સંસ્કારવશ હોય છે.

—નાના હતા ત્યારે દોસ્તો કહેતા, 'બોલ નહીં બીએ ?' હું ના પાડું કે ફટ લઈને આંખની સામે તાળી પાડે. અને આંખ તો બ પડી બિડાઈ જ જાય ! એટલે કહે 'બસ બી ગયો ને !'

તો આ તો આપણા શરીરના સંસ્કાર છે.

અહીં ધડાક્ કરતી બંદૂક ફૂટે કે ફટાફટ ગોળીઓ વછૂટે તો આખી સભામાં સન્નાટો બોલી જાય કે નહીં ? ભલે પછી આપણે બંદા તો બહાદૂર હોઈને મનથી જરાયે ન ડર્યા હોઈએ !

તો શારીરિક સંસ્કારને લાગેવળગે છે ત્યાં સુધી તો એટલો ભય હોઈ શકે એ માનવા પણ હું તૈયાર થાઉં. પણ આપણા વિચાર વિશે તેમ જ બીજાના વિચાર વિષે જ જો આપણી બુદ્ધિમાં ક્યાંક ભય છુપાયેલો પડયો હશે, તો તો એ આપણી ક્રાંતિની બધી પ્રક્રિયાઓને જ દૂષિત કરી નાંખશે.

ગાંધીના જમાનામાં આ થયું. કોંગ્રેસે કહ્યું કે અમે તો તમારી અહિંસાને હથિયાર રૂપે, પોલીસી તરીકે લેવા તૈયાર છીએ. એટલે એને બીચારાને આગળ જતાં કોંગ્રેસ છોડવી પડી.

જનતાએ વિચાર્યું કે શું કરીએ ? અમારા હાથમાં હથિયાર નથી અને આ ગાંધી કહે છે કે વગર હથિયારે કામ કરાવી દઉં. તો ચાલો ભાઇ એનું કહ્યું કરી જોઈએ !

બિપિન પાલે તો ગાંધીજી અંગે કહી જ દીધું હતું કે, "ભાઇ, આ તે કંઈ લૉજિક (તર્ક) છે ? આ આદમી તર્કશાસ્ત્ર તો જાણતો જ નથી. હું લૉજિક આપું છું, ત્યારે આ મેજિક (જાદુ) આપે છે. એ આપણી સામે જાણે કોઈ મદારીનો ખેલ કરવાનો હોય એ રીતે આવે છે !"

આવી વાત એમણે કરેલી. પણ લૉજિક કે મેજિક જે હતું તે પણ બધા ગયા ગાંધીની પાછળ જ. કારણ આપણા બધાની પરિસ્થિતિ જ એવી હતી. દેશનું નિઃશસ્ત્રીકરણ થઈ ગયું હતું. હાથમાં હથિયાર નહોતાં. સશસ્ત્ર ક્રાંતિવાંદીઓએ કહ્યું, "હથિયાર વગર ક્રાંતિ નથી થતી."

"તો તમે હથિયાર ક્યાંથી લાવશો ? આપણે ફોજ તો ઊભી કરી શકીએ તેમ છીએ નહીં, તો અંગ્રેજોની ફોજમાં બળવો કરવાનો પ્રયત્ન કરો."

"પણ આજે તેય થઈ શકતું નથી. ....તો કરીશું શું ?"

છેવટે સશસ્ત્ર ક્રાંતિના બધા પ્રયત્ન terrorismમાં છૂટક છૂટક ખુનામરકીવાળા આતંકવાદમાં કે ત્રાસવાદમાં લપસી પડયા....અને ખોવાઈ પણ ગયા.

હમણાં તો દિનકરભાઈ અહીં બેઠા છે. કંઈ ભૂલ કરું તો સુધારી પણ શકે છે. હું તમને કહેવા માંગું છું કે કોઈ પણ ક્રાંતિમાં, કૉમ્યુનિસ્ટ ક્રાંતિમાં પણ, આતંકવાદ ક્રાંતિકારી નથી મનાયો. વૈજ્ઞાનિક ક્રાંતિની પ્રક્રિયામાં આતંકવાદનું કોઈ સ્થાન નથી.

એટલે આપણે ત્યાંના સશસ્ત્ર ક્રાંતિકારી હતા એ તો આંતકવાદી થઈ ગયા અને બીજા હતા તે દરબારી ક્રાંતિવાદી રહી ગયા. દરબારી ક્રાંતિવાદી કહેતાં જે બંધારણવાદીઓ હતા તે. એવાને એ લોકો 'પાર્લમેન્ટેરીઅન્સ' કહે છે. એમનામાં મીઠી દલીલબાજી હતી. 'સમજાવો અને મધુર યુક્તિવાદ અજમાવો !' એ એમનો સિદ્ધાંત હતો.

આ બાજુ તટસ્થ ક્રાંતિકારી જનતામાં હતાશા આવી રહી હતી.

## ૬૪. ગાંધીની અંતઃસ્ફૂર્ત અહિંસાને આપણે નિરુપાયે બાહ્ય વર્તનની પોલિસી તરીકે અંગીકારી : તેથી બાહ્ય પરિણામ મળ્યું, આંતરિક અધૂરું રહ્યું

પરિસ્થિતિ જ્યારે આવી હતી, જનતા જ્યારે આવી લાચારી અનુભવી રહી હતી, ત્યારે ગાંધી આવ્યો અને એણે પૂછ્યું, "મારી વાત માનશો ?"

લોકો શું કરે ? બીજો કોઈ રસ્તો જ નહોતો. કહ્યું, "માનવા તૈયાર છીએ."

"બોલો અહિંસક બનશો ?"

હવે આપણે ત્યાં તો જિંદગીને ચોપડે અનેક પ્રકારની નાની નાની અહિંસાઓનાં ખાતાંઓ પાડેલાં તૈયાર જ હતાં. અહિંસાનાં પણ આપણે ચોપડે ખાતાં પાડી નાંખ્યાં હતાં ને ! માછલીઓને ખવડાવીએ છીએ, કીડાઓને ખવડાવીએ છીએ, ત્યારે એ અહિંસા ધર્માદાને ખાતે જાય છે. અહિંસાવાદી હોવા છતાં બજારમાં બેસીને શોષણ કરીએ છીએ ત્યારે એ નફાતોટાના ખાતામાં જાય છે. કેમ, એ બે અલગ અલગ હોય છે ને ? બિચારા ગોલ્ડસ્મિથે ગાયું હતું, Honour sinks where commerce long prevails" જ્યાં લાંબો વખત વેપારની બોલબાલા ચાલે છે ત્યાં ઈમાનદારી ખોવાઈ જાય છે, ઈમાન ખતમ થાય છે.

આપણે એ રીતે ટેવાયેલા તો હતા જ, એટલે આપણે ગાંધીને કહ્યું, "તમે સ્વરાજની લડાઈ પૂરતી અમારી પાસે અહિંસા પળાવવા માગતા હો તો કબૂલ છે. ચાલો અંગ્રેજો માટે અહિંસાનું ખાતું પાડયું, બસ ?"

અંગ્રેજો માટે અહિંસા અને અંદર અંદર તો જાણે અમે અમારે ખપપૂરતી ટપાટપી કરી જ લઈશું ! તે કાળે કેટલીક કોંગ્રેસ પરિષદોમાં મારામારીયે થતી હતી ને આજેય કોંગ્રેસવાળા અને ગાંધીવાદીઓમાં અંદર અંદર ટપાટપી થઈ જાય ખરી ! અરે, આશ્રમોમાં પણ ક્યારેક ક્યારેક થઈ જાય

છે ને ! કારણ આપણે તો સમજેલા કે આ અહિંસા તો અંગ્રેજો પૂરતી જ છે. એટલે ગાંધીને કહી દીધેલું કે અમને તારી સાથે ચાલવામાંય વાંધો નથી.

ગાંધીના જમાનામાં આપણે આટલી અહિંસાનો સ્વીકાર કર્યો એટલે હું કહું છું કે જેટલે અંશે અહિંસા આવી તેટલે અંશે સફળતા મળી. આ મારું સમીકરણ છે. અંગ્રેજોને અહિંસાથી જ જીત્યા એવો દાવો કોઈનો નથી. કોઈ કહે છે, "જાગતિક પરિસ્થિતિ પેદા થઈ તેથી ઐતિહાસિક ઘટનાચક્રમાં સ્વરાજ્ય આવ્યું."

હું કહું છું, "કબૂલ, પણ જેટલે અહિંસાનો અંશ અમારા જીવનમાં ઊતર્યો તેટલી જ સફળતા મળી, એથી વધારે નહીં."

સિદ્ધાંત શું હતો? ગાંધીએ આપણને કહ્યું, "ભાઈ, તમારી પાસે હથિયાર તો છે નહીં. તમે કહો છો કે અંગ્રેજોની ફોજમાં પણ બળવો કરાવી શકાતો નથી. તો કરશો શું?"

ફોજ તો અંગ્રેજોની હતી જ નહીં, આપણી જ હતી. ભારતવાસીઓની ફોજ, ભારતવાસીઓના પૈસા, ભારતવાસીઓનાં હથિયાર અને ભારતવાસીઓની જ ગરદન, એ અંગ્રેજોનો હિસાબ હતો! હાથ પણ આપણા, હથિયાર પણ આપણાં અને કપાનારી ગરદન પણ આપણી! આ હથિયાર ખરીદવાના પૈસા પણ આપણા જ. આનાથી સસ્તું રાજ્ય ક્યાંય થયું સાંભળ્યું છે? હું તો માનું છું કે ઇતિહાસમાં આપણા દેશના જેવી ઉદારતાનો દાખલો શોધ્યો જડે તેમ નથી. રાજ્ય કરવું આટલું સસ્તું કોઇનેય કદી નહીં પડયું હોય. છતાં એ ફોજોમાં આપણે બળવો નહીં કરાવી શકીએ એમ સમજાઈ ગયું. એટલે ગાંધીએ કહ્યું કે "મારી પાસે એક યુક્તિ છે."

"શી યુક્તિ છે?"

"જેના હાથમાં હથિયાર નથી તે જો હથિયારથી ડરવાનું છોડી દે તો હથિયાર બેકાર બની જાય છે."

હથિયારનો પ્રતિકાર કરવા માટે બે જ ઉપાય છે—એક Quantitative—આકારાત્મક અને બીજો Qualitative—ગુણાત્મક. એક તો એ કે, આપણી પાસે જે હથિયાર હોય તે ગુણમાં અને અસરમાં શ્રેષ્ઠ હોય, અથવા તો આપણી પાસે જે શક્તિ હોય તે ચઢિયાતી હોય. જે શક્તિ આપણી પાસે છે તે સામાવાળાની શક્તિ કરતાં શ્રેષ્ઠ હોય અથવા તો એની શક્તિને જ આપણી શક્તિ બનાવી શકીએ. કોમ્યુનિસ્ટ પ્રક્રિયા શું છે? જનતા પાસે સરકારથી વધારે અને સારાં હથિયાર છે અને સરકારની જે

ફોજ છે તે જનતાની ફોજ છે. એટલે એને આપણામાં ભેળવી લો. આ પ્રક્રિયા સશસ્ત્ર ક્રાંતિની પ્રક્રિયા કહેવાય છે.

ગાંધીએ કહ્યું, "આખરે આનો અર્થ તો એ જ થયો ને કે આપણો ભરોસો હથિયારની શક્તિ પર જ રહ્યો? એ રીતે તો હથિયારનો પ્રતિકાર કરવાની કોઈ વધુ કલ્યાણકારી શક્તિ આપણને હાથ ન લાગી. શસ્ત્રશક્તિનો કોઈ નૈતિક પર્યાય આપણે શોધી ન શક્યા અને એનો પ્રયોગ આપણા જીવનમાં ન કરી શક્યા. એટલો એનો અર્થ થશે."

"જી હા, પણ તો પછી આપ કહો છો તેવો આરંભ તો ક્યાંથી કરીએ?"

ગાંધીએ કહ્યું કે શસ્ત્રથી ડરવાનું છોડી દો, ત્યાંથી એનો આરંભ થાય. જેના હાથમાં હથિયાર નથી અને જે હથિયારથી ડરતો નથી તેનો ફક્ત જીવ જ લઈ શકાય ને? પણ જીવ તો ચાકુથી પણ લઈ શકાય. એ માટે મશીનગનની શી જરૂર પડવાની? હું ઊભો છું, એક ગુંડો ઊભો થઈ જાય છે અને કહે છે 'ઊભો રહે, મારે તને મારી નાંખવો છે. પિસ્તોલ કાઢું છું.' હું કહું છું, 'પિસ્તોલ શા સારુ? પેન્સીલ છોલવાનો ચપ્પુ જ કાઢ ને! મારી પાસે શું છે તે પિસ્તોલથી મારવો પડે છે? પિસ્તોલ શા સારુ શોધવી પડે? તારી પાસે સહેજે જે હથિયાર હોય તેનાથી મારો જીવ લઈ શકે છે કારણ કે મારી પાસે કશું જ નથી અને હું જ કહું છું કે તું તારે ખુશીથી જીવ લે.' ત્યારે વળતો પેલો જ જીવ લેતાં ગભરાય છે! કારણ કે એને તો બિવડાવીને મારું શોષણ કરવું છે, મારો જીવ નથી લેવો. જીવ લઇને એ શું ખાટવાનો?

આપણા બહુજન સમાજ–શ્રમિક સમાજ–માં એક ઘણી મોટી શક્તિ પડેલી હતી ને તે એ કે તેઓ હથિયારોનો ભય છોડી દે. હથિયારબંધ માણસ પર જ હથિયાર કામ કરી શકે છે. હા, મનમાં હથિયાર હોય તો બીજાનું હથિયાર કારગત નીવડવાનું જ. કારણ કે આપણા મનમાં હોય છે કે 'શું થાય? મારા હાથમાં હથિયાર હોત તો બેટા, તને પણ સવાદ ચખાડી દેત!' કેમ હોય છે ને આપણા મનમાં કે 'શું કરું? હમણાં તો તું મારે છે ને હું માર ખાઉં છું. મારી પાસે બહાદુરી તો છે, પણ મારા હાથમાંય જો તારા જેવી લાઠી હોત તો બચ્ચા મઝા ચખાડી દેત.' આ પ્રમાણે મનમાં હોય છે એટલે અહિંસા એટલી કમજોર પડી જાય છે.

ગાંધીજીએ Non-violence in thought–વિચારમાં અહિંસાની વાત કરી હતી ને ત્યારે કોંગ્રેસવાળા ખૂબ ચિડાયા હતા કે આ વળી શું

* અને આજે હવે...વ્યક્તિગત લાભનો લોભ છોડી દે તો શોષણનો સંચો અટકી જાય.

લફરું ? 'વિચારમાં'નો અર્થ એ થાય છે કે આપણે વિચારપૂર્વક એ સાધનનો સ્વીકાર કર્યો હોય. એટલો જ એનો અર્થ છે. આજે આ આપણું સારામાં સારું અને સહેલાઇથી મળી શકે તેવું સાધન છે, એ વાતનો અમે વિચારપૂર્વક સ્વીકાર કરી લીધો છે, એમ કહીએ તો એ કાંઈ ઋષિ-મુનિઓની વાત નથી. આટલું તો કોઈ પણ માણસ કરી શકે છે. હા, તે માટે એ બહાદુર હોય તે જરૂરી છે. એમ બને કે દાદા ધર્માધિકારી ન કરી શકે પણ કાલ ઊઠીને કોઈ કોમ્યુનિસ્ટ કરી શકે. કોંગ્રેસ કે ગાંધીજીના આશ્રમનો કોઈ માણસ ન કરી શકે અને એકાદ કોઈ શીખ કરી બતાવે અથવા અબ્દુલ ગફારખાં જેવો કોઈ પઠાણ પણ કરી બતાવે. કોણ એને સિદ્ધ કરી બતાવે એ અલગ વાત છે. કારણ કે અહિંસા એ મનનો ધર્મ છે. જેના ચિત્તમાં જેટલી શક્તિ હશે તેટલો એ સ્વીકાર કરશે.

### ૬૫. સ્વરાજ્ય ક્ષેત્રે ગાંધીના પ્રયોગ પછી આર્થિક ક્ષેત્રે વિનોબાનો પ્રયોગ : ગરીબના પુરુષાર્થથી અને અમીરના અવિરોધથી સત્તા-નિરપેક્ષ જનક્રાંતિ

ગાંધીએ એક ક્ષેત્રમાં અહિંસાની પ્રક્રિયા બતાવી, વિનોબા બીજા ક્ષેત્રમાં એ જ પ્રક્રિયાનો પ્રયોગ કરી રહ્યા છે. તેઓ કહે છે કે આપણે સંપત્તિનું નિરાકરણ કરવું છે, વર્ગનું નિરાકરણ કરવું છે. વર્ગ અને સંપત્તિનો આધાર શું છે ? એનું અધિષ્ઠાન શું છે ? સ્વામિત્વની ભાવના અને પોતાની સંપત્તિ ધરાવવાની ભાવના : "હું સંપત્તિ ધરાવીશ અને માલિકી ધરાવીશ. તારી સંપત્તિ નહીં, તારું સ્વામિત્વ નહીં." જેની પાસે સંપત્તિ છે, જેનું સ્વામિત્વ છે, તેની સત્તા છે.

આ હું એ લોકોની પરિભાષામાં નથી કહેતો. માર્ક્સે તો આને એવી ભાષામાં કહ્યું છે કે રાજ્ય માલિકી ધરાવનારાઓનું સાધન બની જાય છે, માલિક અને સત્તાધારી બન્ને એકબીજાના પોષક અને સહાયક બની જાય છે.

આને મેં સવારે 'કેપિટલિસ્ટ કૉન્ટેક્સ્ટ' પૂંજીવાદી સંદર્ભ કહ્યો હતો. અને મહારાજ પૂછતા હતા કે આ 'સંદર્ભ' વળી શું છે ? આનું નામ સંદર્ભ. સંદર્ભ એટલે વસ્તુ પર અસર પાડતા ચોતરફના સંજોગો, જે પરિસ્થિતિમાં આપણે વિચાર કે કામ કરવાનું થાય તે પરિસ્થિતિ.

આજના પૂંજીવાદી સંદર્ભમાં સત્તાધારીનો આપણે બહુ ઉપયોગ નથી કરી શકતા. એટલે વિનોબાએ કહ્યું કે ક્રાંતિ થશે તોપણ આજે તો

સત્તા-નિરપેક્ષ ક્રાંતિ જ થશે. સત્તા-નિરપેક્ષનો લોકોએ તો ભળતો જ અર્થ ઘટાવ્યો હતો. શાસન-મુક્તિને સીધી સત્તા-નિરપેક્ષ સાથે જોડી દીધી હતી. આજે સત્તા-નિરપેક્ષના બે અર્થ છે. એક તો, આપણે શાસન-મુક્ત સમાજ તરફ આગળ વધવાનું છે ને તે માટે વિધાયક નાગરિક-શક્તિ અને વિધાયક નાગરિક-ચારિત્ર્યનો વિકાસ કરવો છે, એ એક અર્થ અને બીજો અર્થ એ કે આજના સંદર્ભમાં સત્તાનો ઉપયોગ શાંતિ માટે કરવો હોય તો તે જનશક્તિના અધિષ્ઠાન વિના ન થઈ શકે, તેથી જનશક્તિનો વિકાસ કરવો છે.

તો ત્યાં ગાંધીએ લાચારીને અવસરમાં પલટાવી નાંખી. એણે શું કહ્યું હતું? કે તમારી નિઃશસ્ત્રતાને તમે અહિંસામાં પલટી નાંખો તો તમારી લાચારીમાંથી એક શક્તિ પેદા થશે. અહીં વિનોબા શું કહે છે? કે જો ગરીબીને આપણે અપરિગ્રહી મનોવૃત્તિમાં પલટી નાંખીએ તો આજે જે આપણી લાચારી છે તે આપણો અવસર બની જાય. ભૂમિદાનની રીતમાં એવું નથી કે જેની પાસે વધારે હોય તે થોડાવાળા લોકોને દાન આપે. આ એનો ખોટો અર્થ ઘટાવાયો છે. ઊલટાનું જ્યારે લોકો કહે છે કે અમીરોનું હૃદય-પરિવર્તન જલદી નહીં થાય, ત્યારે વિનોબા તો કહે છે કે અમીરોનું હૃદય-પરિવર્તન મારે માથે છોડી દો, અથવા તો તમારે ત્યાં તેને લાયક કોઈ કાર્યકર્તા હોય તેના પર તે છોડી દો. મોટી સંખ્યા તો ગરીબીની છે અને એમને ગરીબીનું નિરાકરણ કરવું છે. તો, એ સોમાંથી નેવું જણાનું હૃદય-પરિવર્તન થઈ જાય, એમનામાંથી સ્વામિત્વ અને સંપત્તિની ભાવનાનું નિરાકરણ થઈ જાય. તો સોમાંથી દસ જણાની સંપત્તિ અને સ્વામિત્વની ભાવનામાં એવી કોઈ શક્તિ નથી રહેવાની કે સમાજમાં તે પછી પણ એ ટકી રહી શકે. એક તરફથી આપણે અમીરોના હૃદય-પરિવર્તનનો પ્રયાસ કરવાનો છે, સંપત્તિ અને સ્વામિત્વ તરફ એમનામાં એક નવું વલણ પેદા કરવાનો પ્રયાસ કરવાનો છે. પણ સ્વામિત્વ અને સંપત્તિ એ તો એમનાં સંસ્કાર કે આદત થઈ ગયાં છે. એટલા માટે બીજી તરફથી પરિસ્થિતિ પણ ઊભી કરવી પડશે. એનાથી એમના પર દબાણ આવશે. પણ જેને સામાન્ય અર્થમાં દબાણ કહીએ છીએ તેવું દબાણ–coercion આ નથી. પરિસ્થિતિમાં ફેરફાર થાય અને માણસે સમજપૂર્વક એને અભિમુખ અર્થાત્ અનુકૂળ થવું પડે, તો એને હું સમયજ્ઞતા–સમો પારખવાની શક્તિ–કહું છું. માણસ સમો પારખે તે કાંઈ દબાણ ન કહેવાય.

## ૬૬. અમીરનો સહકાર મળી શકે ખરો ? હા, વર્ગ-રચના બદલાય છે, તેની સાથે ક્રાંતિની ભૂમિકા પણ બદલાય છે

હેરી પોલિટ કૉમ્યુનિસ્ટ પાર્ટીનો એક મોટો અધ્વર્યુ હતો. એણે છેલ્લા મહાયુદ્ધ દરમ્યાન કેટલાંક પુસ્તકો લખ્યાં છે. તે પૈકી એકનું નામ છે : 'હાઉ ટુ વિન ધ પીસ-શાંતિ કેવી રીતે જિતાય ?' એમાં એક જગ્યાએ મૂડીવાદીઓની ભૂમિકાનો સવાલ આવે છે. ભૂમિકાનો (રોલનો) સવાલ કેવી રીતે ઊભો થયો ? થયું હતું એમ કે એ વખતે રશિયા અને ઈંગ્લેંડ એક જ પક્ષમાં રહીને લડતાં હતાં. આમ બંને એક પક્ષે રહીને લડવા લાગ્યાં એટલે ઇંગ્લેંડના જે પૂંજીવાદી હતા તે પણ રશિયાની જીત અને હિટલરની હાર ઇચ્છતા હતા. આમ એમની ભૂમિકા 'પ્રગતિશીલ' બની ગઈ. એણે એ વખતે જે લખ્યું, તે ગણતરી તો જાણે એની પાછળથી ખરી ન પડી, પણ એવો વિચાર પણ થઈ શકે છે એટલું બતાવવા જ હું આ દાખલો ટાંકું છું. એણે લખ્યું કે હવે એવો જમાનો આવી રહ્યો છે • ચારે ઇંગ્લંડના પૂંજીવાદીઓ સમજશે કે પૂંજીવાદનું નિરાકરણ થાય એ એમના હિતમાં છે. એમનો સ્વાર્થ ક્રાંતિને તદ્દન અનુકૂળ તો નહીં થાય, પણ અવિરોધી થઈ જશે. કારણ કે 'કલાસ પૅટર્ન' વર્ગ-રચના બદલાઈ રહી છે. માર્કસે જે પ્રકારની વર્ગ-રચનાની કલ્પના કરી હતી તે પછી વર્ગ-રચના ક્રમે ક્રમે બદલાતી રહી છે. એ પ્રમાણે હવે એવો જમાનો આવી રહ્યો છે કે આજ સુધી જેમનો સ્વાર્થ ક્રાંતિની વિરુદ્ધ હતો તેમનામાંથી ઘણાનો સ્વાર્થ કંઈ નહીં તો ક્રાંતિ માટે અવિરોધી તો થઈ જ જશે.

આપણે હજી સહજીવનની ઠેકડી ઉડાવીએ છીએ, પણ એ તો કહે છે કે, અમેરિકા અને રશિયા સાથે સાથે રહી શકશે, એમનું સહ-અવસ્થાન થઈ શકશે, સહ-અસ્તિત્વ થઈ શકશે ! આમ જ્યારે કહેવાય છે ત્યારે હું તો વળતી મજાક કરું છું કે હિંગ અને કપૂર એક ડબ્બીમાં શી રીતે રહી શકશે, ભલા ? એકની વાસ બીજાને નહીં બેસે ? આમ હું જાણે કે ગંમત તો કરું છું, પણ એની પાછળ જે ભૂમિકા છે તે આજના જાગતિક (જગતના) સંદર્ભની છે. જેમ આજે હવે એટલું તો પાકું સમજાઈ ગયું કે સામ્રાજ્ય વધારે દહાડા ટકવાનું નથી, રાજાઓને જેમ સમજાઈ ગયું કે એમની રિયાસતો ટકવાની નથી, તેમ જ વિનોબાનું કહેવું છે કે જે સમો વરતનારા, સમયજ્ઞ પૂંજીપતિઓ છે, તેઓ સમયની ગતિ પામી જશે, કાળપુરુષનાં પગલાં પરખી જશે, અને હાલત શી છે તે એમના ખ્યાલમાં આવી જશે. એમને એક તરફથી આનું જ્ઞાન કરાવી દેવું, ભાન કરાવી દેવું, ને બીજી બાજુથી

જેમનો સ્વાર્થ ક્રાંતિને અનુકૂળ છે, તેમનામાં સાર્વત્રિક અને સાર્વજનિક ક્રાંતિની પ્રેરણા જગાવવા માટે, એમનામાંથી સ્વામિત્વ અને સંપત્તિની ભાવનાનું નિરાકરણ કરવું–આ ભૂમિદાનની પ્રક્રિયાનો ખરો અર્થ છે. એને આપણે ભૂમિદાન, સંપત્તિદાન અને શ્રમદાન ત્રણે નામથી ઓળખીએ છીએ. આપણે ભૂમિ, સંપત્તિ ને શ્રમને વિનિમયમાંથી, બજારમાંથી ઉઠાવી લેવાં છે અને મનુષ્ય માટે એ સ્વાયત્ત બનાવી દેવા છે. જે ચીજ બજારમાં કોમોડિટી, લે-વેચની વસ્તુ બની ગઈ છે અને જે ચીજ મનુષ્યને વિવશ કરી રહી છે, એને મનુષ્ય માટેના એક શુભ અવસરમાં પલટી નાંખવાની આ પ્રક્રિયા છે.

એની ભૂમિકા શું છે?

### જગતભરના ક્રાંતિકારીઓની શુભેચ્છા

આજની વૈજ્ઞાનિક પરિસ્થિતિમાં અને આજના આર્થિક સંદર્ભમાં એની ભૂમિકા શું છે તે, દિનકરભાઈ પાસેથી આપણે અહીં જે સાંભળ્યું તેની વાત કરતાં કરતાં, મેં તમારી સામે રજૂ કરી દીધી છે. એનો અર્થ એ નથી કે મેં જે કંઈ કહ્યું તે બધું તેઓ સ્વીકારી લેશે. પણ એટલું તો હું અવશ્ય કહીશ કે જે સિદ્ધાંત રજૂ કર્યા, જે સિદ્ધાંતમાં આપણે એક હદ સુધી એમની સાથે જઈ શકયા, તે સિદ્ધાંતોને અનુરૂપ આજે આ દેશમાં વિધાયક રીતે અને જનતાના સ્વતંત્ર પુરુષાર્થ વડે, સત્તાનિરપેક્ષ પદ્ધતિથી, આર્થિક ક્રાંતિ કરવાનો પ્રયોગ થઈ રહ્યો છે. એટલે દુનિયાભરના ક્રાંતિનું સમર્થન કરનારાનો અને ક્રાંતિનું પ્રતિપાદન કરનારાઓનો સક્રિય સહકાર ભલે ન મળે, તોપણ એમની શુભેચ્છાઓના અધિકારી તો આપણે જરૂર ગણાઈએ.

★

વાચકના સ્વાધ્યાય-ટિપ્પણ માટે

## ૮

# સામ્ય - વ્રત

★


૬૭ ક્રાંતિની ભૂમિકા : માનવના સહજીવનમાં મમત્વ-તાદાત્મ્ય-અહિંસાનો વિકાસ -પ્રભુત્વમૂલક વિરોધોના નિરાકરણ માટે ક્રાંતિનું વ્રત

૬૮ ક્રાંતિવ્રતનું વિજ્ઞાન :૧: અંતે પરિસ્થિતિ ગૌણ છે, પુરુષ પ્રધાન છે: તેથી પ્રતિવર્તનવાદ નહીં, પણ હૃદયપરિવર્તનનો સિદ્ધાંત ક્રાંતિકારી છે

૬૯ ક્રાંતિવ્રતનું વિજ્ઞાન :૨: ક્રાંતિ ગમે તે સાધનથી ન થાય-સાધ્યાનુકૂલ સાધન અર્થાત્ સાધનશુદ્ધિ જોઇએ.

૭૦ સાધનમાં અનેકતા હોઈ શકે, અનિશ્ચય નહીં

૭૧ સાધન-નિશ્ચય માટેનું લક્ષણ : સાધનમાં સાધ્ય અનુગત હોય

૭૨ સાધન માર્ગ છે, સાધ્ય મુકામ છે

૭૩ સાધન-સાધ્યના સાધર્મ્યનો સિદ્ધાંત : તેથી માનવીય ક્રાંતિ માટે હિંસા વિષમ સાધન-અહિંસા શુદ્ધ સાધન

૭૪ ગાંધીએ ક્રાંતિનું શુદ્ધ સાધન ઘડવા માટે આપણા વિચ્છિન્ન વ્યક્તિત્વને સમગ્ર બનાવી અહિંસાને સમાજમાં અવતારી

૭૫ સામાજિક અહિંસા માટે સહભોજન સહઉત્પાદન

૭૬ સહઉત્પાદન એટલે સ્વાવલંબન માટે નહીં પણ પડોશી માટે ઉત્પાદન : સ્વાર્થ ને શોષણને સ્થાને પ્રેમ ને પોષણની પ્રેરણા : સંગ્રહભાવનાનું નિરાકરણ.

૭૭ સંગ્રહ-ભાવનાનું મનોવિજ્ઞાન : ઉત્પાદક પરિશ્રમ એક પ્રધાન અભિવ્યક્તિ : પ્રત્યેક અભિ-વ્યક્તિની જેમ તેનો ઉદ્દેશ પણ પરસ્મૈપદી : ઉદ્દેશની પૂર્ણ ચરિતાર્થતા માટે માલિકીહક

૭૮ ઉત્પાદનનો ઇષ્ટદેવ માનવ છે-પૈસો કે પ્રચુરતા નહીં : તેથી ઉત્પાદનની પદ્ધતિ મનુષ્યતાનો વિકાસ કરનારી હોવી જોઇએ

૭૯ પ્રચુરતાના મોહમાં બેહદ યાંત્રીકરણ-કેન્દ્રીકરણ કરવાથી મનુષ્યના સામાજિક ગુણોનો હ્રાસ થાય છે : ઓટોમેશન સરમુખત્યારશાહીની જડ છે : તેથી યાંત્રીકરણની મર્યાદા-સાંસ્કૃતિક વિકાસ

૮૦ સાંસ્કૃતિક વિકાસ ત્રિવિધ છે : ગુણ-કળા-શક્તિ; યંત્ર તેને પ્રતિકૂળ છે

૮૧ સર્વોદય યંત્ર-શત્રુ નથી, યંત્ર-નિયામક છે : યાંત્રીકરણ માટેની અલ્પતમ શરત-સર્વની અલ્પતમ શરત-સર્વની જવાબદારી સ્વીકારો : યંત્ર માનવનું સ્થાન ન લે

૮૨ વળી યાંત્રીકરણ માનવે અપનાવેલા પશુઓને મારક ન નીવડવું જોઇએ : પશુની રક્ષા માટે આર્થિક સંયોજનમાં તેને સ્થાન આપો

૮૩ સમારોપ : ઉત્પાદન માનવસમાજના વિકાસ માટે : શરીરશ્રમ તથા સ્વદેશી વ્રતો સાથે અનુબંધ

કાલે સવારે અને બપોરે જે વિચારો તમારી સમક્ષ રજૂ થયા તેમાં કેટલાય વિષયો આવી ગયા. ("ક્રાંતિ=સામ્ય" તથા "સર્વોદય અને સામ્યવાદ" એ બે પ્રકરણોમાં). એ બધા એટલા તો તરેહવાર હતા કે એમને એકસૂત્રે પરોવી લેવાનું કદાચ તમને અઘરું થઈ પડયું હશે.

## ૬૭. ક્રાંતિની ભૂમિકા : માનવના સહજીવનમાં મમત્વ-તાદાત્મ્ય-અહિંસાનો વિકાસ-પ્રભુત્વમૂલક વિરોધોના નિરાકરણ માટે ક્રાંતિનું વ્રત

કાલે સવારે આપણે આપણા વિચારોમાં ત્યાં સુધી આવ્યા હતા કે ક્રાંતિનાં જે સાધન છે એ મનુષ્યના સ્વભાવને અનુકૂળ હોવાં જોઈએ. અને મેં કહ્યું હતું કે મનુષ્ય-સ્વભાવ મનુષ્યની વિશેષતામાં છે. પશુ સાથેની મનુષ્યની જે સામાન્યતા કે સમાનતા છે તે કંઈ માનવતા નથી. મનુષ્યની માનવતા એના વિશિષ્ટ ગુણધર્મોમાં છે. બીજા કોઈ પ્રાણીમાં ન હોય તેવું જે મનુષ્યમાં છે, તે જ તેની વિશેષતા છે. ઉપનિષદની એક આખ્યાયિકા લઈને મેં એ મુદ્દો સ્પષ્ટ કરેલો કે મનુષ્ય નિસર્ગાનુગામી નથી, કુદરતને જ અનુસરનારો નથી, કેવળ પ્રાકૃત નથી. મનુષ્ય સુસંસ્કૃત છે અને એનો આજનો ઘણો ખરો સ્વભાવ સંસ્કારજન્ય છે. મનુષ્યને માટે કેવળ શરીરધર્મ જેવી વસ્તુ હવે કશી રહી જ નથી. આપણે મનુષ્યની કોઈપણ ક્રિયાને કેવળ પ્રાકૃતધર્મ રહેવા દીધી નથી. મળમૂત્ર-વિસર્જનથી માંડીને ખાનપાન ને કામોપભોગ સુધીના એના તમામ વ્યવહારોને આપણે સંસ્કારો દ્વારા વ્યવસ્થિત કરી નાંખ્યા છે.

તેથી મેં કહેલું કે સંસ્કારથી જ સંયમનો આરંભ થાય છે અને સંયમમાંથી સહજીવનનો આરંભ થાય છે. મનુષ્યમાં જે સહજીવનની પ્રેરણા છે તેની વાત મેં એકદમ આરંભે જ કરી હતી. એ સહજીવનને માટે વ્રતો શાથી જરૂરી મનાયાં, સંયમની કેમ જરૂર પડી, એનાં કારણો મેં કાલે રજૂ કરેલાં : મનુષ્યને બીજાની સાથે રહેવું પડે છે, ને તે સહવાસથી જ 'ચારિત્ર્ય' નામના તત્ત્વનો આરંભ થાય છે. એ 'ચારિત્ર્ય'માં સૌથી મોટી વાત એ છે કે આપણે પહેલાં બીજાની સગવડ જોઈએ છીએ ને પછી આપણી. સભ્ય તે છે જે બીજાની સગવડનો વિચાર પોતાની સગવડ કરતાં પહેલો કરે છે. આનું ઘણું જ પ્રાથમિક સૂત્ર મેં શરૂઆતમાં જ જણાવેલું કે બીજાને જિવાડવા માટે જે જીવે છે તે સભ્ય કહેવાય છે.

હવે, તમને જો કોઈ હિંસા ને અહિંસાની વ્યાખ્યા પૂછે તો મને લાગે છે કે, તે તમને હાથ લાગી ગઈ ગણાય. બીજાના જીવનમાં રુકાવટ પેદા ન કરવી એ અહિંસા છે. નકારાત્મક અહિંસા છે. અને બીજાના જીવનમાં મદદ કરવી એ વિધિસ્વરૂપ, ભાવરૂપ કે હકારાત્મક અહિંસા છે.

આનો આરંભ પોતાપણાથી થાય છે, મમત્વથી થાય છે. અને એની સમાપ્તિ તાદાત્મ્યમાં થાય છે. મમતાથી આરંભ થાય અને તાદાત્મ્યમાં પરિણમે. એટલે એમાં પ્રભુત્વની ભાવનાને ક્યાંય સ્થાન નથી.*

સૃષ્ટિની સાથે પણ આપણે પ્રભુત્વનો સંબંધ નહીં સ્થાપીએ. બીજાં પ્રાણીઓ પ્રત્યે કે મનુષ્ય પ્રત્યે પણ પ્રભુત્વની ભાવના નહીં હોય. સત્તા અને પ્રભુત્વને માટે સ્નેહ અને અહિંસામાં કશું જ સ્થાન નહીં રહે.

પ્રભુત્વની ભાવના બીજાના જીવનમાં રુકાવટ નાખે છે, જેને આપણે અન્યાય કહીએ છીએ. ન્યાય-અન્યાયની બીજી કશી વ્યાખ્યા નથી. બીજાના જીવનમાં આપણે જ્યારે દખલ કરીએ છીએ ત્યારે અન્યાય કરીએ છીએ અને બીજાના જીવનમાં દખલ ન કરવાને જ ન્યાય કહે છે. પણ અહિંસા ન્યાય કરતાં એક કદમ આગળ છે. ભાવરૂપ અહિંસા બીજાના જીવનમાં મદદ કરે છે. આ જ મનુષ્યનો સ્વભાવ છે. એમાં જેટલી રુકાવટો સામાજિક પરિસ્થિતિને કારણે પેદા થાય છે, તે કૉન્ટ્રૅડિક્ષન્સ–સામાજિક આંતરવિરોધ–કહેવાય છે. સામાજિક આંતરવિરોધોનું આપણે નિરાકરણ કરવું છે. વિરોધનો પરિહાર એ જ સમન્વય કહેવાય છે. સમન્વયાત્મક જીવનની સ્થાપનાને માટે જીવનગત વિરોધોનો પરિહાર આપણે કરવો પડે છે. વ્યક્તિગત વિરોધ, સમાજગત વિરોધ, વ્યવસાયગત વિરોધ, આ બધા વિરોધોનો પરિહાર આપણે કરવો છે. તેને માટે આપણે સંકલ્પપૂર્વક જે આચરણ કરીએ છીએ, તેને જ વ્રત કહે છે. સામાજિક મૂલ્યોના વિકાસમાં બાધા નાંખનારા વિરોધોનો પરિહાર અને સામાજિક મૂલ્યોનો વિકાસ, એને માટે વ્યક્તિ સંકલ્પપૂર્વક જે આચરણ કરે છે એ વ્યક્તિનું વ્રત કહેવાય છે. સામુદાયિક રીતે સમાજ માટે જે આચરણ થાય છે તે સામુદાયિક કે સામાજિક વ્રત કહેવાય છે.

તો, આપણે ગઈ કાલથી એ વિચારી રહ્યા છીએ કે શું ક્રાંતિની એવી કોઈ પ્રક્રિયા હોઈ શકે ખરી, જે પોતે એક સામાજિક વ્રત બની

* मम=મારું, त्व કે ता=પણું; तत्=તે, आत्म्य=એકાકારપણું; ममत्व=મારાપણું, तादात्म्य=તે હું એક જ એવો ભાવ; प्रभुता=ધણીપણું, માલિકી.

શકે? આપણો પ્રતિકાર પણ બીજાના જીવનમાં સહાયરૂપ થઈ પડે તેવો જ હશે, એ વાતનો પણ આ સંકલ્પમાં સમાવેશ થઈ શકે.

## ૬૮. ક્રાંતિવ્રતનું વિજ્ઞાન : ૧ : અંતે પરિસ્થિતિ ગૌણ છે, પુરુષ પ્રધાન છે: તેથી પ્રતિવર્તનવાદ નહીં, પણ હૃદયપરિવર્તનનો સિદ્ધાંત ક્રાંતિકારી છે

એ જો કે આનંદની વાત છે કે સશસ્ત્ર, હિંસક, કોઈપણ ક્રાંતિકારી એવું નથી માનતા કે મનુષ્ય પરિસ્થિતિનું જ એક અંગ છે. તેમ છતાં, એમ માનનારો એક સંપ્રદાય છે ખરો. અને એની છાયા કોઈ કોઈ વાર આપણા ઉપર તેમ જ બીજા ક્રાંતિકારીઓ ઉપર પણ પડે છે, જેનાથી એવો ભાસ ઉત્પન્ન થાય છે કે મનુષ્ય જેવો મનુષ્ય પણ પરિસ્થિતિનું જ એક અંગ છે. જો મનુષ્યને તમે પરિસ્થિતિનું જ એક અંગ માની લીધું, તો પરિસ્થિતિના નિરાકરણની સાથેસાથ વ્યક્તિઓનું પણ નિરાકરણ કરવું પડશે. પણ આપણે મનુષ્યને પરિસ્થિતિથી ઉપર માનીએ છીએ. મેં પહેલે જ દિવસે તમને કહેલું કે મનુષ્ય પ્રાકૃત નથી, પરંતુ પોતાની પરિસ્થિતિનો નિયંતા છે, નિયામક છે. એની નિયતિ પણ કર્મજન્ય હોય છે. દૈવ પણ એના કર્મમાંથી જ પેદા થાય છે. ને તેથી આપણે પુરુષને સ્વતંત્ર ને જવાબદાર માની લીધો છે.

આમ મનુષ્ય પરિસ્થિતિથી ઉપર જઈ શકે છે એ ક્રાંતિકારીઓએ માનેલું છે. તેથી આપણે પરિસ્થિતિના નિરાકરણ માટે વ્યક્તિનું નિરાકરણ કરવું અનાવશ્યક માની શકીએ છીએ અને આપણા પ્રતિકારમાં વ્યક્તિના નિરાકરણનો સમાવેશ થતો નથી.

એક જણે કહ્યું કે "હું વિચારું છું માટે હું છું." આ 'સબ્જેક્ટિવ' માણસ છે. બીજાએ કહ્યું, "હું છું તેથી હું વિચાર કરું છું." આમ બે સંપ્રદાય પડી ગયા. એકે કહ્યું, "હું પરિસ્થિતિને ઘડું છું." અને બીજાએ કહ્યું કે, "પરિસ્થિતિ મને ઘડે છે."

આરંભે જ મેં કહ્યું હતું કે કેટલાક આત્યંતિક વાદ એટલે કે છેલ્લા પાટલાના વાદ હોય છે. તેનાથી બચીને એમાં જે કાંઈ સત્ય હોય તે આપણે ગ્રહણ કરી લઈએ.

પરિસ્થિતિની અસર પુરુષ પર પડે છે ખરી, પણ છેવટે તો પુરુષની સત્તા જ પરિસ્થિતિ પર ચાલે છે; વ્યક્તિની સત્તા વસ્તુ પર ચાલે છે. હૃદયપરિવર્તનના સિદ્ધાંતનો આ મૂળ આધાર છે.

ક્રાંતિકારી કોઈ કોઈ વાર એમ કહી પાડે છે કે આપણે પરિસ્થિતિ પલટી નાંખીએ તો વ્યક્તિ આપોઆપ બદલાઈ જશે. પણ આજનો મૂડીવાદી ને આજનો ગરીબ, બંને અત્યાર સુધીની પરિસ્થિતિનાં ફરજંદ છે. માટે એ બદલાઇ નહીં શકે. પરિસ્થિતિ બદલાશે ત્યારે જ એ બદલાશે. ક્રાંતિકારી જો ફક્ત આટલું જ માને તો એ ક્રાંતિકારી નથી, એ 'બિહેવિયરિસ્ટ' અર્થાત્ પ્રતિવર્તનવાદી બની જાય છે. જેવી પરિસ્થિતિ હશે તેમ માનવી વર્તશે એમ કહે છે. ને એમ હોય તો માનવીમાં કશું કર્તૃત્વ–ઇનિશિયેટિવ–નથી રહેતું.

—કૂતરાના કાન ટટ્ટાર રહેતા હતા. માલિકને લબડતા કાનવાળો કૂતરો વધુ દેખાવડો લાગતો હતો. એટલે એણે શું કર્યું? કૂતરાને વાઘના પિંજરા સામે બાંધ્યો. કૂતરો વાઘને જોતો ને કાન ઢાળી દેતો. એક પેઢીને ટેવ પડી, બીજી પેઢીને ટેવ પડી અને ત્રીજી પેઢીએ 'સ્પેનિયલ' જાતના લબડતા કાનવાળા કૂતરા પેદા થઈ ગયા.

આને 'બિહેવિયરિઝમ્' પ્રતિવર્તનવાદ કહે છે. આ નામો બહુ જબરાં હોય છે. પણ મેં પહેલાં જ એકરાર કરી નાંખ્યો છે કે હું પોતે બહુ જાડી બુદ્ધિનો માણસ છું. માટે ગમે તેવી મોટી વાતને સમજવાની મહેનત કરું છું. ત્યારે તેને મારી પોતાની નાનકડી બુદ્ધિમાં સમાય તેવી બનાવી લઉં છું!

તો પેલા કહે છે કે અમે આ રીતે પરિસ્થિતિ પલટીને મનુષ્યને પેલા કૂતરાની જેમ પલટી નાંખીશું. પણ કોઈ ક્રાંતિકારીઓ એ વાતને બહુ કાને ધરતાં નથી. ને તેથી હું એ ચર્ચામાં નથી પડતો. સશસ્ત્ર ક્રાંતિકારી પણ વધુમાં વધુ એટલું જ કહે છે કે પરિસ્થિતિ બદલાઈ જશે તો મનુષ્ય પણ એની સાથે બદલાશે. આપણે એક કદમ આગળ વધીએ છીએ ને ફક્ત એટલું જ કહીએ છીએ કે પરિસ્થિતિ બદલવાથી જો વ્યક્તિ બદલાઈ શકે તેમ હોય, તો પરિસ્થિતિને પલટવા ઉપર જ ભાર મૂકો અને વ્યક્તિઓના નિરાકરણ પર ભાર ન મૂકો, તો એની જરૂર ન પડવી જોઇએ. આટલું જ એક પગલું આગળ વધવાનું આપણે કહીએ છીએ.

આ તો વૈજ્ઞાનિકતાની એક વાત થઈ. હવે બીજી વાત.

### ૬૯ ક્રાંતિવ્રતનું વિજ્ઞાન : ૨ : ક્રાંતિ ગમે તે સાધનથી ન થાય–સાધ્યાનુકૂલ સાધન અર્થાત્ સાધનશુદ્ધિ જોઇએ

સાધ્યને અનુરૂપ સાધન હોવું જોઇએ. શસ્ત્ર આવશ્યક છે કે નહીં,

ઇષ્ટ છે કે અનિષ્ટ છે, એ વાદને થોડીવાર માટે વિસારે પાડો. ગમે તે સાધનથી ગમે તે સાધ્ય પ્રાપ્ત થઈ શકે છે એ સિદ્ધાંત તો છે જ અશાસ્ત્રીય. એવું તો માર્કસવાદી પણ નથી માનતા અને દુનિયામાં બીજું પણ કોઈ નથી માનતું. કોઈ પણ ક્રાંતિકારી, જો એ વૈજ્ઞાનિક ક્રાંતિકારી હોય તો, આવું નથી માનતો. ગમે તે સાધનથી ગમે તે સાધ્ય પ્રાપ્ત કરી શકાય એ તો છેક જરી પુરાણો અને રૂઢિચુસ્ત ખ્યાલ છે. માર્કસ પહેલાંના અરાજકતા-વાદીઓ આવું માનતા હોય તો માનતા હોય. પણ માર્કસ આવ્યો ને ક્રાંતિમાં વૈજ્ઞાનિકતા પ્રવેશી, ત્યારથી આવું કોઈ નથી માનતું.

સાધ્યાનુકૂલ સાધનનું જ નામ સાધનશુદ્ધિ છે.'

સાધનશુદ્ધિનો વૈજ્ઞાનિક અર્થ પણ આપણે સમજી લેવો જોઈએ કેમ કે લોકો 'સાધનશુદ્ધિ' શબ્દના તરેહવાર અર્થ ધારી બેઠા છે, અને પોતાને ફાવતા અર્થો કરે છે. તેથી તો આપણી એટલે કે ગાંધીવાળાની અને રચનાત્મક કાર્યકર્તાઓની ઠેકડી ઉડાડતાં ઉડાડતાં પેલા કેટલાક કહે છે ને કે "જાણી જાણી તમારી સાધનશુદ્ધિને! તમે અખિલ ભારત વિધવા મંડળ સ્થાપવા માંગો છો, એટલો જ અર્થ છે ને એનો? અર્થાત્ વિધવાઓનાં જેટલાં વ્રત-નિયમો હોય છે તેવાં જ બધાં તમારાં વ્રતો છે. એમાં કશોયે સાર હોત, તો કેમ એ બધાંથી આજ સુધી ક્રાંતિનો 'ક'યે ને ઘુંટાયો? આ તમારું તે વિધવા મંડળ છે કે ક્રાંતિકારીઓનું મંડળ છે?"

એટલે મેં તમારી સમક્ષ વૈજ્ઞાનિક અર્થ રજૂ કર્યો કે સાધ્યાનુકૂલ સાધન એ જ સાધનશુદ્ધિ કહેવાય છે.

હવે સાધ્ય શું છે અને તેને અનુકૂળ સાધનનો અર્થ શો છે, એટલું જ આપણે જોઈ લેવાનું છે.

### ૭૦. સાધનમાં અનેકતા હોઈ શકે અનિશ્ચય નહીં

લોકમાન્ય તિલક મંડલે જેલમાંથી છૂટીને આવ્યા, તે વખતે આખા દેશમાં 'હિંદુ કોને કહેવાય?' એ વિષય પર ભારે મોટી ચર્ચા ચાલતી હતી. એ ચર્ચા ઊપડી હતી તો ૧૯૦૮થી, પણ આજ સુધી એ ચાલતી જ રહી છે અને છતાં એ અંગે કશો નિર્ણય થઈ શક્યો નથી. બ્રહ્મ અને માયા જેવો અટપટો વિષય છે! લોકમાન્ય મોટા નેતા હતા અને સાથોસાથ શાસ્ત્રવેત્તા પણ હતા, અને તેમાંયે વૈદિક સંસ્કૃતિનાં જ્ઞાતા હતા. એટલે એમની સામે ૧૯૧૪માં આ સવાલ કોઈકે મૂક્યો. એમને પૂછવામાં આવ્યું

કે હિંદુ કોને કહેવો ? ત્યારે એમણે એક સર્વસાધારણ વ્યાખ્યા ઘડી આપી. એમાં એમણે એક વાત બહુ મજાની કહી : प्रामाण्यबुद्धिर्वेदेषु साधनानां अनेकता–જેમાં અનેક પ્રકારનાં સાધનો છે તે હિંદુધર્મ છે.

હવે આ તો જાણે એમણે હિંદુધર્મનાં લક્ષણ તરીકે કહ્યું હતું, પણ એમાંથી રાજદ્વારી અર્થ ઘટાવીને એમના શિષ્યો ખુશ થઈ ગયા, "બસ, લોકમાન્ય તિલકે આ તો એક જબરી મુદ્દાની વાત કહી પડી ! साधनानां अनेकता–અનેક સાધનોથી એક સાધ્ય પ્રાપ્ત થાય છે." साधनानां अनेकताનો અર્થ એમણે કરી નાંખ્યો : साधनानां अनिश्चयः–સાધનો વિશે અનિશ્ચય ! બસ, હાજર સો હજૂર ! જ્યારે જે સાધન હાથ આવ્યું તે જ સાચું ! આમ એ લોકો તકવાદી બની ગયા. એ લોકોના મનમાં કયું સાધન વાપરવું તે વિશે કશો જ નિશ્ચય ન રહ્યો.

હવે, બિચારા ગાંધી પર આ લોકોનો સહુથી મોટો આક્ષેપ તો એ જ હતો કે આ માણસ સાધનને સાધ્ય કરતાં પણ વધારે મહત્ત્વ આપે છે.

જો કે એ લોકો વિવેકાનંદ સામે વાંધો ઉઠાવવાનું ભૂલી ગયેલા ! વિવેકાનંદે તો પહેલાં જ કહ્યું હતું : Take care of the Means and the End will take care of itself.–તમે તમારે સાધનની ચિંતા કરો, સાધ્ય તો એની મેળે જ એમાંથી નિષ્પન્ન થઈ જશે." પણ વિવેકાનંદ તો કદી ગાંધીની જેમ ક્રાંતિના કે રાજકારણના અર્થાત્ વ્યવહારના ક્ષેત્રમાં આવ્યા નહોતા. અને રાજનીતિજ્ઞોને તો રાજનીતિના ક્ષેત્રની જ ચોકી કરવાની ને ! એમણે અત્યંત સાવધાનીપૂર્વક અને અત્યંત પ્રયત્નપૂર્વક રાજનીતિને ધર્મના ચકરાવાથી બહાર મૂકી દીધી હતી. એને ધર્મનો ચેપ લાગવા દીધો નહોતો. અને ભગવાનને માટે પણ માંડ થોડી જગ્યા એ લોકોએ એમાં રહેવા દીધી હતી. વચ્ચવચમાં કયારેક સાચાંજૂઠાં કરવા માટે એના નામનો ખપ પડે તે માટે થોડુંક સ્થાન રહેવા દીધેલું એટલું જ ! એ લોકોએ આ રીતે રાજનૈતિક ક્ષેત્રને એક ભિન્ન સત્તા માની લીધી હતી. તેથી વિવેકાનંદનું તો એમના મનમાં નામેય શેનું આવે ? અને ગાંધીએ સેળભેળ કરવા માંડયું એટલે તેની સામે એમણે આ વાંધો લીધો. એમણે કહ્યું કે ગાંધીમાં આ साधनानां अनेकता નથી. ખરું જોતાં તો લોકમાન્યમાં પણ એવી साधनानां अनेकता નહોતી પણ જે અમુક રીતે માનવા જ બેઠાં હોય એમને કોણ અટકાવે ? એમણે તો નાડું પકડયું તે પકડયું.

આમ સાધનોની અનેકતામાંથી સાધનો વિષેના અનિશ્ચય પર વાત આવી ગઈ. આમ એ સવાલ ત્યારે ઊભો થયો હતો. અને 'યંગ ઇન્ડિયા'માં બાપુ અને લોકમાન્ય વચ્ચે પણ થોડીઘણી ચર્ચા ચાલી હતી.*

તે પછી થોડા વખતમાં જ લોકમાન્ય માંદા પડયા અને એ ચર્ચાને આગળ ચલાવવામાં બેમાંથી એકેયને કાંઈ ખાસ રસ ન રહ્યો, પણ સાધન-નિશ્ચયને વિશે એમની વચ્ચે થોડીક ચર્ચા શરૂ તો થઈ જ ગયેલી હતી.

## ૭૧. સાધન-નિશ્ચય માટેનું લક્ષણ : સાધનમાં સાધ્ય અનુગત હોય

સાધન-નિશ્ચયનું સહુથી મોટું લક્ષણ એ છે કે સાધનમાં સાધ્ય અનુગત હોવું જોઈએ કે જેની અંદર સાધ્યને પ્રાપ્ત કરવાની શક્તિ નૈસર્ગિક રીતે, વૈજ્ઞાનિક રીતે પડેલી જ હોય. એટલે સાધનનો નિશ્ચય બુદ્ધિપૂર્વક કરવો પડે છે. માણસ જે રીતે પોતાનું સાધ્ય શું હોય એનો નિશ્ચય બુદ્ધિ-પૂર્વક કરે છે, તે જ રીતે એનું સાધન કયું હોઈ શકે એનો પણ એને બુદ્ધિપૂર્વક નિશ્ચય કરવો પડે છે.

---

* જાન્યુઆરી ૧૯૨૦ન અરસામાં 'યંગ ઇન્ડિયા'ના એક અંકમાં ગાંધીજીએ 'સુધારાનો ઠરાવ' નામે લેખ લખ્યો. તેમાં લોકમાન્યને 'રાજ્યપ્રકરણમાં બધુંયે ચાલે' એવું માનતા જણાવ્યા. લોકમાન્યે તે સામે વાંધો લઇને પોતાની માન્યતા શી છે તે ૧૮-૧-૧૯૨૦ના પત્રમાં ગાંધીજીએ લખ્યું. તેમાં તેઓશ્રીએ લખ્યું, "...રાજ્યપ્રકરણ એ સાધુઓની નહીં પણ સંસારીઓની બાજી છે અને अक्रोधेन जिने क्रोधं એ બુદ્ધના ઉપદેશ કરતાં 'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्' એ શ્રીકૃષ્ણનું સૂત્ર માનવાનું હું વધારે પસંદ કરું છું......" ગાંધીજીએ આ કાગળ એક ટિપ્પણ સાથે છાપ્યો. તેમાં લખ્યું : "...લોકમાન્યે જણાવેલાં બંને સૂત્રોમાં મને તો કંઈ વિરોધ લાગતો નથી. બુદ્ધનું સૂત્ર એક સનાતન સિદ્ધાંત રજૂ કરે છે અને ભગવદ્ગીતાનું સૂત્ર તિરસ્કારને પ્રેમથી અને અસત્યને સત્યથી જીતવાનો સિદ્ધાંત શી રીતે અમલમાં મૂકી શકાય તે બતાવે છે. બીજા સાથે આપણે જેવું વર્તન રાખીએ તેવું જ વર્તન પ્રભુ આપણી સાથે રાખે છે, એ જો ખરું હોય તો સખત શિક્ષામાંથી છૂટવા માટે આપણે ક્રોધને બદલો ક્રોધ નહીં, પણ ક્રોધ સામે પણ મૃદુતાથી જ વાળવો જ જોઇએ, આ નિયમ વૈરાગીઓ માટે નહીં પરંતુ ખસૂસ કરીને સંસારીઓ માટે જ છે......ગમે તેમ હો પણ 'शठं प्रति शाठ्यम्'માં સમાયેલા વાદની સામે હું મારો વીસ વરસનો અનુભવ ખડો કરું છું. ખરી નીતિ તો એ જ છે."

પૂરા પત્રવ્યવહાર માટે જુઓ 'મહાદેવની ડાયરી' પુસ્તક ૫મું પૃ. ૧૫૮-૧૫૯. અહીં બે પ્રાચીન પયગમ્બરોની વાતો પણ સહેજે સાંભરી આવે તેવી છે. મૂસાએ યહુદીઓને કહ્યું : "દાંત સાટે દાંત તોડો, ને આંખ સાટે આંખ ફોડો !" તે પછી ૧૫૦૦ વર્ષે ઈસુએ આવીને કહ્યું : "એક ગાલે થપ્પડ મારે તો બીજો ધરો; પહેરણ લઈલે તેને ડગલો પણ આપી દો !"-સં.

પ્રાચીન પરિભાષામાં એ લોકોએ આને सत्कार्यवाद કહ્યો છે સત્કાર્યવાદનો અર્થ એ છે કે જો મારે ઘડો બનાવવો હોય તો માટી જ લેવી પડશે. અને જો મારે માખણ જોઇતું હશે તો દૂધ-દહીં લઈને જ વલોવવાં પડશે. પાણી વલોવે ફીણ ભલે વળે, માખણ નહીં મળે. એટલે મારે જોવું પડશે કે કઈ વસ્તુમાં માખણ છુપાયેલું છે.

આમ સાધ્ય આપણા સાધનમાં છુપાયેલું હોવું જોઇએ. સાધ્ય અને સાધનમાં સાધર્મ્ય ( સમાન ધર્મનું તત્ત્વ ) હોવું જોઇએ.

આપણું સાધ્ય શું છે? આપણે મનુષ્યોનું સહજીવન સ્થાપવા માંગીએ છીએ. ‘ સહજીવન ’ કહેતાં હું તમારે માટે જીવું અને તમે મારે માટે જીવો; હું તમારા જીવનને ટેકો કરું અને તમે મારા જીવનને ટેકો કરો. સહયોગ અથવા સહકાર કહે છે તે છેલ્લે બાકી આ જ છે ને? નહીં તો સહયોગનો બીજો અર્થ જ કશો નથી રહેતો. પરસ્પરના જીવનમાં સહાયરૂપ બનાવે એવો સહયોગ એ જ આપણું સાધ્ય છે.

સહયોગ અર્થાત્ સહકાર એ જો આપણું સાધ્ય છે તો શું એને અનુરૂપ સાધન હાથ આવે તેમ છે કે? જે સાધન આપણા સહયોગ-સ્વરૂપ સાધ્યને વધુમાં વધુ અનુરૂપ હશે તે જ સાધન શાસ્ત્રશુદ્ધ સાધન હશે. એ જ સાધન બંધુતાની સ્થાપનાને માટે વધુમાં વધુ અનુરૂપ હશે. બંધુતા આપણી ક્રાંતિનો ઉદ્દેશ છે, તેથી આપણું સાધન બંધુત્વમૂલક હોવું જોઇએ અને બંધુત્વપ્રવર્તક પણ હોવું જોઇએ. આપણા સાધનનો પાયો બંધુતા હોય એટલું જ નહીં, બંધુતા એને કારણે ફેલાવી પણ જોઇએ. ક્રાંતિનું સાધન એવું હોવું જોઇએ કે એની પ્રેરણા બંધુત્વમાંથી સ્ફુરે અને એનાથી બંધુત્વનો વિકાસ થાય. ક્રાંતિનું સાધન જો આવું હશે તો જ તે સાધન શાસ્ત્રશુદ્ધ હશે, વૈજ્ઞાનિક હશે.

## ૭૨. સાધન માર્ગ છે, સાધ્ય મુકામ છે

એકવાર એક ઘણા મોટા વેદાંતશાસ્ત્રીને મેં પૂછ્યું હતું કે “ સાધ્ય અને સાધન વચ્ચે છેવટે અંતર શું છે ? ”

ત્યારે એમણે કહેલું, “ જ્યાં સુધી प्रयत्न કરવો પડે છે, ત્યાં સુધી साधन છે, स्वभाव બની ગયો કે सिद्धि થઈ ગઈ, સાધ્ય મળી ગયું.”

—‘ તરતાં શીખવું ’ અને ‘ તરવું ’ એ બેની વચ્ચે ફેર કેટલો ? જ્યાં સુધી ડૂબી ન જવાય તેની જ કોશિશ કરવી પડે છે ત્યાં સુધી કહું

છું કે હું તો 'તરતાં શીખું' છું. પણ જ્યાં તરવું રમતવાત થઈ પડયું, ડૂબવામાંથી બચવાનો સવાલ જ ન રહ્યો, ત્યાં સિદ્ધિ હાંસલ થઈ ગઈ; પછી હું કહું છું કે હવે તો હું 'તરું છું.'

સાધનામાં જે આચરણ કરવું પડે છે તે જ્યારે સ્વભાવ-સિદ્ધ અર્થાત્ સહજ બની જાય છે ત્યારે તે સાધનાને સિદ્ધ થયેલી કહે છે. પછી એમાં કશો વિચાર કરવો પડતો નથી. આમ જે સિદ્ધિ હોય છે તેને માટે જે કાંઈ પ્રયોગો અને પ્રયત્નો થાય છે તેને આપણે સાધના કહીએ છીએ. અને એને માર્ગ એવું નામ પણ અપાયું છે.

મેં નારાયણને પૂછયું, "મારે તો અહીંથી એલિસબ્રિજ જવું છે. બોલ, કયો રસ્તો પકડું?"

એણે રસ્તો બતાવી દીધો અને મેં પગ ઉપાડયા.

બે મિનિટ પછી પ્રબોધ આવીને નારાયણને પૂછે છે, "અરે! દાદા ક્યાં છે?"

નારાયણ કહે, "દાદા તો એલિસબ્રિજ ગયા."

બે મિનિટમાં તે કોઈ બે માઈલનો પંથ કાપીને એલિસબ્રિજ પહોંચી જાય ખરું? બે મિનિટમાં તો કદી પહોંચાય જ નહીં. તેમ છતાં નારાયણ કહે છે કે દાદા એલિસબ્રિજ ગયા, કારણ કે એને ખબર છે કે દાદાએ એલિસબ્રિજ પહોંચવાનો સાચો રસ્તો પકડયો છે અને સાચે માર્ગે ચડેલો માણસ, (જો રસ્તે એનો પગ-બગ ભાંગે-કરે નહીં તો!) સાચે મુકામે પહોંચવાનો જ છે. सम्यग्व्यवसितो हि सः (ગીતા ૯-૩૦) અર્થાત્ એ એવે માર્ગે ચડેલો છે, જે માર્ગે ચડેલો મુકામે પહોંચવાનો જ છે. જ્યાંથી જવા નીકળ્યા તે રસ્તાના આ છેડાનું નામ હરિજન આશ્રમ છે અને પેલા છેડાનું નામ એલિસબ્રિજ છે. જ્યાંથી પ્રયત્નનો આરંભ કરીએ છીએ તે પહેલો છેડો જ સાધન છે અને જ્યાં પ્રયત્નની પરિણતિ થાય છે, તે અંતિમ છેડો જ સાધ્ય કહેવાય છે. માર્ગના અંતિમ છેડાનું નામ જ મુકામ છે. સાધનના અંતિમ છેડાનું નામ જ સાધ્ય છે.

## ૭૩. સાધન-સાધ્યના સાધર્મ્યનો સિદ્ધાંત: તેથી માનવીય ક્રાંતિ માટે હિંસા વિષમ સાધન-અહિંસા શુદ્ધ સાધન

તો, સાધ્ય અને સાધન વચ્ચે સાધર્મ્ય હોવું જોઈએ. ક્રાંતિના તંત્ર અને ક્રાંતિના શાસ્ત્રને માટે ગાંધીની આ ભેટ છે. ક્રાંતિના આ તંત્રમાં (રીતમાં)

પણ ક્રાંતિ થવી જોઈએ, ક્રાંતિના સાધનમાં પણ ક્રાંતિ થવી જોઈએ. આ ગાંધીની આગવી ભેટ છે. એ વાતનો સ્વીકાર બીજા ક્રાંતિકારીઓએ નથી કર્યો, તેથી એ લોકો તર્કવિતર્કમાં ગૂંચવાઈ જાય છે. અને તેથી જ એમના ચિત્તમાં વા-ન-વા (હોય કે નયે હોય) એવી અનિશ્ચિતતા આવી જાય છે. કહે છે: 'જરૂર પડે તો હથિયાર પણ ઉપાડવાં પડે!' એમણે શસ્ત્રને વિષમ નથી માન્યું. હથિયારને પોતાના ઉદ્દેશને માટે હાનિકારક નથી માન્યું. પણ હું તમને કહેવા માંગું છું કે શસ્ત્ર આપણા સાધ્યની દૃષ્ટિએ વિષમ સાધન છે. 'વિષમ' કહેતાં પ્રતિકૂળ, જે માફક તો ન જ આવે અને ઊલટું પરિણામ પણ લાવે તેવું.

જગતની આજની પરિસ્થિતિ અર્થાત્ આજનો આંતરરાષ્ટ્રીય સંદર્ભ શો છે તેની મેં કાલે તમારી સમક્ષ રજૂઆત કરી હતી અને કહ્યું હતું કે આજે હવે કેવળ અહિંસા જ માનવજાતિની આકાંક્ષાઓને અનુરૂપ સાધન બની શકે તેમ છે. બીજું કોઈ સાધન, કોઈ શસ્ત્ર, આજે માનવીની ઇચ્છા પ્રમાણેનું ફળ આણી આપી શકે તેમ નથી.

બીજી વાત મેં એ રજૂ કરી હતી કે આપણી જે રાષ્ટ્રીય પરિસ્થિતિ છે અને આજે આપણી જે કંઈ શક્તિ કે સામર્થ્ય છે, તેને જોતાં પણ અહિંસાની ક્રાંતિ એ જ વ્યાવહારિક ક્રાંતિ થઈ શકે તેમ છે.

ત્રીજી વાત એ મૂકી હતી કે જેને વૈજ્ઞાનિકતા કહે છે તે પણ અહિંસક ક્રાંતિમાં જ હોઈ શકે.

અને આજે હવે મેં એ વાત રજૂ કરી દીધી કે અહિંસક ક્રાંતિની પ્રક્રિયા સિવાય આપણા સાધ્યને અનુરૂપ સાધન બીજું એકે હોઈ જ ન શકે. ક્રાંતિની આપણી રીત સ્નેહમૂલક પણ બનવી જોઈએ અને સ્નેહ-પ્રવર્તક પણ હોવી જોઈએ. સ્નેહમાં જેનાં મૂળિયાં પડેલાં હોય અને સ્નેહ જેના ઉપયોગથી વધતો જ જાય, એવું શુદ્ધ આપણું ક્રાંતિનું સાધન હોવું જોઈએ.

### ૭૪. ગાંધીએ ક્રાંતિનું શુદ્ધ સાધન ઘડવા માટે આપણા વિચ્છિન્ન વ્યક્તિત્વને સમગ્ર બનાવી અહિંસાને સમાજમાં અવતારી

હું માનું છું કે હવે મેં તમારી સમક્ષ અહિંસાની ઘણીખરી બાજુઓ રજૂ કરી દીધી.

પહેલી બાજુ એ મૂકી કે, અહિંસા એક સામાજિક મૂલ્ય છે. સામાજિક મૂલ્ય તરીકે ગાંધીની અહિંસા અને જૂના જમાનાની અહિંસા, એ બેની વચ્ચે કેવળ પ્રમાણનો જ ફેર નથી, માત્રાનો જ ફેર નથી, પરંતુ પ્રકારનો જ ફેર છે. દધીચિ, શિબિ વગેરે મહાપુરુષોની અહિંસા અને ગાંધીની અહિંસા વચ્ચે પ્રકાર-ભેદ છે. હું વધારે નામો નહીં ગણાવું, પણ એટલું જરૂર કહી દઉં કે આજસુધી દુનિયામાં અહિંસાના જેટલા સંસ્થાપકો અને પ્રવર્તકો થયા તેમની તથા ગાંધીની વચ્ચે સૌથી મોટો ફેર કોઈ હોય, તો એ છે કે ગાંધીએ અહિંસાને રાજનૈતિક અને આર્થિક ક્ષેત્રમાં દાખલ કરી, બીજા શબ્દોમાં એણે અહિંસાને સમાજવ્યાપી કરી નાંખી.

અહીંથી સામાજિક મૂલ્યની વાત શરૂ થાય છે. નહીં તો પહેલાં કેવું હતું? સીઝરના ક્ષેત્રમાં સીઝર અને ઈશ્વરના ક્ષેત્રમાં ઈશ્વર. સીઝરના ક્ષેત્રમાં ઈશ્વરનો પ્રવેશ નથી અને ઈશ્વરના ક્ષેત્રમાં સીઝરને પણ પ્રવેશ નથી. તો બીજા નાનામોટા માણસોનો તો સવાલ જ ક્યાંથી? ત્યાં અમીરોને જ પ્રવેશ નથી, એટલે સીઝરને પણ નથી.* આવી બે જુદી જુદી સત્તાઓ માણસે ઊભી કરી દીધી. એક વ્યાવહારિક સત્તા અને બીજી પારમાર્થિક સત્તા ને એ બેની વચ્ચે ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેવું અંતર છે, એવો સિદ્ધાંત ઠોકી બેસાડ્યો. પરિણામે આપણા વ્યક્તિત્વના બે ચીરા થઈ ગયા. જેમ કાકડીને કાપીને એના બે ચીરા કરે છે, તેમ ધર્મશાસ્ત્રોએ ને વેદાંતશાસ્ત્રોએ મનુષ્યના વ્યક્તિત્વના બે ચીરા કરી નાંખ્યા હતા.

અને તમે ભણેલા-ગણેલા મનોવૈજ્ઞાનિકો ને દાક્તરોને પૂછી જોજો. એ તમને કહેશે કે આને 'સીઝોફ્રેનિયા' કહે છે, 'વિચ્છિન્ન વ્યક્તિત્વ.' 'સીઝોફ્રેનિયા'ના દરદીને કદી પાગલખાનાની બહાર નીકળવા દેવામાં નથી આવતો. અને છતાં હું, તમે ને બધાં પાગલખાનાની બહાર છીએ, એની અંદર નથી, તેનું કારણ શું? કારણ એટલું જ કે પાગલખાનું જ બધું બહાર છે, અંદર રહ્યું જ નથી!

તો એમણે બે ભિન્ન સત્તાઓ ધારી લીધી. એક પારમાર્થિક સત્તા અને બીજી વ્યાવહારિક સત્તા. પરિણામે માનવીનાં આચરણ બે જાતનાં થઈ ગયાં, વ્યક્તિત્વ બે જાતનાં થઈ ગયાં. માણસ જિંદગીના રંગમંચ પર 'ડબલ રોલ'માં કામ કરવા લાગ્યો.'

* બાઈબલમાં કહ્યું છે ને કે સોયના નાકામાંથી ઊંટ પસાર થાય તો અમીર સ્વર્ગના દરવાજામાંથી પસાર થાય! 'સીઝર' એટલે બાદશાહ, કૈસર; અહીં રાજસત્તાના અર્થમાં.

આવી અવસ્થા વચ્ચે, ગાંધીએ અહિંસાના પારમાર્થિક મૂલ્યને, એનું પારમાર્થિકપણું કાયમ રાખીને, સાથે જ સામાજિક મૂલ્યમાં પરિણત કરી નાંખ્યું. આમ એણે આપણા છિન્નભિન્ન થઈ ગયેલા ચિત્રને ફરીવાર એક ને સમગ્ર બનાવવાનો પ્રયત્ન કર્યો. જેને આપણા વ્યક્તિત્વની સમગ્રતા કહે છે, સામંજસ્યપૂર્ણ વ્યકિતત્વ કહે છે, માનવીની–'ઇન્ટેગ્રેટેડ પરસોનાલિટી' કહે છે, તે ફરીથી સાંદ્ર, સમગ્ર-ઇન્ટેગ્રેટેડ–થઈ જાય, એવો પ્રયત્ન ગાંધીએ અહિંસાને સામાજિક મૂલ્યમાં પલટીને કર્યો.

હવે આ જે અહિંસાનું સામાજિક મૂલ્ય છે, તે વ્રતમાં કઈ રીતે પરિણમે છે? વ્રતમાં પરિણમે તેની ચિંતા વ્યક્તિગત મોક્ષ માટે નથી. વ્યક્તિગત મોક્ષ તો તેનાથી થતો હશે તો થશે જ, કેમકે એનાથી ચિત્તની શુદ્ધિ થશે, મનુષ્યના વ્યક્તિત્વનો વિકાસ થશે, ને એટલું થશે તો વ્યક્તિનો મોક્ષ તો એનાથી થવાનો જ છે. પણ સામાજિક મૂલ્યની વિચારણામાં વ્યક્તિગત મોક્ષ પ્રયોજન સ્વરૂપ નથી. વ્યક્તિગત મોક્ષ એ પણ સામાજિક મૂલ્ય સ્વરૂપ અહિંસા માટેની પ્રેરણા પૂરી પાડનાર તત્ત્વ બની શકે. એ બે ભિન્ન ભિન્ન પ્રેરણાઓ નથી. એ બેને જુદી જુદી હસ્તીઓ માનશો તો વળી પાછી વિચ્છિન્નતાની મુશ્કેલી ઊભી થશે. પેલા ગવર્નર જનરલ જેવું થશે. હિંદુસ્તાનના ગવર્નર જનરલની બે 'રૂ'ઓ (કેપેસિટી) હતી. એક તો એ ગવર્ન[illegible] [illegible] અને [illegible]જો એ 'ગવર્નર જનરલ-ઇન-કાઉન્સિલ' અર્થાત્ સલાહમંડળની વચ્ચે બેઠેલો ગવર્નર હતો. એટલે થતું એવું કે એ ગવર્નર જનરલ તરીકે એક રીતે વિચારે ને કરે અને કાઉન્સિલમાં બીજી રીતે વિચારે ને બોલે.

અમારા મહારાષ્ટ્રના એક મોટા નેતાએ એવું કરેલું! ઇંગ્લેંડનો પાટવી કુંવર શહેરમાં આવ્યો. ત્યારે એ કોંગ્રેસ સમિતિના પ્રમુખની રૂએ સ્ટેશને જઈ કાળો વાવટો બતાવી આવ્યા અને સાંજે શહેરની મ્યુનિસિપાલિટીના પ્રમુખની રૂએ માનપત્ર વાંચીને સ્વાગત કરી આવ્યા! ત્યારે લોકોએ એમને પૂછ્યું, "અરે આ શું બેવડી રમત રમો છો?"

ત્યારે તેઓએ કહ્યું, "કોંગ્રેસના પ્રમુખ તરીકેની મારી ફરજ કાળો વાવટો બતાવીને મેં અદા કરી છે અને મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકેની ફરજ માનપત્ર આપીને પૂરી કરી છે. મારી એ બે 'રૂ' ઓ જુદી જુદી હતી. નાગરિક તરીકેની 'રૂ' જુદી અને વ્યક્તિ તરીકેની 'રૂ' જુદી."

૩ એટલે મોં. બે જુદાં જુદાં મોં ! તો વ્યકિતગત મોક્ષ જુદો અને સામાજિક મોક્ષ જુદો એવી બે ભિન્ન સત્તાઓ મનુષ્યના વ્યક્તિત્વમાં ઊભી ન કરી શકાય. તેથી મનુષ્ય પોતાના વ્યક્તિગત મોક્ષને માટે જે ગુણોનું અનુષ્ઠાન કરે છે, તે ગુણોને એ જ્યારે સામાજિક મૂલ્યમાં પલટવા માંડે છે, ત્યારે વ્યક્તિગત મોક્ષ અને સામાજિક મોક્ષ એ બંને એક સાથે કૂચ કરવા માંડે છે. પછી એ બેની વચ્ચે વિરોધની કલ્પના પણ નથી આવતી.

ગાંધીએ આ રીતે સામાજિક મૂલ્યને એક વ્રતમાં પરિણત કરી નાંખ્યું. એ વ્રતનો અર્થ શો છે, એ મેં તમારી સમક્ષ રજૂ કર્યું ને એમ અહિંસાની એ બીજી બાજુ દર્શાવી. ત્રીજી બાજુ એ રજૂ કરી કે સહયોગમાં તો આપણે જાણે સમજી શકીએ કે અહિંસા સામાજિક મૂલ્ય છે. પણ શું પ્રતિકારમાં પણ અહિંસા એક સામાજિક મૂલ્ય તરીકે દાખલ થઈ શકે તેમ છે ખરી ? શું પ્રતિકાર પણ અહિંસક હોઈ શકે ખરો ? અને એય શું એક સામાજિક મૂલ્ય બની શકે ? શું પ્રતિકાર એ મનુષ્યનું ધાર્મિક કર્તવ્ય બની શકે ? આની સ્પષ્ટતા થાય તે માટે કાલથી મેં સત્યાગ્રહની નીતિ અને સત્યાગ્રહના સિદ્ધાંતને વિશે, મનુષ્યના સ્વભાવની, વિજ્ઞાનની, તેમ જ ક્રાંતિના સાધ્યની, એવી ત્રિવિધ દૃષ્ટિએ એની વિચારણા રજૂ કરી. હવે વળી એક બીજા દૃષ્ટિબિંદુથી અહિંસાનો વિચાર તમારી સમક્ષ રજૂ કરી દઉં.

## ૭૫. સામાજિક અહિંસા માટે સહભોજન સહઉત્પાદન

કાલે મેં કહેલું કે બીજાના જીવનમાં મદદરૂપ થવું હોય તો તેમાં સહભોજનની જરૂર પડે છે. આહારને કેવળ શરીરધર્મ માનનારા, વ્યક્તિગત સંયમમાં આસ્થા રાખનારાઓ તો ત્યાં લગી જઈ પહોંચેલા કે જે રીતે શૌચ વગેરે શરીરધર્મ છે, તે જ રીતે ભોજન પણ એક શરીરધર્મ છે. અને શૌચને માટે તમે જો કોઈને નિમંત્રણ નથી આપતા અને સાથે નથી લઈ જતા, કે કુંકુમપત્રિકા નથી છાપતા, તો આ ભોજનને માટે ને વિવાહને માટે એ બધી તરખડ કરવાની શી જરૂર છે ? એ તો બધું છાને ખૂણે બેસીને ગુપચુપ પતાવી લેવું જોઈએ ! એમને હું કહેતો આવ્યો છું કે ભાઈ, આવો એક વસ્તુનો અતિરેક જ્યારે થઈ જાય છે, ત્યારે એ વસ્તુ સમાજવિમુખ થઈ જાય છે. એમાં એકાંતિક વ્યક્તિગત સાધનાનું તત્ત્વ આવી જાય છે. પછી એવા માણસે 'હિમાલય' સુધી પણ જવું પડતું નથી. એને તો ઓરડામાં જ 'હિમાલય' આવી જાય છે. 'હિમાલય' કાંઈ એક ઠેકાણે થોડો છે ? હિમાલય એક પર્વત છે, તેમ એક વૃત્તિ પણ છે. અરણ્ય-વાસ હોય છે, તેવો

એક અરણ્ય–વાદ પણ હોય છે. તો આવા લોકો અરણ્યવાદી હોય છે. એ લોકો જન–વિમુખ થઈ જાય છે. એમણે એમ માની લીધેલું કે બસ આટલું થયું કે બેડો પાર! પરંતુ એ રીતે સામાજિક મૂલ્યનો વિકાસ નથી થતો. સંયમ જરૂર હોય, પરંતુ સંયમને કારણે આપણે સમાજવિમુખ કે લોક–વિમુખ બનવું ન જોઈએ.

તો સંયમનું સામાજિક મૂલ્ય શું છે? બીજાના ખાવાની ચિંતા પોતે ખાતા પહેલાં કરું છું, એમાં સંયમ આવી જાય છે. બીજાને ખવડાવીશ, પછી ખાઇશ; બસ અહિંસા આવી ગઈ. અહિંસાની સાથે સહભોજન આવી ગયું.

કાલે મેં તમને કહ્યું હતું કે હવે આપણે સહભોજનથી એક પગલું આગળ ભરીએ છીએ અને તે એ કે હવે સહઉત્પાદન થશે.

### ૭૬. સહઉત્પાદન એટલે સ્વાવલંબન માટે નહીં પણ પડોશી માટે ઉત્પાદન: સ્વાર્થ ને શોષણને સ્થાને પ્રેમ ને પોષણની પ્રેરણા: સંગ્રહભાવનાનું નિરાકરણ

તો આ સહઉત્પાદનનો અર્થ શો છે? સહઉત્પાદન જુદી વસ્તુ છે અને સ્વાવલંબન જુદી વસ્તુ છે. હું એ બેય શબ્દો વિચારપૂર્વક જ વાપરું છું. આજકાલ જે બોલબાલા છે તે તો સ્વાવલંબનની છે. મારું ખમીસ હું બનાવી લઉં, મારું ધોતિયું હું પેદા કરી લઉં, મારુ ભોજન હું પકાવી લઉં, મારું જીવન હું જીવી લઉં, મારું મરણ હું મરી લઉં! આ સ્વાવલંબન નથી. સ્વાવલંબનનો આવો ખોટો અર્થ આપણે સમજી બેઠા છીએ. 'સ્વાવલંબન' એ તો એક સાપેક્ષ શબ્દ આવ્યો હતો. સમાજમાં આજસુધી લોકો જળો જેવા પરોપજીવી હતા, 'પેરેસાઇટ' હતા. બીજાનો પરસેવો ખાઇને જીવતા હતા તેમની પ્રતિષ્ઠા હતી. કાલે એમને આપણે monopolists of leisure—'આરામના ઇજારદાર કહ્યા હતા. રવિ ઠાકુરે એમનું સુંદર નામ પાડયું છે: અવકાશભોગી! અર્થાત્ અવકાશ કે ફુરસદ એ જ એમનું ભોજન છે. આવા લોકો હતા, તેમની આદતો સુધારવાની હતી. નોકર વગર એમનું એક કામ નથી થતું હોતું. ખરું ને? આજે પણ આવા ઘણા છે. અરે, એ લોકો શરીરશ્રમ પણ કરે છે! કેવી રીતે તે તો ખબર છે ને?

સવારે આઠ વાગે વહેલા વહેલા ઊઠીને હાંફળાફાંફળા બૂમો પાડે છે, "સાંભળ્યું કે? મારે આજે શરીરશ્રમ કરવા જવાનું છે! જરા નોકરને

કહી દે કે ઝટપટ મને બૂટ પહેરાવી દે. અરે, આટલું સંભળાતું નથી? મોડું થાય છે તેય દેખાતું નથી. શ્રમયજ્ઞનો વખત વીતી રહ્યો છે!"

ત્યાં જઈ શરીરશ્રમ કરીને પાછા આવે ને ભફફ કરતાં સોફા પર બેસી પડે છે, "અરે એય, જરા જોડા ઉતારી નાંખ તો!"

એમણે પોતાના જીવનના આવા બે ભાગ પાડી નાંખ્યા હોય છે. લોકો આવા હતા. એમને માટે સ્વાવલંબનની નીતિ આગળ કરવામાં આવી. જે લોકો પરોપજીવી હતા, બીજાની મહેનતને માથે જીવતા હતા તેમને કહેવામાં આવ્યું કે ભાઈ તું તારું પોતાનું કામ પણ જાતે નથી કરતો! એ તે કાંઇ જીવન છે? એક દહાડો ઊઠીને તું તો કહીશ કે આ શ્વાસ લેવાનું પણ કોઈ સાધન નીકળે તો કેવું સારું? બસ, બીજું કોઈ મારા વતી શ્વાસ લીધા કરે. ઠીક ભાઈ, તો એમ જ કહી નાંખને કે બીજો કોઈ મારા વતી જીવી નાંખે. જીવવા માટે જ તું કોઈને તારી અવેજીમાં એજન્ટ તરીકે શા માટે નથી નીમી દેતો? તારે જો દરેક બાબતમાં એજન્ટ કે આડતિયાની જરૂર પડતી હોય તો બહેતર છે તું જીવન પણ આડતિયા મારફતે જ જીવ! આવું કેમ નથી કરતો?

તો, આ અનિષ્ટના નિષેધમાં 'સ્વાવલંબન'નું સૂત્ર આવ્યું. મનુષ્યે એટલા બધા પરાવલંબી કે પરોપજીવી ન બનવું જોઇએ. પરંતુ આપણે સહુએ પરસ્પરોપજીવી તો બનવાનું જ છે. પરોપજીવનથી પરસ્પરોપજીવન તદ્દન જુદી વસ્તુ છે. ને તેથી મેં સહ-ઉત્પાદનની વાત કરી. મેં કેવળ એટલું કહ્યું કે દરેક મનુષ્યે શરીરશ્રમનું વ્રત લઇને ઉત્પાદક બની જવું જોઇએ. આપણે કેવળ શ્રમનિષ્ઠ જ નથી બનવાનું, આપણે તો સમાજમાં શ્રમનિષ્ઠ ઉત્પાદનની પ્રેરણા ઉત્પન્ન કરવાની છે. તે વિના કામની પ્રેરણાનો પ્રશ્ન-ઇન્સેન્ટિવનો પ્રોબ્લેમ-ઊકલવાનો નથી.

સહ-ઉત્પાદનનો અર્થ શો?

—નારાયણ કાંતે છે. એણે પોતાના ધોતિયા જેટલું કાંતી કાઢયું ને વણાવી પણ કાઢયું. પછી જે ચાલુ ફાટેલું ધોતિયું પહેરે છે તે જ પહેરીને મારી પાસે આવે છે ને કહે છે, "દાદા, આ મારું હાથ સૂતરનું ધોતિયું છે. આ ધોતિયું મારે આપને આપવું છે."

"અરે, તારે વળી શેનું આપવું છે? તેં પોતે તો ફાટેલું ધોતિયું પહેર્યું છે!"

"ખરું પણ મારું કાંતેલું તમે પહેરો તો મારા જીવનને વધારે સંતોષ વળશે."

આ સહઉત્પાદન કહેવાય છે. તમે ને હું ભેગા મળીને કામ કરીએ છીએ, પણ હું મારે માટે નથી કરતો, તમે તમારા માટે નથી કરતા. હું તમારે માટે કરું છું, તમે મારા માટે કરો છો. એમાં સ્નેહની પ્રેરણા આવી જાય છે. અને આ વસ્તુ મનુષ્યને માટે તદ્દન સ્વાભાવિક છે.

આજે તો આપણાં દિલ જ બગડી ગયાં છે, કૂબડાં થઈ ગયાં છે. We have all become crooks, આપણે બધાં દિલ ને દિમાગથી 'કુબ્જા' અર્થાત્ કૂબડા બની ગયાં છીએ. ને તેથી આપણે એમ ધારી લઈએ છીએ કે આમ બનવું એ ખૂબ જ અસંભવિત વસ્તુ છે. પણ દુનિયામાં તો આવું રોજ થાય જ છે. રમતમાં થાય છે, રોજિંદા જીવન-વ્યવહારમાં ડગલે ને પગલે થાય છે. તેમ કર્યા વિના કોઈ માણસને ચેન જ નથી પડતું. તમારા લગ્નમાં કોઈ આવે નહીં તો તમને પરણવામાં પણ મજા નથી પડતી! અને મરતી વખતે પણ સગાંસ્નેહીઓનું ટોળું ન વળે, તો માણસને મરવામાં પણ મજા નથી પડતી! તમારે ત્યાં ગુજરાતમાં તો મેં સાંભળ્યું છે તેમ રડવા-કૂટવા માટે કેટલાંક જણને નોતરાં પણ આપવામાં આવે છે, ખરું કે? સહ-રુદન ન થાય તો દુઃખમાં ડૂબેલાના દુઃખનું નિરાકરણ જ નથી થતું. હવે જો કે એ વસ્તુ બંધિયાર રિવાજ બની જવાથી બગડી ગઈ, પણ એની પાછળની મૂળ પ્રેરણા શેમાંથી પેદા થઈ હશે એ સમજીએ. મેં પહેલે જ દિવસે કહેલું કે જો બધાં રાષ્ટ્રો મળીને સહમરણનો સંકલ્પ કરે તો તેમાંથી જીવન જ નિષ્પન્ન થશે. સાથે જીવવું સાથે મરવું એ બધી મનુષ્યની સ્વાભાવિક પ્રેરણા છે. આપણે એમને બહુ ખોટી રીતે સમજ્યા છીએ. પણ તે આજની વિશિષ્ટ પરિસ્થિતિને કારણે છે.

### ૭૭. સંગ્રહ-ભાવનાનું મનોવિજ્ઞાન : ઉત્પાદક પરિશ્રમ એક પ્રધાન અભિવ્યક્તિ : પ્રત્યેક અભિવ્યક્તિની જેમ તેનો ઉદ્દેશ પણ પરસ્મૈપદી : ઉદ્દેશની પૂર્ણ ચરિતાર્થતા માટે માલિકી હક

સહઉત્પાદનનો અસલ અર્થ એ છે કે હું જેટલું ઉત્પાદન કરું તે મારે પોતાને માટે નહીં, પણ સમાજને માટે હશે. 'સમાજને માટે' એમ કહેવાનો પહેલો અર્થ હશે : 'પડોસીને માટે'. હું તમારે માટે ઉત્પાદન કરું અને તમે મારે માટે ઉત્પાદન કરો, તો સંગ્રહની ભાવનાનું આપોઆપ નિરાકરણ થઈ જાય.

—પ્રબોધ ખાવા માટે કેળાં લાવે છે તે મારે ખાવા માટે લાવે છે. અને હું ઇચ્છું છું કે એ મારી સાથે બેસીને ખાય. અમે એકમેકને આગ્રહ કરીએ છીએ. પ્રબોધ કહે છે, 'આપ ખાવ' હું કહું છું 'ભાઈ, તું ખા.' શું અમારા બેમાંથી એકેયને કેળાં સંતાડી રાખવાની વૃત્તિ થશે ?

સંગ્રહની પ્રેરણા શા માટે હોય છે ? મનુષ્યની જે સ્વાર્જિત સંપત્તિ હોય છે, જાતે રળેલી મિલકત હોય છે, તેના પર એ પોતાનો અધિકાર બતાવવા માંગે છે. કારણ એ ઉત્પાદન કરે છે તે પોતા કે પોતાનાં માટે કરે છે.

એ ઉત્પાદક ક્રિયા દ્વારા મનુષ્ય પોતાના 'સ્વ'-ભાન અને સ્વકીયતાને સક્રિય રીતે વ્યક્ત કરવા માંગે છે. એના ઉત્પાદક પરિશ્રમ પાછળ સ્વકીયતાની અભિવ્યક્તિનો ઉદ્દેશ પડેલો હોય છે—જેમ ખેલકૂદના શ્રમ પાછળ આનંદ અને વિકાસનો ઉદ્દેશ હોય છે તેમ. પ્રત્યેક મનુષ્યને પોતાનો એ ઉદ્દેશ પાર પાડવાની વધુમાં વધુ સ્વતંત્રતા જોઈએ છે, તેથી એ પોતે રળેલા પર પોતાનો માલિકી-હક જાહેર કરે છે ને તે હકને કબૂલ કરાવવા ઝઝૂમે છે અને રાજ્યો તથા કાયદા રચે છે.

વળી સ્વકીયતા, સહાનુભૂતિ વગેરે બહુ જ અંગત ને વ્યક્તિગત ભાવનાઓ છે. આજે મનુષ્ય વિકાસને જે પગથિયે ઊભો છે ત્યાં એને સ્વકીયતા અનુભવવા માટે નિકટનાં પોતાનાં જેવાં જ મનુષ્યો જોઈએ છે.

ઠીક, તો 'સમાજ માટે ઉત્પાદન' નહીં ચાલે ? સમાજ 'ઇમ્પર્સનલ' બિનઅંગત થઈ જાય છે, અવ્યક્ત થઈ જાય છે. અવ્યક્તને માટે ઉત્પાદન મુશ્કેલ છે, એ મેં પરમ દિવસે કહ્યું હતું તેમ 'ડીઈન્ડિવિડ્યૂઅલાઇઝ' થઈ જાય છે. એમાંથી માનવીના વ્યક્તિત્વનું નિરાકરણ થઈ જાય છે. અને એ યાદ રાખજો કે 'ડીઇન્ડિવિડ્યૂઅલાઇઝેશન ઇઝ ડીવાયટલાઇઝેશન–મનુષ્યના વ્યક્તિત્વનું નિરાકરણ થઈ જાય તો એની વિભૂતિ જ ક્ષીણ થઈ જાય છે. આપણું વ્યક્તિત્વ એક વિભૂતિ છે, એ સમાજની એક વિભૂતિ છે દરેક મનુષ્યનું વ્યક્તિત્વ સમાજની એક એક એવી વિભૂતિ છે, જેનું આપણે હરગિજ નિરાકરણ કરવા માંગતા નથી. ઊલટું એનો તો આપણે વિકાસ કરવા માંગીએ છીએ.

માનવની વિભૂતિના વિકાસની પ્રક્રિયા શી છે ? આપણું આ આખુંયે વ્યક્તિત્વ જે જે ક્રિયાઓમાં પ્રકટ થાય છે, તે પૈકી ઉત્પાદન એ એક મુખ્ય ક્રિયા છે. લોકો તો કહે છે : 'કલાને માટે કલા' હુંય માની લઉં છું : 'કલાને માટે કલા'. પણ આખર એ કલાને અભિવ્યક્ત શા માટે

કરે છે? મારા મનમાં ચિત્ર છે. ભલે રહ્યું. ના, મારે એને વ્યક્ત કરવું છે? શા માટે વ્યક્ત કરવું છે? મારા મનમાં રહેલા અમૂર્તની હું મૂર્તિ શા માટે ઘડું છું? જેટલા પ્રકારની અભિવ્યક્તિ થાય છે, તે તમામ બીજાને માટે થાય છે.

—એક જણ દાઢી કરતી વખતે પણ આરસામાં મોં જોતો નહીં. લોકોએ પૂછયું, "અરે તું દાઢી કરે છે, તોય આરસામાં કેમ નથી જોતો?"

તો પેલો કહે છે, "મારી સિકલ હું શું જોઉં? કંઈ બહુ જોવા જેવી તો બળી નથી. પછી એને ચાટલામાં જોઈને શું કરું?"

"હા...આ! તો પછી સિકલ છે શા માટે?"

"એ તો બીજાને માટે છે."

મારું નામ, મારો ચહેરો, મારાં કપડાં, એ બધું જ બીજાને માટે હોય છે. કેમ ખરું કે નહીં? માણસ જંગલમાં એકલો જ રહેતો હોય તો એ નામ શું કામ ધરાવે? ત્યાં કોણ કોને બોલાવે?

જેમ મુખડું બીજાને માટે હોય છે તેમ કપડાં પણ બીજાને માટે જ હોય છે.

—જેલમાં અમારા એક સાથીદાર હતા. મેલાં દાટ કપડાં પહેરીને ફરતા. એક દિવસ જેલરે એમને કહ્યું, "કેમ તમને સાબુ નથી મળતો?"

તો ભાઈસાહેબ કહેવા લાગ્યા, "ખાવાનું મારે માટે ખાઉં છું, માટે તે હમેશાં ચોખ્ખું ને સારું હોય તેની હું કાળજી લઉં છું; કપડાં તમારે માટે પહેરું છું, માટે જો તમને તે ગંદાં લાગતાં હોય તો તમે તમારે ધોઈ નાંખો. હું મારે માટે થોડો જ પહેરું છું?"

આ જેને તમે અભિવ્યક્તિ કહો છો, તે જ્યારે 'વૅનિટી'માં અર્થાત્ રૂપના ગર્વમાં ફેરવાઈ જાય છે, ત્યારે તે પ્રદર્શનાત્મક બની જાય છે. પછી શૃંગાર અને પ્રદર્શન એ જ જીવનના ઉદ્દેશ બની બેસે છે પણ શૃંગાર અને પ્રદર્શનથી જુદી એવી જે મનુષ્યની સામાજિક પ્રેરણા છે, પોતાની જાતને અભિવ્યક્ત કરવાની, તે પૈકી ઉત્પાદક પરિશ્રમ એક ઘણી મોટી પ્રેરણા છે.

### ૭૮. ઉત્પાદનનો ઇષ્ટદેવ માનવ છે–પૈસો કે પ્રચુરતા નહીં: તેથી ઉત્પાદન પદ્ધતિ મનુષ્યતાનો વિકાસ કરનારી હોવી જોઈએ

આ વસ્તુ મનુષ્યમાં પડેલી જ છે. આજે આપણે લોકોએ ઉત્પાદકને અપ્રતિષ્ઠિત કરી નાંખ્યો છે, તેથી ઉત્પાદનની સ્વાભાવિક પ્રેરણાનો ઝરો

સુકાયો છે. પણ આપણે શોખને માટે શ્રમ નથી કરતાં શું ? એ શોખ ઉર્ફે 'હોબી' એ બીજું શું છે ? હોબી એટલે શું ? એ જ ને કે સુતારકામ પેટ માટે નહીં પણ શોખ માટે કરો. પેટ માટે બગીચામાં માળીકામ ન કરો, પણ શોખ તરીકે 'ગાર્ડનિંગ' કરો ! હોબીનો આવો અર્થ છે ને ? તો આ જે કામ કરવાની પ્રેરણા છે તે મનુષ્યની સ્વાભાવિક પ્રેરણા છે.

આપણું કહેવાનું એટલું જ છે કે આ જે મનુષ્યની ઉત્પાદન કરવાની સ્વાભાવિક પ્રેરણા છે, તેમાંથી એના ગુણનો વિકાસ થવો જોઈએ. હવે આમાં emphasis અર્થભાર બદલાઈ જાય છે, વાતમાં જે રીતે ભાર મૂકતા તે બદલાઈ ગયો ને ? પેલા શું કહેતા હતા ? "વધુ ઉત્પાદન થવું જોઈએ." આપણે કહેતા હતા, "ઉત્પાદન તો જરૂર વધારે થાય, પણ એનાથી ઉત્પાદકનો પણ વિકાસ થાય." પેલા કહે છે, "મોર પ્રોડક્ષન—વધુ ઉત્પાદન ! વધુ ઉત્પાદન ! વધુ ઉત્પાદન !"

"ઠીક ભાઈ ઠીક ! પણ ઉત્પાદકનું શું ?"

તો કહે છે, "ઉત્પાદકનું ? તેના તરફ હાલ અમે ધ્યાન આપ્યું નથી."

પ્રચુરતા આવી જાય, વિપુલતા આવી જાય, પણ પછી ?

આપણા મનમાં વધુ ચીજવસ્તુઓનું મહત્ત્વ એવું તો વસી ગયું છે કે વધુ ઉત્પાદનની લાયમાં ને લાયમાં આપણે તદ્દન વસ્તુનિષ્ઠ બની ગયા છીએ અને માનવને તો ભૂલી જ ગયા છીએ !

પેલો મૂડીવાદી ધનનિષ્ઠ હતો. એ શું કહેતો હતો ? "વધુ પૈસા ! વધુ પૈસા ! વધુ પૈસા !"

અને આજનો સમાજવાદી વસ્તુનિષ્ઠ બન્યો છે. એ કહે છે : "વધુ ઉત્પાદન ! વધુ ઉત્પાદન ! વધુ ઉત્પાદન !"

માણસનું મન કેવાં નવાં નવાં નખરાં કરે છે એ આપણે જરા શીખી લેવું પડશે. નવાં નખરાં હેઠળ હોય છે તો તેના તે મહેરબાન ! બહુ થોડામાં એ વાત પણ તમારી સામે રજૂ કરી જ દઉં. આખો ઇતિહાસ ઉખેળવાની જરૂર જોતો નથી.

લોકો કહે છે કે કોઈ કાળે મનુષ્ય શિકાર કરીને જીવતો હતો. આખી દુનિયાના બધા લોકો કોઈ જમાનામાં શિકાર જ કરતા હશે કે કેમ તે હું

કાંઈ જાણતો નથી! ઇતિહાસમાંયે તથ્ય કરતાં કલ્પના કાંઈ ઓછી હોતી નથી! ઠીક, પણ હું એટલું જાણું છું ખરો કે જ્યારે માણસ શિકારી તરીકે જીવતો હતો તેમાંથી જ્યારે ખેતી કરનારા તરીકે અને ગાય-બકરાં વગેરેના ભરવાડ તરીકે જીવન ગાળતો થયો હશે, ત્યારે એનામાં એટલો ફેર જરૂર પડયો હશે કે એને પોતાના પડોસી પર ભરોસો મૂકવો પડયો હશે કારણ પડોસીનો ભરોસો રાખ્યા વિના તો કોઈ ગામમાં રહી જ ન શકે અને ખેતીયે ન કરી શકે.

—પેલા એક સદ્‌ગૃહસ્થની વાત જાણો છો ને? બીજા એક સદ્‌ગૃહસ્થને ત્યાં એને પરોણા થઈને રહેવું પડયું. હવે તે દિવસોમાં લૂંટફાટ બહુ થતી અને ચોરીચપાટીના અંદેશાથી બધા ફફડતા.

રાતે સૂવું તો પડે એટલે ભાઈ પેલાને ત્યાં પરોણા રહ્યા. રાત તો જાણે વીતી ગઈ. સવાર થઈ ને ભાઈએ ખભે ખડિયો નાંખીને યજમાનની વિદાય લેવા માંડી. ને ત્યારે આભાર માનતાં કહે છે, "હું આપનો ઘણો પાડ માનું છું."

"અરે, એવું શું બોલો છો?"

તો કહે, "ના ના! ઠીક જ કહું છું, આખી રાત આપના ઘરમાં સૂતો, છતાં આપે મને માર્યો કે લૂંટયો નહીં તે કાંઈ ઓછું છે?"

એ બિચારો આખી રાત મનમાં હનુમાનચાલીસા જ જપતો હતો. એટલે આ ડાકુઓના દેશમાં સુખરૂપ રાત વીતી ગઈ, જાન બચી ગયો એ કંઈ જેવી તેવી વાત હતી!

ત્યાં પેલો યજમાન પણ વળતું એને કહેવા લાગ્યો, "અમેય આપના બહુ આભારી છીએ."

"કેમ? તમો વળી શેના આભારી?"

તો કહે, "આપ આખી રાત ઘરમાં રહ્યા છતાં ઘરમાં આગ ચાંપી નહીં, તે માટે આપના અમે બહુ ઋણી છીએ!"

આવા સદ્‌ગૃહસ્થોનું ગામ કદી વસે જ નહીં. ગામ એવા લોકોનું જ વસી શકે જેમને એકમેકના હૂંફની ખાતરી પડતી હોય. નહીં તો એકમેકની નજીક કેવી રીતે રહી શકે? પાસે પાસે ખેતર એમનાં જ રહી શકે, જેમને એકમેકનો ભરોસો હોય. ખેતરમાં 'ચાડિયો' ઊભો કરે છે તે

તો પશુપંખીને બિવડાવવા માટે; એ કાંઈ માનવીને માટે નથી હોતો. એટલે કે જે કાંઈ આશંકા હોય છે તે જાનવરો તરફથી હોય છે, માણસ તરફથી નથી હોતી. જાણકારો કહે છે ને કે 'એગ્રિકલ્ચર'ની અર્થાત્ ખેતીની સાથે સાથે માનવીના 'કલ્ચર'નો સંસ્કારનો આરંભ થયો? તે એટલા માટે કે ખેતીથી જ પડોસી પર ભરોસો મૂકવાની શરૂઆત થાય છે. ખેતીથી બે વાત થઈ; એક તો અમુક એક સ્થળે વાસ કરવો અને બીજું પડોસી પર વિશ્વાસ મૂકવો. વાસ અને વિશ્વાસનો આરંભ ખેતીથી થાય છે. ને તે બે કારણે એના જીવનમાં પરિવર્તન થઈ ગયું.

તે પછી કેવે ક્રમે વિકાસ થતો ગયો એ તો બધું તમે ભણ્યા જ હશો. એ બધી અર્થશાસ્ત્રની વાત છે. એને જતી કરી આપણા ખપપૂરતો મુદ્દો લઈ લઉં છું.

તે પછી મૂડીવાદનો સંદર્ભ આવ્યો. ઘરગથ્થુ ભાષામાં કહું તો 'મૂડીવાદી સંદર્ભ' એટલે માણસની કીમત કાંઈ નહીં, માણસ કરતાં વસ્તુ મોંઘી અને પૈસો સૌથી શ્રેષ્ઠ! ક્રાંતિની વાત આના કરતાં બિલકુલ ઊલટી છે. ક્રાંતિમાં મનુષ્ય સર્વોપરી હોય, વસ્તુ સહેલાઈથી મળે તેમ હોય અને સંપત્તિના માપ તરીકે પૈસાનું કશું જ સ્થાન ન હોય. હા, ચલણનું સ્થાન હશે કે નહીં હોય, એ વળી સાવ જુદો જ સવાલ છે. સંપત્તિ માપવાના ગજ તરીકે પૈસો બિલકુલ નહીં હોય.

પૈસાએ તો કેવો દાટ વાળ્યો છે, જરા જુઓ તો ખરા—

—અદાલતમાં મુકદ્દમો ચાલે છે.

એક માણસ કહે છે કે બીજો માણસ મારી પરણેતરને ભગાડી ગયો છે.

"તું શું ઇચ્છે છે?"

"મારે બદલો જોઈએ–દસ હજાર રૂપિયા!"

"પૈસા ચુકવાઈ ગયા. મામલો પૂરો.

+ × ×

બીજો મુકદ્દમો આવ્યો.

"હું મિલમાં કામ કરતો હતો. ત્યાં મારો હાથ અકસ્માતમાં ભાંગી ગયો."

"તું શું ઇચ્છે છે?"

" પાંચ હજાર રૂપિયા વળતર જોઇએ."

× × ×

ત્રીજો મુકદ્દમો આવ્યો.

" હું ભરબજારમાં થઇને પસાર થતો હતો. ત્યાં ફલાણા ઢીંકણાએ મારે માથે જોડા મારીને બેઆબરૂ કર્યો."

" તું શું ઇચ્છે છે ?"

" સાત હજાર રૂપિયા નુકસાનીના અપાવો !"

હવે તમે જ કહો, પત્નીને બદલેય પૈસા, અવયવના વળતરમાં પૈસા, ને આબરૂને સાટે પણ પૈસા ! કદી કોઇએ એવું ધાર્યું પણ હતું કે માનવીના જીવનમાં પૈસો આવું સ્થાન બથાવી પાડશે ? ઇજ્જતને ઠેકાણે જો પૈસો ઠબી ગયો તો કાલે ઊઠીને ભગવાનને બદલે પૈસો, વોટને બદલે પૈસો, લોકશાહીને બદલે પૈસો અને આત્માને ઠેકાણેય પૈસો જ પૈસો થઈ જશે ! એક પછી એક પગથિયું છે ને ?

મનુષ્યના આખાયે સ્વભાવને એની પેટિયું રળવાની પદ્ધતિ અમુક અંશે ઘડે છે ને બદલે પણ છે. તેથી આપણો આગ્રહ એટલો જ છે કે ઉત્પાદનની પદ્ધતિ એવી ગોઠવીએ જેનાથી મનુષ્યની મનુષ્યતાનો વિકાસ થાય, એના સામાજિક ગુણોનો વિકાસ થાય.

**૭૯. પ્રચુરતાના મોહમાં બેહદ યાંત્રીકરણ–કેન્દ્રીકરણ કરવાથી મનુષ્યના સામાજિક ગુણોનો હ્રાસ થાય છે : ઑટોમેશન સરમુખત્યારશાહીની જડ છે : તેથી યાંત્રીકરણની મર્યાદા–સાંસ્કૃતિક વિકાસ**

તો પહેલી વાત મેં આ જ કારણે એ રજૂ કરી કે જે ઉત્પાદન થશે તે એકમેકને માટે થશે. જેટલું યાંત્રીકરણ થશે તેટલી સામાજિક પ્રેરણા ઘટતી જશે.

આમ કહીએ ત્યારે લોક મેણું મારે છે કે તમે તો સાવ ' અનસાયન્ટિફિક ' છો, વિજ્ઞાન સાથે જ તમે તો વેર બાંધી બેઠા છો. પણ જો સામાજિક પ્રેરણાની વાત અવૈજ્ઞાનિક હોય તો એ લોકો કહે ! ' યાંત્રીકરણ ' કહેતાં હું ' કેન્દ્રીકરણ 'ના દોષની વાત કરું છું. મેં અગાઉ એકવાર કહેલું કે યંત્રની એક સિફત હોય છેઃ એ ચીજોને એકસરખી બનાવે છે. આ

વસ્તુ લશ્કરમાં સૌથી વધારે પ્રમાણમાં જોવા મળે છે. લશ્કરમાં બધાની છાતી, અંદરથી તો જેવી હોય તેવી, પણ બહારથી તો એકસરખી હોવી જોઇએ; બધાનાં માથાં–અંદરના ભેજાંનો તો કશો સવાલ જ નથી !– બહારથી એક માપનાં હોવાં જોઇએ ! બધાની ઉંચાઇ એકસરખી હોવી જોઇએ. પોશાક રજેરજ એકસરખા, અરે, બટન પણ એક જ જાતનાં ! જેને ' રેજિમેન્ટેશન ' (લશ્કરી સમાનતા) કહે છે તે આ !

તો યંત્રના ' સ્ટાંડર્ડાઇઝેશન–(સમાનીકરણ) અને રેજિમેન્ટેશન ' વચ્ચે બહુ અંતર નથી. યંત્રથી સમાનીકરણ થાય છે, બધા લોકો લગભગ એકસરખા થઇ જાય છે. તમે જ કહોને, એક યંત્ર જો સાંજ પડે હજાર જોડ જોડા કાઢતું હોય તો તે એકસરખા કાઢશે કે જુદી જુદી જાતના ? જુદી જુદી જાતના તે કઇ રીતે કાઢે ? એક જ જાતના કાઢવા પડે. તેથી યંત્રની સાથેસાથ મનુષ્યમાં એક જાતનું યાંત્રીકરણ આવી ગયું છે. યંત્રને પરિણામે સમાજમાં પણ યાંત્રીકરણ થાય છે. અને સમાજમાં યાંત્રીકરણનો જેટલો વિકાસ થાય છે, તેટલો જ સામાજિક ગુણોનો હ્રાસ થાય છે. આ તદ્દન વૈજ્ઞાનિક સત્ય છે.

કાલે દિનકરભાઇએ તમને કહ્યું હતું ને કે પેલા જે મિકેનિકલ અર્થાત યાંત્રિક કે યંત્રવાદી ભૌતિકશાસ્ત્રીઓ હતા, તેઓ કરતાં માર્કસનો વિચાર તદ્દન નિરાળો જ છે. માર્કસનો ભૌતિકવાદ અને યાંત્રિક ભૌતિકવાદ કે જડવાદ એ બે તદ્દન ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. યાંત્રિક જડવાદીઓએ આખા સમાજનું યાંત્રીકરણ જ કરવા માંડયું. આ યાંત્રીકરણ જેમ જેમ વધતું જશે, તેમ તેમ ' ઓટોમેશન ' વધતું જશે. આજકાલ એ લોકોએ એનું નામ પણ ઘણું સુંદર પાડયું છે– ' ઓટોમેશન ! ' ઓટોમેશન એટલે પોતાની મેળે કામ થવાની પ્રક્રિયા. દરેક કામ એમાં પોતાની મેળે થતું હશે. એ લોકોએ ઓટોમેશનનું ચિત્ર પણ ભારે રૂપાળું દોર્યું છે.

એક ઓફિસમાં ચાર છોકરીઓ બેઠી છે. શું કરે છે ? ચારેય જણી એકસરખું કામ કરે છે. ચારેયનાં કામ એક જ સરખાં છે : –બસ, બટન દબાવ્યા કરે છે.

પહેલી છોકરીના બટન દબાવવાથી શું થાય છે ? –સુંદર ચિત્રો દોરાય છે.

બીજી છોકરીના બટન દબાવવાથી શું થાય છે ? –દુનિયાના વિગતોથી ભરપૂર નકશા છપાઇ જાય છે.

ત્રીજી છોકરીના બટન દબાવવાથી શું થાય છે? —એક મઝાની નવલકથાની આવૃત્તિ બહાર પડે છે.

ચોથી છોકરીના બટન દબાવવાથી શું થાય છે?—મેં લખેલા એક પત્રની નકલો તૈયાર થઈ જાય છે.

ચારેયની ક્રિયા એક જ છે–બટન દબાવવાની. અને ત્યાં કામ સાવ જુદાં જુદાં થાય છે! લોકો આના પર લટ્ટુ છે. બસ, હવે શું જોઈએ? સામે એક 'પેનલ બોર્ડ' ગોઠવી દીધું. જેમાં સંખ્યાબંધ 'પુશ બટનો' હોય. બટન દબાવો કે કામ તૈયાર!

આને 'પુશ બટન ઈકોનોમિ'—બટન-દાબ-અર્થશાસ્ત્ર કહે છે. હવે એમાં માણસે કશું જ નથી કરવું પડતું. અગાઉ આપણને યંત્રોના વકીલે એ કહેલું કે માણસોને નકરી મજૂરી કરવી પડતી હતી, ગદ્ધાવૈતરું કૂટવું પડતું હતું, એમાંથી એને ઉગારી લેવાને માટે યંત્ર તો આવ્યું છે. અને તેથી યંત્રમાં બધી જાતની પ્રગતિ સમાયેલી છે, સાંસ્કૃતિક વિકાસ પણ તેમાં રહેલો છે. અને આ જોયું? ક્યાંની ક્યાં વાત પહોંચી ગઈ? 'ઓટોમેશન'માં માણસની જરૂર જ કેટલી રહી? માત્ર બટન દબાવવા પૂરતી જરૂર રહી. તે પણ ન રહે તેવી એક યુક્તિ પણ હવે શોધી કાઢી છે. એક ઇલેક્ટ્રોનિક બ્રેઇન–વિદ્યુત મસ્તિષ્ક–બનાવે છે, ઇલેક્ટ્રિફાઈડ ભેજું! આજેય હિસાબ તો મશીનથી ગણાય જ છે ને! તો, જો હિસાબ થઈ શકે, તો બટન દબાવવાનું ન થઈ શકે? સિગ્નલ પાડી શકાય છે, ટ્રાફિક કંટ્રોલ કરી શકાય છે અને ઓટોમેટિક બ્રેઈનથી રેલવે ગાડીઓની અવરજવર પર કંટ્રોલ કરી શકાય છે. તો તમે મને કહો આ આટલું બટન દબાવવા જેટલું કામ શું ઇલેક્ટ્રોનિક ભેજું ન કરી શકે? કોણ કહે છે ન થઈ શકે?

પણ જો દુનિયા એવી બની તો એનું છેવટ શું આવશે? એનું અંતિમ સ્વરૂપ કેવું હશે? આર્થિક કેન્દ્રીકરણ થશે, મનુષ્યનું વ્યક્તિત્વ ઘસાઈ જશે. અને આર્થિક કેન્દ્રીકરણ જો થયું તો સત્તાનું વિકેન્દ્રીકરણ થઈ જ નહીં શકે. આર્થિક કેન્દ્રીકરણ સરમુખત્યારશાહીમાં જ પરિણમે, એટલું નક્કી સમજી લેવું. આમ લોકસત્તાના મૃત્યુરૂપે ઓટોમેશન ફળવાનું. કારણ ટૂંકું ને ટચ એટલું જ છે કે એમાં મનુષ્યના સામાજિક ગુણોના વિકાસની યોજના ગેરહાજર છે. ખાટલે મોટી ખોટ એક જ છે–પાયો નથી.

૧૯૩૮થી ૧૯૪૩-૪૪ સુધી જે કોમ્યુનિસ્ટ સાહિત્ય નીકળ્યું, તેમાં

એ લોકોના ધ્યાનમાં આ વાત આવી ગઈ હતી એમ જણાય છે. તેથી એમણે કહેલું કે મશીનને માનવતંત્ર બનાવવાનું છે. માનવ યંત્ર-તંત્ર નહીં બને. એટલે એ લોકોનો ઝોક વિકેન્દ્રીકરણ તરફ વળ્યો. પણ વચમાં યુદ્ધ આવી પડયું. અને યુદ્ધ આવે તેની સાથે કેન્દ્રીકરણ તો આવ્યું જ સમજવું. એટલે આજે તો એમના માથા પર કેન્દ્રીકરણની ધૂન સવાર થયેલી છે. પણ દુનિયાનો આધુનિકમાં આધુનિક વૈજ્ઞાનિક વિચાર એ છે કે જો કેન્દ્રીકરણ થશે તો મનુષ્યની સત્તાનો અને માનવીય મૂલ્યોનો હ્રાસ થવાનો છે.

એટલે હવે જો આપણે ઉત્પાદનની પદ્ધતિમાં યાંત્રીકરણ કરવું હોય તો તે યાંત્રીકરણની મર્યાદાને સમજી લઈને કરવું પડશે. આ તો સમાજના આર્થિક વિશેષજ્ઞોનો વિષય છે, મારો વિષય નથી. પણ મારા જેવો સાધારણ માણસ એમને હાથ જોડીને વિનંતિ તો જરૂર કરી શકે કે ભાઈ, તમારા સંયોજનમાં જો યાંત્રીકરણ પણ હોય તો તેમાં કૃપા કરી એટલી વ્યવસ્થા પણ જરૂર કરજો કે મનુષ્યના સામાજિક ગુણોનો વિકાસ થાય.

### ૮૦. સાંસ્કૃતિક વિકાસ ત્રિવિધ છે: ગુણ-કળા-શક્તિ: યંત્ર તેને પ્રતિકૂળ છે

મનુષ્યનો આ સાંસ્કૃતિક વિકાસ કહેવાય છે. મનુષ્યના વ્યક્તિત્વના વિકાસમાં ત્રણ પ્રકારના વિકાસનો સમાવેશ થાય છે. એક તો જાણે એના ગુણોનો વિકાસ થવો જોઈએ. બીજો એની કલાનો વિકાસ થવો જોઈએ. અને ત્રીજું એની શારીરિક શકિત ક્ષીણ ન થવી જોઈએ.

આ ત્રણ વસ્તુઓ ઉત્પાદનમાં જળવાવી જોઈએ. નહીં તો આજે તે શું થાય છે? આજે તો, તમને ખબર છે ને, આ યાંત્રીકરણ પછી હવે અમેરિકામાં, લોકો શું લખવા મંડયા છે? We have become SOFTIES. કહે છે, "આપણે બધા 'સોફ્ટી' અથવા મંડયા છીએ!" આ સોફ્ટીનો અર્થ શો? મુલાયમ! અતિ સૂંવાળા! તડકો તો જરાયે વેઠાતો નથી! તો શું કરવું? સૂર્યસ્નાન માટે બેસવા માંડો ને તડકો વેઠવાની ટેવ પાડો. રોજ ત્રણ ત્રણ કલાક બાપડો શરીને તડકે શેકવા સમુદ્રને કાંઠે ઉઘાડો ફરે છે.

"અરે ભાઈ, તડકામાં શીદને ફરે છે?"

"રેકર્ડ બ્રેક કરવા માટે!"

"અરે, એ રેકર્ડ વળી કેવો?"

" પેલો અઢી કલાક તડકે ફર્યો હતો. હું ત્રણ કલાક ફરીશ ! "

× × ×

ટાઢમાં કપડાં કાઢીને બેઠા છે !

" કાં ભાઈ, તમારે વળી શું ? "

" રેકર્ડ બ્રેક કરવા બેઠો છું-ટાઢ વેઠવાનો રેકર્ડ તોડીશ ! "

તો આ બધાંની પણ થોડીઘણી વ્યવસ્થા ઉત્પાદક પરિશ્રમમાં જ કાં ન થઈ જાય ? તેથી મેં આ વાત પર ભાર મૂક્યો. મનુષ્યના શરીરમાં જે 'પાવર ઑફ રેઝિસ્ટન્સ' ટાઢ-તાપ ને રોગ વગેરેનો સામનો કરવાની શક્તિ છે, પ્રતિકાર-ક્ષમતા છે, તે એના પરિશ્રમથી વિકસવી જોઈએ. એને બદલે એ સાવ 'સૉફ્ટી' ન બની જવો જોઈએ, સાવ મખમલનો માનવી ન બની જવો જોઈએ. માણસ મખમલ કે રેશમના ગોટા જેવો બની જાય એ પોસાય નહીં. તો એનામાં આટલી શક્તિ તો રહેવી જ જોઈએ.

તો માનવના વ્યક્તિત્વના વિકાસમાં ત્રણ વસ્તુઓ છે :

૧. માનવીના ગુણનો વિકાસ, જે એનો સાંસ્કૃતિક વિકાસ કહેવાય છે.

૨. એની કળા અને કારીગરીનો વિકાસ, અને

૩. એની શારીરિક શક્તિનો પણ વિકાસ થવો જોઈએ.

ઓછામાં ઓછી આટલી તો યોજના થવી જોઈએ કે જેથી માનવનો ક્ષય ન થાય, એને વ્યાયામના કૃત્રિમ સાધનો શોધવાં ન પડે.

હવે જો આ બધું થશે, તો એમાં જ એને રુચિ પણ પડશે અર્થાત્ 'પ્રોડક્શન' અથવા 'ક્રિયેશન' અને 'રિક્રિયેશન'-ઉત્પાદન અને સંજીવન એ બે જીવનના જુદાં જુદાં ફાડિયાં નહીં રહે. હમણાં તો હું ઉત્પાદન કરું છું, પછી સંજીવન માટે-મનોરંજન માટે જઈશ." એવું કહેવા-વારો ન આવવો જોઈએ. એ બેની વચ્ચે ભેદ અવશ્ય હશે, પણ આજે તો બંને છેક કૃત્રિમ થઈ ગયાં છે. ઉત્પાદન પોતાના મનની મરજીનું નથી રહ્યું, એટલે ઉત્પાદન સજા જેવું થઈ ગયું છે. ઉત્પાદક પરિશ્રમ પરવો પડે છે તે જાણે કે સજા ભોગવવી પડતી હોય એવું લાગે છે. જે કામ પોતાની મરજીથી નથી થતું, જે વેચીને પૈસો પેદા કરવા માટે જ થાય છે, એને આજે મજૂરી કહે છે અને જે બીજાની મરજી મુજબ અને વગર કીમતે કરવું પડે છે તેને વેઠ કહે છે.

આમ આજે મહેનત કાં તો મજૂરી છે, કાં તો વેઠ છે. અને જે આપણા પોતાના મનની મરજીનું કામ છે, એને આપણે સંજીવન–રિક્રિયેશન–કહીએ છીએ. આ મનોરંજનને તો આજે આપણે અલગ રાખવું પડે છે. ઘણી કલાઓ એની સાથે જ જતી રહે છે ને એમ ઉત્પાદનથી કલા છૂટી પડી જાય છે, એ બેની વચ્ચે કશો જ મેળ નથી રહેતો. તેથી કોમ્યુનિસ્ટ દેશોમાં આજે એક ઘણો મોટો પ્રશ્ન ઊભો થયો છે–'સ્કિલ્ડ લેબર' અને 'અનસ્કિલ્ડ લેબર'–એટલે કે કેળવાયેલી કારીગીરી અને અણઘડ મજૂરીનો. વળી બીજો સવાલ ઊભો થયો છે, 'હાઉ ટુ મેઈક વર્ક પ્લેઝરેબલ ?"–કામને કઈ રીતે મનગમતું બનાવવું ? કામમાંથી જ મનુષ્યને આનંદ કઈ રીતે મળતો થાય અને કલાત્મક તથા શ્રમાત્મક કામો વચ્ચેનું અંતર કઈ રીતે દૂર થાય ! આજે તો કેટલાક જણ શ્રમાત્મક કામો કરે છે ને બીજા કેટલાક કલાત્મક કામ કરે છે. કેવળ શ્રમાત્મક કામ કરનારાઓ કેવળ બટન દબાવનારા બનતા જાય છે અને કલાત્મક કામ કરનારા એ બટન બનાવનારા બનતા જાય છે. જે બે–ચાર જણે મળીને એ બટનો બનાવ્યાં હશે એમનામાં જ ફક્ત કલા રહી અને બાકીની સમસ્ત જનતામાંથી, મનુષ્યના વ્યક્તિત્વમાંથી જ, કલાનો હ્રાસ થયો.

–મારા અક્ષર ખરાબ છે. નારાયણ ઝટઝટ લખે છે અને એના અક્ષર પણ ઘણા સારા છે. એટલે મને એની અદેખાઈ આવે છે. હું શું કરું છું ? હું મારા અક્ષર સુધારીને એના જેવા તો નથી ઘડતો, ઊલટો એમ કહું છું કે આ શિબિરમાં એક નિયમ હોવો જોઈએ. શો ? તો કે બધાએ બધું લખાણ ટાઈપરાઈટર પર જ કરવું. ટાઈપરાઈટર વિના કોઈએ કશું લખવું નહીં. બસ થયું ! હું ટાઈપ કરું કે નારાયણ કરે, બંનેના અક્ષર સરખા જ આવવાના ! જેટલા સારા એના, એટલા જ મારા ! કારણ અક્ષર યંત્રમાં સ્ટાન્ડર્ડાઈઝ થઈ ગયા. હવે મારી આંગળીઓમાં કશી ખૂબી કેળવવાની મારે જરૂર ન રહી. અને પછી થોડા દિવસ કેડે પાંચમાંથી ચાર આંગળીઓ ખરી જાય તોયે કાંઈ ઝાઝું નુકશાન નહીં થાય. એક આંગળીથી 'ટપટપ' ટાઈપ તો થઈ શકે છે, તો ભલેને એક જ આંગળી રહેતી ! બીજી આંગળીઓનો વધારાનો વળગાડ રાખવાની જરૂર જ નહીં રહે !

તો કલાનો વિકાસ યંત્રથી થઈ ન શકે. અને તમારામાંથી કેટલાક લોકો શિક્ષણ–સંસ્થાઓ ચલાવતા હશો. એમને માટે તો આ ખાસ વિચારવા જોગ વાત છે કે આપણે જો કલાના વિકાસને ઉત્પાદન સાથે સાંકળી

લેવો હોય અને જો સંયોજન સાથે શિક્ષણને વણી લેવું હોય તો પછી ઉત્પાદનનું ઉપકરણ એવું હોવું જોઇએ, જેના વડે મનુષ્યની કલાનો વિકાસ થાય. મનુષ્યના શરીરમાં જેટલી કલાત્મક બાજુઓ છે એ તમામનો વિકાસ થાય એવાં ઓજાર જોઇએ.

## ૮૧. સર્વોદય યંત્ર-શત્રુ નથી, યંત્ર-નિયામક છે : યાંત્રીકરણ માટેની અલ્પતમ શરત-સર્વની જવાબદારી સ્વીકારો : યંત્ર માનવનું સ્થાન ન લે

આ વાત ઘણી વાર રજૂ કરી ચૂક્યો છું, એટલે એને લંબાવીશ નહીં. મેં તમારી સમક્ષ, યંત્રો વિશે આપણી નીતિ કેવી હશે તે રજૂ કરી દીધું. ગાંધી અને વિનોબાને કેટલાક લોકોએ તદ્દન અંધ માની લીધેલા. એ લોકોએ એમ ધારી લીધેલું કે આ લોકો તો બસ વિજ્ઞાનના વિરોધીઓ જ છે. યંત્રનો વિરોધ કરે છે! યંત્રને જોતાં જ અભડાય છે. આવું બધું એમણે ગાંધી-વિનોબા માટે ધારી લીધેલું. તેથી મેં તમને જણાવ્યું કે ભાઈ, એ લોકોમાં કંઈક અક્કલ છે. એ લોકો કંઈક તો બુદ્ધિથી વિચાર કરે છે. એમણે માનવીય મૂલ્યોની સ્થાપનાને પોતાનો પ્રધાન ઉદ્દેશ માન્યો છે. તેથી યંત્રને તેઓ મનુષ્યની જગ્યા લેવા નહીં દે.

આજે તો હવે તમારી સામે વધતી જતી વસ્તીનો સવાલ પણ વારંવાર આવવા જ મંડયો છે. હું કહું છું કે જેમ જેમ યંત્ર મનુષ્યનું સ્થાન લેતું જશે, તેમ તેમ આ પ્રશ્ન વધુ ને વધુ તીવ્ર થતો જવાનો છે. લોકોએ અમને પૂછ્યું, તેમાં તમારું શું બગડે છે? ત્યારે વિનોબાએ એક વાર જવાબ આપેલો; જવાહરલાલજીને કહેલું કે "આપ સંયોજન કરો, સહુને પૂરતું ખાવા આપી દો, પછી હું કંઈ જ નહીં કહું. એ કામ યંત્રથી કરી નાખો તોય મને વાંધો નથી." ત્યારે મેં એમને કહ્યું કે "એની સાથે બીજી એક વાત પણ જોડી દો; તે એ કે બધાંને ખાવાની સાથે શરબત, ચા-પાણી વગેરે પીવાની પણ ગોઠવણ કરી આપો અને પછી એમની ફુરસદનો સમય ગાળવા માટે પત્તાંની એકેક જોડ પણ દરેકને આપી દો! તે વિના કામ પૂરું નહીં થાય." આપ આ બધુંય જો યંત્રથી કરી પાડતા હો તો કરી પાડો. પછી એમાંથી જે ભૂત પેદા થશે એનું આપણે જોઈ લઈશું, પણ જો આટલુંય કરી નાંખી શકાતું હોય તો કરી નાંખો. કારણ સર્વની જવાબદારી સ્વીકારવી એ નીતિ અને સંસ્કૃતિનો પાયો છે.

પણ હું કહેવા તો એ માગું જ છું કે યંત્ર જો આટલું કરી પાડે તો એ મનુષ્યને ઝબ્બે કરે. એ મનુષ્યની જગ્યા જ પડાવી લે અને મનુષ્યના વ્યક્તિત્વના રામ રમાડી દે. એ તો માનવીય મૂલ્યોની જ ઘોર ખોદે.

વિજ્ઞાનથી મૂલ્યની સ્થાપના થઈ જ નથી શકતી, એ વિજ્ઞાનની એક મર્યાદા છે. વિજ્ઞાન પરિસ્થિતિમાં પરિવર્તન કરી શકે છે, પણ જેને ભાવરૂપ કે રચનાત્મક મૂલ્યોની સ્થાપના કહે છે તે કાંઈ વિજ્ઞાનથી થઈ શકતી નથી.

## ૮૨. વળી યાંત્રીકરણ માનવે અપનાવેલા પશુઓને મારક ન નીવડવું જોઇએ : પશુની રક્ષા માટે આર્થિક સંયોજનમાં તેને સ્થાન આપો

માટે આપણે ઉત્પાદક પરિશ્રમને માટે આટલું કરવું પડશે. પહેલી વિનવણી અમારી એટલી જ છે કે યંત્ર દાખલ કરવાં હોય તો તે ત્યારે જ કરવાં, જ્યારે ઉત્પાદનનાં સાધન અને પદ્ધતિ મનુષ્યની શક્તિનો પૂરો ઉપયોગ કરી શકતાં હોય અને એની કલાનો એનાથી વિકાસ થતો હોય.

બીજી વાત એમાં એ ઉમેરીએ છીએ કે પશુની શક્તિનો ઉપયોગ અને વિકાસ થાય.

લોકો કહે છે કે ગાંધીવાળા તો બધા અવૈજ્ઞાનિક છે. અને એમની વાતના ટેકામાં એક ઉદાહરણ પણ આપે છે.

શા માટે અવૈજ્ઞાનિક છે ? તો કે એ લોકોને મોટરને બદલે બળદગાડી આણવી છે. હવે એમની મોટર મોટી વૈજ્ઞાનિક, કેમ કે એ તો મનુષ્યે બનાવેલી છે ને ? અને બળદ અવૈજ્ઞાનિક થઈ ગયો, કેમ કે એને તો ભગવાને સરજ્યો છે ! સરવાળે વાત તો ત્યારે એ થઈ ને કે મનુષ્ય પોતે તો સૌથી વધારે અવૈજ્ઞાનિક વસ્તુ છે ? કેમ કે એને તો હજી મનુષ્યે બનાવ્યો જ નથી ! આ છે વિચાર કરવાની એમની પદ્ધતિ !

આનું પરિણામ એ આવ્યું છે કે ઘોડા અને બળદ આપણા જીવનમાંથી ધીરે ધીરે નીકળી જવા માંડ્યા છે.

–મને દિલ્હીમાં એક વાર એક ભારે મોટા માણસે ચા પીવા બોલાવેલો. તેઓશ્રીએ મને કહ્યું, “ આપણા દેશના સંવિધાનમાં, બંધારણમાં જ, ગોહત્યાબંધીનો સમાવેશ થઈ જવો જોઇએ. તેમ નહીં થાય તો અમે ઉપવાસ પર ઊતરીશું. ”

હું તો એ વાતની તરફેણમાં જ હતો. મેં કહ્યું, “ જરૂર તેવો કાયદો

થઈ જવો જોઇએ. જવાહરલાલજી જો ના કહેતા હોય, તો એ ભૂલ કરે છે. ગોહત્યા પર પ્રતિબંધ મૂકનારો કાયદો થઈ જ જવો જોઇએ."

પણ અમારા એક આખાબોલા મિત્ર ઊભા થઈ ગયા ને એમને કહેવા મંડયા, " પણ તમે તો વનસ્પતી ઘીનાં કારખાનાં ચલાવો છો. તમે અમને શેના કહો છો ? "

ત્યારે તેઓશ્રીએ કહ્યું, " ના, હું ગાયના ઘી–દૂધ સિવાય બીજું ખાતો નથી."

મેં કહ્યું " હા, તે તો જાણે કે આપ કરો જ છો. ખાદી સિવાય બીજું કપડું ડીલે નથી અડાડતા, અને કાપડની મિલો ચલાવો છો. ગાયનાં ઘી–દૂધ સિવાય બીજું જીભે નથી અડાડતા, અને વનસ્પતી ઘીનાં કારખાનાં ચલાવો છો ! બિલકુલ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કામ કરો છો ! આપ બિલકુલ યોગ્ય જ કરો છો ! "

આ તે જ જેને મેં ' ડબલ પરૂસનાલિટી ' બેવડું વ્યક્તિત્વ કહ્યું છે તે. વ્યાવહારિક સત્તા અને પારમાર્થિક સત્તા એ બંને એમના વ્યક્તિત્વમાં તેલ ને પાણીની જેમ જુદી જુદી દેખાતી હતી.

આર્થિક સંયોજનમાં જે પશુને માટે કશી જોગવાઇ નથી, તે પશુને કાયદો તો ઠીક, ભલો બ્રહ્માયે નહીં બચાવી શકે.

આજે મનુષ્યની હત્યાનો નિષેધ છે. ગાંધીની હત્યા જેણે કરી તેનેય ફાંસીની સજા થઈ. એક ભિખારીની જે હત્યા કરશે, તેને પણ ફાંસીની જ સજા થશે. મનુષ્યમાત્રના જીવનનું આપણે સમાન મૂલ્ય માની લીધું છે. પણ તેથી કાંઈ આ દેશના ભૂખ્યા ને નાગા માનવીને કોઈ બચાવી શકયું છે ? કાયદાએ તો માનવીને અવધ્ય ઠરાવી નાંખ્યો. છતાં કાયદો એ માનવીને ભૂખે મરતા બચાવી શકયો નથી. તેવે વખતે પશુને ફકત કાયદાના નિષેધથી બચાવવાની તો આશા જ કેમ થઈ શકે ?

માનવજીવનના આર્થિક સંયોજનમાં જે દિવસે પશુનો સમાવેશ કરવામાં આવ્યો તે દિવસે મનુષ્યે સંસ્કૃતિની દિશામાં એક પ્રગતિશીલ પગલું ભર્યું. આજે જ્યારે આપણે ગોવધબંધીના વાત કરીએ છીએ, ત્યારે તેની પાછળ આપણી આ જ સાંસ્કૃતિક પ્રગતિ રહેલી છે. ગાય આ દેશમાં અવધ્ય રહેવી જોઇએ, કાયદેસર પણ અવધ્ય જાહેર થવી જોઇએ, એમ કહેવાય છે, તેનું મુખ્ય કારણ એ છે કે જે દિવસે એક મનુષ્યેતર પ્રાણી

મનુષ્યના જીવનમાં એના બરોબરીઆ તરીકે, ઉત્પાદક તરીકે, સામેલ થયું તે દિવસે મનુષ્યની સંસ્કૃતિક એક કદમ આગળ ધપી, મનુષ્યના જીવનનો વિકાસ થયો. તે દિવસ સુધી કેવળ મનુષ્ય જ આપણા જીવનમાં સામેલ હતો અને તે કેવળ ધાર્મિક સંકેતોમાં જ નહીં, પરંતુ પ્રત્યક્ષ વ્યવહારમાં, આર્થિક ક્ષેત્રમાં પણ મનુષ્યને આપણે સ્થાન આપી દીધું હતું. અને હવે તો જેનો પગ આર્થિક ક્ષેત્રમાં ન રહે તેને કોણ બચાવવાનું ?

એક વાર સવાલ ઊભો થયો : "બકરાને મરાય કે નહીં ?"

આપણે ત્યાં તો શાકાહારી લોકો વધારે, એટલે એમણે કહ્યું, "બકરાને મારવો એ પાપ છે."

ઠીક છે. પણ તો પછી એનું કરવું શું ? હવે આ એક મોટો સવાલ છે ને ? બકરી તો ખેર બકરાં આપે છે, થોડુંઘણું દૂધ પણ આપે છે, માટે એને પાળી; પણ બકરાને શું કરવો ? છેવટે એવું ઠર્યું કે એને કોઇ સારા સ્થાનમાં સુરક્ષિત રાખવો જોઇએ. અને સૌથી સુરક્ષિત અને પવિત્ર સ્થાન તો આપણું પેટ જ છે, માટે એને તેમાં જ પધરાવવો જોઇએ ! હવે આથી વધારે એને માટે આપણે બીજી કઈ આત્મીયતા દર્શાવી શકીએ ? કારણ કે એનો બીજો કશો ઉપયોગ જ નથી.

કાશીના સાંઢોને આજે કોઈ બચાવી શકે તેમ નથી. એમની સંખ્યા એટલી તો વધી ગઈ છે. કાનપુરમાં અને બીજાં ક્ષેત્રોમાં ગાયો જંગલી થઈ ગઈ છે; જ્યાં ત્યાં ભટકે છે. અને તેથી તો આસામના આપણા રોહિણીકુમાર ચૌધરી લોકસભામાં ખડા થઇને કહે છે, "સાહેબ, સવાલ એ નથી કે ગાયોને કઈ રીતે બચાવવી. સવાલ તો એ છે કે આપણે ગાયોથી કઈ રીતે બચવું ?" આમ કહે છે ત્યારે તેઓ આસામની વાત કરે છે. આસામમાં જંગલી બની ગયેલી ગાયોનો ઉપદ્રવ એટલો તો વધી ગયેલો છે કે માણસને ગાયોથી કેમ બચાવવો એ જ તીવ્ર સવાલ થઈ પડયો છે.

મેં પહેલાં જ સ્પષ્ટ કર્યું છે તે પ્રમાણે તમે ફાવે તો કાયદાથી પ્રતિબંધ મૂકો, આપણે તેનાં જે પરિણામો આવશે તે વેઠી લઈશું. પણ પરિણામો વેઠવાં એટલે શું, તે મારે તમારી પાસે સ્પષ્ટ કરી નાંખવું જોઇએ. મેં તમને એમ નથી કહ્યું કે ઘરડાં માણસોનો નિકાલ કરી નાંખવાનો કાયદો જો કાલે ઊઠીને થાય તો તે બરાબર થશે. તમે મનુષ્યને તો અવધ્ય ઠરાવી જ દીધો છે ને તે તદ્દન બરાબર જ કર્યું છે. ગોવધબંધીનો કાયદો થશે

તો તમે ગાય જેવા એક મનુષ્યેતર પ્રાણીને અવધ્ય ઠરાવી દેશો. આપણે જે સાંસ્કૃતિક પગલું સૈકાઓ પહેલાં ભરી ચૂકયા છીએ, તેની સાથે કાયદો તાલ મેળવશે. પરંતુ એ સાફ સાફ સમજી લઈએ કે જ્યાં સુધી એ પ્રાણીનું આપણા આર્થિક સંયોજનમાં સ્થાન નહીં હોય, ત્યાં સુધી એ બચી શકે તેમ નથી.

મોટર-સાયકલ અને સાયકલની સવારી આવી કે તરત ઘોડાની સવારીએ વિદાય લીધી. આજે તો ફોજમાં પણ ઘોડા નથી રહ્યો. આપણા જીવનમાંથી ઘોડો વિદાય લઈ રહ્યો છે.

રાજસ્થાનમાં ટ્રેક્ટર આવ્યાં અને મોટર-સાયકલો આવી, મોટી મોટી ટ્રકો દોડતી થઈ....અને એટલે ઊંટ હવે લગભગ ગયું જ સમજો.

હાથી તો બિચારો પહેલેથી જ આપણા શોખ ખાતર પળાતો હતો. હમણાં હું ઉત્તર પ્રદેશની એક શિબિરમાં ગયો હતો. એક જણને મેં પૂછ્યું, “ કેમ ભાઈ, તમે હવે ઘોડા નથી રાખતા ? ”

તો કહે છે, “ ઘોડા હવે રાખી શકાતો નથી. ફક્ત હાથી જ રાખવાનું પરવડે છે ! ”

“ હાથી ! તમે તો મારી મશ્કરી કરતા લાગો છો ! ઘોડો નથી પોસાતો ત્યાં હાથી તે કેવી રીતે પોસાય છે ? ” મેં પૂછ્યું.

તો કહે છે, “ ઘોડાનું ખરચ બહુ આવે છે. ”

“ તે હાથીનું શું ઓછું આવે છે ? ”

“ ના રે ! હકીકત એ છે કે વરઘોડાઓમાં હાથી ભાડે ફેરવાય છે. એક પ્રસંગના અમને રૂ. ૨૫) મળે છે. એમાંથી મહાવતનો ને હાથીનો ખરચો નીકળી રહે છે. ”

આમ હાથી હજી ત્યાં ઝીક ઝીલી રહ્યો છે. પણ એકંદરે જોતાં આપણા સામાજિક જીવનમાંથી એક પછી એક પશુ બાદ થઈ રહ્યું છે. અને આપણને જે લોકો એમ કહે છે કે આ જ તો વિજ્ઞાનની ને સંસ્કૃતિની પ્રગતિ છે, તે લોકો આપણને પટાવે છે. આમાં નથી સંસ્કૃતિની પ્રગતિ કે નથી વિજ્ઞાનની પ્રગતિ.

માટે આપણા આર્થિક સંયોજનમાં પશુને માટે પણ સ્થાન હોવું જ જોઇએ.

## ૮૩. સમારોપ : ઉત્પાદન માનવ સમાજના વિકાસ માટે :— શરીરશ્રમ તથા સ્વદેશી વ્રતો સાથે અનુબંધ

અમે ‘ યાંત્રીકરણ કરીશું ’; ‘ ના, અમે યંત્રનો વિરોધ કરીશું ’ વગેરે ઝનૂનના ઝંડા તમે પડતા મૂકો. આજે તો ‘ વીજળી આવશે કે પછી બીજું કંઈક થશે ? ’ વગેરે હવાઈ તરંગો ચાલે છે. કેમ જાણે વેદાંતની, બ્રહ્મ ને માયાની ચર્ચા ન હોય ! એવી ચર્ચાનાં ચૂંથણાં છોડીને તમે યંત્ર-વિજ્ઞાનના હિમાયતીઓને કહી દો કે અમારી ફક્ત એક જ શરત છે. તે એ કે મનુષ્યના ગુણનો. મનુષ્યની કળા કારીગીરીનો અને મનુષ્યની શારીરિક શક્તિનો ઉપયોગ તેમ જ વિકાસ ઉત્પાદક પરિશ્રમ મારફતે થવો જોઈએ. પ્રત્યક્ષ વિકાસ ન થાય તોપણ ઓછામાં ઓછો ઉત્પાદક પરિશ્રમનો વિકાસ સાથે અનુબંધ હોવો જોઈએ. અને બીજી વાત એ છે કે ઉત્પાદનની પદ્ધતિ અને ઉત્પાદનનાં ઉપકરણો એવાં હોવાં જોઈએ કે જેનાથી પશુની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ અને વિકાસ થાય.

આમાં એક ત્રીજી વાત આપણે ઉમેરી લેવાની છે. ઉત્પાદન એકમેકને માટે થાય; સામાજિક ગુણના વિકાસને માટે થાય. અહીં મેં પરમ દિવસે કહેલી તે વાત સાથે ફરી આપણો તાંતણો સંધાઈ જાય છે, કે આપણો સમાજ સમન્વયાત્મક હશે, વ્યવસાયાત્મક નહીં.

આમ આમાં ગાંધીજીનાં એકાદશ વ્રતો પૈકી ત્રણ આવી ગયાં. એક તો શરીરશ્રમ, બીજું સ્વદેશી વ્રત, અને ત્રીજો સંકેત આવ્યો—અસંગ્રહના વ્રતનો. અસંગ્રહ આમાં સંપૂર્ણ રૂપે નથી આવ્યો, સંકેત રૂપે આવ્યો છે. સહ–ઉત્પાદન થશે. અને ઉત્પાદન જો એકમેકને માટે થશે, તો સંગ્રહની પ્રેરણા જ તેમાંથી નીકળી જશે.

હવે આથી આગળ, આ વિષયમાંથી જે બીજા વિષયો નીકળે છે તે આપણે લઈશું. જે ઉત્પાદન આપણે કરીએ છીએ, તેના પર આપણો અર્થાત્ વ્યક્તિનો કેટલો અધિકાર છે, અને જો વ્યક્તિનો અધિકાર ન હોય તો તે કોનો હશે ? કારણ કાલે ટ્રસ્ટીશિપની વાત નીકળી હતી. તો ટ્રસ્ટીશિપના સિદ્ધાંતની વ્યાપ્તિ કેટલી છે એનો વિચાર પણ આપણે અસંગ્રહની ચર્ચાની સાથે સાથે કરી લેવો પડશે ને ? તો અસ્તેય અને અસંગ્રહ સાથે ટ્રસ્ટીશિપનો વિચાર હવે પછી આપણે લઈશું.

૯

# પાંચ પ્રશ્નો

★


૮૪ ચલણનો પ્રશ્ન
૮૫ મનુષ્ય સ્વતંત્ર છે કે પરિસ્થિતિને આધીન ?
૮૬ અહિંસક 'આક્રમણ' હોઈ શકે કે ?
૮૭ કાનૂનભંગની મર્યાદા શી ?
૮૮ નાના માલિકોનું ક્રાંતિમાં સંયોજન થઈ શકે ?

## ૮૪. ચલણનો પ્રશ્ન

**આ**પણે જેને ચલણનો પ્રશ્ન કહીએ છીએ, તે હું બે-ત્રણ મિનિટમાં તમારી સમક્ષ રજૂ કરી દઉં.

પૈસાનું અર્થશાસ્ત્રમાં શું સ્થાન છે, તે આપણે સમજી લઇએ. બેંકિંગ, શરાફી વગેરેના ગૂંચવાડામાં આપણે ન પડીએ. બધી એક ઇન્દ્રજાળ છે. એને છોડીને પૈસાનું અર્થશાસ્ત્રમાં જે મૂળભૂત સ્થાન છે તે જોઇએ.

પૈસો આજે વસ્તુનો પ્રતિનિધિ છે. એ જેટલા પ્રમાણમાં વસ્તુનો પ્રતિનિધિ હોય છે, તેટલા પ્રમાણમાં તેનું મૂલ્ય આંકી શકાય. બાકી તો એવું છે કે આખી દુનિયાની તમામ સરકારોની ચલણી નોટોનો ગંજ ખડકાઈ જાય તોયે તેમાંથી આપણે રોટીનો એક ટુકડો પણ બનાવી શકીએ નહીં. રોટીનું અથવા બીજી કોઈ ચીજનું જેટલા પ્રમાણમાં નોટ પ્રતિનિધિત્વ કરશે, તેટલા જ પ્રમાણમાં તે સંપત્તિ લેખાશે. આપણે પૈસાની મર્યાદા સમજી લેવાની છે. પૈસો અનુત્પાદક શાથી છે, તે હું તમને અગાઉ જણાવી ગયો છું. મેં તમને બે અનુત્પાદક પ્રતીકો ચીંધી બતાવ્યાં હતાં : તલવાર અને તિજોરી. તિજોરી ધરાવનાર તિજોરી બનાવી શકતો નથી, પણ ઘરમાં રાખે છે. તલવારધારી તલવારથી એક ઘા ને બે કટકા કરી શકે છે ખરો, પણ તલવાર બનાવી શકતો નથી. બંને અનુત્પાદક છે.

તો પૈસો જ્યાં સુધી વસ્તુનું પ્રતિનિધિત્વ કરશે, ત્યાં સુધી પૈસાનું મૂલ્ય છે. પણ જે ક્ષણે પૈસો વસ્તુનું પ્રતિનિધિત્વ વત્તીઓછી માત્રામાં કરવા માંડે છે ને છતાં તેની લેવડ-દેવડ ચાલે છે, તે ક્ષણે પૈસો પોતે જ એક વસ્તુ બની જાય છે. આજે તમે જેને ચલણનો ભાવ કહો છો અથવા 'એક્ષ્ચેંજ રેટ' (વિનિમય દર) કહો છો, તેમાં શું છે? રૂપિયાનો પણ ભાવ-તાલ થાય છે. ડોલરના ભાવ બોલાય છે, તો પછી રૂપિયા અને બટાકા વચ્ચે ફેર શો રહ્યો? એનો પણ ભાવ થવા માંડયો ને? એ માપ મટી ગયો. ગજ ગજ મટી ગયો ને જાતે ગજિયું બની ગયો! વિનોબા આને વિશે મજાકમાં કહે છે કે તાવ માપનારા થર્મામિટરને પોતાને જ દિલમાં તાવ રહેવા માંડયો તો શું થશે?

તો આ ચલણના વિનિમયના ભાવ બોલાય એનો મતલબ એ છે કે

પૈસાએ આત્મહત્યાનો આરંભ કરી દીધો છે. આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં સિક્કો સિક્કો નથી, સિક્કો સોદાની વસ્તુ છે. આ હું મારી સામાન્ય માનવીની ભાષામાં બોલું છું. આ અર્થશાસ્ત્રની પરિભાષા નથી. એ લોકો તો આ સાંભળીને કહેશે કે આ તો સાવ મૂરખ માણસનો બબડાટ છે. પણ મૂરખ માણસની અક્કલ પણ ક્યારેક ક્યારેક છેક તળિયા સુધી જઈ પહોંચે છે હં !

તો તમે એ વાત યાદ રાખજો કે ચલણ કેવળ વિનિમયનું ચિહ્ન કે સાધન છે. ચલણ ચલાવવાનો ઉદ્દેશ એ છે કે વિનિમય માટે એક માધ્યમ અર્થાત્ વાહન હાથ આવે. માધ્યમ બનવા માટે એણે વસ્તુના પ્રતિનિધિ બનવું પડે છે. પણ તેથી એ કાંઈ વસ્તુનું સ્થાન લઇ શકે નહીં. વર વતી કન્યાને તેડવા ગયેલો અણવર કાંઇ વર બની શકે નહીં.

લોકોએ ગાંધીને પૂછયું ને આજે વિનોબાને પણ પૂછે છે કે શું તમારા સમાજમાં સીધો વસ્તુવિનિમય (વસ્તુ સાટે વસ્તુની લેવડદેવડ–બાર્ટર) જ થશે ? શું વસ્તુવિનિમય માટે કોઇ માધ્યમ, કોઇ ચલણ નહીં હોય ?

વસ્તુવિનિમય એટલે શું ?

મેં જોડા બનાવ્યા ને તમારી પાસે આવ્યો. તમે કહો છો કે મારે હમણાં જોડાની કશી જરૂર નથી. હું કહું છું, "પણ મને તો કપડાંની બહુ સખત જરૂર ઊભી થઈ છે." તમે કહો છો, "ખરું, પણ તેમાં હું શું કરી શકું ? ખપ વગર તમારા જોડા લઈને હું શું કરું ?"

કેટલી મુશ્કેલી ! લોકો સર્વોદય સામે ચલણ બાબત વારંવાર આ જ વાંધો ઉઠાવતા હોય છે ને ?

તો, તમે એક વાત યાદ રાખો કે સર્વોદય સમાજમાં કાંચનમુક્તિની જે કલ્પના છે, તે વસ્તુવિનિમયની કલ્પના નથી.

આપણે તો સમાજમાંથી વિક્રય અને વિનિમય (વેચાણ અને લેવડદેવડ) બંનેને જેટલી હદે બની શકે તેટલી હદે દૂર કરવા માંગીએ છીએ. તે માટે તો મેં તમારી સમક્ષ ક્રમશઃ ત્રણ પગથિયાં ગણાવ્યાં હતાં ને ? પહેલું, શ્રમમૂલ્યનો સિદ્ધાંત; બીજું, અતિરિક્ત મૂલ્યનો સિદ્ધાંત, ને ત્રીજું પગલું કયું ? તો ગાંધી કહે છે કે શ્રમ વિનિમયની વસ્તુ જ નહીં રહે. પરિશ્રમને સાટે કશું નહીં મળે. મહેનતનો બદલો કાંઈ નહીં મળે. ઉત્પાદક પરિશ્રમ અમૂલ્ય થઈ જશે, એનો બદલો નહીં થાય, વેચાણ નહીં થાય. વસ્તુના બદલા માટે વસ્તુ નહીં બને. વસ્તુ આવશ્યકતા માટે બનશે.

હવે આપણે આનો પણ થોડો વિચાર કરી લઈએ.

ખેડૂતોનું એક ગામ છે. ખમીસની થોડી જરૂર છે ને જોડાની વધારે જરૂર છે. એટલે જોડા વધારે સીવાય છે ને ખમીસ ઓછાં સીવાય છે. આવી હાલતમાં જોડા સીવનાર ઝાઝું રળશે અને ખમીસ સીવનાર થોડું રળશે. કારણ આજની રીતે ઉત્પાદન બજારની માંગ પ્રમાણે થાય છે અને મૂલ્ય બજારની માંગની પાછળ પાછળ ચાલે છે.

પણ આપણા સમાજમાં વસ્તુ આવશ્યકતાને માટે બનશે, વિનિમય માટે નહીં બને. જેટલા જોડાની જરૂર હશે તેટલા જોડા મોચી બનાવશે અને જેટલાં ખમીસની જરૂર હશે તેટલાં દરજી સીવશે. ખપ જેટલા જોડા ને ખમીસ સીવી આપ્યાં કે થયું, મોચી–દરજીનું કામ પૂરું થયું. એટલે સમાજે બંનેની જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ.

આને માટે તમે કોઈ પણ એક પ્રતીક ઠરાવી લેશો. જોઈએ તો એ તમારી કોઈ કૂપન હશે કે કોડી હશે કે પછી પ્રત્યક્ષ શ્રમમાંથી ઉત્પન્ન થયેલી, શ્રમજન્ય વસ્તુ, જેમકે સૂતરની આંટી હશે. એ શું હશે તે તો સમાજની જે તે વખતની પરિસ્થિતિ પર આધાર રાખશે. એટલું ખરું કે એ વસ્તુ એવી હોવી જોઈએ, જેનો સંગ્રહ ન થઈ શકે. વિનિમયનું માધ્યમ એવું હોવું જોઈએ કે જે પોતે સંઘરાની વસ્તુ ન બને: પૈસો જ્યારથી સંઘરાની વસ્તુ બની ગઈ, ત્યારથી પૈસો ચલણ તરીકે ચોખ્ખો ન રહ્યો. એણે સંપત્તિનું સ્થાન અથાવી પાડયું.

તો આપણે ફક્ત એટલું જ ઇચ્છીએ છીએ કે ચલણ ચલણ જ રહે; ચલણ સંપત્તિ ન બની બેસે; ને ચલણ સંઘરાનું સાધન ન બની જાય.

અને આ વસ્તુ લહેરથી થઈ શકે તેવી છે. તમે બધાં જે ભણેલાગણેલા મારી સામે બેઠા છો, તે મારા કરતાં અર્થશાસ્ત્રમાં ઘણું વધારે સમજો છો; માટે હવે આ વિશે આથી વધુ હું કાંઈ નહીં કહું.

## ૮૫. મનુષ્ય સ્વતંત્ર છે કે પરિસ્થિતિને આધીન ?

અહીંથી સવારે જતી વખતે થોડીક વાત શ્રી. મનુભાઇ પંચોળી સાથે થઇ હતી. એક મુદ્દો સ્પષ્ટ નહોતો થયો તેના પર એમણે મારું ધ્યાન ખેંચ્યું.

આગલા પ્રવચનમાં મેં એમ કહેલું કે મનુષ્ય ફક્ત વસ્તુતંત્ર નથી અને પરિસ્થિતિથી વિવશ પણ નથી. એનામાં પરિસ્થિતિથી પર થવાની

શક્તિ છે. તેથી તો આપણે એને એનાં કામો માટે જવાબદાર માનીએ છીએ. તેથી પરિસ્થિતિનું નિરાકરણ કરતી વખતે વ્યક્તિનું નિરાકરણ કરવાની જરૂર નથી.

તો મનુભાઈએ મારું ધ્યાન એ બાબત પર ખેંચ્યું કે આ બે વાત સાંભળતાં જ પરસ્પર–વિરોધી હોય એવી લાગે છે. વ્યક્તિ જો પોતે કરેલાં કામો માટે જવાબદાર હોય અને તેથી આપણે જો એને એનાં ખોટાં કામ બદલ સજા કરીએ તો તેમાં ખોટું શું છે? એ જવાબદાર હોય તો એણે સજા પણ ભોગવવી જોઈએ. જવાબદારીનો અર્થ જ એ છે ને કે એને એનાં સારાં કામનું પણ ફળ મળશે અને ખરાબ કામનું પણ ફળ મળશે.

આ વાત એમણે બિલકુલ ખરી કહી છે, કેમ કે મેં એ બે વાતો જે રીતે રજૂ કરેલી, તેમાંથી આવો સવાલ ખડો થઈ જ શકતો હતો. તો એ અંગે થોડી સ્પષ્ટતા જરૂરી ગણાશે.

મારા કહેવાનું તાત્પર્ય સમજી લો. મનુષ્ય જવાબદાર છે એમ કહેવાનો અર્થ એ છે કે એમાં કર્તૃત્વની અને પુરૂષાર્થની સ્વતંત્રતા છે. તેથી એ બદલાઈ શકે છે. કર્તૃત્વની સ્વતંત્રતા એટલે શું? થોડીક પ્રાચીન પરિભાષામાં જોઈએ. कर्तुं अकर्तुं अन्यथा कर्तुं शक्ति–કોઈ પણ કામ કરવાની, ન કરવાની અને બીજી રીતે કરવાની શક્તિ, એ કર્તૃત્વની સ્વતંત્રતા છે. આવી શકિત મનુષ્યમાં હોવાથી મનુષ્યના પરિવર્તનનો હમેશાં સંભવ રહે છે. અને તેથી આપણે જે પરિસ્થિતિ–પરિવર્તન કરવા માંગીએ છીએ, તે કરવામાં એ પણ સામેલ થાય તેવો કાયમ સંભવ રહે જ છે.

અને તમે એ તો જાણો જ છો કે આજે સભ્ય સમાજમાં જે કોઈ મનુષ્ય અપરાધ કરે તેને શિક્ષા નહીં પણ શિક્ષણ મળે તેવી પ્રવૃત્તિ થઈ રહી છે. અપરાધ કરનારનું પણ પરિવર્તન થવું જોઈએ અને તેના અપરાધનું નિરાકરણ થવું જોઈએ.

આની પાછળ માન્યતા એવી રહેલી છે કે અપરાધી મનુષ્ય પણ સ્વતંત્ર છે, સંપૂર્ણ રીતે પરિસ્થિતિને આધીન નથી, તેથી એનું પરિવર્તન થઈ શકે છે.

પરંતુ સાથે જ એ પણ ખરું છે કે એની સ્વતંત્રતા છેક પરિસ્થિતિ નિરપેક્ષ પણ નથી. મનુષ્ય કાંઈ એટલો બધો સ્વતંત્ર પણ નથી કે પરિસ્થિતિની એના પર કશી અસર જ ન પડે.

દાખલા તરીકે ચોરીની વાત લઈએ. આજે ચોરી એટલા માટે થાય છે કે સામે પાસે સમાજમાં સંગ્રહ છે. સંગ્રહ જ ન હોય તો સમાજમાં ચોરીની પ્રેરણા નહીં રહે. આજની સામાજિક પરિસ્થિતિમાં ચોરીને માટે અવસર પણ છે અને ચોરીને માટે પ્રલોભન પણ છે. જો એ પ્રલોભન અને અવસર સામાજિક પરિસ્થિતિમાંથી નીકળી જાય, તો ચોરી કરવાનું પણ ઘટી જશે.

વાત આવી બેધારી છે, તેથી આપણો પ્રયત્ન પણ બેધારો રહેશે. એક તરફથી આપણે ચોરનું મન બદલવાનો પણ પ્રયત્ન કરીશું અને બીજી બાજુથી ચોરીની પ્રેરણા આપનારી પરિસ્થિતિને પણ બદલવાનો પ્રયત્ન કરીશું. આ પૈકી મનુષ્યના મનઃપરિવર્તનનો પ્રયત્ન આપણે શા કારણે કરીએ છીએ, એની પાછળની ભાવના શું છે તે મેં કહ્યું છે. મનુષ્યમાં પરિસ્થિતિથી ઊંચે ઊઠવાની શક્તિ સંતાયેલી પડી છે, ને તેટલે અંશે આપણે તેને જવાબદાર માન્યો છે ને તેના મનઃપરિવર્તનનો પ્રયત્ન કરવા જેવો માન્યો છે.

એક વાત તે વખતે સ્પષ્ટ નહોતી થઈ, પણ તે સ્પષ્ટ થઈ જવી જોઈતી હતી. તે એ કે જેમ મનુષ્યનું પોતાનું દૈવ વ્યક્તિગત કર્મથી ઉત્પન્ન થાય છે, તેમ જ સમાજનું પણ એક સામુદાયિક દૈવ સમાજના સામુદાયિક કર્મોમાંથી પેદા થાય છે.

આના ઉદાહરણ તરીકે આપણે અસ્પૃશ્યતાને લઈ શકીએ. અસ્પૃશ્યતામાં માનનાર દરેક વ્યક્તિ ફક્ત પોતાની જાતને કારણે તેવી માન્યતા માટે ગુનેગાર નથી. એને તો એવા સંસ્કારોનો રૂઢિગત વારસો મળ્યો છે. અસ્પૃશ્યતામાં દોષ જરૂર છે. ને એ દોષ વ્યક્તિગત રીતે વ્યક્ત થાય છે, છતાં વ્યકિત એને માટે પૂરેપૂરી જવાબદાર ન ગણાય. પરિસ્થિતિવશ એને એ દોષ વારસામાં મળ્યો છે. મૂળે એ દોષ સામુદાયિક છે, કારણ એ સામુદાયિક કર્મમાંથી ઉત્પન્ન થયેલો છે.

બિહારમાં ધરતીકંપ થયો ત્યારે બાપુએ કહેલું કે આ તો આપણાં બધાંનાં પાપોનું ફળ છે. એમના કહેવાનો આશય કાંઈ એવો નહોતો કે બિહારમાં બધા પાપિયા જ એકઠા થઈ ગયા છે ને તેથી જ ત્યાં ધરતીકંપ થયો છે. એમાંથી એટલો જ સર્વસામાન્ય અર્થ તારવી લેવાનો છે કે જે સામુદાયિક સંકટો હોય છે, તેમને સામુદાયિક પુરુષાર્થથી જ નિવારવાના હોય છે. સામુદાયિક દૈવ હોય કે સામુદાયિક સંકટ હોય, આપણે સર્વ પ્રકારનાં લોકોને એમાં સામેલ થવા બોલાવીએ છીએ.

આના અનુસંધાનમાં જ એક ત્રીજી વાત પણ સ્પષ્ટ કરી દઉં.

આપણે આજે અમીરી-ગરીબીની અસમાનતાના નિરાકરણ માટે કમર કસી છે. તેને વિશે આપણે એમ માની બેઠા છીએ કે એ અસમાનતા તો સોમાંથી દસ જ માણસો પર આધાર રાખે છે. સોમાંથી દસ આદમીઓનાં દિલ પર કે તેમની સંપત્તિ પર અસમાનતાનો પાયો ખોડાયેલો છે એમ માનવું એ સાવ સ્થૂળ વિચાર છે, સાવ ઉપરછલ્લી વાત છે. જો સોમાંથી નેવું માણસના દિલમાં અમીરીની ઈજ્જત ન હોય તો અમીરીની તિજોરીમાં અમીરી ટકી જ ન શકત. આજે સોમાંથી નેવું જણનાં દિલમાં અમીરીની ઈજ્જત છે અને અમીરીની આકાંક્ષા પણ છે.

એટલે આપણે જ્યારે પરિસ્થિતિમાં પરિવર્તન કરવા તાકીએ છીએ, ત્યારે નેવું ટકા લોકોનાં દિલમાં પડેલી એ અમીરીની ઈજ્જત અને લાલસાનું પણ નિરાકરણ કરવા તાકીએ છીએ.

આને જ મેં સામુદાયિક પુરુષાર્થ કહ્યો. નેવું ટકા લોકોનાં દિલમાં પણ ક્રાંતિ માટેના પુરુષાર્થની પ્રેરણા જાગશે. એ પ્રેરણા કઈ રીતે જાગશે? એમનાં દિલમાં આજે અમીરીની ઈજ્જત છે, પ્રતિષ્ઠા છે. ને પ્રતિષ્ઠા એટલે જ પાયો. એમનાં જ દિલમાં આજે અમીરીનો પાયો પડેલો છે. નેવું ટકા લોકોનાં દિલમાં રોપાયેલી એ પ્રતિષ્ઠાના નિરાકરણ દ્વારા જ ક્રાંતિના પુરુષાર્થની સામુદાયિક પ્રેરણા જાગશે.

## ૮૯. અહિંસક આક્રમણ હોઈ શકે?

બીજો એક સવાલ પ્રબોધભાઈએ પૂછ્યો હતો.

આમ તો આવા સવાલોનો સંસ્કાર મારા મન પર રહી જાય છે અને પછી બોલતી વખતે એને અંગેની વાત પણ સાથે જ વણાઈ જાય છે. પણ આ સવાલ વિશે મેં બહુ સ્પષ્ટ કહ્યું નથી.

પ્રબોધભાઈએ એમ પૂછેલું કે શું 'અહિંસક આક્રમણ' પણ હોઈ શકે ખરું?

હવે, આ તો એક શબ્દ આવી ગયો છે. જેમ આપણે યુદ્ધનીતિમાંથી બીજા અનેક શબ્દો ઉપાડી લીધા છે, તેમ આ શબ્દ પણ આવી ગયો છે. બાપુ કદી કદી એવું લખતા. એક વાર એમણે લખી નાંખ્યું: 'ઓપન કોન્સ્પિરસી!' ષડયંત્ર છે અને છતાં ખુલ્લંખુલ્લાં પણ છે. એમણે કહેલું કે અમે તો આ ખુલ્લંખુલ્લાં ષડયંત્ર કરી રહ્યા છીએ. ષડયંત્ર તો હંમેશાં ગુપ્ત જ થતાં. પણ એને એમણે પ્રગટ કર્યાં, ઉઘાડાં બનાવ્યાં.

તે જ રીતે બીજો શબ્દ આવ્યો : 'નોનવાયલન્ટ રિબેલિયન'–અહિંસક બળવો! બળવો પણ ખરો ને અહિંસક પણ ખરો! તો શું આક્રમણ પણ અહિંસક હોઈ શકે ખરું?

હોઈ શકે. મારા ઘરમાં આગ લાગી એ સાંભળીને તમે દોડયા. મને પૂછયા–ગાછયા સિવાય જ આગ ઓલવવા મારા મકાન પર તૂટી પડયા! હવે, એ સેવા છે અને અનાહૂત છે, બોલાવ્યા વગરની સેવા છે. હું બૂમો પાડતો હોઉં તોયે તે કાંઈ તમને જ નથી બોલાવતો, બધાંને બોલાવું છું કે "ધાજો ધાજો, મારું ઘર બળે છે!" અથવા એવું પણ બને કે ઘરને ભડકે બળતું જોઈને મારા તો હોશકોશ જ ઊડી ગયા છે ને બૂમ પાડવાનું પણ મને ભાન નથી રહ્યું. તેમ છતાં તમે તો વગર બોલાવ્યા દોડી જ આવો છો ને બળતા ઘર પર મારો ચલાવો છો.

એક રીતે આ છે તો આક્રમણ જ, છતાં ખરું જોતાં એ આક્રમણ નથી. તો પ્રેમમાં ને સેવામાં જે આક્રમણ થાય છે, તે આક્રમણ કહેવાય છે છતાં, ખરું જોતાં એ આક્રમણ નથી હોતું.

જે સેવા પોઝીટિવ હોય છે, વિધાયક કે ધનાત્મક હોય છે, તેવી સેવાને માટે કદી કોઈને નિમંત્રણ આપવું પડતું નથી. સેવામાં એક વસ્તુ સંતાયેલી પડી હોય છે. જે સાચો સેવક છે, તે એક અર્થમાં અનાક્રમણશીલ હોય છે. એ ભગવાનને પ્રાર્થના કર્યા કરે છે કે હે પ્રભુ, સેવાની જરૂર પડે તેવા ખરાબ પ્રસંગો તું દુનિયાને માથે નાંખીશ નહીં. તેમ છતાં જ્યાં જરાકે પ્રસંગ ઊભો થતો જણાય છે, ત્યાં તે તરત જ દોડી જાય છે.

—ઘડીભર ધારી લો કે મારે પગે મોચ આવી ગઈ. ને તે જ વખતે નારાયણ મોટરમાં બેસીને ત્યાંથી પસાર થાય છે. એ જુએ છે કે આને પગે મોચ આવી છે ને એ લંગડાતો લંગડાતો ધીરે ધીરે ચાલે છે. એટલે એ મોટર ઊભી રાખે છે ને કહે છે, "દાદા! તમે મોટરમાં આવી જાવ! કહો ક્યાં જવું છે?"

"ફલાણે–ઢીંકણે જવું છે."

ને એ મને ત્યાં ઉતારી દે છે. હું કહું છે, "ભગવાન તારું ભલું કરે! તારું ઋણ માનું તેટલું ઓછું."

પણ એથી આગળ વધીને હું, એમ નથી કહેતો કે "ભગવાન કરે ને

મને પણ આ જ રીતે તારી સેવા કરવાનો મોકો મળે!" એવું તો મારા મનમાં પણ નથી આવતું.

સેવક જો આ રીતે વિચારે તો તો તેને 'દુષ્ટ સેવક' કહેવો પડશે!

ત્યારે હું શું કહું છું? હું કહું છું કે "ભગવાન કરે ને તારી આ જ રીતે સેવા કરવી પડે તેવો અકસ્માત્ તને કદી ન થજો!"

તો પછી એની સેવાનો આ ભાર હું ઉતારીશ કેવી રીતે, ઋણ અદા કઈ રીતે કરીશ? પ્રસંગોપાત્ત ક્યાંક પણ મને જો કોઈ પગ મોચવાયેલું માણસ સામું મળી જશે, તો હું એની વહારે દોડીશ, નારાયણની સેવાનો હું આ રીતે બદલો વાળીશ. બીજે ક્યાંય અનાયાસ મારી સેવા માટે પ્રસંગ ઊભો થશે, ત્યાં હું બોલાવ્યા વિના જ દોડ્યો જઈશ.

આમાં આક્રમણ આટલું જ હોય છે. કારણ મેં તમને અગાઉ કહ્યું હતું તેમ પ્રતિકાર એ પણ સેવા છે. અહિંસામાં તલવાર કરતાં પણ વધુ તેજીલી ધાર હોય છે. માટે આપણે જ્યારે આક્રમણનો વિચાર કરીએ છીએ ત્યારે આપણા મનમાં યુદ્ધના જેવી તાકીદની મનોવૃત્તિ હોય છે; ફક્ત પ્રતિકારની નહીં. મેં પ્રતિકારની વાત કરતાં કહી જ દીધેલું કે અહિંસક પ્રતિકાર સહયોગાત્મક અને સેવાત્મક હોય છે.

જ્યાં જ્યાં આપણે આક્રમણનો વિચાર કરીએ છીએ, ત્યાં ત્યાં આક્રમણની પાછળની કલ્પના હિંસક આક્રમણના જેવી જ રહી જાય છે. ને તેથી આ સવાલ આપણા મનમાં પેદા થાય છે.* બાકી આમ તો અહિંસાની સાથે (અહિંસક ઉદ્દેશથી) આક્રમણ આવે તો તેમાં તે આક્રમણ એ એક શબ્દ જ રહી જાય છે.

લોકોએ એક શબ્દ ઘડી કાઢ્યો છે. કહે છે ને 'નૈતિક દબાણ આણ્યું.'

હવે, નૈતિક હોય તે છતાં દબાણ પણ હોય એવું તો કાંઈ હોય નહીં. તો નૈતિક દબાણનો અર્થ શો? એટલો જ કે તમારી સારી વાતની મારા પર અસર પડે છે. સારી ચીજની જે અસર પડે છે તેને પણ દબાણ જ

---

* દા. ત. હિંસક ચડાઈ કરીને ગોવા ભારતમાં મેળવવું છે એવી ભાવના છે. તેને બદલે અહિંસક ચડાઈ કરીને જીતવાની વાત આવે છે. આમાં મૂળ ભાવના હિંસક આક્રમણના જેવી જ રહે છે. એટલે મહત્ત્વ મૂળ ઉદ્દેશના અહિંસક હોવા ન હોવાનું છે. મૂળ ઉદ્દેશ સેવાનો હોય તો આક્રમણ પણ અહિંસક બની જાય છે; મૂળ ઉદ્દેશ સત્તાનો હોય તો સેવા પણ આક્રમણ બની જાય છે. —સં.

કહીએ, તો એ તો એક શબ્દપ્રયોગ કર્યો એટલે થયો એટલું જ સમજવું પડે. નૈતિક દબાણનો અર્થ એ છે કે ખરું જોતાં એમાં કશું દબાણ જ નથી. સામાવાળો આપણા પર જે નૈતિક દબાણ નાંખે છે તે ઉપરથી નથી નાંખતો, પણ એ તો આપણી અંદર જ પડેલી એક વસ્તુ છે. એ કાંઈ આપણને ડરાવતો નથી. એની પાસે સત્તા નથી, શસ્ત્ર નથી. અને તેમ છતાં જો એની વાતનું આપણા પર વજન પડે છે તો તેમાં એણે કયું દબાણ કર્યું ? એ સત્યનું દબાણ થયું અને તેય તો આપણી અંદરથી જ થયું.

—આપણે ખાવા બેસીએ છીએ ને એટલામાં એક ભિખારી આવીને બારણાં સામે ઊભો રહે છે. ને એકધારો એટલું જ બોલે છે: “એક રોટી દે દો ! બસ એક રોટી દે દો ! અમ્મા ! રોટી દે દો !”

આપણે ખિજાઈને બોલી ઊઠીએ છીએ, “આ તે આપણે માથે કેવો જુલમ ? ખાવા પણ નથી દેતો !”

હવે એ બિચારો શો જુલમ કરે છે ? એ ત્યાં બહાર ઊભો છે ને આજીજી કરીને રોટલો માંગે છે ! પણ આપણે ગળે કોળિયો નથી ઊતરતો તેનું શું ? એ એને મોંએ માંગે છે ને કોળિયો ત્યારે આપણે ગળે અટકે છે !

તો આપણી એની સામે જે ફરિયાદ છે તે મૂળે તો એટલી જ જણાય છે કે એ શા માટે અમારી અંદર ખૂણેખાંચરે પડી રહેલી માનવતાને સાદ કરે છે ? આમ આ એનું આપણા ઉપર થતું આક્રમણ નથી, પણ એની માંગણીથી આપણી અંદર થતી માણસાઈની જાગૃતિ છે.

તો આ ‘ નૈતિક દબાણ ’ વગેરે તો શબ્દપ્રયોગો રૂઢ થઈ ગયા છે. તે જ જાતનો આ ‘ અહિંસક આક્રમણ ’ શબ્દપ્રયોગ છે. એના મૂળમાં જઈને જોઈએ તો એમાં કશું ખોટું નથી.

## ૮૭. કાનૂનભંગની મર્યાદા શી ?

ત્રીજો પ્રશ્ન એ હતો કે આપણે કાનૂન-ભંગ ક્યાં સુધી કરી શકીએ. એ પ્રશ્નને મેં ચાહીચલાવીને પડતો મૂક્યો હતો, કારણ બાપુએ એની એટલી તો ચર્ચા કરી છે, ને એ વિશે એટલું તો લખ્યું છે કે હાલપૂરતો એને ‘ છેલ્લો શબ્દ ’ માનવામાં કશો વાંધો નથી.

બાપુએ કાનૂનભંગ અંગે એક શરત એવી મૂકી હતી કે જેના મનમાં કાનૂન માટે આદર હોય તે જ કાનૂનભંગનો અધિકારી છે.

—સોક્રેટિસના જીવનમાં એક પ્રસંગ આવે છે. છેલ્લે એથેન્સવાસી-

ઓએ એને જેલમાં નાંખ્યો હોય છે ત્યારે એની પાસે એના સાથીદારો જઈ પહોંચે છે ને કહે છે : “ સોક્રેટિસ, તમે જેલમાંથી નાસી છૂટો. અમે તમને મદદ કરીશું.”

ત્યારે એણે કહ્યું, “ મારાથી આમ જેલમાંથી નાસી જવાય નહીં. ”

મિત્રો કહે છે, “ અરે ! આ લોકોએ તો તમને ખોટેખોટા જેલમાં પૂર્યા છે. એ તો અન્યાય છે. ખોટી રીતે તમને જેલમાં નાંખ્યા હોય ત્યારે ભાગી છૂટવામાં કશું પાપ નથી; એમાં કશું અસત્ય આચરણ નથી. સોક્રેટિસ, તમે તમારે અમારી સાથે ભાગી નીકળો. ”

ત્યારે સોક્રેટિસે કહ્યું, “ મેં તો એથેન્સનો ફક્ત એક જ નિયમ તોડયો હતો, અને તે એવો નિયમ હતો જેને હું સારો માનતો નથી. બાકીના તો એમના કોઈ નિયમને મેં તોડયા નથી ને મારે તોડવા પણ નથી. એટલે આજે જો હું તમારી સાથે ભાગી જાઉં, ને પછી ત્યાં સ્વર્ગમાં જવાનું થશે, ત્યારે સ્વર્ગના સર્વ નિયમો મારી આડા ફરી વળશે ને મને કહેશે કે સોક્રેટિસ, તેં પૃથ્વી પરના અમારા ભાઈઓ પર ઘા કર્યો હતો એટલે અહીં પણ તું કાંઈ અમારા નિયમનું પાલન કરવાનો નથી. માટે તું પાછો જા, અહીં તારું સ્થાન ન હોય ! ”

સોક્રેટિસે આમ પોતાની રીતે એક ચિત્ર દોર્યું હતું. બાપુ કહેતા હતા કે અમુક એક નિયમને તોડનારો એવો હોવો જોઈએ કે જાતે જ નિયમરૂપ બની ગયો હોય; સામાજિકતા જેનો સ્વભાવ બની ગઈ હોય. એવો મનુષ્ય જ્યારે નિયમ તોડે છે, કાનૂનભંગ કરે છે, ત્યારે જ એ ‘ સિવિલ ડિસઓબીડિયન્સ ’–સવિનય કાનૂનભંગ થાય. નહીં તો એ અવિનય કાનૂન–ભંગ થાય. સવિનય કાનૂનભંગ કરનાર સત્યાગ્રહીને તદ્દન સામે છેડે છે, ‘ આઉટલો ’–બહારવટિયો–કાયદાને ગણકારતો નથી ને એ રીતે અરાજકતા પેદા કરે છે તેમ. બાપુના કાનૂનભંગથી અરાજકતા કેમ પેદા નહોતી થતી ? કારણ તેઓ તો જે કાનૂનને તોડવા માટે પસંદ કરતા તેટલાનો જ ભંગ કરતા, અને બીજું એ કે કાનૂનભંગ કરનારે સજા ભોગવવી પડે, એ સામાજિક નિયમનું ચુસ્તપણે પાલન કરતા. એટલે બાપુએ કદી નાસભાગ નથી કરી. તેઓ કાયમ કહેતા કે મને જો એ લોકો પકડવા આવશે તો હું તો મારે જેલ જવા તૈયાર જ બેઠો છું. એટલે મારે અંગે એમને કશી ફિકર ન હોય. હું હંમેશ એમના હાથમાં જ છું.

હવે આજકાલ આ મર્યાદાઓમાં બીજી એક મર્યાદાનો પણ ઉમેરો થયો

છે. આજે જે લોકો કાયદા ઘડે છે તે લોકનિર્વાચિત છે, જનતાના પ્રતિનિધિ છે. આમ આજે પરિસ્થિતિમાં એક વિશેષતા ઉમેરાઈ છે. બાપુએ જે મર્યાદાઓ વિચારેલી તે તે કાળે નહોતી. બાપુએ તો અંગ્રેજી રાજના જમાનામાં આ વિચાર કરેલો. પણ અંગ્રેજી રાજ ના હોય ત્યારે શું થશે તેય એમણે દર્શાવ્યું છે. ક્યાં દર્શાવ્યું છે? હંટર કમિટીની સામે જુબાની આપી તેમાં.

—હંટર કમિટીએ બાપુને પૂછયું, "તમે કાનૂનભંગ કરશો ને સત્યાગ્રહ કરશો તે શું અંગ્રેજોની આ સરકારની સામે જ કરશો?

ત્યારે બાપુએ કહ્યું, "હા, આજે તો આ સરકારની સામે કાનૂનભંગનો પ્રસંગ ઊભો થયો છે. માટે મારે તે કરવું પડે છે ને હું તે કરીશ. પણ હું તમને એ જણાવી દેવા માગું છું કે આ શસ્ત્રનો ઉપયોગ હું મારા દીકરા સામે પણ કરીશ, મારી મા સામે પણ કરીશ ને મારા ભાઈ સામે પણ કરીશ."

સત્યાગ્રહ પ્રેમમૂલક હોય છે, તેથી જ્યાં જ્યાં પ્રેમ હોય છે, ત્યાં ત્યાં સત્યાગ્રહ અવશ્ય થશે. પણ આપણે તો કેવું ધારી બેઠેલા તે ખબર છે ને? કે 'જ્યાં જ્યાં આપણો અ-પ્રેમ (ગુસ્સો) હશે ત્યાં ત્યાં આપણે સત્યાગ્રહ કરીશું', અર્થાત્ બંનેની ભૂમિકામાં જ ફરક પડી જાય છે. આપણને કોઈનાય પર ગુસ્સો ચડયો કે કોઈનીય સામે આપણા મનમાં વિરોધ જાગ્યો કે તરત થાય છે કે હવે તો આનો કાંટો જ કાઢી નાંખવો છે, માટે ચાલો એની સામે સત્યાગ્રહ કરીએ!

આ છે, બહિષ્કાર અને સત્યાગ્રહ વચ્ચેનો, સામાન્ય કાનૂનભંગ અને સવિનય કાનૂનભંગ વચ્ચેનો, તફાવત. એ બે વચ્ચે ઘણું ભારે અંતર છે.

તો હવે એ બે વચ્ચેનો ફેર સમજવાની કસોટી શી? હું તમને માત્ર કસોટી જ બતાવી દઈશ. કાનૂનભંગનો વિધિ શો છે, એ કઈ રીતે કરવામાં આવે છે, એ બધું તો બાપુએ લખી રાખેલું છે.

બાપુએ કહ્યું છે કે આપણે જે કાયદો તોડીશું તે 'અનૈતિક' હોવો જોઈએ. અર્થાત્ એ કાનૂન એવો હરગિજ ન હોવો જોઈએ કે જેને તોડવાથી નીતિનો ભંગ થાય. ધારો કે કોઈકે એવું ઉપાડયું કે અમે તો આ દારૂબંધીનો કાયદો જ તોડવાના, કે આ અસ્પૃશ્યતા નિવારણનો કાયદો જ તોડવાના. પણ તે કાનૂનભંગ સવિનય કે સત્યાગ્રહી નહીં ગણાય. તે માટે તો નૈતિકતાનો ભંગ ન થાય તેવો કાયદો પસંદ કરવો જોઈએ અને પછી ફક્ત તે એક જ કાયદો તોડવો જોઈએ. અને તોડીએ છીએ તો તેના પરિણામ

રૂપે હસતાં હસતાં જેલમાં પણ જવું જોઈએ. જે સત્તાની સામે આપણે કાનૂનભંગ કરતાં હોઈએ, એ સત્તાની સામે આપણો વિરોધ ભલે હોય, પણ આપણા મનમાં એ સત્તા ધારણ કરનારાઓ સામે કોઇ પ્રકારનો વિરોધ કે દુશ્મનાવટ ન હોવાં જોઇએ. એમને માટે આપણા મનમાં કટુતા ન હોવી જોઈએ. આવી ત્રણ મર્યાદાઓ બાપુએ બતાવી.

બિપિન પાલ, લોકમાન્ય ટિળક વગેરેના બહિષ્કાર-યોગ અને ગાંધીના અસહયોગ વચ્ચે શું અંતર છે એનો મેં આગળ સહેજ ઉલ્લેખ કર્યો હતો. મેં ફક્ત એટલું જ કહ્યું કે એ લોકોએ એ વાત માંડી અને ગાંધીએ એને શાસ્ત્રશુદ્ધ સ્વરૂપ આપ્યું. 'केसरी'એ પચીસેક વર્ષ પહેલાં એક લેખ લખેલો ને તેમાં દર્શાવેલું કે ટિળક ગાંધી કરતાં અંગ્રેજોના વધુ કટ્ટર વેરી હતા ને તેથી ટિળકની જે અસર થતી હતી તે ગાંધીની કદી નથી થઇ. એની નિશાની શું ? તો 'केसरी'એ એનું લક્ષણ દર્શાવતાં કહ્યું કે ધોળે દહાડે બપોરે બાર વાગે એકાદ સિપાઈની સાથે પણ ટિળકના ઘરમાં જવાનું જો કોઈ વાઇસરોયને કહેવામાં આવત તો વાઇસરોય ગભરાતો ગભરાતો જાત. અને આ ગાંધીના આશ્રમમાં તો અમાસની કાજળકાળી રાતે જઇને ગાંધીના ખોળામાં માથું મૂકીને ઊંઘી જવાનું જો વાઈસરોયને કહેવામાં આવત તો એ આખી રાત ઘસઘસાટ ઊંઘત, એટલું જ નહીં એને દિલમાં ધરપત પણ રહેત કે કંઇ થયું તો પહેલાં એ મરશે પછી જ આપણને મરવા દેશે. 'केसरी'વાળાએ કહ્યું કે તમે આના પરથી જ સમજી જઇ શકશો કે અંગ્રેજોનો વધારે કટ્ટર વિરોધી કોણ હતો, ને કોની દેશભક્તિ કેટલી હતી.

આ તો એમણે એમના મનથી ટિળકની તારીફ કરતાં લખેલું ! મને તો એ જ આશ્ચર્ય થાય છે કે તારીફ એણે કોની કરી હતી ?–ટિળકની કે ગાંધીની ? કેટલીયવાર વાંચ્યા પછી પણ કંઇ સમજાયું નહીં !

અહિંસાની એક મર્યાદા છે કે તમારી સચ્ચાઇ પર પ્રતિપક્ષીને પણ વિશ્વાસ હોય. અહિંસક પ્રતિકારમાં પ્રતિપક્ષીનો વિશ્વાસ હોય છે. તે એટલે સુધી કે જેલમાંયે જો આપણા બબલભાઈની પથારી નીચેથી ગાંજાની પડીકી જડે તો જેલર તો એમ જ કહેશે કે કોઇએ આવીને અહીં સંતાડી હશે, બબલભાઇ કદી ગાંજો પીએ નહીં. આટલો વિશ્વાસ એના મનમાં હોવો જોઇએ. આપણા ઈમાન પર, 'ઓનર' પર, સામાવાળાને ભરોસો હોવો જોઇએ. ઇમાનની કસોટી જ એ છે કે પ્રતિપક્ષી તેને માન્ય રાખે. અસહકાર ને કાનૂનભંગ બંનેને આ લાગુ પડે છે.

મેં જાણી જોઈને કાનૂનભંગનો વિધિ વગેરે તમારી સમક્ષ રજૂ કર્યો નથી. લોકોએ બાપુને પૂછેલું, "શું અમે પણ કરી શકીએ ?"

" અવશ્ય કરી શકો. "

" શું લોકપ્રતિનિધિઓની સરકારની સામે પણ કરી શકીએ ?"

" અવશ્ય કરી શકો...."

પણ એની જેટલી મર્યાદાઓ એમણે દર્શાવેલી છે તે મેં તમારી સમક્ષ આજે રજૂ કરી દીધી.

## ૮૮. શું નાના માલિકોનું ક્રાંતિમાં સંયોજન થઇ શકે ?

શ્રી. મનુભાઇ પંચોળી અને શ્રી. વજુભાઇ શાહે વિસ્તારપૂર્વક રજૂ કરેલા પ્રશ્નોના ઉત્તરમાં.

આપણી સામે વિચારણા માટે જે વિષય આવ્યો છે તે, હું એને સમજ્યો છું ત્યાં સુધી, એવા આશયનો છે કે ક્રાંતિમાં આપણે જે લોકોનું સંગઠન કરવા માંગીએ છીએ અને ક્રાંતિ જેમને માટે થાય છે, જેમણે ક્રાંતિમાં ભાગ લેવાનો છે, એમની સમક્ષ બે બાબતો સ્પષ્ટ થઇ જવી જોઇએ: એક તો એ કે હવે આથી વધુ સારો રસ્તો બીજો એકે નથી. અને બીજી એ વાત સાફ થઇ જવી જોઇએ કે જો ક્રાંતિ સફળ થઇ જશે તો આજે આપણી જે હાલત છે તે કરતાં નવી હાલત વધુ સારી હશે. કેમ, સવાલનો આ જ આશય છે ને ?

તો, જે લોકો ભૂમિ વિનાના છે તેમને માટે તો આપણે જરૂર કહી શકીએ કે આ વાત તદ્દન બંધબેસતી થાય છે. એમને ભૂમિદાનમાં જમીન મળશે; આજે સમાજમાં એમનો જે ઊતરતો મોભો છે તે કાલે સરખો થઈ જશે. પણ જે નાના નાના ભૂમિ-માલિકો છે, કે પછી સહેજ નાનામોટા ભૂમિ-માલિકો છે, એમને આ વસ્તુ કેવી રીતે લાગુ પડશે એનો વિચાર થઈ જાય તો ઘણું સારું. આ વાત આપણી સામે વિચારણા માટે મૂકવામાં આવી છે.

આપણે આજે સામાજિક પ્રગતિની કૂચમાં એક એવે મુકામે આવી પહોંચ્યા છીએ, જ્યાં આજની સ્થિતિ જેવી છે તેવી હવે રહી શકે તેમ નથી. એને તો પલટયે જ છૂટકો છે. તો એના પલટાની દિશા કઈ હશે ? દિશા બે છે બે પ્રકારનાં લોકોએ બે પ્રકારની વાતો આપણી સામે મૂકી.

એક તો એ કે બધાંને પોતપોતાની પૂરેપૂરી શક્તિ કામે લગાડવાની ને પોતાની સ્થિતિ સુધારી લેવાની તક આપવામાં આવે. અર્થાત્ જે જેટલું કમાઈ શકતું હોય તે તેટલું કમાઈ લે એવી દરેકને તક આપી દો. આપણે એને પ્રતિયોગિતા અથવા હરીફાઈ કહી છે. આજ સુધી સમાજમાં એનો પ્રયોગ ચાલતો રહ્યો છે. એનું પરિણામ એ આવ્યું કે કેટલાક લોકો હરીફાઈમાં બહુ આગળ નીકળી ગયા ને જીતી ગયા. સોમાંથી દસ જ કેમ ન હોય, પણ એટલા માણસો હરીફાઇમાં જીતી ગયા અને અમીર બની ગયા. અને કેટલાક લોકો પાછળ રહી ગયા, કોઇ કાળે, પરિસ્થિતિવશ પાછળ પડી ગયા. અને હરીફાઇનું તો એવું છે ને કે જે એક વાર પાછળ પડ્યા એને માટે આગળ આવવાનું બહુ જ મુશ્કેલ હોય છે. તેથી આજની પરિસ્થિતિમાં આમૂલાગ્ર પરિવર્તન કરવું અનિવાર્ય થઇ ગયું છે. તેથી તો આપણે એમ કહેવા સુધી આવી ગયા કે હવે ક્રાંતિ સિવાય બીજો ઉપાય નથી રહ્યો. ને તેથી તો આપણે કહીએ છીએ કે આજે જે ક્રાંતિ આપણે કરવી છે તે સહુના હિત માટે હશે, સર્વના લાભ માટે હશે.

હવે ક્રાંતિમાં, જે સહુથી નીચે પડેલો છે, તેને શો લાભ તે તરત સમજાઈ જાય છે; પણ જે વચમાં છે, નથી છેક ઉપર કે નથી છેક નીચે, એવા જે નાના નાના માલિકો છે, એમની સમસ્યા સહુથી મોટી છે. ગઈ કાલે મેં આ વાતનો ઉલ્લેખ એ રીતે કરેલો કે આજનો જે 'કલાસ પેટર્ન' છે, વર્ગ-રચના છે, તે છે જ એવી કે એમાં ગેરમાલિક સોમાંથી દસ હશે; માલિક સેંકડે દસ હશે અને બાકી બધા નાના માલિક હશે.

હવે આ નાના માલિકોમાં શું ચાલી રહ્યું છે? એમની સ્થિતિ કેવી છે?

નાની માલિકી સ્વયંસંપૂર્ણ નથી હોતી, પગભર નથી હોતી. જો બધા નાના માલિકોની મિલકત પોતપોતાને પૂરતી થાય એટલી હોત તો તો આજે જે અસંતોષ સમાજમાં નજરે ચડે છે તે ચડત જ નહિં. નાના ખેડૂતોની શી હલત છે? જેની પાસે ૩ કે ૪ એકર જમીન છે તે સતત જમીન વધારવા મથતો રહે છે.

તો એને એમ સમજાવવાનું છે કે તારી મિલકત આજે તો તારે માટે પૂરતી નથી. તારા આથી વધારે મિલકત મેળવવાના પ્રયત્નથી સમાજમાં હરીફાઈ ચાલે છે. જે હરીફાઈના નિયમને આપણે સમાજમાંથી કાઢવા માંગીએ છીએ તે તો તારા જ પ્રયત્નથી ચાલુ રહેશે. આમ આપણે સમાજની હાલતને ધરમૂળથી બદલાવવી છે તેમાં આપણને સફળતા નહીં મળે.

મોટા માલિકોને આપણે એમ સમજાવીએ છીએ કે મોટી માલકી તો હવે રહેવાની નથી, કારણ એ તો ઊભી છે જ આ નાના માલિકની માલકીને આધારે. મોટા માલિકોની માલકી એના પોતાના પગ પર નથી ચાલતી, નાની માલકીને ખભે બેસીને ચાલે છે. એટલે મોટા માલિકોને વાત સમજાવી દેવાનું ઘણું સહેલું બની ગયું છે. માટે હું પૂંજીપતિઓની વાત તો જવા જ દઉં છું. એમને તો આપણે કહીએ જ છીએ કે તમે મબલખ ઉત્પાદન કરશો ખરા. પણ સમાજમાં ખરીદશક્તિ જ નહીં રહે. આ જે મૂડીવાદનો આંતર-વિરોધ છે તેને જવા દઈએ, તો પણ એમની માલકી નાના માલિકો તથા ગેર-માલિકોની મદદ વિના આજે હવે ટકી શકે તેમ નથી.

પણ ઘણી વાર મોટો માલિક નાના માલિકને એમ ચડાવતો જોવા મળે છે કે, "અરે, મિલકત જશે તો મારા એકલાની થોડી જ જશે? તારી પણ જશે. મારા ૧૦૦ એકર જશે, તો તારા ૧૦ એકર પણ જવાના છે."

પેલો બાપડો થથરે છે કે, "મારા દસ એકર જશે તો પછી મારું શું થશે?"

ત્યારે ૧૦૦ એકરવાળો એને પૂછે છે, "કેમ તારે તારા ૧૦ એકર બચાવવા છે ને? તો ચાલ, આપણે બધા માલિક માલિક એક થઈ જઈએ."

આમ નાના માલિકને મોટા માલિક સાથે બાંધનાર એક પ્રેરણા તો સમાજમાં કામ કરે જ છે. એટલે મનુભાઈ ને વજુભાઈએ જે સવાલ ઉપાડયો છે તે ખરેખર બહુ કપરો જ છે. નાના માલિકોને એવું કઈ રીતે થાય કે ક્રાંતિ સફળ થાય તો તેથી એમને લાભ જ છે. બિહાર, મધ્યપ્રદેશ અને બીજી કેટલીક જગ્યાએ જમીનના કબજા છોડાવવાનો પવન ઊપડયો છે, તેમાં ઘણી વાર એવું થતું હોય છે કે જમીનમાલિક, ચાહે એક એકરનો માલિક હોય કે સો એકરનો માલિક હોય, વખત આવે તમામ માલિકો એક થઈ જાય છે.

તો હવે આપણે એવું કરવાનું છે કે બિન-માલિક અને નાના માલિક એ બેને એકમેકની સાથે ભેગા કરી દેવાના છે.

નાના જમીનમાલિકો અને બિનમાલિકો અર્થાત્ ભૂમિહીનો ખેત-મજૂરો અને નાના નાના ખેડૂતો એ બેને એકમેકની સાથે ભેગા કરી નાંખવા છે.

ઠીક, પણ તે માટેની પ્રેરણા શેમાંથી આવશે? એમને આપણે કેમ કરીને સમજાવીશું કે જો ક્રાંતિ સફળ થઈ જશે તો આજે તારી જે હાલત છે તે સુધરવાની છે? બસ આટલો જ પ્રશ્ન આપણી સામે ખડો રહે છે.

તો એવાંઓને આપણે સૌથી પહેલી વાત તો જાણે એ સમજાવીએ છીએ કે ભાઈ, આજે તારી પાસે જે કંઈ મિલકત છે તે શું પૂરતી છે? અને તને શું આવું લાગે છે ખરું કે આજની પરિસ્થિતિમાં તારી આ જે મિલકત છે તે વધે તેમ છે? એમ થતું હોય તો તો તારા જેવા બીજા જે કાંઈ નાના નાના માલિકો છે એમની મિલકતમાં પણ ઉમેરો થવો જોઈએ. પણ બધા નાના માલિકોની મિલકતો વધી ન શકે એ આજની વસ્તુસ્થિતિ છે. એક નાનો માલિક સતત એ જ વિચાર કરતો રહે કે મારી મિલકત વધશે ને બીજો વિચાર કરતો રહે કે મારી મિલકત વધશે. પણ પરિણામ તો, એ બધાના પ્રયત્નોનું, એવું જ આવશે કે થોડા નાના માલિકો બિનમાલિકો બનશે ને ત્યારે અમુક નાના માલિકોની મિલકતમાં થોડો વધારો થશે.

મેં કાલે મનુભાઈ સાથે વાત કરતાં કરતાં એક અનુભવની વાત કરેલી. મને એક વાર 'પે કમિશન'–પગાર પંચ પર નીમી પાડયો! મને પૂછવામાં આવ્યું કે "બોલો, તમે શું કરવા માંગો છો?'

"મોટા મોટા માણસોના પગાર ઘટાડી નાંખો."

"કેટલા પગાર રાખવા માંગો છો?"

મેં કહ્યું, "ઓછામાં ઓછા સો રૂપિયા ને વધુમાં વધુ હજાર રૂપિયા! એથી વધારે હોય ત કાપી નાંખો અને બાકીના માણસોને વહેંચી આપો... ઠીક પણ એ તો કહો કે અત્યારે હજારથી વધારે પગાર મેળવનારા છે કેટલા?"

તે તો આખા પ્રાંતમાં થઈને ૨૫–૩૦ નામ જ નીકળ્યાં! હવે એટલા જણનો પગાર વહેંચી આપવો, એ વાત તો જરા મુશ્કેલ હતી. એમના પગારો વહેંચવાથી આમના પગાર વધી શકે તેમ નહોતા. એટલે એક વાત અમારા બધાના ધ્યાનમાં બેસી ગઈ કે આજની નોકરીઓનાં પગારનાં ધોરણ મૂળથી માથા સુધી આખેઆખાં બદલવાં પડશે.

બીજા એક દાખલાથી પણ હું આ મુદ્દો સમજાવું છું.

—સ્કૂલના માસ્તરોએ અને ભંગીઓએ બંનેએ હડતાળ પાડીને માંગણી મૂકી કે અમારા પગાર વધવા જોઈએ.

તે કાળે સરકારના માણસો વારતહેવારે મારી સલાહસૂચના લેતા. મને પૂછ્યું, "બોલો આવી હાલતમાં તમે શું કરત?"

"હું હોત તો? હું હોત તો એવું કંઈક કરત કે તમે બધા મને મહંમદ તઘલગ ઊર્ફે ગાંડો બાદશાહ જ કહેત!"

" શું કરત ? "

" આ માસ્તર પૈકી એકને પકડીને મ્યુનિસિપાલિટીનો પ્રમુખ બનાવી દેત અને કહી દેત કે હવે ભાઈ તું જ પગાર વધારો કર. અને ભંગીઓ હડતાલ પાડત તો ભંગીને ઉપપ્રમુખ બનાવી દેત અને કહેત કે તમે બંને મળીને પગાર વધારો કરો. અને તો થોડાક જ દિવસમાં એ લોક મારી પાસે એમ કહેતા આવત કે " ઊંહું ! આ મ્યુનિસિપાલિટીનું આખુંયે માળખું જ બદલી નાંખવું જોઈએ."

આજે આ મ્યુનિસિપાલિટીની જે રચના છે, જે રીતે આપણને પગારો અપાય છે, એ તમામ રચના જ આપણે બદલી નાંખવી પડશે. આજે તો નાનો માલિક સ્વપ્નમાં પડ્યો પડ્યો આશાના મોટા મોટા મહેલ બાંધે છે કે હું મારી મિલકત વધારી શકીશ. પણ આપણે એને એ વાત સાફ સાફ સમજાવી દેવાની છે કે તારી મિલકત તો આજના સમાજમાં કોઈ કાળે વધી શકે તેમ છે જ નહીં. 'તારી' એટલે કે તમામ નાના માલિકોની. હા, થોડા નાના માલિકોની મિલકત વધશે, પણ તે તો બીજા અનેક નાના માલિકોને ભોગે. એ ભોગ બનનારા નાના માલિકો ધીરે ધીરે બિનમાલિક બનતા જશે. ને એ રીતે તારા મનમાં હમણાં જે ઝઘડો ચાલે છે તે આખા સમાજમાં ઊપડયા વિના રહેવાનો નથી. માટે રસ્તો એક જ છે કે તારે તારી નાની માલિકી બીજા નાના માલિકોની સાથે મેળવી દેવી અને જે બિનમાલિકો છે તેમનેય સાથે મેળવી લેવા. એ રીતે આજે તારી હાલત જેવી છે તે કરતાં સુધરી શકશે. આજે તો તારી મિલકત તારા પોતાના ગુજરાન માટે પણ પૂરતી નથી. પણ જ્યારે તમામ નાની મિલકતો મળી જશે ત્યારે બધાનું ભેગું મળીને જે ઉત્પાદન થશે તેની વહેંચણીમાં આજના કરતાં વધુ ન્યાયી રીત દાખલ થશે. આજે તો તારી જવાબદારી તારા એકલાને માથે છે. તે વખતે બધા બધાને માટે જવાબદાર થશે.

આવી જાતની એક પ્રેરણા નાના માલિકોના મનમાં આપણે પેદા કરીએ. મારો તથા મારા સાથીઓનો તો એવો અનુભવ છે કે આ વાત સમજવામાં ભણેલા-ગણેલા લોકોને થોડીઘણી મુશ્કેલી પડે છે, પણ ગામડાં-ગામના જે નાના નાના માલિકો છે, નાના ખેડૂતો છે, એમને આપણી આ વાત બહુ જલદી ગળે ઊતરી જાય છે.

તે કેવી રીતે ?

હું રસોડા તરફ જાઉં છું અને ગંધ આવે છે. મને ગતાગમ

નથી કે એ કઈ વસ્તુની ગંધ છે, હલવાની છે કે હિંગની છે કે બીજા કશાકની છે! પણ પેટમાં કકડીને ભૂખ લાગેલી છે ને રસોડામાં કંઈક રંધાય છે તેની વાસ આવે છે, એટલી વાત સમજાઈ જતાં ને મોંમાં પાણી છૂટતાં જરાયે વાર લાગતી નથી.

ગરીબ માણસ અને નાનો ખેડૂત ક્રાંતિની વાત ભણેલા-ગણેલા માણસની સરખામણીમાં મગજથી બહુ સમજી શકતો નહીં હોય, પણ આજની એની જે આકાંક્ષા છે, ભૂખ છે, તેને કારણે 'આ વસ્તુમાં મારું ને મારા જેવા નાના માલિકોનું આજે છે તે કરતાં કંઈક સુધરે તેમ છે' એટલું તો એ તરત સમજી જાય છે.

ક્રાંતિના વિચારની જે પ્રેરણા હોય છે, તે વિચારની પ્રેરણામાં, પોતાની કે દરેક જણની અંગત હાલત સુધરે એવી પ્રેરણા બહુ ઓછા પ્રમાણમાં થાય છે. વધુ પ્રમાણમાં તો હું પોતે જે વર્ગમાં રહેતો હોઉં, ને મારા જેવા બીજા જે માણસો હોય, તેમની કાલે શી હાલત થશે, એનો વિચાર જ આવે છે. જ્યારે એવો વિચાર માણસોના દિલમાં સળવળવા માંડે છે, ત્યારે ક્રાંતિને અનુકૂળ ભૂમિકા ને અનુકૂળ સંગઠન પેદા થયાં ગણાય છે. દરેક જણ જ્યારે પોતપોતાનો વિચાર કરે છે ત્યારે તેમાંથી ક્રાંતિ નથી પ્રગટતી. દરેક માણસ જ્યારે પોતાની સાથે પોતાના જેવા બીજા માણસોનો વિચાર કરે છે અને તે એટલા માટે કરે છે કે બધા મળીને એકમેકને ઓથ આપવાની છે, ત્યારે ક્રાંતિની હવા જામે છે. કોઈ વાર બધા રીક્ષાવાળા એક થઈ જતા જોવા મળે છે, કોઈ વાર બધા ટાંગાવાળા એક થઈ જાય છે, તો કયારેક વળી તમામ માલિકો એક થઈ જાય છે. એ લોકો એક થઇ જાય તેનું કારણ એ છે કે એમની અંદર એક જાતની સમાનતા હોય છે.

તો નાના માલિકોમાં આ જાતની જે સમાનતા છે એનો આધાર લઇને આપણે એમને સમજાવીએ છીએ કે તમે છો તો નાના માલિકો, પણ નાનામાં પણ નાના મોટાના ભેદ હોય છે. તો બધાને સમાન બનાવવાનો આના સિવાય બીજો એકે રસ્તો નથી.

ભૂમિદાનમાં આપણે આ વાત સમજાવીએ છીએ. બાકી તો એવું છે કે એકલા ફાયદાની જ વાત કરીએ તો તે તો મજૂરને પણ સમજાતી નથી. આજે એવાય કેટલાક મજૂરો છે જે રોજના બબ્બે-ત્રણ ત્રણ રૂપિયા પાડે છે. ભૂમિહીન મજૂરોની વાત કરું છું! હવે એ તો આપણને કહેવાનો કે "મને

તો મારે આજે મહિને રૂા. ૧૦૦] મળે છે અને તમે જો જમીન આપશો તો મહેનત-મજૂરી કૂટતાંય વરસે ૧૨૦૦] દેખીએ તેમ નથી. માટે અમારે કાંઈ તમારી જમીન લેવી નથી. હું તો નાગપુરમાં રીક્ષા ચલાવું છું તે જ મારે તો બહુ સારું છે."

આમ ફક્ત ફાયદાની વાતથી તો મજૂરને પણ સમજાવવો અઘરો છે. માટે આપણે તો એને એ બધું સમજાવવું પડશે કે તને આ રીક્ષાનું ભાડું આપનારા પૈસાવાળા લોકો સમાજમાં કેટલા દિવસ ટકવાના છે, અને એમના જે પગારો છે તેની નિશ્ચિતતા કેટલી છે. એ બધું એમની સામે રજૂ કરીએ છીએ, ત્યારે પહેલાં તો રીક્ષાવાળાના યુનિયનમાં રીક્ષાના ભાડાનો દર વધારવાની માંગણી થાય છે અને પછી સમાજમાં જ ક્રાંતિ થવી જોઇએ એવો સૂર એમના તરફથી ઊઠવા માંડે છે.

આની પાછળ શું છે?

રીક્ષાવાળાના યુનિયનમાં ગયો. એમણે કહ્યું "જ્યાં લગી આ ટાંગા ચાલશે ત્યાં લગી અમારી રીક્ષાનો દહાડો વળશે નહીં!"

ટાંગાવાળાના યુનિયનમાં ગયો. એમણે કહ્યું, "જ્યાં લગી રીક્ષાઓ છે ત્યાં લગી અમારું ટટ્ટુ ચાલશે નહીં."

ખેડૂત કહે છે, "અનાજ સસ્તું થઇ ગયું, અમે મરી ગયા!"

મજૂર કહે છે, "અનાજ સસ્તું થઈ ગયું, અમે તરી ગયા!"

આવી જાતનો આંતરવિરોધ આ લોકોની વચ્ચે છે. તમે એમ તો નહોતું ધારી લીધું ને કે વિરોધ ફક્ત માલિક ને મજૂરની વચ્ચે જ હોય છે? મૂડીવાદને કારણે સમાજના હાડમાં પેઠેલો વિરોધ ફક્ત અમીર અને ગરીબના સંબંધો પૂરતો મર્યાદિત નથી. મૂડીવાદની હરીફાઈમાંથી પેદા થયેલા આંતરવિરોધ સમાજના છેક છેલ્લા સ્તર સુધી, નાનામાં નાના સ્તર સુધી, ઊંડા ઊતરી ગયેલા છે. આ વસ્તુ આપણે એમને એમની ભાષામાં સમજાવીએ અને એમને એમની ભાષામાં સમજાવી શકાય છે એવો અત્યાર સુધીનો અનુભવ છે. વજુભાઇએ આપણને કહ્યું હતું ને કે એમને સમજાય તેવી ભાષામાં એમને સમજાવો? આપણી ભાષા એમને જરૂર સમજાવા માંડશે. આ દેશના માણસો ભારે ચતુર છે. વિનોબાને લોકો કહેતા કે ગામડાંના લોકો આવી બધી વાતો નહીં સમજે. ત્યારે એમણે કહેલું કે આપણા દેશના માણસ તો બ્રહ્મ અને માયાની વાતો પણ સમજે છે. એટલે કે બીજા દેશના માણસો તો એટલી અટપટી વાત એકે સમજતા નથી. અહીંનો માણસ

જો બ્રહ્મ અને માયાને સમજી શકે છે, તો શું ગરીબી ને અમીરીનો કઇ રીતે પાર આવે, એટલું નહીં સમજી શકે? આવું માનવાની કશી જરૂર નથી. આપણે જાતે સમજી જઇએ, આપણા કાર્યકર્તા સમજી જાય અને પછી તે એમને સહેલી ભાષામાં સમજાવવાની કોશિશ કરે, તો આપણી વાત એ લોકો જરૂર સમજશે. આપણા કાર્યકર્તા તો ઊલટી એવી ફરિયાદ કરતા આવે છે કે મજૂરો કોમ્યુનિસ્ટોની પાછળ બહુ વહેલા વળી જાય છે. તો શું એમ માનવું કે એ બધા માર્ક્સવાદી બની ગયા? માર્ક્સની જડબાતોડ પરિભાષા સમજી ગયા? 'દ્વંદ્વાત્મક જડવાદ'માં એમની ચાંચ ડૂબતી થઇ? 'અતિરિક્ત મૂલ્ય'નો સિદ્ધાંત એમને ચપટી વગાડતાંમાં આવડી ગયો? અરે, એ તો બાપડો એ બધામાં કાંઇ નથી સમજતો, છતાં તમે ફરિયાદ કરતા આવો છો કે બસ, એક કોમ્યુનિસ્ટ આવે છે ને તરત બધા મજૂરો એની પાછળ ચાલવા માંડે છે. એ ચાલવા માંડે છે એમાં હોય તો રહસ્ય એટલું જ કે એની વાતોની જડમાં જે વાત છે તે એમને સમજાઇ જાય છે. મૂળ મુદ્દાની વાત એમની ભાષામાં આપણે જ્યારે સમજાવીએ અને એના જીવન પાછળ જે નૈતિક, સાંસ્કૃતિક ને ધાર્મિક પ્રેરણાઓ પડેલી હોય છે તેનો આપણે વિનોબાની જેમ સરસ રીતે ઉપયોગ કરી શકીએ, તો એ જરૂર આપણી વાતને સમજશે.

તો, મેં આમાંથી એક જ નિષ્કર્ષ કાઢયો કે ગામડાંગામના માણસના દિલમાં જે આકાંક્ષા પડેલી હોય છે, તેને અનુરૂપ જેટલો ક્રાંતિનો સંદેશો હોય છે, તે ભાષાની ભડક વિના એમની અક્કલમાં બહુ જલદી બેસી જાય છે.

તો, આજે સમાજના વર્ગોનું સંપૂર્ણ ચિત્ર બદલાઇ ગયેલું છે, વર્ગરચનામાં પલટો આવેલો છે. તેને ધ્યાનમાં લઇને આજે ખરેખર તો આપણે નાના માલિકોનો જે વર્ગ છે તેનું જ હૃદયપરિવર્તન કરવાનું છે. માટે તેને આપણે આપણી ક્રાંતિનો સંદેશ સમજાવીએ.

★

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# સાબૂત દુનિયા માટે સાબૂત માણસ

જો સાબૂત માણસ હશે તો સાબૂત દુનિયા બનશે. અહિંસક પ્રક્રિયામાં ક્રાંતિનું સાધ્ય પણ માણસ છે અને ક્રાંતિનું સાધન પણ માણસ છે. દુનિયાને જો સાબૂત બનાવવી હોય તો સાબૂત માણસોની પણ જરૂર પડશે. અને સાબૂત માનવતાનો આરંભ પોતાની જાતથી થશે.

નાનપણમાં માસ્તર સાહેબ અમને એક રમત રમાડત' દુનિયાનો એક નકશો પૂઠાના ટુકડાઓનો બનાવેલો હતો. માસ્ત જાતે ટુકડાઓને એકઠા કરીને નકશો ગોઠવી આપતા. અમ કહેતા; 'છોકરાઓ જોઈ લો, યાદ રાખો, પછી તમારે યાદદાસ્તથી એને ગોઠવવો પડશે.' અમે જોતા, પણ એક એકથી ચડીએ તેવા બૃહસ્પતિ હતા અમે, એટલે એ યાદ તો રહેતો નહીં. ઑસ્ટ્રેલિયાને ઉપાડીને આફ્રિકાની નીચે મૂકી દેતા અને કામસ્ચાટકાને ઉપાડીને માડાગાસ્કરની જગાએ મૂકી દેત.. આમ ભૂલો કરતા. એક બહુ ચતુર છોકરો હતો. ગાંધી કહો, વિનોબા કહો. એણે પૂઠાનો એક ટુકડો ઉઠાવીને જોયો, તો માણસની આકૃતિનું એક અવયવ એની પર દોરેલું હતું. એ ઘણો ચતુર ને નિષ્ઠાવાન હતો. એ જોઈ ગયો કે એક બાજુ માણસની આકૃતિ અને બીજી બાજુ દુનિયાનો નકશો બનેલો છે. એણે બધા ટુકડાઓ ઉલટાવી નાખ્યા. માણસને ગોઠવવો શરૂ કર્યો. માણસ ગોઠવાઇ ગયો, દુનિયા ગોઠવાઈ ગઈ. અહિંસક ક્રાંતિની આ પ્રક્રિયા છે.

—દાદા ધર્માધિકારી

વિચાર કાળિ ભાગ-૨

૭:સ૨:૯:૭

ધામેલિયા